ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરથોશતીઓની હાલત સુધારવા સારૂ ઈસથાપેલાં ધરંમ ખાતાંની ઉપજ નીપજનો હેવાલ,

તથા

એ ધરંમ ખાતાંના ફંડની આવક તથા ખરચનો હીસાબ તારીખ ૧ લી અકટોબર સને ૧૮૫૮ થી તે તા૦ ૨૦ મી મારચ ૧૮૬૧ શુધીનો.

એ ધરંમ ખાતાંની કારોબાર મંડલીએ તા૦ ૨૩ મી મારચ ૧૮૬૨ ને દીને ભરેલી જાહેર સભામાં રજુ કરી સને ૧૮૬૪ નાં સાલમાં છપાવી પરગટ કરેઓ હતો તે એ ધરંમ ખાતાંને મદત કરનારા તથા બીજા સઘલા જરથોશતીઓને વાંચી વાકેફ થાવા શારૂ એ ખાતાંની કારોબાર મંડલીનાં ધરસથોએ હાલ

બીજીવાર

છપાવી પરગટ કરેઓછે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાંનાંમાં છપાએઓછે.

સને ૧૨૩૫ યઝદજરદી

સને ૧૮૬૫ ઇસવી.

જરથોશતીઓનાં કદીમ વતંન ઈરાંન દેશમાં આએ ચાલુ જમાની શુધી વશનારા પાંરશીઓની હાલત વીસે તથા તેવોને લાગતી વલગતી બીજી બાબદો વીસેનાં વરણનનુ **આએ પુસતક ઈસવી સને ૧૮૬૪** નાં શાલમાં "ઈરાંન દેશનાં રેહનારા ગરીબ જરથોશતીઓની હાલત શુધારવા શારૂ" ઈસથાપેલાં ધરંમ ખાતાંની કારોબાર મંડલીની તરફથી છપાઈ પરગટ થઈઊં હતું. તે હાલ બીજીવાર એજ ખાતાંની કારોબાર મંડલીનાં **ઘરશથોએ પોતાનેં ખરચે** છપાવી જાહેર કરીઊંછે, તે તમાંમ ખાશોઆંમ જરથોશતીઓને ઊપીઓગી અને વાંચવા લાએક ઠરસે એવી ઊમેદછે.

મુંબઈ, તા૦ ૧ લી નવેમબર શને ૧૮૬૫

મંનચેરજી કાવશજી શાપુરજી લાંઠ

ઈરાંન દેશનાં ગરીબ જરથોશતીઓની હાલત શુધારવા શારૂ
ઈશથાપેલાં ધરંમ ખાતાંની કારોબાર મંડલીનાં સેકરેટરી.


ઈરાન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા શારૂ અશથાપેલાં ધરંમ ખાતાની ઉપજ નીપજનો એહેવાલ.

શાંકલીઊં.

સફે.

શાંકલીઉં.

શાંકલીઉં.



ઈરાન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત સુધારવા શારૂ અશથાપેલાં ધરમ ખાતાંની ઊપજ નીપજનો એહવાલ.

શરનશીન શાહેબ તથા મીજલસનાં શાહેબો,

આપણાં જરતોશતી ટોલાના શરૂવે શાહેબોને રોશનછે કે આજ ઘણી લાંબી મુદત થઈ ઈરાંન શર જમીનમાં આપણી પાદશાહત આખેર થાઈ તે દીનથી ઈરાંન શર જમીન મધે વશનારા આપણાં જરતોશતીઓ કેટલીએક તરેહના હાદેશાઓ તથા શખતીઓ શેહેતા આવેઆછે અને તે મધેથી કેટલીએક તરેહની શખતીઓ હાલ પણ શેહેછે અને તે બીચારાઓની નાચારી હાલતને લીધે તે તરફના કેટલાંએક કદીમ જમાનાંમાં બંધાએલાં દીન ધરમના મકાંનો બીશમાર થાએલાંછે તે શરવે બીનાંનો વીગતવારે એહવાલ આએ ધરમ ખાતાંની માજી કારોબાર મંડલીએ તા૦ ૨૨ મી અકટોબર શને ૧૮૫૫ થીતે તા૦ ૩૦ મી શપટેમબર શને ૧૮૫૮ ઈશવી શુધીના એહવાલનાં ચોપાંનીઆંઓ શને ૧૨૨૮ ઈઅજદજરદી મોતાબેક શને ૧૮૫૯ ઈશવીની તેરીખે છપાવીને પરગટ કરેઆંછે અને તે અતરેનાં તથા દેશાવરોનાં આપણાં જરતોશતીઓને વાકેફ થાવાને વાશતે મફત આપેઆમો આવેઆંછે તે વીશે આએ ધરંમ ખાતાંની કારોબાર મંડલી આશા રાખેછે કે તે બીનાંથી તમો શરવે આપણાં જરતોશતીઓ, અતરેનાં અને દેશાવર ખાતેનાઓની ખાતરી થાઈ હશે કે એ બીચારા આપણાં હમ મજહબીઓને આશરો આપવાની કેટલી જરૂરછે; એટલુંજ નહી પણ આપણાં હીંદોશતાંનનાં જરતોશતીઓથી એ ધરંમ ખાતાંને આશરો મલવાની કેટલી એહતીઆજછે.

તા૦ ૧૦ મી અકટોબર શને ૧૮૫૮ ઈશવીને દીવશે મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીની ગોવાલીઆ તલાવ આગલની વાડી મધે બપોર પછે કલાક ૨) ને અમલે ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવાની માજી કારોબાર મંડલીએ અતરેના જરતોશતીઓની એક જાહેર શભા ઈ

રાંનનાં જરતોશતીઓની હાલત શુધારવા શારૂ આપણી તરફથી જે જે કાંમો ઈ રાંન દેશ મધે કરેઆમો આવેઆંછે તે તથા કેટલાંએક કાંમો તે તરફ કરવાની અગત જણાએછે તે તથા ઈરાંનના રેહેનારા જરતોશતીઓ પાશેથી ઈરાંનની શ રકાર જજીઆનો કર લેછે તે તથા બીજી બાબદોની ઉપજ નીપજનો એહવાલ વાં ચી શંભલાવવાને વાશતે બોલાવેઆમો આવી હતી. તાંહાં એ ઉપર લખી જ ણાવેલી માજી કારોબાર મંડલીએ પોતા હશતકતાં કાંમની ઉપજ નીપજનો એ હવાલ વાંચી શંભલાવીને તે જાહેર શભામાં બાહાલ રાખેઆ પછે તમારી મા જી કારોબાર મંડલીએ પોતા હશતકનો ઓહોદો છોડેઆ બાદ નીચે લખી જ ણાવેલા ગરહશથોની નવી કારોબાર મંડલી તેજ શભા માંહે ઠેરવેઆમો આવી હતી તેઓનાં નાંમોની વીગત—

શેઠ માંણેકજી નોશરવાંનજી પીટી.
,, ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી.
,, બેહેરાંમજી જીજીભાઈ.
,, રૂશતમજી રતનજી વાહાડીઆ.
,, મેહેરવાંનજી ફરાંમજી પાંડે.
,, બેહમનજી ફરાંમજી કાંમાજી.
,, જમશેદજી પેશતનજી પાંડે.
,, ધનજીભાઈ ફરાંમજી પટેલ.
,, દીનશાહજી માંણેકજી પીટી.
,, અરદેશરજી ડોશાભાઈ મુનશી.
,, નવરોજજી ફરદુનજી.
,, મનચેરજી શાપુરજી લંગડાનાં.

ઉપર લખી જણાવેલા ગરહશથો હશતક ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જર તોશતીઓની હાલત શુધારવાનાં ફંડનુ કાંમ શોપેઆમો આવેઉં હતું.

તેઆર પછે તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જણાવવાને દલગીરછે કે ઉપર જણાવેલા અધીકારીઓ મધેથી નેકનાંમ શેઠ માંણેકજી નોશરવાંનજી પી ટી રોજ ૨૯ મો માહા ૯ મો કદીમ તથા માહા ૮ મો શેહેનશાહી શને ૧૨૨૮ ઈઅજદજરદી, તા૦ ૨૧ મી મેએ સને ૧૮૫૯ ઈશવીને દીવશે શવરગવાશી થા એઆ. એ મરહુમ શેઠે આએ ધરમખાતું શારા પાએઆ ઉપર લાવવાને, ત થા તેહેની પુંજીમો વધારો કરવાને, તથા મતલબ પાર પાડવાને, દીલશોજીથી ઘ ણી મેહેનત લીધી હતી તથા મદદ આપી હતી. એ શાહેબનાં ગુજરી જાવા થી એ ધરમખાતાંની કારોબાર મંડલીએ પોતાનો હોશીઆર—શીઆનો—મા એઆલુ અને શલુકવાલો—શરનશીન તથા આપણાં ઈરાંન દેશવાલા ગરીબ હ

મજાતીઓએ પોતાનો હેતુ દોસત ખોએઓછે, તે ઉપરથી તમારી કારોબાર મંડલી પોતાની બેહદ દલગીરી જણાવેછે કારણકે એ ધરમખાતું જે દીનેથી ઉભું થાએઉં તે દીનથી તે પોતાની છેલલી ઘડી શુધી એ મરહુમ શેઠે કેટલીએક વખતે મોહોટી રકમો આએ ધરમખાતાંને આશરો આપવાને ભરી, એટલુંજ નહી પણ ઘણીજ દીલશોજીથી એ કાંમ પછવાડે તશદી લેઈને બીજા જરતોશતીઓ પાશે આશરો અપાવવાની કોશેશ કરવામો કશી કશુર રાખી નહી હતી. અને વલી આએ ધરમખાતાંની કારોબાર મંડલીનાં મીજલશીનાં ઓહોદા શાથે એ કારોબાર મંડલીનાં શરનશીનનો ઓહોદો પણ પોતાની હએઆતીની છેલલી ઘડી શુધી ઘણીએક ચાલાકીથી બજાવેઓ હતો.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીનાં હક થાવાથી એવણની જગો ઉપર તમારી કારોબાર મંડલીનાં કાએમ શરનશીન દાખલ શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલને નેમેઆ ને એવણે એ ઓહોદો ખુશી શાથેં કબુલ રાખેઓછે.

એ ઉપરાંત વલી તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરવાને દલગીરછે કે આએ ધરમ ખાતાંની કારોબાર મંડલીનો એક અધીકારી નેક નાંમ શેઠ જમશેદજી પેશતંનજી પાંડેનાં રોજ ૪ થો માહા ૧૦ મો કદમી તથા માહા ૯ મો શેહેનશાહી શને ૧૨૩૦ ઈઅનદજરદી, તા૦ ૨૫ મી મેએ શને ૧૮૬૧ ઈશવીને દંને શવરગવાશી થાએઆ. એ મરહુમ શેઠે આએ ધરમ ખાતાં મધે એક અધીકારી તરીકે એ કાંમની શરૂઆત થાતાંજ શારી મદદ કરીછે તેથી એવણનાં ગુજરવાથી તમારી કારોબાર મંડલી દલગીરછે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે મરહુમ શેઠ જમશેદજી પેશતનજી પાંડેનાં ગુજરવાથી એવણની જગા ઉપર તમારી કારોબાર મંડલીના એક અધીકારી તરીકે શેઠ દાદાભાઈ હોરમજજી કાંમાજીને મુકરર કરેઆછે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ મોહોટી ખુશી શાથે જાહેર કરેછે કે તમારી માજી કારોબાર મંડલીનો રીપોરટ ઈઆને એહવાલ જાહેર શભા માંહે રૂજી કરેઆ બાદ આએ ધરમ ખાતાંને આશરો આપવાને વાશતે ઈરાંન દેશને લગતાં જુદાં જુદાં ધરમ ખાતાં મધે નીચે લખી જણાવેલા ગરહશથોએ કાએમ ખાતાં આએ ધરમ ખાતાં મધે પરાવીને શરકારી પરાંમીશારી નોટો આપીઓછે તે ગરહશથોનાં નાંમ તથા કીઆં કીઆં ધરમ ખાતાં મધે પોતાથી બનતો આશરો અને મદદ આપીછે તે તમ શાહેબોને વાકેફ થવાને વાસતે આએ એહવાલ મધે તમારી કારોબાર મંડલી દાખલ કરવાને વાજબી જાંણેછે.

ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવાનાં ફંડ મધે શરકારી પરાંમીશારી નોટો આપીઓછે તે ગરહેશથોનાં નાંમ નીચે દાખલ કરેઆંછે.

શેઠ હોમજી ખરશેદજી દાદીશેઠનાંએ એવણુની ધણીઆંણી બાઈ જીવણબાઈનાં પુણને વાશતે શરકારી પરાંમીશારી નોટ નંગ ૨) રૂપીઆ ૨૦૦૦) ની ટકા પાંચનાં વેઆજવાલી તા૦ ૯ મી અકટોબર ૧૮૫૯ ઈશવીની તેરીખે આપીછે.

શેઠ નોશરવાંનજી માંણેકજી પીટીની ધણીઆંણી બાઈ દીનબાઈ તથા તેવણુનાં છોકરાંઓએ મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીનાં પુણને શારૂ શરકારી પરાંમીશારી નોટ નંગ ૧) રૂપીઆ ૨૦૦૦) ની ટકા ચારના વેઆજની તા૦ ૧૭ મી આગશટ શને ૧૮૫૯ ઈશવીને દંને.

મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાજીનાં શાહેબજાદાએ શેઠ દાદાભાઈ તથા શેઠ ધનજીભાઈ તથા શેઠ ખુરશેદજી અને શેઠ દોરાબજી નોશરવાંનજી કાંમાજીએ એવણુનાં માતાજી બેહેશતન બાઈ શુનાંબાઈનાં પુણને વાશતે શરકારી પરાંમીશારી નોટ નંગ ૧) રૂપીઆ ૨૦૦૦) ની ટકા ચારનાં વેઆજની તા૦ ૩૦ મી શપટેમબર શને ૧૮૫૯ ની તેરીખે.

શેઠ દીનશાહજી માંણેકજી પીટીની ધણીઆંણી બાઈ શાકરબાઈ તથા એવણુનાં છોકરાંઓએ મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીનાં પુણને વાશતે નોટ નંગ ૧) રૂપીઆ ૩૦૦૦) ની ટકા ચારનાં વેઆજ વાલી તા૦ ૧૭ મી અકટોબર શને ૧૮૫૯ ઈશવીને દંને.

શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલે બખશેશ તરીકે પોતાની કાએમ ઈઆદગારી રાખવાને વાશતે શરકારી પરામીશારી નોટ નંગ ૨) રૂ૧૫૦૦) ની ટકા પાંચનાં વેઆજવાલી તા૦ ૩૦ મી ડીશેમબર શને ૧૮૫૯ ની તેરીખે.

શેઠ મેહેરવાંનજી તથા શેઠ કાવશજી અને શેઠ ખુરશેદજી રતનજી ગોપીનાંએ એવણુના માતાજી બેહેશતંન બાઈ આંવાંબાઈનાં પુણને વાશતે નોટ નંગ ૨) રૂ૧૫૦૦) ની ટકા પાંચનાં વેઆજની તારીખ ૫ મી એપરેલ શને ૧૮૬૦ ઈશવીને દંને.

શેઠ દીનશાહજી અને શેઠ નોશરવાંનજી માંણેકજી પીટીએ એવણુનાં ગુરબીજી મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટી હક થાએઆ તેવણુનાં ઉડમણાંમાં ઠરેલા ઠેરાવ પરમાંણે શેઠ માંણેકજી નોશરવાંનજી પીટી તથા તેવણુની ધણીઆંણી બાઈ હમાંબાઈનાં પુણને શારૂં કરેલાં ધરમખાતાં મધેથી ઉપલાં ફંડ ખાતે દર વરશે રૂ૧૫૦) એકશો પચાશ આપતા કરેઆછે.

ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની છોકરી તથા છોકરાઓને ૬ ૨ વરશે પરણાવી આપવાને વાશતે શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીને તાંહાં તા૦ ૧૭ મી ફેબરવારી શને ૧૮૫૯ ઇશવીને દ'ને એવણનાં દોતરાઓની શાદી થાઈ તેહેની ખુશાલીમો તેજ દીવશે શરકારી પરામીશારી નોટ ન'ગ ૨) રૂપીઆ ૨૦૦૦) ની ટકા ચારના વેઆજની આપીછે.

શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાંડેનાએ એવણનાં દોશત મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીનાં પુણને શારૂ ઈરાંન મધે દર વરશે ધમબારનું જશન કરાવવાને વાશતે શરકારી પરામીશારી નોટ ન'ગ ૧) રૂપીઆ ૧૦૦૦) ની ટકા ચારનાં વેઆજની તા૦ ૬ ઠી જુન શને ૧૮૫૯ ઇશવીને દ'ને આપીછે.

મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાનાં ધરમ ખાતાનાં ટરશટી શાહેબોએ દર વરશે રૂપીઆ ૫૦૦) પાંચશો ઈરાંન તરફ મકતબો ઉપર ખરચ કરવાને વાશતે શને ૧૨૨૯ ઇઅજદજરદીનાં શાલથી મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાજીનાં ધરમનાં ફંડ મધેથી આપતા કરેઆછે.

ઈરાંન દેશનાં આપણાં હમદીન જશ્તોશતી પારશી રેહેવાશીઓ પાશેથી ઈરાંનની શરકાર "જજીઓ" એહવે નાંમનો કર લીએછે તે ફંડ માંહે શરકારી પરાંમીશારી નોટો આપીઓછે તે ગરહશથોનાં નાંમ નીચે દાખલ કરેઆંછે.

મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાજીની વહુઓ બાઈ બચુબાઈ તથા બાઈ ધનબાઈજી તથા બાઈ જાઈબાઇ અને બાઈ મેહેરબાઈએ પોતાનાં શાશુ બોઈ શુનાંબાઇનાં પુણને વાશતે શરકારી પરામીશારી નોટ ન'ગ ૨) રૂપીઆ ૨૫૦૦) ની ટકા ચારનાં વેઆજની તા૦ ૧ લી નવેમબર શને ૧૮૫૯ ઇશવીને દીને આપીછે.

શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલે બખ્શેશ તરીકે પોતાની કાએમ ઈઆદગારી રાખવાને શારૂ શરકારી પરાંમીશારી નોટ ન'ગ ૨) રૂ૧૫૦૦) ની ટકા પાંચનાં વેઆજની તા૦ ૩૦ મી ડીશેમબર શને ૧૮૫૯ ઇશવીને દ'ને.

મરહુમ શેઠ ખુરશેદજી દોરાબજી બ'ગાલીની ધરીઆંણી બાઈ પીરોજબાઈ તથા એવણનાં દીકરા શેઠ બેહેરાંમજી ખુરશેદજી બ'ગાલીએ મરહુમ શેઠ ખુરશેદજી દોરાબજી બ'ગાલીનાં પુણને વાશતે શરકારી પરાંમીશારી નોટ ન'ગ ૧) રૂપીઆ ૩૦૦૦) ની ટકા ચારનાં વેઆજની તા૦ ૧૮ મી મારચ શને ૧૮૬૦ ઇશવીને દ'ને.

શેઠ દીનશાહજી અને શેઠ નોશરવાંનજી માંણેકજી પીટીએ એવણનાં ફુઇ બે

હેશતન બાઈ આવાંબાઈનાં પુણને શારૂ શરકારી પરામીશારી નોટ નંગ ૧) રૂપીઆ ૧૦૦૦) ની ટકા પાંચનાં વેઆજની તા૦ ૫ મી એપરેલ શને ૧૮૬૦ ઈશવીને દંને.

શેઠ કાવશજી ધનજીભાઈ પાંઉવાલાએ એવણનાં બાવા મરહુમ શેઠ ધનજીભાઈ તથા એવણનાં માતાજી બેહેશતન બાઈ ધનાબાઈનાં પુણને શારૂ શરકારી પરાંમીશારી નોટ નંગ ૧) રૂ૩૦૦૦) ની ટકા ચારનાં વેઆજની તારીખ ૩૦ મી ડીશેમબર શને ૧૮૬૦ ઈશવીને દંને.

એ ઉપરથી તમારી કારોબાર મંડલી આએ "રીપોરટ" ઈઆને એહવાલ મધે ઉપર લખી જણાવેલા ગરહશથો તથા બીજા શાહેબો કે જેઓએ શર અવશરે પોતાથી બનતી મદદ એ ધરમ ખાતાંને આશરો આપવાને વાશતે કીધીછે તેથી તમારી કારોબાર મંડલી તેઓ શરવે ગરહશથોનો ઉપકાર માંનેછે અને લલાંમણ કરેછે કે ઈરાંન દેશનાં રેહેનારા આપણાં હમદીન ગરીબ જરતોશતી પારસીઓની હાલત શુધારવાનાં ફંડ મધે તમ શાહેબોથી જેમ બને તેમ વખતે વખત ઘટતો આશરો આપતા જાવું કે કોઈબી તદબીરથી એ બીચારા લાચાર ઈરાંનનાં રેહેનારા જરતોશતીઓની હાલની હાલતમો શુધારો થાતો જાએ તેહેવા ઉપાઓ કરતા જાવાની આપણાં કુલલે હીંદોશતાંનનાં જરતોશતીઓ ઉપર અએન ફરજછે તે એ ફંડ પુરતું થાએઆથી તમારી કારોબાર મંડલીને બજા લાવવાને બની આવે.

તમારી કારોબાર મંડલી વલી મોહોટી ખુશી શાથે તમ શાહેબો આગલ જાહેર કરેછે કે આપણાં શખી તબે નેકનાંમ મરહુમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબે પોતાની શખી તબે પરમાંણે રૂ૨૫૦૦૦) પચીશ હજારની રકમ આએ ધરમ ખાતાંની પુજીમો આશરો આપવાને ભરી આપી હતી તે રૂપીઆ પચીશ હજાર વોશે એ નેકનાંમ મરહુમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબનાં સાહેબજાદા હાનરેબલ રૂશતમજી જમશેદજીએ પતર ૧ આએ ધરમ ખાતાંનાં એક અધીકારી તથા ખજાંનચી શેઠ ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી ઉપર તારીખ ૧૨ મી એપરેલ શને ૧૮૬૦ ને દીને લંખેઓછે તેહેની નકલ તંમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરીછે.

નેક નાંમવર મરહુમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબનાં શાહેબજાદા હાનરેબલ રૂશતમજી જમશેદજીનો લખેલો પતર.

ભાઈ શાહેબ ખરશેદજી નશરવાંનજી કાંમા લા૦ શેવક રૂશતમજી જમસેદજીનો સલાંમ વાંચજો. જત હમારા બેહેશતી મુરબીજી શાહેબ ગુજરેઆની થોડા

કાહાડા આગમચ શ્રી ઈરાંન દેશનાં આપડા હમજાતી જરથોશતીઓ ઉપર જ જીઆનો કરછે તે કાહાડી નખાવવાનાં ફંડમો રૂ૨૫૦૦૦) જે આગલ ભરેઆ હતા તે આપવાને કહી ગીઆછે વાશતે શ્રી ઈરાંનનાં જરથોશતીઓની હાલત શુધારવાનાં ફંડનું તરશટડીડ તઈઆર થઈઉં હોએતો. મેરબાંની કરીને જોવા મોકલજો એજ વીનતી. તારીખ ૧૨ મી આપરેલ શને ૧૮૬૦ અંગરેજી.

(શહી) લા૦ શેવક રૂશતમજી જમશેદજીનો શલાંમ વાંચજો.

ઉપલાં હાનરેબલ રૂશતમજી જમશેદજીનાં લખેલાં પતરનો જવાબ તમારી કારોબાર મંડલીનાં એક અધીકારી શેઠ ખુરશેદજી નોશરવાંનજી કાંમાજીએ વાલેઓ તેહેની નકલ તમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરીછે.

શેઠજી શાહેબ રૂશતમજી જમશેદજી,

શેઠજીની મેહેરબાંની ભરેલી ચીઠી આજની તારીખની પોહોચીછેજી તે વાંચીઆથી જીવને ઘણી ખુશી ઉપજીછેજી.

ઈરાંન દેશનાં રેહેનારા જરથોશતીઓનીને હાલત શુધારવાનાં ફંડને હશતકનાં જજીઆનાં ફંડમો તમારા નેકનાંમ મુરબીજી સાહેબ ગુજરવાની અગાઉ રૂ૨૫૦૦૦) આપવાને કહી ગઆછે, તેથી એ ફંડનું ટરશટડીડ તઈઆર થાએઉ હોએતો તમો શેઠજીને જોવા મોકલીએ કરી લખીઉં, પણ લખવાને દલગીર છઈએ કે હજુર શુધી તઈઆર થએઉં નથી. ઉમેદછે કે એ ધરમખાતાંની મંડલીનો વીચાર લેઈને એક વીકની અંદર તઈઆર કરાવીને તમો શાહેબને જોવાને મોકલી આપી શકીશુજી, એજ અરજ. તારીખ ૧૨ મી એપરેલ ૧૮૬૦

(શહી) શેવક,

ખુરશેદજી નોશરવાંનજી કાંમાજીનો શલાંમ વાંચજો.

નેકનાંમ હાનરેબલ રૂશતમજી જમશેદજીની ખાહેશ ઉપરથી આએ ધરમખાતાનાં ફંડનું "ટરશટડીડ" તઈઆર કરવાને વાશતે તમારી કારોબાર મંડલીને કેટલીએક અડચણોને લીધે ઢીલ થાઈ હતી તે બાદ તે "તરશટડીડ" અંગરેજીમાં કરાવીને તેહેની ડુપલીકેટ નકલ મીશતર આકલનડ વકીલની શહી શાથેની નેક નાંમવર મરહુમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબનાં શાહેબજાદાઓ ઉપર તારીખ ૧૨ મી જુલાઈ શને ૧૮૬૧ ઈશવીને દીને પતર ૧ લખીને તમારી કારોબાર મંડલીએ મોકલી તે પતરની નકલ તમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરીછે.

મુંબઇ તારીખ ૧૨ મી જુલાઈ શને ૧૮૬૧ ઈશવી.

શર જમશેદજી જીજીભાઈ બારોનેટ તથા શેઠજી શાહેબ રૂશતમજી જમશેદજી તથા શેઠજી શાહેબ શોહોરાબજી જમશેદજી જોગ.

જત લખવા મકશદ એજે શેઠજી શાહેબ રૂશતમજી જમશેદજીએ તારીખ ૧૨ મી એપરેલ શને ૧૮૬૦ ને દીને ચીઠી ૧) શેઠ ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી જોગની લખીછે, તે મધે લખી જણાંવેઆ પરમાંણે મરહુમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબે પોતાનાં ગુજરવાની થોડા દાહાડા આગમચ ઈરાંન દેશનાં ગરીબ જરથોશતીઓની હાલત શુધારવાનાં ધરમ ખાતાંનાં ફંડ માંહે રૂ૨૫૦૦૦) પચીશ હજારની રકમ કે જે પરથમ ભરી હતી તે રૂપીઆ આપવા ને કહી ગઆછે, તે ચીઠી શેઠ ખુરશેદજી નોશરવાંનજી કાંમાજીએ આએ ધરમ ખાંતાંની કારોબાર મંડલીને શવાધીન કરીછે તે ઉપરથી આએ ધરમખાતાંની કારોબાર મંડલીનાં ઠેરાવ પરમાંણે ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરથોશતીઓની હાલત શુધારવાનાં ફંડનુ અંગરેજી "ટરશટડીડ" ધરમખાતાંની કારોબાર મંડલીએ તઈઆર કરીને ખાશ શભા ભરીને બાહાલ રાખેઉંછે. તે અંગરેજી "ટરશટડીડ" ની ડુપલીકેટ મીશટર આકલનડ વકીલની શહી શાથેની શેઠજી શાહેબ શેઠ રૂશતમજી જમશેદજીનાં માંગેઆથી તમો શાહેબો ઉપર આએ પતર શાથે મોકલીછે તે વાંચી વાકેફ થાઈને પાછી ફરશુદે હમોને મોકલાવવાની તશદીઆ લેવીજી અને તમારા મુરબીજી શાહેબ નેકનાંમ મરહુમ શર જમશેદજી જીજીભાઈએ એ ધરમખાતાંમાં ભરેલા રૂપીઆ અથવા તેહેની ઉપજ દર વરશ એ ધરમ ખાતાંની કારોબાર મંડલીને આપવાની તમો શાહેબો તમારી મરજી મુજબ જે ગોઠવણ કરો તે તશદી લેઈને કારોબાર મંડલીને લખી જણાવશોતો મેહેરબાંની થાશે. એજ અરજ.

શાહેબો,

હું છઉં તમારો નમનતાઇ ભરેલો શેવક

(શહી) શોશબજી રૂશતમજી મુલાં ફીરોજનાં,

મુનસી.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે આએ ધરમ ખાતાનાં "રીપોરટ" મધે રૂ૨૫૦૦૦) વીશેની ખુશ ખબરી દાખલ કરવાને વાશતે તમારી કારોબાર મંડલીએ ઘટતું શમજીને બીજું પતર ૧ નેકનાંમ મરહુમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબનાં સાહેબજાદાઓ ઉપર તારીખ ૧૭ મી જાનેવારી શને ૧૮૬૨ ઈસવીને દીને મોકલીઉં તે પતરની નકલ તમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરીછે.

કારોબાર મંડલીનો એહવાલ.

મુંબઈની તારીખ ૧૭ મી જાનેવારી શને ૧૮૬૨ ઈશવી.

નેકનાંમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબ તથા શેઠજી શાહેબ ફરશતમજી જમશેદજી અને શેઠજી શાહેબ શોહરાબજી જમશેદજી જોગ—

શાહેબો,

જત લખવા મકશદ એજે ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા શારૂં અશથાપેલી કારોબાર મંડલીની ફરમાએશથી તમો શાહેબોને જણાંવવાની રજા લેઉં છેઉ કે તમો શાહેબો ઉપર પતર ૧ તારીખ ૧૨ મી જુલાઈ શને ૧૮૬૧ ઇશવીને દીને લખીને આગ્યે ધરમ ખાતાંનાં ફંનડનાં અંગરેજી "ટરશટડીડ" ની દુપલીકિટ નકલ મી૦ આકલનડ વકીલની શહી શાથેની તમો શાહેબો ઉપર મોકલેઆંમો આવીછે, તેહેનો જવાબ હજીર શુધી તમો શાહેબોની તરફથી મલેઓ નથી તેથી મેહેરબાંની કરીને તેહેનો જવાબ પેહેલી જોગવાઈએ મોકલવાની જરૂર તશદીઆ લેવીજી કારણ કે આગ્યે ધરમખાતાંની કારોબાર મંડલીનો "રીપોરટ" તઇઆર થાએઓછે અને તે જુન દીવશમાં જાહેર શભાની આગલ વાંચી શંભલાવવામો આવશે તેહમો એ વીશે જણાવવામો આવે, એજઅરજ.

શાહેબો,

હું છેઉં તમારો નમનતાઈ ભરેલો શેવક,

(શહી) શોરાબજી ફરશતમજી મુલાં ફીરોજનાં,

મુનશી.

એ ઉપર લખી જણાવેલાં પતરને તમારી કારોબાર મંડલીનાં શેકરેટારીએ નેકનાંમ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ શાહેબને પોંહોંચાડીઆથી બારોનેટ શાહેબે હેવો જવાબ આપેઓ કે એ રૂપીઆનું "ટરશટડીડ" મી૦ ફેથફુલને તાંહાં બનાવવાને વાશતે મોકલેલું છે તે આવેઆથી મોકલીઆમો આવશે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે આગ્યે એહવાલ માંહે જે જે ઠેકાંણે ફારશી પતરો મુકવામો આવીઆંછે તે ફારશી પતરોનો ગુજરાતી તરજુમો તમારી કારોબાર મંડલીનાં શેકરેટારીએ કરેઓછે, તે ગુજરાતી તરજુમાંઓને તમારી કારોબાર મંડલીનાં એક અધીકારી શેઠ અરદેશરજી દોશાભાઈ મુનશીએ તપાંશીઆછે તથા તે વતરોગે બીજાં કેટલાંએક ફારશી પતરનાં ગુજરાતી તરજુમાઓ શેઠ અરદેશરજી દોશાભાઈ મુનશીએ પોતે તશદીઆ લેઇને કરેઆછે તેથી એવણનો ઉપકાર તમારી કારોબાર મંડલી શમજેછે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે ભાઈ માંણેકજી આંતરીઆ જે આપણી અનજુમનતી તરફથી ઈરાંન તરફ ગીઆછે અને અંગરે

જ શરકારના મુખતીઆરી એલચીઓ જેઓ "દારૂલ ખલાફે તેહરાંન" મો હતા
ને હાલેછે તે શાહેબો ઉપર કેટલીએક અંગરેજી અરજી તથા પતરો આપણાં હ
મદીન જરતોશતીઓને મદદ કરાવવાને વાશતે—તથા ઈરાંનનાં 'અકદશે હોમા
એઉન શાહા નશરૂદદીન કાજાર' ની પાશે દાદ રશી ચાહાવાની શીફારશ કરાવ
વાને થકી તથા બીજી મતલબો પાર પરાવવાને શારૂં લખેઆંછે તે મધેથી
કેટલાંએક પતરોનો જાણવાજોગ ફક્ત ગુજરાતી શાર આએ એહવાલ મધે દાખલ
કરવાને તમારી કારોબાર મંડલીએ ઘટતું વીચારેઉંછે અને તે અંગરેજી ઓચ
રીઆંઓનો ગુજરાતી શાર તમારી કારોબાર મંડલીનાં એક અધીકારી સેઠ મંન
ચેરજી શાપુરજી લંગરાનાંએ તશદીઆ લેઈને કરેઓછે તેથી એવણનો પણ ઉપકા
ર તમારી કારોબાર મંડલી શમજેછે.

હવે તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરવાની રજા લેછે કે ઈરાં
ન તરફથી ભાઈ માંણેકજી લીમજી હોશંગ આંતરીઆનાં કેટલાંએક લખેલાં કાગ
જો તમારો કારોબાર મંડલી ઉપર આવેઆંછે તે કાગજો માંહેથી દરએક બાબદનાં
જાણવા જોગ શાર તથા કેટલાંએક ધરમનાં કાંમો તમારી કારોબાર મંડલીની ર
જાથી ઈરાંન તરફ કરેઆમાં આવેઆંછે તે—તથા ચાલુ રાખેઆંછે તે—તથા બી
જાં કેટલાંએક કાંમો કે જે તે તરફ કરવાની તમારી કારોબાર મંડલી મોહોટી જ
રૂર જાંણેછે, પણ હજી લગન તમારી કારોબાર મંડલી હશતક વશુલ થાએલું ફં
નડ પુરતું નથી તેહેને લીધે બીજી જોગવાઈ મલે તાંહાં શુંધી મુલતવી રાખેઆમાં
આવેઆંછે, તે દરએક બાબદોનાં એહવાલનાં જુદાં જુદાં મથાલાં કરીને તમ શાહે
બોને વાકેફ થાવાને વાશતે તમારી કારોબાર મંડલી અતરે તમ શાહેબોની નજ
દીક રૂજુ કરવાની રજા માંગેછે.

ઈરાંન શર જમીન માંહે જરતોશતી પારશીઓની વશતીનો એહવાલ.

તમારી કારોબાર મંડલી જાહેર કરેછે કે આએ ધરંમ ખાતાંની માજી કારો
બાર મંડલીએ ઈરાંન શર જમીન તરફ આપણાં જરતોશતીઓની વશતીની શં
ખેઆ પોતાંનાં આપેલા "રીપોરટ" ઈઆને એહવાલ મધે જાહેર કરીછે; તે બા
દ ભાઈ માંણેકજી લીમજી હોશંગ આંતરીઆનાં કુલઅક શેહેરથી લખેલાં તારી
ખ ૧૫ મી શપટેમબર શને ૧૮૫૯ વાલા કાગજ મધે હેવું જણાવેછે કે, ઈરાંન પ
રાંતના "દાદર" તથા "મેમના" તરફ એક ફરેંનચ મુશાફર નાંમે મીશટર ફે
રીઅર ગીઓ હતો. તે ધણી પોતાંની કેતાબમાં હેવું લખેછે કે, કોઈ જગોએ તે ત

ક પારશીઓની વશતીછે. એ વીશે ભાઈ માંણેકજી આંતરીઆને શોધ કરતાં હેવું માલમ પરેઉ કે "ખોરાશાન" તથા "તુરકશતાંન" માં ઈરાંની મુશલમાંનો કે શીહા મજહબ વાલાઓને પારશી કરીને કેહેછે, અને ઈરાંનમાં માતરે બખતીઆરી લોકોને પારશી કરીને બોલેછે, તેમજ એક ટોલાને "ગાવર" કરીને પણ કેહેવામો આવેછે. તે ઉપરથી ઈરાંન તથા હીંદોશતાંનનાં જરતોશતીઓએ પારશી શાથે જરતોશતીનોબી બોલ વાપરવો જોઈએચ (ઈઆને જરતોશતી પારશીઓ) કે જમાંનાંનાં હેર ફેર વખતે મજહબનો તફાવત જલદીથી શમજમો આવે.

કેરમાનની વશતીનો એહવાલ.

આએ ધરમ ખાતાંની માજી કારોબાર મંડલીએ પોતાના છપાવેલા "રીપોરટ" ને પાંને ૧૮ મે કેરમાનની વંશતીનો એહવાલ આપતી વખતે જે શેહેરનુ નાંમ "પરબીતન" કરીને લખેઉછે તેહેને ઠેકાંણે ભાઈ માંણેકજી આંતરીઆ પોતાનાં લખેલાં તા૦ ૧૫ મી શપટેમબર ૧૮૫૯ વાલા કાગજમો જણાવેછે કે તે શેહેરનુ અશલ નાંમ "ફરમુદન" અથવા "ફરમુનદાંન" છે, અને વલી એજ પાંનાંમો જે શેહેર "શગાબાદ" કરીને લખેઉછે તેહેનું નાંમ "રીગાબાદ" જાંણવું કાંરણ કે તે હદને "રીગશતાંન" પણ કેહેવામો આવેછે.

કોહીશતાંનમાંનાં લોકો કે જેહેને ઈશલામીઆન લોકો "કાફરે શીહા પોશ" કેહેછે તે વીશેનો એહવાલ.

તા૦ ૧ લી જુન શને ૧૮૬૦ વાલા કાગજ માંહે ભાઈ માંણેકજી લખેછે કે—

"અતરે હેરાતની હકુમત વાલો શરદાર શુલતાંન "અહમદખાંન" થોડું
" એક થાએઉં આવેઓ હતો તેહેની શાથે બે ચારથી વધારેવાર મુલાકાત ને વા
" તચીત થાતાં હેવું માલુમ પડીઉં કે કાબુલથી દુર તરફના કોહેશતાંનમાં જે
" 'કાફરે શીહાંપુશ' નાંમે પાહાડી લોકોને હાલનાં ઈશલાંમીઆંન કેહેચ, તે
" પાહાડી લોકો પોતાનો કદીમ મજહબ પાલેચ તેહેની નીશાંનીમાં એમ કહેઉં
" જે ઉઘાડે પગે, કે ઉઘાડે માંથે બોલતા ચાલતા નથી, તથા ખુરશીદ શાંબને ઉ
" ભા રહી કાંઈ ભણેચ, અને દશતાંનની જાલવણી રાખેચ, અને શરાબ પીવો
" હલાલ ગણેચ."

" એ ઉપલી નીશાનીઓ છતેબી આપણે કાંઈ એમ નહી જાંણવું કે તેહે
" નાઓ જરતોશતી મજહબ પાલનારા હોએ કેમજે માજંનદરાંનમાં "શારી"
" પાશેનાં "અજાજરોબ" પરગણાંમાંબી મુશલમાંનોછે, તેહેનાઓ શરવે પોતાનાં

" કદીમ મજહબની રીતભાત વાપરેચ અને વલી કદીમ રોજ માહા મુજબ હ
" રેક હમકારાને જશન પરબોની કીરીઆ પણ કરતા આવેચ, તે છતે જો કોઈ
" પારશી (ઇઆને જરતોશતી) તાંહાં ગીઓ હોએતો તેહેને બદ બોલી વટલાવ
" વા ચાહેચ:"

જજીઆ બાબેનો એહવાલ.

તમારી કારોબાર મંડલી તમોને જાહેર કરેછે કે આએ ધરમ ખાતાંની માજી કારોબાર મંડલીની તરફથી ભાઈ માંણેકજી આંતરીઆ ઉપર તા૦ ૯ મી જાંનેવારી ૧૮૫૮ ઇશવીની તેરીખે કાગજ ૧ લખેઓ હતો તે મધે એ ભાઈને હેવું લખી જણાવીઉં હતું કે, ઇરાંનની શરકાર "જજીઆ" નો કર તે તરફ વાલા આપણાં જરતોશતીઓ પાશેથી લેછે, તે વીશે ઇરાંની અનજુમને કબુલેલા એમ દાદનાં રૂ૨૦૦૦૦) વીશ હજાર મલેઆ પછે દર શાલે રૂ૨૦૦૦) બેએ હજારથી વધારે ભરવાને હાલે કારોબાર મંડલી ઉમેદ આપી શકતી નથી.

એહવાં માજી કારોબાર મંડલીના લખી જણાવેઆ ઉપરથી એ ભાઈ કુલઅક્ષ શેહેરથી તા૦ ૧ લી શપટેમબર શને ૧૮૫૮ ઇશવી વાલા કાગજ માંહે લખેછે કે—

" જો એ ધારણાં (ઇઆને જજીઆનાં કરની ભરણી ભરવાનો બંદોબશત
" રૂપીઆ બેજ હજાર શુધી) ઇરાંનની શરકાર શાથે પાર પડી હતે તો અલબતે
" મહને મોહોટી શરફરાજી હતી, પણ કેહેવાને દલગીરી ઉપજેચ કે ઇશલામી
" મજહબમો "જજીઆ" નો કર લેવો તે શરવે તરેહની જકાત લેવા કરતાં હ
" લાલ તરછે, એટલા વાશતે એ વીશે વધારે નાંણું વશુલ કરવાને શવાબ શમ
" જીને જીઆદતી અને જાશતી કરવાને વાશતે ચુકતા નથી તેહેના શબબે કારો
" બાર મંડલીની ફરમાએશ મુજબ કાંમ બનવું મુશકેલછે."

એજ કાગજ માહે ભાઈ માંણેકજી આંતરીઆ જણાવેછે કે—

"જજીઆનો કર હાલના દશ બાર વરશ વચે તરણ મરતબે હેરફેર બની
" ચુકોછે તેહેમાં પરથમ શરદાર મહમદ હશનખાંને એ નાણાં વશુલ કરવાનો
" હવાલો હકીમ શીલીમરને આપેઓ હતો, તેહેને પોતાની મેહેનતનાં મુબાશ
" રીન (ઇઆને કારોબારી) દાખલ તુમાંન ૧૦૦) વધારે લીધા હતા, તે પછે શ
" રંગ મીરજા કુચકે એ રકમ ઉપરાંત બીજા તુમાંન ૧૦૦) શરતીફખાંન હાક
" મના લવાજમાં દાખલ લેવા ચાહેઆ તેહેને પેશકશી આપી મેહેનત લેતાં
" ૧૦૦) એકશોએજ પતીઉં હતું, તોબી બીજા તુમાંન ૫૩)રા ઇજારેદાર મીર

" જાં મુતલબનો હક; તથા તુમાન ૨૨)૫ શઇએદ હોશન રોકનાબાદીને અપા
" વવા અને તુમાન ૨૫) દરોગાના લવાજમા દાખલ લેતા કરીઆ, તે પછે મી
" રજાં હોશન કંગરૂનીએ પોતાની હકુમત વખત તુમાન ૫૦) વધારે લીધા
" હતા. પણ મીરજાં મહમદ શફી વજીરે ઉપર લખી જણાવેલા તરણડે શખ
" શનો હીશાબ તપાશતી વખતે બધી રકમો મુજરા લેઈને દરબારી દફતર મા
" હે દાખલ કરવાથી હવે તે શરવે કરોને શાહી કર ગણેચ તેથી નીચે લખી જ
" ણાવેઆ મુજબ ઈરાંનની શરકારની તરફથી હાલે "જજીઆ" નાં કરના પ
" ઈશા વશુલ કરેછે."

† ૮૩૬)૪॥૧ "તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૫૫ ને દીને ઇશ્મિજદથી લખેલાં કાગજને ફકરે
" ૯ મે જણાવેલાં જુદાં જુદાં કાગજની તપશીલ મુજબ તથા તા૦ ૧
" લી અકટોબર ૧૮૫૭ વાલા કાગજને ફકરે પાંચમે લખેલી વીગત પર
" માંણે તુ. ૮૩૬)૪॥૧ ની રકમનું નાંમ અશલ "પુલે શરી" અથવા
" 'જજીઆ' નો કર કેહેછે."

૧૦૦) " જે રકમ શરતીફખાંન લેતો હતો તેહેનુ નાંમ "મરાઇનો કર" એટલે પાર
" શીઓ જે શવારી કે બારબરદારીનાં ખચર કે ખર રાખેચ તેઓ પરનાં
" અશલી કર જે જુદે જુદે ગામડનાં આનીઆઓ (ઇઆને ધંધા ઉપરનો
" કર) મો ઠેરવેલાછે તેહેનાં વધારા દાખલ કેહીને લીએછે."

૫૩)૨॥ " જે રકમ મીરજાં મુતલબ લેતો હતો તેહેનું નાંમ મુશતઓ ફીઆ (ઇઆ
" ને મોહોટા મુનશી) નાં ખરચનો ફાલો ને મીરજાઈનાં હક વીશે કેહીને
" વશુલ કરવા બે તરણ કટકે નાંમ લખેઆંચ."

૨૪૬)૪॥૪ " એ શીવાએ ઈઅજદની હકુમતનાં દાપાં દાખલની રકમો જે ગણવા ને
" લેવામે આવેચ ને હાલ માંફ કરવાનો કોલ આપીઓચ તેહેની તપશીલ
" નીચે મુજબછે.

૯૮)૯॥૪॥ " એ પઇશા વશુલ કરવા ફીજે માહમદ હશન નાજરને મુ
" બાશરી (ઇઆને વશુલ કરનાર) ઠેરવેઓચ તે દરે તુમાને
" એક કરોની લેખેના દાપાં દાખલ તુમાન એકશોથી તે દો
" રશો તુલક વશુલ કરેચ."

૨૫)૫ " શઇએદ હોશેન રૂકનાબાદીને નામે વશુલ કરતા આવેચ
" તેહનેબી હવે દફતરી રકમ ઠેરવી."

૧૦૦) " હકં કુલ હકુમત હેવે નાંમે ઇઅજદનાં હાકમ તથા ઈજા
" રેદારનો લવાજમો કેહેવાએછે અથવા પેશકશીનાં પઇ
" શા એમ ઠેરવી લીએછે."

૨૫) " દારોગા ગીરીનો લવાજમો કે તે શેહેરની પોલીશ ખા
" તાનાં ખરચ વીશે હેનાઓ ઉપરનો ફાલો."

૨૪૬)૪॥૪

---

† તુમાન ૧ નાં આશરે રૂ૪॥ થાએછે.

"એ પરમાંણે જુમલે તુમાંન ૧૨૩૬)૨ ઇઅજદમાં જાહેર નાંમે
" કેહેવા અને લેવામે આવેછે પણ જેહેવો વખત તે મુજબ જુલમ અને
" જીઆદતી કરવાને ચુકતા નથી."

૫૦) " અને કેરમાંન ખાતે જે તુ૦ ૩૫) ને આશરે દફતરનાંછે તેહની જગો
" બમનાં તરમણાં તુલક વશુલ થાએછે પણ મુશતઓફીઆનાં અને મુબા
" શરીનનો કર મલીને તુ૦ ૫૦) તુલકનાં નાંમ નીશાંન કેહેવા અને લખ
" વામે લીએછે."

૧૩૦) " એ શીવાએ દશતુર નાંમદારે કેખશરૂ તથા મુલાં બેહેરાંમે દીનીઆર
" "કલાનતર" અને એક "કદખોદા" (ઇઆને પટેલ) મલીને પગારનાં તુ
" માંન ૧૩૦) તુલકનાં ગણાએછે પણ વખતે કઈ વધું ઓછુ થાએચ અ
" ને શાહી વ અશરફી (ઇઆને તેહેવાર) નાં તુમાન વીશથી તે તરીશ તુ
" લક હેનાઓ પાશેથી લીએછે."

એ શરવે મલીને જુમલે તુમાંન ૧૪૧૬)૨ જજીઆનાં કરની ભરણી બાબે ઈરાંનની શરકાર લીએછે.

એ વીશે ભાઈ માંણેકજી આંતરીઆ લખેછે કે—

"તે વાશતે જો શદરેઅજમ (ઇઆને મોહોટો વજીર) નાં કેહેવા મુજબ
" ઇઅજદમાં જજીઆનાં તુમાન ૯૮૯)૭॥ લીએતો બીજા તુમાન ૪૦) વેર કેર
" માંન ખાતે આપવા જોઈએ; અને દશતુર તથા કલાનતર જીવે તાંહાં શુધીનાં
" વરશાશણ દાખલ તુમાન ૯૦) તુલક આપેઆ વગર નહી ચાલે, તે શાથે
" જુમલે તુમાન ૧૧૧૯) નાં રૂ૫૨૦૦) શુધી થાએચ, પછે અતરે વધારે વલગતાં
" પાછલથી કાંઈ ઓછું થાએતો મુજાએકો નહી."

ભાઈ માંણેકજી આંતરીઆ એજ કાગજમો જણાંવેછે કે—

"બીજી કુલલે રઈઅત કરતાં આપણાં બેશમજ પારશીઓ ઉપર જે વધારે
" શીતમ ગુજરેછે તેહેનો શબબ એછે જે ઇઅજદનાં આગલા કદખોદા બેહજાદ
" (નામના પારશી) ને બેહદ જુલમ કરવાને લીધે બરતરફ કરીને તેહેને ઠેકાંણે
" પંચ વાલાઓએ કદખોદા ગુશતાશપને મુકરર કરેઓ હતો; તેહેનો હીશાબ
" તપાશતાં ગામરે વાલાઓ પાશેથી દર હબે (ઇઆને ફાલા પરમાંણે) તુમાન
" ૫૦) થી તે ૫૫) શુધી વશુલ કરેલાછે તે મુજબ બે વરશ થાએઆં દર શાલનાં
" તુ. ૧૮૦૦) તુલક લીધેલાંનો એહવાલ અનજુમન વાલા લખેછે."

"અને હાલમાં તેહેને પણ બરતરફ કરીને ઇઅજદની પંચ વાલા ભાઈ
" ઓ માંહેથી પાંચ જણે જજીઆનો કર ઉઘરાવી આપવાનું કાંમ માંથે લીધુછે
" કે મુમબઈથી જવાબ આવે તાંહાંશુધી તેહેનાઓ શરકારનુ ભરણું પુરૂં કરે.
" પણ કેહેવાંને શંનતાપ ઉપજેછે કે કદખોદા ગુશતાશપને બરતર ફકરવાને

" લીધે તે પણ બીજા ચંડાલોની મુઆફેક અદાવતથી એકબારગી લોકોને અજી
" એત પોહોચાડનાર બનેઓછે."

"જે લોકો "જજીઆ" ના કરનું ભરણું ભરવાને શકતી ધરાવતા હોએચ
" તે લોકોબી બે ચાર હફતા કરીને ગાર માર ખાઈને એકનુ દોહોરૂ નાંણું ભ
" રેછે, પણ એકેદમ આપવાને બીહેછે, કારણ કે જો એકેદમ આપેતો શકતી
" વાલોછે હેવું શમજીને તેહેનાં ઉપરનો ફાલો (શરકાર) વધારેછે હેવી બીહી
" કે તેહેનાઓનેબી છતી શકતીએ દુખ ભોગવવુ પડેછે."

" એ ઉપરાંત આએ વરશમો એ બીચારાઓપર ભારે શેતમ ગુજારેઓછે
" તેહેમો અવલ જહાદીઆ (ઇઆને લડાઈના કરનાં નાંણાં) તેઓ પાશેથી લી
" ધાં અને "જજીઆ" ની એમદાદ વીશે જેહેનાંઓએ પઈશા આપેલાછે તેહે
" નાંઓ અતરેનાં ધારા પરમાંણે શેકડે ટકા ૨) નુ વીઆજ ખોતે ફરીબી જજી
" આના. પઈશા આપવા પડેથી કેહેવા ફકલેછે તેહેનું બએઆંન શું લખીએ કે
" એ મુજબ વારેવારનાં વીધનો તેઓને હર હાલે શેહેવાં પરેછે.

" શદરે અનજમ જે એ પઈશા અતરે (ઇઆને તેહેરાંન) લેવાનો હવાલો ન
" થી પારતો તેહેનુંબી કારણ એજ જણાએચ કે જેમ ઉપલી કલમમે જણાવે
" આ પરમાંણે જે જુલમો વધારતા આવેછે તે જો અતરે (તેહેરાંન) લેવા કબુલે
" તો ફરી તેવો વધારો એકાએક કરવાને નહી બને એહેવી * * દેઆનતે
" હરએક બાંહાંને આર લાવેછે, વાશતે આએ વખત જે જે જેહમત થાઈ ચુંકી
" ચ તે ગરમાં ગરમીમાં કઈબી કરાર. મદાર કરી લેવામો નહી આવશે તો વાત
" પછાટ પરશેતો આગલની કની બીજુંબી કાંઈ વધારતે 'ફતેહઅલી શાહાના'
" વખતની માફક બેથી તે તરણ હજાર તુમાંન તુલક વશુલ કરવાં વગર નથી રે
" હેવાનાં. તીઆરે તેહવી મોહોટી રકંમ માહેથી હેનાઓને કાંઈબી કમ કર
" વું નહી ભાવે, ને આપણથી પણ ભરી નહી શકાએઆને શબબે એ બીચા
" રા બીલકુલ મારેઆ જાશે, વાશતે હાલે તાતે ઘાહે જે કાંઈ રીતે બની શકે તે
" મ બંદોબશત કરી લેવાને વાશતે વખત નહી ખોવો ઘટે."

" ખોદા નખાશતંહ આપણાં અકાબર શાહેબો એ કાંમને અંનજામ પોંહો
" ચાડવા કંમ હીમતી બતલાવેતો લાચારીએ તેઓ શાહેબોની શહલા લેઈ તુરૂ
" ત લખવું કે હકીરની અશલ ધારણાં મુજબ અતરે ફરાંનશ, ઈંગલીશ, તરકી
" અને રશીઆંન કોઠીવાલા એલચીઓની મારફતે શરવે ગુજારેશ શાથે અર
" જ કરીને દર મુલકે મુલક ઉઘરાંણુ કરવાની ટીપ ફેરવવાની પેરવી કરીશ,
" અને માનવંત મંડલી કદાચ એ કાંમમે કાંઈ એબ સરખું વીચારેતો આપ
" ણાં બુજોરગો જે હર વખતે ગેરતાએફા (ઇઆને ગનેઆત) વાલાઓ કીજે
" હર હાલે મદદ કરતા આવેછે, તે શખાવતનાં શાએઆ હેઠલ એ ગદાઈની

" એબ ઢંકાશે, ને હાલે તેઓનાજ જાત ભાઈઓ જે અશલી એશબ નશબ વા
" લા બારશો વરશની લાંબી મુદત થાઈ પોતાનું પુરાતમ વતંન અને પાક મ
" જહબ શાચવવા થકી આશમાંની આફતો, ને શુલતાંની શેતમો ખમતા ને
" ખેંચતા તારાજ થાઈ જાઈને શેજશાજ બાકી બંનચેલાંઓ જે શતુ (ઈઆ
" ને આજેજ) આવેલાછે, તેહેનાઓ કીજે પોતે દએઆ નહી લાવતા તો હર
" એક મીલત (ઈઆને કોમ) વાલા એ બાબતમે પરઉપકારીપણું કરવા વગર
" નહી રેહેશે હેવું જાંણી ફકીર પણ પોતાની હઈઆતીની છેલલી ઘડી તુલક એ
" કારણશર ભીખ માંગવામે શરમાશે નહી, કેમજે કહીઉંછે."

" મરંતો માગું નહી અપણે ઉદરકે કાજ "
" પરમારથ કે કારણ મોએ ન આવે લાજ ".

"તમારા તા૦ ૨૦ મી મેએ વાલાને ફકરે બીજે શખત ભલાંમણ કરી ફર
" માવેઉં કે બને તેમ "જજીઆ" નાં કરમાં ઘટતો ફાએદો કરવો તે દરૂશતછે,
" પણ અતરે કેહેવાને માંગી લીજીએચ કે એ કારણશર આજવેર હરએકને વલ
" ગી ખરચ—ખુશાંમત—અને મેહેનત કરવામે કંઈ ગાફેલ નહી બેશતાં
" પણ * * * શદરે અનજમનાં મનપર કશી અશર નથી થાતી ને એ બાબ
" તે ચલાવેલા ઉપાએઓ કે થાએલા જવાબ શવાલનું બધું બએઆંન લખી લં
" બાંન લખવા કરતે મુખતેશરમે અરજ કરીએચ કે જો દશ બાર વરશ આગ
" મચ હાલેનાં જેહેવી મેહેનત લેવામો આવતેતો તે વખતે 'મરહુમ મીરજાં ત
" ગીખાંન' અથવા 'હાજી મીરજાં આગાશી' જેહવા નેક નાંમવર વજીરોની
" મારફતે આપણી ધારણાં પાર પડી શકતે, પણ હકીરનાં હીન ભાએગ ને ઈરાં
" નીઓનાં કમ તાલેએ કરી હાલનાં વજીરથી ઓછું થાવાની આશા મુકીને હ
" વે કાંઇ બીજે નાંમે વધારે નહી લીએ તેહેની તજવીજમાં રેહેવું ઘટેચ, એટ
" લાં કીજે આજ લાંમબી મુદત થાઈ જે દરબાર ખાતે વારેવાર વીનંનતી અ
" ને અરજ ગુજારી કરતે હીંદુશતાંનની અંનજુમનને નાંમે એ કાંમ માંથે લેવા
" ઠેરવીઉંછે, તે જો હવે પરતું મુકવામે આવશેતો આપણાં ટોલાંને અજીઅત
" અને હશી હર જગોએ થાએઆ વગર નહી રેહેશે."

એજ કાગજમો ભાઇ માંણેકજી આંતરીઆ લખેછે કે—

" અગર અતરે વાલાઓ (ઈઆને ઈરાંન પરાંત વાલાઓ) વીશ હ
" જાર રૂપીઆ જે "જજીઆ" નાં ફંડમાં આપવાને કબુલ થાએલાછે તે
" લોકો જો એ રૂપીઆ પુરા ભરી નહી શકે ઇઆ નહી આપેતો હું તેહેનાં
" ઓની કબુલાતનાં રૂપીઆ વીશ હજાર વગર ખરચે વંશુલ કરી આપવાને
" હાજર છેઉં. એ વીશે જમાંનતની રશીદ ૧ કમતરીને પોતાંની શહી શાથેની
" અંદર બીડીચ, તે દશતાવેજ મંડલીનાં શાહેબોએ રાખવો કે માહારી કજા ર

" જાએ એ દશતાવેજ કાંમનોછે, કારણ કે એ નાંણાં ઇરાંન તરફથી પુરાં વશુલ
" નહી થાશેતો હું પોતે માહારી માલ મીલકત માંહેથી આપવાને હાજર છેઉં,
" અને ખોદાતાલા વાહેદ શાહેદછે કે જો મજને દશતરશ હતેતો એહનાઓની
" વતીની કબુલાત કરતેબી વધારે જેટલું બની શકતે એટલું આપવાને કશી કો
" તાઈ કરતે નહી; કારણ કે એ લોકો ઉપરની આફતો નજરે જોવાથી માહારૂં
" દીલ ઘણું દાજેચ, પણ શું કરીએ નાચારી આગલ લાએકત તકતી નથી. કે
" હીઉછે કે, "બી નવા શું કરે કે જે પાશે કંઇ નહી હોએ તેઆરે."

એજ તેરીખ વાલાં કાગજમો ભાઈ માંણેકજી આંતરીઆ લખેછે કે—

"હું ઉમેદ રાખુંછું કે હવે (જજીઆ વીશે) જવાબ શવાલ કરતે દાહાડા
" ભાંજવામાં નહી આવે તો શારૂં કેમજે અતરેની દરબારનો કશો ધરો નથી
" ને આજે એક વજીરછે તો કાલે બીજો બદલાશે * * * * *
" * * * એટલા ઉપરથી વધારે બીહીક રાખુછું કે રખેને લાંબા દાહાડા
" વચમે ભાંજેઆથી એ લોકો કંઇ બીજો રંગ ઉભો કરેતો માહારી લીધેલી શર
" વે મેહેનત અને ખરચ જાએઆ થાશે. એટલા વાશતે જેમ બને તેમ તુરત
" મુખતેશર હોકમ કારોબાર મંડલીની મરજી મુજબનો લખી મોકલવો, કે એ
" કાંમ પાર પડે અથવા બીલકુલ બીજોજ ઉપાએ થાએ."

એજ કાગજમો ભાઈ માંણેકજી આંતરીઆ લખેછે કે—

"હકીર અતરે પોતે અરજ કરેછે કે માનવંત મંડલીનાં અકાબર શાહેબો
" ની આગના મુજબ શદાકાલ શર હાજર કરનારૂછે ને હાલે "જજીઆ" નો
" કર ટાલવાનીબી જે તપશીલ લંબાંનથી લખીચ તેથી એલતેમાશ કરવામાં આ
" વેચ કે અગર ફંડની તંગી હોએતો માહારો મુશારોબી બીલકુલ બંધ કરવો,
" અને એ કાંમ અનજાંમ પોહોંચાડવામાં આવે તાંહાં વેર વગર પગારે જોઈતી
" મુદત તુલક અતરે રેહેવાને રાજી છેઈએ."

" હર તરાંહનો ઘટતો કે અનઘટતો ખરચ કરવો પરશે તે વીશે હકીર પોતાં
" ને માંથે રાખેચ કે ફંનડ માંહેથી આજ પછે બીજી કશી બાબતે પઇશા આપ
" વા નહી પડે, એટલા કીજે માહારી અરજીને અનજાંમ પોંહોંચાડવા થકી અ
" કાબર શાહેબો આગલ ઓજરખાહી અને એલતેમાશ કરવામાં આવેચ કે હ
" ર હાલે એ "જજીઆ" નું કાંમ પાર પાડવાની હીમત કરવી કે જેથી આ
" એ કમતરીનને મુંબઈ આવતે મોહોટી શરફરાજી બખશવા બરોબરછે ને તે
" ખુશી લાખોની પુંજી કરતે માહારે વાશતે વધારે થાશે."

" હાલે તહમારા કાગજથી હકીરની હીમત ઘણી તુટી ગઈચ તેહનાં શબબે
" છતો ખરચ કરતે હવે વધારે વલગાંન કરી હોકમ મેલવવાને આંચકી ખાવી
" પડેછે કે જાહારે મુકરર ઠરે તે પઇશા ભરવાનો શું ઉપાએ કરીએ તથા હુંડી લ
" ખીએ કે નહી, તે વીશે મુજવન પરવાથી વધારે ચોંપ શાથે કાંમ કરવુંબી ન
" થી શુજતું."

તહમારી કારોબાર મંડલી તહમોને જાહેર કરેછે કે હેવાં ભાઈ માંણેકજી આંતરીઆનાં લખી જણાવેઆ ઉપરથી તહમારી કારોબાર મંડલીએ વીચારેઉં કે "જજીઆ" નાં કરની ભરણી ભરવાને વાશતે એક મુકરર ઠેડવેલી નાંણાંની રકંમ ઈરાંનની શરકારને આપેઆમો આવેતો બીજી કેટલીએક તરેહની અનઘટતી રકંમો ઈરાંનની શરકારનાં ઓહદેદારો "જજીઆ" નાં કર માંહે વધારે દાખલ કરીને લીએછે; તે એ બીચારા ગરીબ હમ મજહબી ઈરાંનનાં વશનારા જરતોશતીઓ ઉપરથી આપવાનો જુલમ ટલે, એટલુંજ નહી પણ એ બીચારાઓ બીજા જુલમો માંહેથી પણ મોકલા થાએ, અને વલી તહમારી કારોબાર મંડલીએ વીચારેઉં કે "જજીઆ" નાં કરની ભરણી ભરવાની કબુલાત આપણી તરફથી આપેઆમાં નહી આવે તો એ વીશેનું કાંમ દુર દેશનાં માંમલાને લીધે ઉતાવલેથી પાર પડવું મુશકેલછે, તે ઉપરથી તહમારી માજી કારોબાર મંડલીએ ભાઈ માંણેકજી આંતરીઆને પોતાનાં તા૦ ૨૪ મી નવેમબર ૧૮૫૮ વાલાં કાગજમો કબુલાત આપી કે ઈરાંનનાં રેહેનારા જરતોશતીઓ પાશેથી ઈરાંનની શરકાર "જજીઆ" નો કર લીએછે તે કરનું નાંણું રૂ૫૨૦૦) શુધી અતરેથી હમો દર વરશે ઈરાંનની શરકારને ભરતા જાશું.

તેહેરાંનની તા૦ ૩૦ મી નવેમબર શને ૧૮૫૮ વાલા કાગજમાં ભાઈ માંણેકજી આંતરીઆ જણાંવેછે કે—

"જજીઆ બાબતનાં હર શાલે તુમાંન ૮૩૦) આપવાને માનવંત મંડલી
"એ કબુલ રાખીને ભલાંમણ કીધીચ કે બને તેમ એથીબી ફાએદા ભરેલું અ
"થવા એજ પરમાંણે દર વરશે લેવામો આવેતો બેહેતર, તેથી જાણવું કે એજ
"જીઆ બાબતની કુલે તપશીલ તા૦ ૧ લી શપટેમબર શને ૧૮૫૮ વાલા કા
"ગજને ફકરે તીજેથી અકાબર શાહેબો વાકેફ થાએઆ હોશે; એટલે હવે ફરી
"તે વીશે વીગત લખવાની મુકી દેઈને એ કારણશર જે જે પરકારે ઉપાએ કર
"વામાં આવેછે તેહેનું મુખતેશર બએઆંન અતરે નીચે જણાવવાની રજા લે
"ઈએચ કે વખતે માહારા પછે બીજા કોઈ ભાંઈને હાથ એ કાંમ પરેતો તે
"'શનદો' જોઈ આગલ ચાલવાને કાંમ લાગે."

"જાહારે શદરે અજમે અવલમેં તુમાંન ૮૩૦) લેવાની ઉમેદ આપીને પા
"છલથી ઈઅજદ વાલા મીરજાં શફીનાં લખવાથી વધારે લેવા ચાહેઉં તેહારે
"કેટલીએક કાકલુદી અને તકરાર ચાલતે, ફરી એક અરજી લખી આપી અને
"મીરજાં અબાશખાંનની મારફતે આપેલાં નાંણાંબી પાછાં માંગવાનો અરશતો
"કેહવડાવીઓ હતો, તે અરજીમાં શરવે તપશીલ જણાંવેલી હતી, કે જો કાં
"ઈ બંદોબશત નહી થાશેતો પારશીઓને ખરચ આપી મુંબઈ મોકલીશ."

ભાઈ માંણેકજી આંતરીઆએ "શદરે અજમ" ને આપેલી ફારશી અરજીઓ તથા ઈઅજદનાં હાકેમ મીરજાં શફી ઉપર લખેલો પતર તમ શાહેબોનેવાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરીછે.

ભાઈ માણેકજી લીમજી આંતરીઆએ ઈરાનની શરકારના શદરે આજમ (ઈઆને મોહોટા વજીર) ને તા૦ ૧૦ મી આગસ્ટ ૧૮૫૮ ને દીને કરેલી અશલ ફારશી અરજીની નકલ.

فدای حضور مبارکت شوم   خدمت ذیرفعت جناب جلالتماب اشرف امجد افخم مدّ
ظله العالی روحنا فداه معروض میدارد که بر رای جهان آرای بندگان عالی هویداست که
اکابران هندوستان کمترین را معین و مقرر نمودند که بر طایفهٔ فارسیان ساکنین ایران هر نوع
جبر و ستمی بیاشد بهر جای لازم دانسته معروض دارم که رفع تعدی را بفرمایند یا کسانیکه بی بضاعت
و فقیر میباشند اخراجات راه آنهارا داده روانهٔ بمبئی کند چون بر حقیر حب وطن قدیم ایران زمین
زیاده از حد تاثیر کرده اخلاص مندی و ارادت کیشی در خدمت اولیای دولت ذیسعادت
هم باعث شده ازین جهت ساکنین یزد و کرمان را دلالت نموده نگذاشت بهندوستان
بروند و بر آنها انواع جبر و ستم بوده و هست چنین که بیست ماه قبل ازین فهرست عرایض آنهارا
بخدمت اولیای دولت معروض داشت و سوای آن چند نوع آفت مجدداً بر آنها وارد آمده بود
که درین خصوص تعلیقه جات التفات فرمودند لیکن از کم طالعی این طایفهٔ ضعیف کارگذاران یزد
و کرمان متحمل نشده کینه وری نموده و مینمایند و بجهت اینکه امر داشته کنند خدمت اولیای

اولیای دولت خلاف معروض مینمایند چنانچه اگر این فدوی قبل آگاهی داشت که صاحبی
میرزا شفیع را بخصوص اینکه بجناب اشرف امجد افخم اکرم روحنا فداه عریضه داشت می شود نسبت
وی است و در صدد کم مرحمتی برعیت برمی آید اول بهر جهت بود او را دیده و امورات بر وفق حق
و حساب صورت گرفته ولی این فدوی فخر بر خود دانسته و میداند که بزیارت اولیای دولت
شرفیاب شده بسرچشمهٔ حیات رسیده که از آن مقصود اعیان و اشراف عالم بر آورده می شود
و یک فقره اینست که اصل پول جزیه ششصد و شصت و هفت تومان بوده با فرع تومان
یکهزار و دویست دینار موافق تصدیق عالیجاه میرزا محمد صادق و تعلیقه که بمهر مبارک اصلاً و فرعاً
هشتصد و بیست و هشت تومان و چهار هزار و هشتصد دینار است چنانکه در دفتر مبارک ثبت است
و فرمان قضا جریان هم در دست داریم با این مراتب حکام از روی لجاجت و طمع نهصد و هشتاد
و پنج تومان میخواهند و بعد از ملاحظهٔ تعلیقهٔ محرمانه بعنف از دو نفر نوشته گرفته اند که فلان مبلغ
ما همیشه میدادیم بعد از این هم البته پیشکار ولایتست بهر نوعی که دلخواه ایشان باشد نوشته
از رعایای ضعیف خواهند گرفت ازین سبب هرگز دادرسی ضعفا نمی شود و پول امساله حوالهٔ ناظر
شده است که او هم صد تومان علاوه میخواهد و میگوید برای فلان میرزا و محصل و عمرو و زید هم
فلان مبلغ دیگر میخواهیم چنانچه بر وفق دلخواه ناظر و کارگذاران عمل نمایند عداوت با ایشان
میورزند و میدهند که رعیت بی پا شده و مستمری می شود درین صورت چه باید کرد و همچنین
برای اخذ و عمل خود با این طایفهٔ ضعیف بی انصافی میکنند شرم از خدا و رسول ندارند و نمیدانند
که این پول جزیه سوای مالیات و یکنوع ظلم است یا رای ظالم بدلیل اینکه چهل سال قبل ازین از

از این ادو چهار هزار خانوار دویست تومان میگرفتند آنها از آفت آسمانی و قحط سلطانی فرار
اختیار نموده اکنون یکهزار خانوار بیشتر باقی نمانده اند و آنها طاقت دادن مبلغی که مقرر شده
هم ندارند درخصوص این فدوی بخدمت اولیای دولت بکرر معروض داشته امیدواری اینکه
موافق انصاف وحق وحساب تخفیف لازمهٔ مرحمت فرموده از جمع آنها موضوع خواهند فرمود
و موافق شریعه مطهره اسلامیه از اهل ذمه جزیه سری یکهزار دینار بیشتر گرفتن جایز
نیست درینصورت از یکهزار نفری که باقی مانده باید یکصد تومان مطالبهٔ جزیه نموده اکنون
معلوم شد که مجدداً آنچه میرزا شفیع تعلیقه محرمانه صدور یافته است که پول جزیه را موافق
قاعده دریافت نماید فدوی را بسیار دلگیری حاصل شد که تا امروز هر زحمتی کشیده بیفایده
شد و مژدهٔ وفور التفات بیکران جناب جلالتمآب اجل اکرم افخم مدظله العالی روحنا فداه اکرر
بجهت اکابران هندوستان نگاشته نزد هم مایه خجالت شد و فدوی بخیال است که جفای غربت
کشیده کوشش مینماید که باعث آبادی مملکت قبلهٔ عالم روحنا فداه و آسودگی فقرا بوده باشد
و خود تمنائی ندارم و نداشته بلکه مبالغ کلی از طرف اکابران و کیسهٔ خود صرف شده و میشود
و اکنون چون التفات گوناگون از اولیای دولت بر این فدوی متواترست و رعیت پروری
منظور دارند مجدداً جسارت نموده عرض مینماید که هرگاه حکم گرفتن وجه جزیه را بحکام یزد بفرمایند
باین بهانه کارگذاران ظلم زیاد بر این طایفه خواهند نمود و زیاده از استمراری بدیوان
اعلی نخواهد رسید و مال ضعفا بهدر میرود و باعث بیدعائی فقرا خواهد بود استدعای
کمترین خاکسار این است که پول جزیه را امر و مقرر فرمایند که اینجا از کدخدا مهربان که رعیت دولت

۲۲

دولت علیه است دریافت نمایند یا اینکه کارگذاران در اینجا برات یزد دریافت نموده بحاکم برسانند
که دیگر باین بهانه ظلم و تعدی بر فقرا وارد نیاید که آسوده خاطر بدعاگوئی عمر و دولت جاوید
مدت شهنشاه جمجاه عالم پناه اشتغال نمایند و اکابران هم شکرگذار و فدوی هم سرفراز
و دعاگو و ثناخوان خواهد بود باقی الامر الاجل الارفع مطاع

ભાઈ માણેકજી લીમજી આંતરીઆએ ઈરાનની શરકારના મોટા વજીરને તા૦ ૨૨ મી આગસટ ૧૮૫૮ ને દ'ને કરેલી અરજી.

عرض و ملتمس این جان نثار دعاگو این است که چهل سال قبل پول جزیه بر چهار هزار
خانوار دویست تومان بود اکنون یکهزار خانوار باقی نمانده اند بر آنها تخفیف لازمه مرحمت
فرمایند این بخشش است بر فقرا در راه سید الشهداء علیه السلام وحضرت امیرالمؤمنین ع رعایت وحمایت بر این
طایفه را فرموده اند و این ضعفا نسبتی با امام سجاد علیه السلام دارند بنا بر این نوازش کردن با این طایفه
واجب و لازم است که باعث ازدیاد دعاگویی عمر و دولت جناب اجل اکرم افخم مدظله العالی روحنا
فداه است و فدوی هرگونه خدمتگذاری حسب المقدور اقدام نموده و جان و مال خود تصدق
خواهد کرد زیاده چه جسارت نماید باقی منباد هر که نخواهد بقای تو

ભાઈ માંણેકજી લીમજી આંતરીઆએ દારૂલ એબાદ ઈઅજદનાં હાકમ મીરજાં શફી ઉપર તા૦ ૨૭ મી આંગસટ. ૧૮૫૮ ને દને લખેલાં અશલ ફારશી પતરની નકલ.

فدایت شوم عرض میشود که در خدمت ذیرفعت سرکار عریضه نگار شده ام البته بنظر انور
رسیده است مجدد عرض میشود او قاتی که عریضه بجهة اولیای دولت معروض داشتند در آن باشتباه
یا باشناده کسان مفسد بر اینحقیر افترا زدند که یکصد تومان تخفیف ماهیانه بکیسه حقیر آمده صاحبان خود میدانند
مدت پنجسال است که قریب بیست هزار تومان از جانب اکابران هندوستان بدست کمترین جهة طایفه
ضعیف پارسیان اخراجات شده و هر ماهی بیشتر از یکصد تومان مخارج دارم و چنین صد صدها از ابعد
کس را از حقیر فیض میرسد و بفضل آلهی محتاج صد هزار تومان هم نیستم که چنین چیزها طمع داشته باشم و
در هنگام نصب ولیعهدی نظر براینکه اخلاص بدولت علیه داشتم و دارم مبالغی اخراجات نمودم آنوقت
که از جمله جزئی ناقابلی تعارف جهة سرکار هم ایثار شد و اظهار اینگونه مطلب باعث خجالت حقیر است
ولیکن بجهت اینکه ظاهر شود که اینگونه اخراجات را من بابت یگانگی مینمودم دیگر تمنائی نداشتم
و ندارم محض محبت و دوستی امنای دولت بوده و فقره دیگر این بود که چند کس از ریش سفیدان
با مانکجی در اوایل دست اندر کار بوده و حال نمیتوانند مداخل کنند از اینجهت خدمت اولیای دولت

بیجا عارض شده میخواهند رخنه پیدا کنند صاحبا ملاحظه بفرمائید که چگونه ضبط شده مثل آفتاب
روشن است که اینطایفه زرداشتیه از خورد و بزرگ و خوب و بد متحدانددر جان و مال و عزت و دولت
خودرا مساوی میدانند از اینجهت هرکس که ریش سفید و رئیس شد بجان و دل میخواهد خدمت ملت
خود کرده باشد که در آن سرفرازی هر دو جهان است دلیل و علامتش این است کسانیکه یکهزار و دویست
سال متجاوز است که از ایران فرار نموده و چندین پشت گذشته اند باز هم از هزاران فرسخ دور برای
آسوده گی هم ملت خود پول و آدم میفرستند و زحمتها میکشند در صورتیکه چنین متعصب باشد
چگونه می‌شود که کسی از چنین طایفه لفظ و عملی نماید و انگهی از قلیل باقی ماندگان فقیر عجیب است از
فهم و ادراک سرکار آصف جاهی که چنین سخن نوشته است دیگر مذکور می‌شود که دو سه نفر هرزه
در گماشتگان سرکار هستند که گاهی در لباس ناموسی و گاهی در لباس اسلام خود را مینمایند فتنه انگیزی
و دو بهم زنی میکنند بقول و فعل آنطور کسان اعتبار و اعتماد کردن لازم نیست و فقره سیم اینبود
که بتحریک سرکار آقائی آقا میرزا علی بقصد نقص سرکار در خدمت جناب جلالتمآب اجل اکرم صدر
اعظم عارض شده ام از این سخن معلوم شد که حقیر را بی عقل تصور فرموده اند که بیکران حرکت کرده ام.
صاحبا اگر نیت حقیر این بود پس چرا در اینمدت که در طهران توقف دارم حکایت خود را تا امروز در هیچ جا
ابراز نداشتم از آن جمله درباب کاروانسرای ابتیاعی حقیر بهانه وقف و باسم اولیای دولت از دست
حقیر گرفته شد و دراین باب تصدیق تجار و حکم شریعت بیضا در دست دارم و دیگر اینکه از گماشته
حقیر یکصد و بیست تومان بناحق گرفته شد هیچ یک را قابل ندانستم بروی خود نیاوردم و قبل
از اینکه وارد طهران شوم حکیم شلیمر وقایع یکصد و بیست تومان را باولیای دولت معروض داشته

بود بعد از آمدن مطلع شدم او را ممانعت نمودیم و چند کس از حقیر تصدیق و سندها خواستند که باعث
بر نقص سرکار بوده باشد حقیر بجهت محبت و دوستی سرکار با وجود فقرات مسطوره و علاوه
بر آن بکلی خودرائی اطلاع بقلم دادم و سرکار بر عکس ملاحظه و مشاهده فرمودند صاحب اختیارند
آنچه نوشته اند هیچ حکایتی نیست خواننده عاقل است چون من باب اتفاقی که در نزد آن حقیر داشتید
و طایفهٔ زیر دست ضعیف در زیر سایهٔ سرکار هستند بقدر الامکان در ظاهر و باطن بسرکار خدمت
و خوبی خواهیم کرد خواطر شریف را جمع دارید که این مسافر دوست وفادار است هر گونه خدمتی از من بر آید
کوتاهی و مضایقه نخواهم کرد خوبی و بدی مخلص در اواخر بسرکار معلوم خواهد شد و آنچه اشتباه شده است
از ضعف طالع حقیر بوده و چون جناب اجل اکرم افخم صدر اعظم تعلیقهٔ محرمانه بجهت سرکار مرقوم فرمودند
و سفارشی در باب اینطایفه صدور یافته بود در آن ایراد چند کرده بودید گذشت اکنون مجدد
تعلیقهٔ محرمانه مرقوم فرمودند مستدعی هستم که من باب رعیت پروری و فقیر نوازی ملتفت شده
نگذارید که زیاده از هشتصد و بیست و هشت تومان که مقرر شده دریافت نمایند و دیگران هم در غیاب
سرکار این طایفهٔ ضعیف اذیت نرسانند و چون در شریعت مطهره حمایت بر اهل ذمه واجب فرموده
در اینصورت چنانچه رعایت اینطایفه را منظور دارید که باعث آسوده گی رعیت دولت و هم موافق
فرموده خدا و پیغمبر بوده باشد چه عیب دارد و این مخلص و اکابران ملتی و رعایای ضعیف خوشنود
بر وی آسوده گی بدعاگوئی دوام عمر و دولت ابد مدت شهریاری و افزونی اجلال بسرکار اشتغال
نمایند و نیکنامی آن بزرگوار در دنیا و عقبی تا جاویدان باقی
خواهد ماند زیاده عرضی نیست باقی مباد هر که نخواهد بقاء

ભાઈ માંણેકજી લીમજી આંતરીઆએ ઈરાંનની શરકારનાં શદરે અજમ (ઈઆને મોહોટા વજીર) ને તા० ૧૦ મી આંગસટ ૧૮૫૮ ને દંને કરેલી ફારસી અરંજીનો ગુજરાતી તરજુમો.

" હીનદોશતાંનનાં અકાબરોએ કમતરીનને મુકરંર કીધો કે ઈરાંનનાં રેહેનારા પારશી ટોલા ઉપર હરેક તરેહનો જુલંમ હોએ, તે વીશે જે જગો ઉપર અરજી કરવા લાજેમ જાણું તાંહાં અરજ કરૂં કે તે જુલમાત દફે થાએ અથવા જે લોકો કે તાચાર તથા ફકીર (ઈઆને ગરીબ) હોએ તેઓને રશતાનો ખરચ આપી મુંબઈ રવાનાં કરૂં, પણ જીઆરે હકીર ઉપર ઈરાંન જમીનની પુરાતંમ વતંનની ચાહા હદથી જીઆદા અશર થાઈ તેથી તહમારી નેક બખતીની ખેદમતમો દોંશતી કરવાનોબી શબબ બનેઓ તે વાશતે તે લોકોને શહમજાવીને હીનદોશતાંન નહી જાવા દીધા, અને તેઓ ઉપર તરેહ તરેહનો જુલંમછે અને થાએચ, તે વીશેની ફેહરીશટ (ઈઆને ટીપ) લખીને વીસ મહીનાથીબી અગાઉ શાહને અરજીની શાથે આપીછે, અને તે શીવાએ બીજીબી આફતો વારેઘડીએ એ લોકો ઉપર ગુજરતી આવી તે વીશે તહમો શાહેબે તાલીકાઓ (ઈઆને હોકંમનાંમાં) ની મેહેરબાંની કરી હતી, પણ એ ગરીબ ટોલાનાં કંમ નશીબે કરીને ઈઅજદ અને કેરમાંનનાં ઓહદેદારોથી શબર નહી થાઈ શકી અને કીનો કરવા લાગા, અને હજીર પણ કરેછે; અને કાંમને શક ભરેલું કરવાને વાશતે તહમારી ખેદમતમો જુઠી અરજી કીધી. જીઆરે ફીદવીને તે વીશેની ખબર થાઈ કે ખશુશંન 'મીરજાં શફી' ને પાદશાહની જનાબમો એ વીશેની અરજી થાએ તે નાંપશંદછે કે શદર રઈએત ઉપર રેહેમત કરે. પેહેલે જે જે કાંમો કરવાનાં હતાં તેહેને ખુબ દરીઆફત કરીને ખરેખરો બીનાંથી હું વાકેફ થાએઓ; અને તેઆંર પછે ફીદવી પોતા ઉપરની મોહોટાઈ શહમજીને તહમારી ખેદમતની કદંમ બોશીથી શરખરૂ થાએઓ, અને પોતાનું માથું આબે હએઆતનાં ચશમાં શુધી પોંહોંચાડીઉં, કે તેથી તમાંમ મકશદો આલંમમાં બુજરગી પાંમેલા (ઈઆને શાહ) ને જાહેર થાએ. તેહેમાં એક ફકરો એછે કે 'આલીજાહ મીરજાં માહામદ શાદક' નાં કેહેવા પરમાંણે અને તાલીકાઓ કે જે ઉપર પોતાની તથા બીજાઓની મોહોરો કીધેલીછે, તેહમો લખેઆ પરમાંણે દર તુમાંન એકે ૧૨૦૦) દીનાર † વેઆજનાં મલીને કુલે તુમાંન ૮૨૮) અને ૪૮૦૦) દીનાર 'જજીઆ' નાં કરમો લેવાનો હોકંમ થાએલોછે, અને તે તમારાં દફતરોમો

† જાણવું જે ૧૦૦૦) દીનાર મલીને આંશરે હરઘો રૂપીઆ થાએછે.

દાખલ પણ થાએલુંછે તે, તે 'કજાનું ફરમાંન' જારી થાએઉં તેબી દશતાવેજ માહારી પાશેછે, અને આએ વેલાએ લોભ કરીને તુમાંન ૯૮૫) માં ગેચ, અને તહમારો તાલીકો જોવાથી બે તરંણ જણની પાશેથી જુલંમથી લખાવી લીધું કે હમે ફલાંની રકંમ હંમેશાં આપીએચ, અને હવે પછેબી હરેક તંહરેથી એ જઈફ (ઈઆને ગરીબ) રઈએત પાશેથી પોતાની મરજી મુજબ લખાવી લેશે: એ શબબથી એ ગરીબોની દાદ નથી પોંહોંચતી. આએ વરશંનાં "જજીઆ" નાં પઈશા લેવાનો હવાલો તેઓ ઉપર લખી મોકલે ઓછે, તોએપણ તેહેનાં ઉપર ૧૦૦) તુમાંન વધારે લેવાને ચાહેછે, અને કેહેછે કે ફલાનાં મહશલને અને ફલાનાં ફલાનાંનેબી આટલા પઈશા આપવા જોઈએચ, અને તે લોકો કાએદા પરમાંણે અમલ નથી બજાવતા અને તેઓ (ઈઆને પારશીઓ) શાથે અદાવત રાખેછે તથા રઈએતને ખરાબ થાવામાં કશી દરકાર રાખતા નથી, અને મોતાનાં અમલ હેઠલ એ ગરીબ ટોલા ઉપર બેઈનશાફી કરેચ, અને ખોદા તથા પેગંબરથીબી શરમાતા નથી, અને એટલુંબી નથી શહમજતા કે એ "જજીઆ" નાં પઈશા માલીઆત (ઈઆને ધંધા) ઉપરનો કર લેવો એબી એક તરેહનો જુલમછે, અને એ જુલમાતની દલીલ એછે કે ચાલીશ વરશની અગાઉ ચાર હજાર ઘેરની વશતી હતી તેઆરે તુ૦ ૨૦૦) લેતા હતા, અને તેઓએ આશમાંની આફત અને શુલતાંની શખ્તીને લીધે નાહાશવું એખતેઆર કીધું તેથી હાલે હમણાં એક હજાર ઘેરથી વધારે બાકી નથી રહેલાં, અને તેઓ "જજીઆ" નાં કરનાં પઇશા જે મુકરર થાએલાછે તે આપવાનીબી તાકાત રાખતા નથી, તે વાશતે ફીદવીએ વજીરની ખેદમતમો વારેઘડીએ અરજ કરીને ઉમેદ ચાહીચ કે ઈનશાફનાં રૂએ અને હક તથા હીશાબની રીતે તેહેમાંથી ઓછું કરાવવાની મેહેરબાંની કરવી, અને વલી એશલામી શરીઅતની રીતે પોતાની રઈએત પાશેથી દરએક જણે એક હજાર દીનારથી વધારે લેવાને જાએજ નથી, તે વાશતે હવે એક હજાર જણ જે બાકી રહેલાછે તેઓ પાશેથી તુ૦ ૧૦૦) "જજીઆ" નાં લેવા જોઈએચ. હવે માલુમ થાએઉં કે ફરીથીબી "મીરજાં શફી" ઉપર કાગજ મોકલીને "જજીઆ" નાં પઈસા કેટલા થાએચ તે કાએદા પરમાંણે દરીઆફત કરે, તેથી ફીદવીને ઘણી દલગીરી ઉપજી કે આજસુધી મેં જે મેહેનત ખેંચી તે બેફાએદા જેહવી થાઈ અને મેં જે પાદશાહાની રઈએતને તહમારા કેહેવાથી ખુશ ખબરી લખી અને વારેઘડીએ હીંદુશતાંનનાં અકાબરો ઉપર લખેઉં તેથી તેઓની નજદીકબી હું શરમીંદો થાએઓ અને પાંચ વરશ થાએઆં હું માહારા વતંનથી દુરી પકડીને કોશેશ કરૂંચ કે પાદશાહની મમલેકતની આબાદાંનીનો સબબ થાએ અને ગરીબ રઈએત આશુદગીથી રેહે અને હું પોતે કંઈ કોઈ પાશે માંગતો નથી, અને વલી માંગીઉંબી નથી, બલ

કે અકાબરોની તરફથી તથા માહારા પોતાનાં ગજવાં માંહેથી તમાંમ પઈશા ખ રચ થાએચ તોબી દાદને પોંહોંચતો નથી. હવે વજીરની ઘણીએક તરેહની મેહે રબાંની આએ ફીદવી ઉપરછે, અને રઈએત પરવરી મંનજુર રાખોચ; તેથી ફ રીથીબી ગોશતાખીથી (ઇઆને હીમતથી) અરજ કરૂચ કે જીઆરે "જજીઆ" નાં પઈશા લેવાનો હોકમ ઈઅજદનાં હાકંમ ઉપર ફરમાવશો તેઆરે એ બાંહાં ને તાંહાંના કારભારીઓ વધારે જુલમ એ ટોલા ઉપર કરશે અને હમેશાનાં કરતાં વધારે નાંણું પાદશાહનાં ખજાંનાંમો નહી પોંહોંચશે અને એ ગરીબોનો માલ ખરાબ કરશે, તેઆરે વગર કારણે એ ફીરકો બદ દોઆ દરબારને દેશે, તેથી આએ કંમતરીન ખાકશારની એલતેમાશ એછે કે એ "જજીઆ" નાં મુકરર ક રેલા પઈશા ભરવાનો હોકમ ફરમાવવો કે અતરેથી કદખોદા "મેહેરવાંન" કે જે ઘણી પાદશાહની રઈએતછે તે ભરતો જાએ, ઇઆ અતરેનાં કારકુનો ઈઅજ દ તરફ હુંડી મોકલીને હાકંમને પોંહોંચાડે કે એ બાંહાંનાથી ગરીબો ઉપર જુલમ નહી ગુજારે અને આશુદાં દીલથી પાદશાહની ઉમર અને દોલતની આબાદીની દોઆ કરવામાં મશગુલ રેહે અને અકાબરોબી શુકર ગુજાર કરે તથાં ફીદવીબી શરફરાજ થાએ."

(શહી) માંણેકજી લીમજી હોશંગ આંતરીઆ.

"ઉપર લખી જણાંવેલી અરજી લીધાબાદ પોતેજ (ઇઆને શદરે અજમે)
"બોલાવીને કહેઉં હતું જે હું તાહારૂં કાંમ શરવે દરૂશત કરી આપશ પણ તા
"હારે ધીરજ રાખવી જોઇએ અને એક મુકતેશર ટીપ એ "જજીઆ" બાબત
"ની લખી લાવ કે તે હું શાહાને દેખારીને ફરમાંન અપાવશ તેથી એક બીજી
"ટીપ લખી આપી."

ભાઈ માંણેકજી લીમજી આંતરીઆએ ઈરાંનની શરકારના મોટા વજીરને તા૦ ૨૨ મી આગસટ ૧૮૫૮ ને દને કરેલી મુખતેશર અરજીનો ગુજરાતી તરજુમો.

"આએ જાન નેશાર દોઆગોની અરજ તથા એલતેમાશ એછે કે ચાલી શ વરશની અગાઉ જજીઆનાં પઈશા ચાર હજાર ઘેર ઉપર ૨૦૦) તુમાંન હતા. હવડે એક હજાર ઘેરબી બાકી રહેલાં નથી તેથી તેઓ ઉપર છુટ મુકવાની મેહેર બાંનગી ફરમાવવી કે એ ગરીબો ઉપર ગોએઆ "શઈએદુશ શેહદાનાં" રશતા માં બખશેશ જેહેવુંછે અને વલી "હજરત અમીનુલ મોમનીન" ભી એ ટોલા ને બુજોરગી આપવા તથા હેમાએત કરવાને જાએજ ફરમાવેલુંછે અને એ ગરી

બ ટોલાની નીશબત "ઈમાંમ શોનજાદ અલેહ શલામ" † ની શાથેછે તે વાશ
તે એ ટોલા ઉપર નવાજેશ કરવી વાજેબ અને લાજમછે કે એ લોકોને પાદશા
હની ઉમર તથા દોલતની વરધીની દોઆગોઈ માંગવાનો શબબ થાએ અને ફી
દવી હરેક તરેહથી પોતાની મકદુર મુજબ ખેદમત ગુજારી કરશે અને માહારા પો
તાના જાંન અને માલનો શદકો કરશે, જીઆદા શું ફરમાઉં."*

(શહી) માંણેકજી લીંમજી હોશંગ આંતરીઆ.

"શદરે અજમે તે અરજી શાહાને દેખાડવાની જોગવાઇ નહી બનવાથી
"પોતે એક તાલીકો (ઇઆને હોકમનાંમું) અને તલાક નાંમું (ઇઆને દુવા
"હી નાંમું) મીરજાં શફીપરં લખી મોકલેઉં હતું જે તુમાંન ૮૩૦) થી કાંઈ
"વધારે નહી લીએ ને બાકીનો ફેર જે હશે તે અતરે (તેહેરાંનમો) માંડી વલા
"શે. તે બાબતમાં એક કાગજ હકીરેબી મીરજાં શફી ઉપર લખેઉં હતું કે તેહે
"નાં મનમાંનો આગલો વેહેમબી મટે ને વધારે નહી લીએ."

ભાઈ માંણેકજી લીમંજી આંતરીઆએ દારૂલ એબાદ ઈઅજદનાં હાકમ મીરજાં શફી ઉપર તા૦ ૨૭ મી આગસટ ૧૮૫૮ ને દંને લખેલાં ફારશી પતરનો ગુજરાતી તરંજીમો.

"તહમારા બુલંદ મરતબાની ખેદમતમાં અરજ કરેલીછે તેથી તહમોને શર
વે રોશન થાએઉં હશે અને ફરીથીબી અરજ કરૂંચ જે, જે વંખતે મેં વજીરને
અરજી કીધી હતી તે વખતે કંઈ શક ઉતપન થાએઆથી ઇઆ કોઈ ફેશાદીઆ
નાં શમજાવેઆ ઉપરથાં હકીર ઉપર હેવું જુહું બાહાણું લાવેઆ હતા કે તુમાં
ન ૧૦૦) જહાદીઆનાં (ઇઆને લડાઈનો કર) જે તહમોએ છુટ મુકી તે હકી
રે લીધી. ઓ શાહેબ ! તમો પોતે જાણોચ કે આજ પાંચ વરશ થાએઆં ન
જદીક વીશ હજાર તુમાંન હીંદોશતાંનનાં અકાબરોની તરફથી કમતરીનનાં હાથ
માં આવેઆ, અને તે પઈશા અતરેનાં મુફલેશ પારશીઓનાં ટોલાને વાશતે ખ
રચ થાએઆછે, અને દર મહીને ૧૦૦) તુમાંનથી વધારે ખરચ રાખુંચ અને
એ પરમાંણે શેંકડો આદમીઓને હકીરથી ફેજ પોંહોંચેચ અને ખોદાતાલાની બ
ખશેશથી હું એકશો હજાર તુમાંનનીબી મોહોટાજ નથી રાખતો, કે હેવી ચીજો
ઉપર મેં લોભ રાખેઓ હોએ,, અને જે વખતે 'વાલી એહદ' (ઇઆને તખત
નો વારેશ) ની કીરીઆ થાઈ તે વખતે તમ લોકો શાથે હું દોશંતી રાખુચ તે

---

† એ ધણી ઇમાંમ હોશનનો છોકરો થાએ અને હેની માએ મોગોલોનાં કોલ પ
રમાંણે 'શેહેર બાનુ' તે ઇઅજદજરદની છોકરી થાએ હેવું એ લોકો કેહેછે પણ એ વા
ત ગલતછે. શો૦ ૩૦ મુલલાં ફીરોજના.

થી કેટલાએક પઈશા મહને ખરચ થાએઆ તે જાહેર કરવાને મહને શરમીંદગી લાગેચ, પણ જાહેર કરવાનું કારણ એ પહેઉં કે હેવી તરેહથી હું ખરચ રાખુંચ અને કોઇબી તરેહનો લોભ મંહને છે નહી અને રાખતોબી નથી. હું આતરે વજીરો તથા ઉમરાવોની દોશતીને લીધે મેહેનત કરૂંચ.

5th.—The Prayer which has been preferred to the Shah of Persia and His Majesty's Ministers by our Agent on behalf of our indigent, persecuted, and suffering brethren, with the object of procuring a remission or reduction of the Jugia Tax, is founded upon just and reasonable grounds, which we take the liberty to explain to your Excellency. When the tax in question was levied many years ago, the Zoroastrian population of Persia was large compared with what it is now. But now the population has dwindled to one-fifth, and yet the amount of the tax has not been reduced. The whole amount continues to be levied upon a class of subjects who cannot be poorer or more wretched than they are at present, and who have sunk into such a state of gross ignorance that they do not know to whom and how to pray for their own relief. They are dependent upon the most precarious means of live-

lihood. They have no means of improving themselves, or receiving any education, or learning any art. They pursue the humblest of the numerous avocations, which are successfully followed by their more fortunate fellow citizens, the Mahomedans of Persia. In fact they are abandoned to listlessness and dispair. When the sufferings of these wretched men become utterly intolerable, they are obliged either to foresake their religion and embrace Mahomedanism or clandestinely to abandon their native country, tearing themselves away from their wives, children, and all they hold dear, unable to witness the privations and misery, which they have not the means to relieve, and enhancing the sufferings of their families by leaving them in a totally destitute condition. Such is the sad account, which we, though far removed from such scenes of wretchedness and misery, have received from the Agent whom we have deputed to Persia for the purpose of assisting our co-religionists.

6th.—We have briefly described the hardships, sufferings, and grievances of our brethren in Persia, whose condition is such as to deserve commisseration. Under the above mentioned circumstances, we venture to implore your Excellency to intercede in their behalf with the King of Persia and His Majesty's Ministers of State, with a view to induce them to abolish the tax altogether, or to effect a considerable reduction in the amount now levied, which our brethren are unable to pay on account of their extreme poverty. We beseech your Excellency to have compassion on the unfortunate and persecuted Zoroastrians of Persia, who are in such a wretched and deplorable condition. We indulge the hope that under the blessing of Almighty God, if your Excellency's influence be exerted in their behalf, the greatest hardships, from which they have for a long time been suffering so much, will be removed or mitigated to a considerable extent.

7th.—Should His Majesty be graciously pleased to abolish or reduce the tax in question, and concede to our brethren the boon that has already been conferred on the Armenians of Tabrez, the State, although it will lose a very insignificant amount of revenue, yet will gain from the industry of the people. Increase of land produce with augmentation of population will inevitably follow. Such a noble act will be deeply engraved on the hearts of His Majesty's faithful subjects, who will ever feel grateful for the favour that may be vouchsafed to them.

8th.—In proof of the injustice and injurious effects of the Jugia tax now levied, it is sufficient to state that when there were about 4,000 Zoroastrian families in Persia, 200 Toomans were levied, and now that the population is reduced to one-sixth, and comprises no more than 1,000 familes, the exorbitant sum of 1,300 Toomans is levied. If the tax be levied on equitable

principles, the Persian Government ought not to exact more than 265 Toomans from the present population (1,000 families) that amount will equal to one-fourth of 1055 Toomans levied in the time of the present King's grandfather, the late lamented Futteh Ally Shah.

9th.—This letter containing our earnest and respectful appeal in behalf of our afflicted brethren in Persia will be delivered to your Excellency in person by Mr. Maneckjee Limjee, a gentleman who stands high in our estimation and who has been deputed by us to Persia for the purpose of assisting and helping our co-religionists in Persia. Having spent five years in the country he has been an eyewitness to the sufferings and hardships to which our unfortunate brethren in Persia are exposed. He will be happy to answer any enquiries which your Excellency may be pleased to make, and will act on such advice as you may be so good as to give with the view of fulfilling the main object of his mission.

10th.—In conclusion we sincerely trust your Excellency will oblige us by using your influence in your public and private capacity at the Court of Persia, so as to induce the Government to abolish, or at all events to make an equitable reduction in the amount of the Poll tax and to make such reduced amount payable annually to the Royal Treasury at Teheran, so as to secure the Zoroastrian subjects from the unlawful, oppressive, and extortionate demands of cruel tax gatherers, employed by the Government officers to collect the Juzia tax.

Bombay 26 November 1859.

We beg respectfully to subscribe ourselves,
Your Excellency's most obedient and humble Servants,

(signed) " Framjee Nasserwanjee.
" Cursenjee Nasserwarjee. Cama.
" Byramjee Jeejeebhoy.
" Rustomjee Ruttonjee Wadia.
" Merwanjee Framjee.
" Bomanjee Framjee Camajee.
" Jamsetjee Pestonjee.
" Dhunjeebhoy Framjee.
" Ardaseer Dossabhoy Munshee.
" Nowrojee Furdoonjee.
" Muncherjee Shapoorjee Langda.
" Dinshaw Maneckjee Pitty.

ઉપલી અંગરેજી અરજીનો ગુંજરાતી તરજુમો.

લફટનેનંટ મેજર જેનરલ શર એચ. શી. શલીનશન નાઈટ,

તે નાંમદાર અંગરેજ શરકારની તરફના ઈરાંનની દરબારનાં એલચી જોગ—

તેહેરાંન.

શાહેબ—

"હમો આ નીચે શહી કરનારા મુમબઈનાં રેહેવાશી પારશીઓ તે ઈરાંન દેશનાં ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા શારૂ શને ૧૮૫૪ નાં શાલમાં અશથાપેઆમો આવેલી મંડલીનાં કારોબારી જે મનુશ જાતનાં દુખનુ નીવારણ કરવાનુ કાંમ હમોએ હાતમાં ધરીઉંછે તે બાબે તહમારી મદદ માંગવાની અને તહમારી દએઆ ઉપજાવવાની ધારણાંથી તહમારૂ ધેઆંન અને તહમારો વખત રોકવાની આએ જોગવાઈએ રજા લીજીએચ. શને ૧૮૫૫ નાં એપરેલ મહીનાંમાં જીઆરે તહમો શાહેબ મુમબઈમાં આવેઆ હતા તેઆરે જે ઉલટથી તહમોએ હમારી મુલાકાત લીધી હતી અને જે મોહોબત ભરેલા શખુનો કહી શંભલાવેઆ હતા તે ઉપરથી આએ વખતે ઈરાંન દેશનાં વશનારા હમારા હમજાતીઓ બાબે તમોને તશદી આપવાની હીમત ચલાવીએચ.

"૨ જું—નાંમદાર રાંણી કુવીન વીકટોરીઆએ તહમો જેહવા ખરેખર લાએક ગરહશથને ઈરાંનની દરબારનાં એલચી અને વડા કારભારીનો માંન ભરેલો અને બુલંદ ઓહદો બખશેઓ તે વીશે હમો તહમોને મુબારકબાદી ચાહીએચ અને ઈરાંન વાલા હમારા જાત ભાઈઓ ઉપર પડતાં દુખોનો ઘટારો કરવાને તહમો મદદ આપી શકો તેહવા ઓહદા ઉપર તહમો શાહેબને નેમનુક થાએલા જોઈને હમોને મોહોટો આનંદ ઉપજેઓછે.

"૩ જું—ઈરાંન દેશનાં ગાંમખાતાંને તથા તાંહાંનાં રેહેવાશીઓને લગતી બાબદોથી તથા બાહાર દેશ વાલાઓનાં કારોબારને લગતી બીનાંઓથી તહમો નાંમદાર શાહેબ પુરતી રીતે વાકેફ છેઓ તે ઉપરથી તહમો જાણતા હશો કે હમારા વડવાઓ જેઓ જરતોશતનો ધરમ પાલતા હતા તેઓ અશલમાં ઈરાંન દેશનાં રેહેવાશીઓ હતા, કે જેઓ આશરે ગીઆં ૧૨૦૦ વરશની વાત ઉપર હીનદોશતાંન ખાતે આવેઆ હતા કે જેઓની ઓલાદ હાલ પશચમ હીનદુશતાંનમાં અંગરેજી શરકારનાં મેહેરબાંની ભરેલાં રાજનાં શાએઆ હેઠલ હાલ વશેછે, કે જે રાજથી તેઓનાં જાંન માલનો શમભાલ થાએછે, અને ધરમની છુટ ભો

ગવવા દીધામાં આવેછે. આગલા ઈરાંની પારશીઓમાંથી જેઓ હીનદોશતાંન ખાતે આવવાને અશકત અથવા નારાજી હતા તેઓ ઈરાનમાંજ રહેઆ અને તાંહાં જુદા જુદા ભાગો તરફ વીખરાઈ ગીઆ. દર વખતનાં તખત ઉપર બેશનારા નવા મુશલમાંન હાકમો અને રઈએતની તરફથી તે લોકો ઉપર જાશતી અને જુલમ ગુજરતો હતો તેથી દર વરશે તે લોકોની શંખેઆનો ઘટાડો થાતો ચાલેઓ અને હાલે તેઓ "ઈઅજદ" અને "કેરમાંન" ખાતે વશેછે, તે લોકો હમારેથી ઘણાં દુરછે તોબી તે લોકો શાથે હમો શંબેશો ચાલુ રાખીએ છઈએ અને તેઓની બહુ માંઠી હાલતની દએઆ ખાઈએ છઈએ કે જે હાલતમાં હમારેથી બની શકે એટલો શુધારો કરવાને હમો કોશેશ કરીએ છઈએ.

"૪ થું—ઈરાંનમાં વશનારા જરતોશતી ટોલાની શંખેઆ એક વખતે ઘણી મોહોટી હતી પણ જુલમથી તે લોકોને વટલાવેઆમાં આવેઆ તથા તે ઉપર જાશતી અને જુલમ ગુજારવામાં આવેઓ, તેથી આશતે આશતે તેહમાં ઘટાડો થઈને આશરે ૬૦૦૦૦) કુટમબ બાકી રહેલાં હતાં, પણ ગીઆં શો વરશની મુદતમાં અને એ પછેથી તે લોકોની શંખેઆમાં ઘણો મોહોટો ઘટાડો થએઓ, હાં શુધી કે જેઆરે "ફતેઅલીશાહા ઈરાંનના તખત ઉપર બેઠો અને તેઓ પાશેથી જજીઆનાં કરનાં ૨૦૦) તુ૦ લેવાને ઠેરવીઉં તે વખતે તે લોકોનાં ૬૦૦૦) કુટમબથી વધારે બાકી નહી રહેઆં હતાં, અને જીઆરે આશરે ગએઆં ૪૦ વરશની વાત ઉપર તે લોકોની શંખેઆમાં ઘટાડો થઈને ૪૦૦૦) કુટમબ બાકી રહેઆં તેઆરે તેઓ ઉપરનાં કરનો ૧૦૫૫) તુ૦ શુધીનો વધારો કીધો. ઈરાંનની શરકારે પાછલથી ૩૫૦) તુ૦ નો ઘટાડો કીધો તોબી તાંહાંનાં મેહેશુલદારો તે મુફલેશ હાલતની જરતોશતી રઈએત કે જે હાલ ઘટીને એક હજાર કુટમબની બાકી રહીચ, તેઓ પાશેથી ૧૩૦૦) તુમાંનોની મોહોટી રકમ કઢાવવાની જાશતી ચલાવતા હતા કે જેમાં હકકુલ હોકમ" અને મુશતઓફીઆન અને બીજી જુલમાત ભરેલી હકશાઈ શાંમેલ ગણેઆમો આવતી હતી. આ એ ભારી અને કંટાલા ભરેલો કર ઘાટકી દીલનાં અને લુટારી ખશલતનાં મેહેશુલદારો મોહોટું અને નહી ખમાઈ શકે હેવું ઘાટકીપણું ચલાવી શંધરેછે અથવા ઉઘરાવેછે કે જે મેહેશુલદારો કઈબી દએઆ આંણવા વગર તે ગરીબ રઈઅતની માલ મીલકત લઈ મુકેચ અને તેહેની અરધી કીમત અથવા બાજી વખતે તેથીબી ઓછી કીમત ઘણી જપત કરેચ એહવી રીતનાં લુટફાંટ ભરેલા જબરદશતીનાં અને બેઈનશાફી ભરેલાં કાંમોથી હમારા હમદીનોનાં દુખી થાએલાં કુટમબો હાએ અને અફશોશનો પોકાર આકાશ શુધી ઉઠાવેચ.

"૫ મું—હમારા મુફલેશ—દુખી—અને જુલમ પાંમેલા જાતભાઈઓ બા

"

બે જે એક અરજી હમારા વકીલ ભાઈ માંણેકજીએ ઈરાંનનાં પાદશાહને અને તે હનાં વજીરોને આપી હતી કે તે ગરીબ પારશીઓ ઉપરનાં જજીઆનાં કરમાં છુટ અથવા ઘટાડો કરાવે ને તે વીશે ઘણાંજ વાજબી અને અકલ કબુલ કરે હેવા આધારો બતાવેઆમો આવેઆચ કે જે તહમો શાહેબનાં ખોલાશાને શારૂ અતરે હમો લખી જણાવવાની રજા લીજીએચ, કે જીઆરે ગએઆ ઘણાંએક વરશની વાત ઉપર ઈરાંનમાં રેહેનારી જરતોશતી રઈએત પાશેથી ઉપર કહી જણાવેલો કર લેતા હતા તેઆરે એ જરતોશતીઓની હાલની વશતીની શંખેઆ શાથે શરખાવતાં તે વખતની વશતી ઘણી મોહોટી હતી, પણ હાલ હમણાં એ વશતીમાં ઘટાડો થાઈને આશરે પાંચમો ભાગ બાકી રહેલોછે તોબી કરમાં કશો ઘટાડો કીધો નથી અને એ કરની આખી રકમ એજ ટોલા પાશેથી લેવાનુ જારી રાખેલુછે કે જે ટોલો હાલ જે ગરીબાઈ ને દલદરી હાલતમોછે તે કરતાંને વધુ ગરીબ અને વધુ દલદરી થઈ નહી શકે અને જે લોકો હેવાં ભએઅંકાર અગનેઆંનપણાંમાં ડુબેલાછે કે પોતાનાં છુટકારાને શારૂ કોણને અને કેહેવી રીતે અરજ કરવી તે વીશે કશું જાણતા નથી અને તે લોકો ઘણીજ હલકી રીતે અથવા ઓશીઆલાપણાંથી પોતાનુ ગુજરાંન ચલાવેછે અને પોતાની હાલતનો શુધારો.કરવાનાં અથવા કઈ કેલવણી મેલવવાનાં અથવા કઈ હુનર શીખવવાનાં કશા ઉપાએ તેઓ પાશે નથી. મુશલમાંનો અને બીજા ભાએગશાલી રેહેવાશીઓ ઘણી તરેહનાં ધંધો રોજગાર ફતેમંદી શાથે કરવાની છુટ ભોગવેચ પણ એ જરતોશતીઓને શઉથી હલકી તરેહનો પેશો કરવો પડેચ, ખરેખર તેઓને કઈબી તરેહની દાદ ઈનશાફ વગર રાખેઆમો આવેછે અને જીઆરે એ દલદરી હાલતમો આવેલા ઈરાંનીઓ ઉપરનું દુખ નહી ખમાએ એહવું થાએચ' તેઆરે તે લોકોને પોતાનો ધરમ તજીને મુશલમાંન થવાની ફરજ પડે અથવાં પોતાની બાએડી છોકરાંઓને તથા જે લોકો તેઓને પેઆરાં હોએચ તેઓને પરતાં મુકી પોતાંનુ વતન તજી બીજે ગાંમ નીકલી જાએચ, શબબ કે તેઓ ઉપર ગુજરતી ખરાબી અને દુખની બરદાશત કરવાને તેઓ અશકત હોએચ, અને તેહેમાંથી છુટવાનાં તેઓ પાશે કશા ઉપાએ રેહેતા નથી, તથા પોતાંનાં કુટંબને ઘણું જ કંગાલીએત હાલતમાં મુકી ગીઆથી તેઓનાં દુખમાં ઘણો મોહોટો વધારો થાએચ. હેવી રીતનો ગંમ ધરવા જોગ એહવાલ તેઓનોછે અને તેઓ ઉપર ગુજરતી આફત અને દુખની જગીઆથી હમો આટલા બધા દુર પડેઆ છઈએ, તોબી હમારો વકીલ જેને ઈરાંન ખાતે એ હમારા જાત ભાઈઓને મદદ કરવા શારૂ મોકલીઓછે તેની મારફતે હંમારા જાણવામાં આવેછે.

"૬ ઠું—એ રીતે ઈરાંન મધેનાં હમારા જાત ભાઈઓ ઉપર ગુજરતી શખતી, દુખો અને દરદોનું ટુકમાં બેઆંન હમોએ કરીઉછે અને એ ઈરાંની

ઓની હાલત ખરેખર દએઆ લાવવા જોગછે, તે ઉપર લખેલા એહવાલો ઉપર થી ઈરાનનાં પાદશાહને અને તેહેનાં વજીરોને એ ઈરાંનીઓનાં બાબમાં કંઈ શારી શોચનાં કરવાને શારૂં હમો તહમો નામદારને અરજ ગુજારીએચ કે બને તો તેઓ ઉપરનાં જજીઆનો કર જે હાલ લેચ અને જે હમારા જાત ભાઈઓ નાચારીને લીધે આપવાને અશકતછે તે બનેતો તદનજ કાહાડી નાંખે અથવા તેહેમાં મોહોટો ઘટાડો કરે. એ માઠાં ભાએગનાં અને જુલમ ખમેલા ઈરાંનનાં જરતોશતીઓ જેઓ ઘણીજ દલદરી અને અફશોશ કરવા જોગ હાલતમાં આવી પડેલાછે તેઓ ઉપર દએઆ લાવવાને હમો તમોને નમનતાઈ શાથે અરજ ક રીએચ, અને હમે હેવી આશા રાખીએચ કે જો તે શરવ શકતીવાંન ખોદાતા લાની બખશેશથી એ ઈરાંનીઓ બાબે તમે તમારો વગ ચલાવશોતો જે મોહોટી આફતો તેઓ આજ લાંમબી મુદત થાઈ શોશતા આવેઆચ તે દફે થશે અથ વા તેહેમો મોહોટો ઘટાડો થશે.

"૭ મું—જો તે નાંમદાર પાંદશાહા એ કર કાહાડી નાંખવાની અથવા તેહે માં કંઈ ઘટાડો કરવાની મેહેરબાંની કરે કે જેહેવી મેહેરબાંની તબરીજનાં આર મીનીઅન લોકોની ઉપર તેણે કીધેલીછે, તો એ પાદશાહાનાં મુલકની ઉપજમાં કંઈ જુજ ઘટાડો થાશે ખરો તોપણ તેહેનો બદલો એ ઈરાંનીઓનાં ઉદીઓગથી પાછો મલી આવશે. વશતીની શંખીઆમાંથી કંઈ ઘટાડો થઆથી દેશની ઉપ જમાંબી વધારો થાશે અને પાદશાહનાં એ નેકનાંમની ઈઆદી તેની વફાદાર પ રજાનાં દીલ ઉપર કોતરાઈ રેહેશે અને તેઓ ઉપરની એ તેહેની મેહેરબાંનીનો આભાર તેઓ શદાકાલ માનશે.

"૮ મું—જજીઆનો કર જે હાલ લેચ તેનાં ગેરવાજબીપણાં વીશે અને તેહેની ખરાબી ભરેલી અશર વીશે આટલોજ દાખલો બશછે કે જેહારે ઈરાંન માં જરતોશતી પારશીઓનાં આશરે ૪૦૦૦) કુટંબની વશતી હતી તેઆરે તે ઓ પાશેથી ૨૦૦) તુ૦ જજીઆનાં કરનાં લેવામાં આવતા હતા અને હમણાં જેઆરે એ વસતીમાં ઘટાડો થઈને આગલી શંખેઆનો છઠો ભાગ અથવા ૧૦૦૦) કુટંબની વસતી વધારે બાકી રહી નથી, તેઆરે તેઓ પાશેથી ૧૩૦૦) તુ૦ ની અતીઘણી મોહોટી રકમનો કર લીએછે. જો એ કર વાજબી રીતે લેવા માં આવેતો હાલની વશતી પાંશેથી ઈરાંનની શરકારે ૨૬૫) તુ૦ થી વધારે લે વા નહી જોઈએ, શબબ કે હાલનાં પાદશાહાનાં મરનાર બપાવા ફતેહઅલીખાંન શાહનાં વખતમાં જે ૧૦૫૫) તુ૦ નો કર લેવામો આવતો હતો તેહેનો ચોથો હીશો ઉપર જણાવેલી રકમ ૨૬૫) તુ૦ ની થાએછે અને હાલની વશતી પણ ચોથે હીશે બાકી રહેલીછે.

"૯ મું—આએ હમારો પતર જેહેમાં હમારા ઈરાંનનાં જાત ભાઈઓ બાબે ઘણીજ નમનતાઈ ભરેલી રીતે અરજ કરેઆમો આવીછે તે તમો નાંમદારને મી૦ માંણેકજી લીમજી પોંહોંચાડશે કે જે ગરહશથ વીશે હમો મોહટો વીચાર ધરાવીએચ અને જેહેને હમારા ઈરાંન મધેનાં હમારા જાત ભાઈઓને મદદ અને આશરો આપવાને વાશતે મોકલેઆછે તે મુલકમાં તેણે કેટલાએક વરશ ગુજારેઆંછે તેથી એ હમારા માઠાં ભાએગનાં જાત ભાઈઓ ઉપર જે જે દુખો અને વીપતો થાએછે તે તેણે પોતાની આંખે જોઈ લીધીછે. એ બાબતને લગતા જે શવાલો તમો શાહેબ પુછશો તેનાં જવાબો તે તમોને મોહોટી ખુશી શાથે આપશે અને જે મતલબશર તેવણને ઈરાંન ખાતે મોકલવામાં આવીઆચ તે મતલબ પાર ઉતરવા શંબંધી જેહેવી શલાહ તહમો મેહરબાંનીની રાહે આપશો તે મુજબ તે ચાલશે.

"૧૦ મું—છેલલે હમો હેવી આશા રાખીએચ કે તમો નાંમદાર પોતાનાં ઓહદાનો અને ખાંનગી વગ ઈરાંનની દરબારમાં એહવી રીતે ચલાવવાનો હમારી ઉપર આભાર કરશો કે જેથી ઈરાંનની શરકાર એ જજીઆનો કર કાહાડી નાંખે અથવાતો તેહમાં કંઈ વાજબી રીતે ઘટાડો કરે અને તેહવી ઘટાડેલા કરની રકમ તેહરાંનની શરકારની તીજોરીમાં ભરવાનો બંદોબશત થાએ કે જેથી એ કર ઉઘરાવવાને શારૂં ઈરાંનની શરકાર જે અમલદારોને ડેરવેછે તેઓની તરફથી જે જુલમ અને જાશતી ઈરાંનનાં જરતોશતીઓની ઉપર કરેઆમાં આવેછે તેહનો અટકાવ થાએ."

મુંબઈની તારીખ ૨૬ મી નવેમબર ૧૮૫૯.

(શહી) ફરાંમજી નશરવાંનજી.
" ખુરશેદજી નોશરવાંનજી કાંમા.
" બેરાંમજી જીજીભાઈ.
" રૂશતમજી રતનજી વાડીઆ.
" મેરવાંનજી ફરાંમજી પાંડે.
" બહમનજી ફરાંમજી કાંમાજી.
" જમશેદજી પેશતનજી પાંડે.
" ધનજીભાઈ ફરાંમજી.
" અરદેશર ડોશાભાઈ મુનશી.
" નવરોજજી ફરદુનજી.
" મનચેરજી શાપુરજી લંગરા.
" દીનશાહ માંણેકજી પીઠી.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે ઉપર જણાવેલું મેજર જનરલ રાલીશન વાલુ અંગરેજી "પીટીશંન" પોહોતા. બાદ ભાઈ માંણેકજી આંતરીઆ તેહરાંનની તારીખ ૧૭ મી મારચ શને ૧૮૬૦ વાલા કાગજમાં જણાંવેછે કે—

"મેજર જેનરલ શર હેનરી રાલીશન ઉપરનાં પીટીશન અને ભલાંમણનાં "પતરો જે તમોએ મોકલીઆં હતાં તે પતર તુરત પોંહોંચાડવાની ફરજ જાણી "ને તા૦ ૧૨ મી ફેબરવારી શને (૧૮૬૦) ને દીને એ નાંમવર ઉપર એક રૂ "કો લખી મોકલવામો આવીઓ હતો. એ શાહેબ શેકારેથી આવીઆ બાદ તા "રીખ ૧૨ મી મારચ ૧૮૬૦ ને દીને ખીદમતમાં પોંહોંચી ઘટતી રીતે શરવે "ગુજારેશ કેહી શંભલાવેઆ પછે જુદી જુદી તરણ મતલબો શર અરજ કરવા "માં આવીછે."

"તેહેમાં પેહેલું એજે હાલે તુમાન ૮૭૮) જજીઆનો કરછે તેમાં છુટ મુકાવે.

"બીજું એ નાંણાં પરભારા અંગરેજી શતાવાલાની મારફતે ભરાએ.

"તીજું એજે અંગરેજી હકુમતની વતી એક વકીલ ઇઅજદ ને કેરમાંન "ખાતે બેશાડવામાં આવે કે તેહની હીમાએત હેઠલ ધરમ ખાતાંની અમારતો "નો શંભાલ થાએ અને તે બાહાણે પારશીઓપર શેતમ ગુજારનારાઓને ધાશ "તી ઉપજવેથી અચકાશે."

"શર હેનરી એ શરવે વાતથી વાકેફ થાઇને પોતાની ઘટતી મેહેરબાંની દે "ખાડીને ફરમાવીઉં કે છુટ મુકાવવા થકી હું વખત જોઈને વાતચીત કરશ ને "એ પઇશાનો હવાલો કબુલવાનું કાંમ ઈરાંની દરબારને ઘણું અઘરૂં જણાશે "તોએ જો વગ મલશેતો હું એ બાબદ શંરબી અજમાવી જોવશ. ઇઅજદ "અને કેરમાંન ખાતે વકીલ રાખવા થકી તું (ઇઆને હકીર) એક "પબલીક "પીટીશન" કરીને અંગરેજી શરકારને તે બાબદશર શું લાભછે તે શીકે લખી "લાવ કે ઈંગલંડ ખાતે લખી વાલવામાં આવશે કે પછે તાંહાં વાલાઓની "જો નજરમાં ઉતરશે તો એ કાંમ બની શકશે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરવાને પોતાની દલગીરી જણાવેછે કે શર હેનરી રાલીનશન શાહેબની તેહેરાંનથી ઈંગલંડ તરફ જાવાથી એ શાહેબે કેટલીએક તરેહની દીલાશા ભરેલી વાતો આપણાં હમદીન ઈરાંન શર જમીનમો વશનારા જરતોશતી પારશીઓ વીશેનું કાંમ પાર પાડવાને વાશતે આપી હતી તે કાંમ એ શાહેબનાં એકાએક ઈંગલંડ ખાતે પાછા જાવાથી અધુરૂં રહી ગીઉંછે.

" તારીખ ૧ લી જુન શને ૧૮૬૦ ઈશવી વાલા કાગજમો ભાઈ માં ણેકજી લખેછે કે— "

"એ શરદાર શીધારીઆ બાદ તા૦ ૨૪ મી મેએ શને ૧૮૬૦ ને દીને
" નાંમવર રાંણીની શાલગરીનું જશન કરવામાં આવીઉં તે મેહેમાંનીમાં મેજર પે
" લીએ એક મોહોટું ભાશાંન કરી શંભલાવીઉં તે વખતે એ શર હેનરીને આ
" એ હદથી જાવાની દલગીરી જણાવેઆ શાથે આપણી બાબદમાં એમ કેહેઉં કે
" (આપણી માએઆલુ રાંણીની જે "ફેથફુલ" રઈએતને મધીઅમ શવભાવ
" નાં તથા વેપાર વધારવાનાં ઉદીઓગી જ.પારશીનો ટોલોછે કે તેહેનાંઓ બીજા
" ગાંમઠીઓ કરતે બધીં રીતે વારેવાર વખણાઈ ચુકાય, તેહેનાઓએ પોતાનાં કુ
" ખ ખમતા પારશીઓની હાલત શુધારવા થકી મી૦ માંણેકજી જેવા શખશની
" મારફતે ઉપાએઓ ચલાવેઆય, તેહેનાં કાંમમાંબી થોડી મુદતમે એ આફીશરે
" ("ઈઆને શર હેનરી રાલીનશન શાહેબે") પોતાની મેહેરબાંની બતલાવી
" નેકનાંમી મેલવીચ વાશતે એ શર હેનરી જેહેવા નેક નરનાં ગીઆથી જેહેવી
" અતરેનાં ઈઉરોપીઅનોને તેમ આબરૂદાર ગાંમઠીઓનેબી દલગીરી ઉપજેલીછે.)

"ઉપર જણાવેલા શરવે હેવાલથી આપણી માનવંત મંડલીનાં અકાબર શા
" હેબોની નેક નજરમાંબી ઉતરશે કે એ શરદારે આપણા કાંમકાજમાં કેહેવી મેહે
" રબાંની કરી બતલાવીય."

એ ઉપરથી તમારી કારોબાર મંડલી આએ પરશંગે શર હેનરી રાલીનશન શાહેબનો મોહોટો ઉપકાર થાએલો શમજેછે.

ઈરાંનીઓની છોકરીઓને પરણાવી આપવા વીશેનો એહવાલ.

ફુલકની તારીખ ૧ લી શપટેંમબર શને ૧૮૫૮ વાલા કાગજમો ભાઈ માંણેકજી આંતરીઆ તમારી કારોબાંર મંડલી ઉપર લખેછે કે—

" હીન ભાએગની કુમારી કનેઆઓને ગતે પારવા કીજે અરજ કરતે
" આજેજ આવેઆચ એટલુંજ નહી પણ ઇઅજદ અને કેરમાંન વાલા ભાઈઓ
" ને વારેવાર વાએદા દેતાં લજવાવું પડેછે તે વીશે આપણાં અકાબરો કશું ધે
" આંન નહી આપતે હીંદુ ગનીઆતની રાંડીરાંહોને નાતરાં કરવાની ભલાંમણ
" ગુજરાતી નીઉજ પેપર વાલાંઓ કરેછે તે જોઈ કેટલો બલાપો ઉપજેચ કે જો લા
" ચાર પારશીઓની પરતીવરતા પુતરીઓ બેબજાતીથી પડી રેહવાની ચરચા
" ચાલેતો આપણાં ટોલાને કેહેવી હીનપશતીછે. કેમજે તે કુમારીઓનાં ભવ બ
" લેચ એટલુંજ નહી પણ જેઆરે તેહેનાંઓનો હેવો હાલ જોવામાં આવેચ તેઆ
" રે હેરેમની ખશલતનાઓને દગો કરવો શુજ પડેચ ને પછે તે વટલી એટલે તેહે
" નાં માએ બાપ અને ખેશ કુટુંબપર વારશા હીશાનો દાવો લાવી દુખ દીએચ,
" તેઆરે મારફારને શબબે તેઓનેબી વટલવું પડેછે. એ પરમાંણે એકમાંથી બીજો ને
" તેહેમાંથી તરીજો અવગુણ ઉપજતો આવેચ તેહનો અટકાવ કરવાની કેહવી અગ
" તછે, તે શરવે લખતાં લંબાંન થાએ એટલા કીજે અતરે મુખતેશર કરીને અકાબ
" ર શાહેબોનાં દએઆલુ વીચારપર શોફીએચ કે તે શાહેબો જરા ધેઆંન આપી
" જોશે તો એ કાંમ કેહેવું અગતનુછે ને હેમાં ઢીલ નાખવે કેહેવા અવગુણો
" દીન તથા દુનીઅવી કાએદામો ઉપજેચ તે અનજાણીઉ નહી રેહેશે. એ કાંમ
" ઘણુ અગતનુ જાણી આપણા અકાબર શાહેબની ખીજમતમોબી એક જુદી
" અરજી લખીછે વાશતે તેહેનાં ઉતરની ઉધરાંની નેકનાંમ શેઠ માંણેકજી નોશ
" રવાંનજીની મારફતે કરીને જવાબ મોકલવાની મેહેરબાની કરવીજી.

તેહેરાંનની તારીખ ૨૮ મી ફેબરવારી શને ૧૮૫૯ વાલા કાગજમો ભાઈ માંણેકજી આંતરીઆ લખેછે જે—

"છોકરીઓ પરણાવવા બાબદે વારેવાર વીનતી ને કાકલુદી કરતે પુરો પા
" ધરો કશો ઉતર અવલમે આપણાં બારોનેટ શાહેબની તરફથી નહી મલેઓ
" તોપણ પાક ઇઅજદાંનની બખશેશથી કોઈ બીજા શખી વજુદ શાહેઓને
" એ બાબદ દીલમાં દએઆ ઉપજેઆથી તે નાંમવરે પોતાને હીશાબે એ કાંમ
" અનજામ પોહોચાડવા અવેજ વાલી ફરમાએશ કરવાને શબબે હકીરેબી ઇ
" અજદ અને કેરમાંન તરફ પંચ વાલા ભાઈઓને અરજ કરી બેવારશ બા

"લકોને ગતે પાડવાનુ કાંમ શરૂ કરાવેઉં હતું. તેઆર બાદ આપણાં આલા હ
"જરત શર જમશેદજી બારોનેટની વતી નેક નાંમવર શેઠ માંણેકજી નોશરવાંન
"જી અને માનવનત શેઠ મેહેરવાંનજી ફરાંમજીનુ લખેલુ પતર મલેઉ હતું તે
"મુજબ એ શર શાહેબને હીશાબે કાંમ નહી બનવાની ઓજરખાઈનો ઉતર એ
"શાહેબો પર લખેઓછે."

કુલકની તારીખ ૧૫ મી શપટેમબર શને ૧૮૫૯ વાલા કાગજમો.ભાઈ માં ણેકજી આંતરીઆ જણાવેછે કે—

"છોકરીઓ બાબદ જે હકીરે વારેવાર અરજ કરેઆ મુજબ માંનવનત મં
"ડલીએ એક પતર રોશન રૂવાંન જીનત મકાંની શર જમશેદજી બારોનેટ ઉ
"પર લખેઆ ઉપરથી તેહેનાં ઉતરમાં તે બેહેશત બેહેરે ફરમાવીઉંક્ર કે (તે મધે
"ભાઈ માંણેકજી લખેચ કે રૂ૪૦) ને બદલે દર છોકરીએ આવરેજે રૂ૩૦) લેખે
"ખરચ કરી પરણાવવામાં આવશે તોબી ચાલશે) વાશતે એ એબારત પરથી એ
"મ જાણવું કે તુરત એક સો છોકરીઓ પરણાવી આપેઆ બાદ આઈનદેને ફી
"જે દર રૂ૪૦) કે લાચારીએ રૂ૩૦) તુલકબી ખરચીને જે લાચાર લોકોને પે
"ટે પરેલી છોકરીઓછે તે મધે ઉમરે પુગતી જાશે તથા બીજા તેહેવા લાચાર લો
"કોને તાંહાં અવતરશે તેઓમાંથી દર શાલે શાલ દશ બાર જણીઓનુ કારજ
"કરી પરણાવી આપવાનો બંદોબશત થાએ તો બેહેતર બને, હેવી ધારણાંએ
"તે મતલબ લખવામે આવીછે—

"અને વલી તે શખી શરવર શવરગવાશીએ પરથમ પેહેલે દશ જણીઓ
"ને પરણાવવાની પરવાંનગી આપી હતી તે મુજબે ખરચનો આંકડો જે તારી
"ખ ૨૭ મી જુન શને ૧૮૫૬ ને દીને બીડેઓતો તેહેનાં રૂ૪૬૦॥ મુજરા મલે
"આછે.

"તે ઉપરાંનત તા૦ ૯ મી અકટોબર શને ૧૮૫૮ ને દીને લખેલો એક કા
"ગજ તે નામવરની તરફથી ઉપર કેહા દીનપરવર શેઠીઆઓની મારફતે મલે
"ઓ હતો, પણ તે આગમજ બીજા બેએ શખી વજુદ શેઠીઆઓએ પોતીકા ને
"પોતાને તાલુકેનાવોને હીશાબે એ નેક કાંમ અનજામ પોહોચાડવાની ફરમા
"એશ મોકલી જણાવેઉ હતું કે હકીરે પોતે ઈઅજદ ને કેરમાંન જાઈ પોતાને હા
"થે એ નેક કાંમને શરનજાંમ પોહોચાડવું, પણ કેટલાએક શબબોને લીધે હમો
"થી તુરત તેહાં જાવાને નહી બનવાથી અને એ કાંમ અગતનું જાંણી ઈઅજ
"દ ને કેરમાંન વાલી પંનચવાલા ભાઈઓ ઉપર લખી વાલવાથી તેઓએ આ
"જવેરમાં ૧૦, બાર જોરાંને ગતે પારેલાં તથા બીજાં કેટલાંએકોનાં કારજ કરેલાં
"નો એહેવાલ લખી મોકલેઓછે, તે પરમાંણે બાકી બધી છોકરીઓ હવે ગેર બા
"રીતી બનશે તેહેના શબબે એ બેહેશતં બેહેર બારોનેટનુ ફરમાંન જે ઘણે દુર
"દાહાડે આવેલું હતું તે મોહોટી દલગીરી શાથે પાછું વાલવું પડેઉછે.

" મગર હકીરે અવલ વારેવાર અરજ કરેઆ મુજબ દર શાલે દશ બાર છો
" કરીઓને પરણાવી આપવા બાબદનુ એક જુદુ ફંડ મુકરર કરીને જે રૂપીઆ
" ૫૦૦૦) આપણા બેહેશત બેહેરે બારોનેટે આપવા કહેઆછે તે રકમને એ ફં
" ડમે શામેલ કરાવી દર વરશે વેઆજની ઉપજમાંથી એ શદાવરતુ જારી રાખ
" વામો આવશેતો મોહોટાં પુણનું કાંમછે ને વલી આપણા વડા અકાબર શાહે
" બનાં અશોફરોહરને ખુશનુદીનો શબબ બનશે કે તે બેહેશત બેહેરે આપેલા કે
" લ. મુજબે એ પઈશા માહા પુણનાં કાંમમે વપરાઆમાં આવેથી જેહેવી જાવેદાં
" નની નેકનાંમી તે જીનત મકાંની બારોનેટનીછે તે મુજબે આપણા જનાબ ફે
" જમાબ શર ખુરશેદજી જમશેદજી બારોનેટની મુંજેરગી પણ આલમમાં આશ
" કારા થાઈ શદહજાર આફરીન કેહેવાશે.

તેહેરાંનની તા૦ ૩૧ મી જાનેવારી શને ૧૮૬૦ વાલા કાગજમો ભાઈ માં
" ણેકજી આંતરીઆ લખેછે કે— .

" અનુશેહેરૂવાંન શેઠ માંણેકજી નોશરવાંનજીએ રોજ ૨૬ મો ને માહા ૬ ઠો
" કદમીને દીને પોતાનાં બચાંઓની શેહાદી કરતી વેલાએ તે શુભ કારજની ખુ
" શાલી શદા જારી રેહેવાનાં શદકા કીજે બખશેલા રૂપીઆ ૨૦૦૦) ની પરામી
" શરી નોટનાં ઉપજ તથા વીઆજમાંથી રૂપીઆ ૮૦) તુલકે ખરચી દર વરશે
" ઈરાંન પરાંતનાં અદનાં લોકોની કુમારી કનેઆઓને ઘર કરાવી આપવાનું
" ફરમાવેલુંછે, તેથી એ નામવરનાં રોશન રૂવાંનપર શદ હજારો હજાર દરૂદો શ
" લાંમનો હધીઓ પોંહોંચાડવો વાજેબછે કે એ અગતનાં ને માહાપુનનાં કાંમ
" માં એ શવરગવાશી શરવરે પેહેલ કરીછે કે જેથી કરી એ શદાવરતુ જમુનાં ન
" દીનાં જલ શરખુ જાવેદાંન ફતે પોંહોંચાડનાર જાહાંનમાં જારી રેહેવાનો શબબ
" શરૂ થએોછે. ધંન ધંન હેવા નેક નરોને જે પર દુખ ભંનજન કીજે પોતા
" ની પુજી ખરચી આલમમાં નેકનાંમી મુકેચ.

" હવે એ નાણાં ખરચવા વીશે જાણવું કે પરથમમાં હમુને પરભારા ધણી
" ઓની તરફથી જે હોકંમ મલી ચુકોચ તે પરમાંણે આશરે એકશો તુલેક છોક
" રીઓનાં બેતીઓદથી જોરાં કરી આપવાંચ, તે વીશે હકીરે શ્રી ઈઅજદ ને કે
" રમાંન ખાતે લખી વાલવાથી તેહાંની પંચ વાલા ભાઈઓએ આશાંમી જન
" ૧૦ કે બારને ગતે પાહેલાંછે ને બાકીનાંઓ વીશે હમારા તેહાં જાવાપર મોંકુફ
" રાખીઉં હતું, પણ હાલે તે તરફ હમારૂ જાવાનું નહી બનેઆને શબબે તેઓ
" ને બોલાશો લખી જણાવેઓછે, વાશતે આપણાં બેહેશત બેહેરે શેઠ માંણેકજી
" ની બખશેશનાં પઈશામાંથી તા૦ ૨૧ મી મારચ ૧૮૬૧ થી શરૂ થાતું જાશે.

" હવે જેમ મરેહમત શાન શેઠ માંણેકજીએ બખશેશ કરીછે તેજ મુજબે
" જો બીજા શખી વજુદ શેઠીઆઓ દર દફે એહેવી એલતેફાત કરતા આવશે

" ને એ ફંડ શારૂ બનવેથી હેવા લાચાર લોકોને તુરંત ગતે પાડતા જાશેતો
" હમણાનાં જેહવા ધોંટકી ને નીલાજરાં કાંમોનો અટકાવ બની દીન કે દુની
" અવી કાએદામાં શુધારો થાતો જાશે, તે ખરેખર ખોદાતાલાની ખુશનુદીનો શ
" બબ ને જાવેદાન તુલક જારી રેહેવાનાં માહા પુનનું કાંમછે તે વીશેની નેકનાં
" મી શખાવત કરનારા લોકોને પરાપત થાશે."

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરવાને પોતાની દલગીરી જણાવેછે કે એ છોકરીઓ પરણાવી આપવાનું નેક કાંમ આએ ધરમ ખાતાંની કારોબાર મંડલી એ ધરમ ખાતાં મધેથી હાલ તરત જારી રાખી શકતી નથી પણ એ ધરમ ખાતાંની પુજીને પુરતી રીતે આશરો મલશે તો આપણા પુરાતમ વતન ઈરાંન શર જમીન તરફનાં ગરીબ લાચાર લોકોની છોકરી તથા છોકરાઓને પરણાવી આપવાનું નેક કાંમ પણ તે તરફ જારી રાખવાની તમારી કારોબાર મંડલી ઉમેદ રાખેછે, તેથી તમ શાહેબો પાશે તમારી કારોબાર મંડલી એ ધરમ ખાતાનાં ફંડને આશરો આપતા જાવાની એલતેમાશ કરેછે.

દુખમાંનો એહવાલ.

તમારી કારોબાર મંડલી ઉપર ભાઈ માંણેકજી આંતરીઆએ ઈઅજદ શેહેરનાં દુખમાં વીશે જે જે બીનાંઓ લખીછે તે તમ શાહેબોને જાહેર કરવાની રજા માંગીએચ.

કુલક શેહેરની તા૦ ૧૫ મી શપટેમબર શને ૧૮૫૯ વાલા કાગજમાં ભાઈ માંણેકજી આંતરીઆ જણાવેછે કે—

" દુખમાંની બાબતમાં પણ જાણવું કે આપણી અનજુમને બંધાવી આ
" પેલાં નવાં દુખમાંની આથમણ તરફ જુદી જુદી ૬ કદીમ એબાદતગાહાછે
" તે અમારતોને દરૂશત કરવા થકી ગાંમડે વાલા બેહેદીનોએ જે કબુલાત આ
" પી હુતી તે મુજબે આજવેર કોઈએ કશું કરેઉં નથી."

" એ નવા દુખમાંની ઉતર દીશા શનમુખ આતશ શુજ ઈઆને શગરીની
" જગેઆ જે આવીચ તે અમારતને દરૂશત કરાવીચ તથા તે પાશે એક બીજો
" ગુંબજ બંધાવી આપેઆમાં આવીઓછે કે બરદબારેશને વખતે દુર દરાજ
" થી આવનાર નશેશાલાર કે ખાંડીઆઓ હોએ તેહેનાંને વીશાંમો લેવા થકી
" પરભારા ધણીને ખરચે બંધાવી આપવામો આવીઉંછે, મગર તે શગરી વાલા
" ઘરમે તવારીખની નોધ શારૂ અનજુમનને નાંમે તખતી મુકીચ તેહેની નકલ
" તમ શાહેબોને જાહેર થાવાને વાશતે નીચે દાખલ કરીછે."

ઊપર જણાવેલાં શગરીવાલાં ઘેરમાં મેલેલી તખતીની નકલ.

هوالا تعالی شانه.

بنام ایزد بخشاینده بخشایشگر مهربان راستی پسند

تعمیر این جای شریف آذرگاه متعلق بدادگاه در عهد دولت دوران
مدت پادشاه جمجاه معدلت پناه ناصرالدین شاه قاجار خلدالا
ملکه و روحنا فداه بهمت صاحب خیران و نیک بنیان زرتشتیان
متوطن هندوستان رعیت دولت معدلت بسطت انگلیس بجهته
آسودگی همکیشان خود سکنه ایران و خوشنودی پاک یزدان
گردیده شده بتاریخ روز فروردین از ماه مهرایزد سنه ۱۲۲۵ یزدجردی
مطابق سنه ۱۲۷۲ هجری موافق سنه ۱۸۵۶ عیسوی بکوشش حقیر با
تقصیر فدوی مانکجی ابن لیمجی ولد هوشنگ هاتریا پارسی
هندوستانی

ઉપલી ફારશી તખતીનો ગુજરાતી તરજુમો.

બનાંમે ઇઅજદે બખશાએનદેએ બખશાએશગરે મેહેરબાંન રાશતી પશંદ આએ મુબારક આતશગાહની જગા જે દાદગાહને લગતીછે તે પાદશાહ જમ જાહ અદાલત પનાંહ નાંશરઉલદીન શાહ કાજારનાં જમાંનાંમાં શદા કાએમ રેહજો હેની પાદશાહી અને આપણો પરાંણ ફીદા હોજો.

શ્રી હીનદુશતાંનનાં રેહેવાશી જરતોશતી શખાવતનાં કરનાર નેક બુનીઆદનાં જેહેવો અદલ ઇનશાફ ભરેલી અંગરેજી શલતનતની રઇઅતછે તેઓએ પોતાનાં જાતભાઈ ઇરાંનનાં રેહેવાશીઓની આશુદગીના આરાંમને શારૂ અને પાક એજદાંની ખશનુદીને વાંશતે આએ એમારત બંધાવી, તારીખ રોજ ફરવરદીન માહ મેહર શને ઇઅજદજરદી ૧૨૨૫, હેજરી શને ૧૨૭૨, અંગરેજી શને ૧૮૫૬, કમતરીન ફીદવી માંણેકજી લીમજી વલદે હોશંગ આંતરીઆ હીનદુશતાંની પારશીની કોશેશથી.


"એ નવાં ડુખમાં વીશે જે તા૦ ૮ મી અકટોબર શને ૧૮૫૪ ને દીને હકીરે લખવા મુજબ પાએરી ૩૭૫) નો નકશો રીપોરટને પાંને ૫૪ મે મુકવામે આવેઓછે પણ તે પછે જે તા૦ ૧ લી મેહે સને ૧૮૫૫ ને દીને ફરી ઈઅંજદ થી લખીને હકીરે અરજ કરીતી તે મુજબ ફુટ ૧૦૮) ની ભરતમાં તાંણો પુરીઓ હતો તેથી પાએરી ૪૮૦) નું એ ડુખમું બનધાએલું છે પણ તેહેનો નકી નકશો મોકલવાને કારેલો લડાઈની ગરબર વચે આવવાને શબબે રેહી ગીઓચ તે આ અંનદરછે."

ઈઅજદ મધેના નવા ડુખમાનો નકશો.

"અશલ ઈરાંની માજદીઅશનાંનો માહેલા હીનદુશતાંન તરફ જાઈ વશેલા પારશીઓની અશબ નશબનાં જે કદીમ શાહા શાંનીઆંન શીલશીલાનાંછે તે શખી વજુદ શેઠીઆઓની અંનજુમને પોતાનાં પુરાતન વતનમાં બાકી બનએલા હમદીન ભાઈઓની આશુદગી કીજે ઈઅનજદાંનીઆંન આઈન અને જરતોશતી કીશમનાં કાંનુન મુજબે ઈઅનજદ શેહેર મધે કે જેનું અશલી નાંમ "ડુશવારગેરદ" હતું ને હાલે "દારૂલ એબાદ" કેહેવાએછે તાંહાં એક નવું ડુખમું કંમતરીન મુશાફર માણેકજી લીમજી હોશંગ આંતરીઆનાંની મારફતે બનધાવી અપાવેઉછે તેહેનાં નકશા શીકેની તપશીલ અતરે નીચે જણાવેઆમાં આવીચ."

૧. એ ડુખમુ ઈઅનજદ શેહેરની આબાદીથી આશરે દોહોડ માઈલ જેટલે ડુખમાંની ઉગમનનાં દુર જુનાં વપરાતાં નરીમાંન "કુહેન" નાંમે ડુંગર પર ૧૦૨) ઈંગરેજી ફુટની પોહોલાઈ અને ૧૦૮) ફુટ લંબાઈની હધ ઘેરીને "દવાર દરાજ" એટલે જે ગોલ આકાર લંબાની ઘાટે બાંધવામાં આવેઉછે, તેમાં ૬ ભાગે રૂવાંનો ૪૮૦ મુકવાની જગેઆ. અને એક ભંનદારો તથા તે ભનદારામાં ૪) કુઆ કરીને એ બધી અધની બાહાર ફરતી દોરાદોર દીવાર ભરી લેવામાં આવેલીછે.

"એ ડુખમું અશલ "આતશ શુજ" ઈઆને શગરીની ઈમારતથી આશરે પંનદરશો કદમ ચહરાંને ચાલતે જે ડુંગર પર બંનધાવામાં આવેઉછે તે અશલ શગરીવાલી જમીનથી તરાજુ કરતે ૩૦૦ ફુટ જેટલે ઉનચાઈમાં આવેલુછે, તેવુંજ બે વલાંણો લેઈને રશતો મોકરો બાંધવામાં આવેઓચ કે રૂવાંન લેઈ ખાંધીઆઓને ઉપર જાવા કીજે આશાંનીથી બની શકે.


૧૨
જુનુ·દખમુ·એ·
ડુંગર·પર·છે.
ઉત્તર

"ઉપર ડુખ્મમાં પાશે બાહારથી ૩૦) ફુટ લંબાઈ ને ૧૮) ફુટ પોહોલાઈનો ચોક બનાવીને બાહારની બે બાજુએ ઉગમન તથા દખ્નાંદી દીવાર અહીઆરખી ભરી લેવામાં આવીચ કે તેહાં ખાંધીઆઓ ને નશેશાલારો વગેરેને બેશવા કે ઉભુ રેહેવાને બને.

"તેહાં ડુખ્મમાંનો દરવાજો ઉગમંનની શનમુખે જમીનથી ૬) ફુટ ઉન્ચેથી મુકવામાં આવેલોછે કે તેપર કોઈ બીજી કોમ વાલાને ચહડવા કે દશતઅનદાજી કરવાને એકાએક બની નહી શકે, તેહેનું બારણું પથરનું ને કર કુચીનો અદગરો તથા ચુઈઆરાં શરવે લોહોડાંનાંછે, તે દરવાજો ૪ાા ફુટનો ને હેઠલાં ઉપલાં બારશાકો ૧ાા ફુટના મલીને ૬ ફુટનો થએઓચ, તેહાં અનદર જાવાથકી બારણાં પાશે બે ગોખલા છુપા મુકેઆચ કે તેપર પગ ટેકવીને અવલ એક બે જણને ઉપર ચહડવાને બને.

૨. એ ડુખ્મમાંનાં દરવાજાની ઉપર ૧ાા ફુટ જગેઆ મુકીને તવારીખ તથા ઈઆદ દાશતની તખતી મુકવામાં આવીચ, તેહેની ઉનચાઈ ૩ાા ફુટ બનેલીછે, તેને માથે બાકી દીવારની ચોટી ૨ા ફુટ બંનચીચ તેહાં તુલકે જમીનથી ૧૯ાા ફુટની એનીગમ દીવાર દેખઈતીછે.

૩. એ ડુખ્મમાંનાં દરવાજા પાશે બાંધેલી અહીઆરખી દીવરાની દખનાંદી તરફનો ડુંગર શરખો ઉનચાઈએછે કે તેહાંથી ૩૦૦) ફુટને આશરે ઉનદાંન જાતે જમીન આવેચ ને ઉતરાદી ગમ ધલાંન પરતો ડુંગરછે કે તેહાં અવલમે પંચવાલા ભાઈઓએ બનધાવેલી કાચી દીવાર નીચાંનમાં આવીચ ને આઠમણ ગમ એ ડુંગરની પુઠ ઢલતીછે.

"એ ડુખ્મમાંની દીવાર જે પાકા ચુનાં, પથર ને મરોરાં વતે નીચેથી બાંધવામાં આવીચ તે એ અશલ ડુંગરનાં ખાંચાંની પુરણી કરીને છેક ઉપર શુધી બાંધકાંમ થએઉછે, તેહેની તપશીલનો ફાલો.

"ઉગમણ તરફની દીવાર પાએઆમાં ૬) ફુટ પોહોલાઈએ ને ૧૯ાા
"ફુટની ઉનચાઈછે, ઈશાંન ખુંન તરફ જાતે પોહોલાઈમે ૧૨) ફુટ ને ઉ
"નચાઈમે ૩૫) ફુટ તુલક આવીચ, ઓતર દશાએ પોહોલાઈમે ૧૪) ફુ
"ટ તેને ઉનચાઈમે ૩૬) ફુટ તુલકે થાઈચ, વાવેઅખુન તરફ જાતે ૧૦ાા
"ફુટ પોહોલાઈમે ને ૩૧) ફુટ શુધી ઉનચાઈ થઈ, આઠમણ તરફ ડુંગર
"ની પુઠવારી દાંમને ૭) ફુટ પોહોલાઈમે ને ૧૭ાા ફુટ ઉનચી આવીચ,
"નઈરૂત ખુન તરફ ફુટ ૫ા ની પોહોલાઈ ને ૧૮) ફુટની ઉનચાઈ બ
"નેલીછે. દખનાંદી ગમથી ફુટ ૬) ની પોહોલાઈ ને ૨૪) ફુટ ઉનચાઈ
"એ થએલીછે. અગની ખુન તરફ ફુટ ૫) ની પોહોલાઈ ને ૧૭ાા ફુટ
"ની ઉનચાઈ આવીચ. એ પરમાંણે બાહારથી ભરત કરવામે આવી

" છે પણ અંદરનાં ચબુતરા પરથી ૯) ફુટની ઉનચાઈએ દીવાર દેખઈ
" તી રહીચ ને બાકી બધી પુરણીછે.

૪. એ દુખ્માંનો દરવાજો ઉઘારીને અંદર જાતે ૯) ફુટ મુકીને વલાંન દખ નાંદી ગમ ૧૮) ફુટનું કીધુચ તેમાં ચહડતી શીડીઓ બનાવીને રૂવાંનને ગેહાંન શુધાં અંદર લેઈ જાવાનું આશાંન કરેઉંચ કેમજે જુનાં વપરાતાં દુખ્માંમે તેમ નહી હોવાને શબબે બાહારથી રૂવાંનને હાથપેર ઉચકી લેઈ જાવાની ચાલ હતી તે તરફ કરાવીછે.

"અને એ દરવાજા પાશેનાં વલાંન તથા શીડીઓને માંથે પાકુ ધાબુ બનાવામાં આવેઉંચ કે બરફ બારેશ તે દાલુનમાં નહી પરે ને કંઈ ખુરદો ખોરાક પર દાંઓ તેહાં લાવી નહી શકે.

૫. અંદર દુખ્માં મધે દીવાર પાશેથી ૧ાા ફુટની દોઉરતા દોઉર રાહારવ મુકીને ફરતી ૪ાા ફુટની પાએરીએ મરદોનાં રૂવાંન ૧૦૫ મુકવા કીજે બનાવામાં આવીછે.

૬. ફરીને તે પાએરી પાશે ૧ાા ફુટની રાહારવ બીજી મુકીને ૪ાા ફુટની બીજી પાએરીઓ ફરતી ૯૫ મરોદોનાં રૂવાંન મુકવાની કરીચ.

૭. ઉપર મુજબ તીરીજી રાહારવ ફુટ ૧ાા ની મુકીને ૪ાા ફુટની પાએરીઓ ફરતી ૮૫ ઓરતોનાં રૂવાંનો મુકવા કીજે કરેલીછે.

૮. ચોથી રાહારવ ફુટ ૧ાા ની મુકીને ફરી ઓરતો ૭૫ નાં રૂવાંન મુકવા કીજે ફરતી પાએરીઓ ફુટ ૪ નાં કદની બનાવામાં આવીચ.

૯. બચાંઓનાં રૂવાંન ૬૫ મુકવા થકી પાંચમી રાહારવ ફુટ ૧ાા ની મુકીને ફરતી ૨ાા ફુટનાં કદની પાએરી બનાવવામાં આવીચ.

૧૦. ફરી બચાંઓનાં રૂવાંન ૫૫ મુકવા શારૂ છઠી રાહારવ મુકીને ૨ાા ફુટની ફરતી પાએરીઓં બનાવામાં આવીચ.

" એ પરમાંણે જે જુદી જુદી ૬ હાર પાએરીઓની કરીચ તેહેમાં મો
" હોટા પથરો શેલ જેવા મુકવામાં નથી આવેર્આ કેમજે જો તેમ કર
" તેતો હરદફે દગો ફેશાદ કે શાહાના * * વખતે લુંટારાઓ તે પથરા
" કાહાડી લેઈ જાવાની લાલચે એ મકાંનને તારાજ તથા અભેખર કર
" તે, વાશતે અંજુમનની શલાહ લેઈને ગરગરીઠ પથરો જે નદીનાં વો
" હોમાં ડુંગરો પરથી પડેલા શાફ ને લીશા મલેચ તે પકા ચુનાં વતે બે
" શાડવામાં આવેઆચ તેથી દર પાએરીનાં અધનાં ચોકમાં જરાવની
" કની ટીપકાં ટીપકાં નકશામે જણાવેઆંચ તે વીશેનાં ખોલાશા કીજે ઉ
" પલો એહવાલ લખેઓછે અને શરફાબાદવારાં દુખમાં વીશે પણ તેમ
" જ જાણવું.

૧૧. છેહલી પાએરીઓની પાશે શાતમી રાહારવ ફુટ ૧॥ મુકીને ભનદારો આવેઓચ તેહેને ચાહારે ખુને ૪ કુઆ ખોદી કાહાડેઆચ કે તે દરએક ૩॥ ફુટ પોહોરાઈ મોહોડાના ને ૫ ફુટ તુલેક ઉનડાઈમાં કરીને મોહોડાં આગલથી ૦॥॥ ફુટની શાંકરી જગેઆ રાખતે બાકી ધાંકી લેવામાં આવેઆચ ને તેપર લોહોડાંની જારીઓ ગોઠવીચ કે પાંણી શીવાએ બીજી કંઈ ચીજ તેમાં નહી જાએ.

૧૨. ભનદારો દવારદરાજ એટલે ગોલાઆકાર લંબાની ઉગમણ આઠમણ લંબાઈ ૪૨) ફુટ ને ઓતર દખનાંદી ચપતાઈની પોહોરાઈએ ૩૬) ફુટનો પાકા પથર ચુનાંએ ૧૨) ફુટ ઉનડો બાંધેલોછે.

"એ ઉપલી તપશીલ મુજબનાં બાંધકાંમની શરૂઆત રોજ ૧૭ મો ને માહા પેહેલો શેહેનશાહી તથા માહા બીજો કદમી શને ૧૨૨૪ ને દીનેથી ચાલી અને દીન કીરીઆ મુજબે ટાંણો રોજ ૧૯ મો ને માહા ૭ મો શેહેનશાહી તથા માહા ૮ મો કદીમ (શને ૧૨૨૪ ઈઅનદજરદી) ને દીને પુરેઓ હતો, અને રોજ ૨૨ મો કુશતબીન ને માહા બીજો નોબાહાર શમશી મુતાબકે રોજ ૧૯ મો ને માહા ૮ મો શેહેનશાહી તથા માહા ૯ મો કદમી શને ૧૨૨૫ ઈઅનદજરદી શેહેરીઆરનાં જલુશી મુઆફેક તા૦ ૧૧ મી માહે મેએ શને ૧૮૫૬ ઈશવી ને રવેઉને દીને અનજામ પોંહોંચેઆથી પઈશા ખરચનારા પરઉપકારી ગરહશથોને જાવેદાંન પુન પોહોચવાનુ જશન કરી ઈઅનદ ને એતરાફનાં રેહેવાશી કુલે જરતોશતી પારશીઓની ખાશોઆમ મરદો જન શીકે નાંહલાં મોહોટાંની અનજુમન મેલવીને તેઓનાં શવાધીનમાં શોફતી વખતે આએ ખાકશાર મુશાફરે કેટલીએક બાબદોશર ભાશાંન કરી શરવેને શંભલાવેઉ તે મુજબે તુરત પંચના દફતરમે બેહેદીન પુલાદે રૂશતમે શરવીને નોધી લેઈ હાજર મીજલશીઓમાંનાં રીશ શફીદોની શહીઓ કરાવીચ કે તેહેનો તરજુમો હીનદુશતાંનવાલા અકાબર શાહેબોની શેવામાં મોકલવા થકી જુદાં કાગજપર ઉતારવામાં આવેઓછે.

"એ શીવાએ શગરીવાલુ મનદીર કે જેને આતશ શુજ કેહેચ તે અમારત પણ જુની ઘણી હોવાને શબબે પડી ભાગવા જોગ બની ગેઈતી તે દરૂશત કરાવીને તેને લગતી પાછલી ગમથી એક ઓરડી બનધાવી આપવામાં આવીચ કે વખતે દુરદરાજના આવેલા ખાંધીઆ નશેશાલારો વગેરેને બરફ બારેશ વખતે વાશો લેવાને બને અથવા રાતોવાઈ આવેલાં કે આપઘાત તથા કતલ થાએલાં જેહેવાં રૂવાંનોને બાહારો બાહાર લાવી તેહાં મુકી ઘે શારવા કાંમ લાગે.

"અને મોબેદો કે બેહેદીનોને એબાદત કરવા બેશવાની જગેઆ તથા રાતવાશો કરવા થકી જે જે મકાંનો કદીમ હતાં ને છે તેજ જગેઆવો હાલે પણ વપરાવેઆમાં કાંમ લાગેચ કેમજે જેટલો ફાશલો (ઈઆને તફાવત) શગરીવાલી અ

મારતને જુનાં વપરાતાં ડુખમાં વચ્ચેછે તેટલેજ ડુર એ ઉપર કહેઉં નવું ડુખમું પણ આવેઉચ તેથી શરવે વાતે આશાંની ભરેલું થાએઉંચ.

"એ શીવાએ બીજી તપશીલ કાગજ મધે લખાશે એટલે અતરે મુખતેશર કરી નકશાને લગતું આએ કાગજ શંમપુરણ કરેઉંચ.

લા૦ અનજુમનનો આધીન શેવક કમતરીન મુશાફર,
માંણેકજી લીમજી હોશંગ હાતરીઆનાં.

" વાશતે એ નકશા પરથી જોવામાં આવશે કે નવા ડુખમાંનો ઘાટ મુદવ
" વરં તુલાની એટલે જે ગોલ આકાર લંમબાની બનેઓછે અને તેહમાં મર
" દો કીજે ૨ તથા ઓરતો કીજે ૨ અને બચાંઓ ફીજે ૨ બેની હાર મલીને
" છઅ પાએરીઓનો ફરતો ઘેરાવો રૂવાનો મુકવાનાં કરવામો આવીઓછે તેહે
" ની શરવે તફસીલ એ નકશા ઉપરથી જાંણુશો.

" અને એ નવા ડુખમાને માથે મુકંવા ધારેલી તખતીની નકલ એક વર
" શ આગમજ મુંબઈ બીડવામાં આવી હતી પણ તીઆરપછી જારે ડુંખમું ત
" ઈઆર થાઈ રહેઉં તે વખતે તાંહાંની અનજુમન વાલા ભાઈઓની મશલ
" હત ને મરજી મુજબ એબારત ને દારોવાર ફેરફાર કરી મુકાવવામે આવીછે.

નવાં ડુખમાં ઊપર મેલેલી તખતીની નકલ.

بنام ایزد بخشاینده بخشایش‌گر مهربان راستی پسند

این دادگاه در عهد دولت دوران مدت پادشاه جمجاه معدلت پناه ناصرالدین شاه قاجار خلدالله ملکه و روحنا فداه بهمت صاحب خیران و نیک بنیان زرانشتیان متوطن هندوستان رعیت دولت معدلت بسطت انگلیس بجهت بی بضاعتی همکیشان خود بسکنهٔ ایران و خوشنودی پاک یزدان و پیغمبران ساخته شده بتاریخ روز فروردین از ماه مهر ایزد سنه ۱۲۲۵ یزدجردی مطابق سنه ۱۲۷۲ هجری موافق سنه ۱۸۵۶ عیسوی بکوشش حقیر با تقصیر فدوی مانکجی ابن لیمجی ولد هوشنگ هاتریا پارسی هندوستانی
بنای این دادگاه استاد خسرو ولد اردشیر بنا

ઉપલી ફારશી તખતીનો ગુજરાતી શાર.

બનામે ઇઅનદે બખશા એનદેએ બખશાએશગરે મેહેરબાંન રાશતી પશંદ.

"આએ દાદગાહ ઇઆને દખમું પાદશાહ જમજાહ અદાલત પનાંહ નાસેર ઉલદીન શાહ કાજારનાં જમાંનાંમાં હેની પાદશાહી કાએમ તથા આપણો જાંન હેની ઉપર કુરબાંન હોજો, હીંનદુશતાંનનાં રેહેવાશી જરતોશતી જેઓ અંગરેજ શરકારની રઇઅતછે તેઓની હીમત તથા શખાવતથી અને ઇરાંનનાં રેહેવાશી જાત ભાઇઓની કંગાલી હાલતને લીધેં પાક ઇઅનદાં તથા પેગમબરોની ખશનુદીને શારૂં એ દાદગાહ બાંધવામાં આવેઉ.

તારીખ રોજ ફરવરદીન માહ મેહર ઇનદ શને ૧૨૨૫ ઇઅનદજરદી, સને ૧૨૭૨ હેજરી, શને ૧૮૫૬ અંગરેજી, કમતરીન ફીદવી માંણેકજી લીમજી વલદે હોશંગ આતરીઆ હીનદુશતાંની પારશીની કોશેશથી—એ દખમુ ઓશતાદ ખુશરો વલદે અરદેશરે બાંધેઉં.

"માનવંત મંડલીનાં અકાબર શાહેબોને અનજાંણીઉં નહી હશે જે એ દુ
"ખમાંવારો ડુંગર શરખો ઉનચાંન પર હતો એટલા કીજે કેટલીએક વલાંનોથી
"રશતો બાંધી આપવામો આવીઓછે, તે શગરીવાલા ઘેર પાશેથી તે દુખમાંનાં
"દરવાજા તુલક આશરે ૧૫૦૦) કદમ ચહરાંનં ચાલવું પરેચ, પણ ઉપર જનારા
"ઓને રૂવાંન શાથે ભારે શકતી ખેંચવી નથીં પડતી ને આશાંનીએ મઇઅત
"ને અવલ મનજલ પોહોંચાડવાને બનેછે.

"અને તેહાં દુખમાં આગલ કે અંદર દુરવંદોને નહી જાવાદેવા કીજે અને
"તેહવા જાલમો કે જાહેલોની ભુલ ભાંજી અટકાવવા થકી ઇશલાંમીઆંનીઓનાં
"ધરમ પુશતક કુરાંને મજીદની આએતથી શાખશી આપી એક તખતી કોતરા
"વીને લેઆંનત નાંમાં (ઇઆને દુવાહી) તરીકે ઉપર ચહડવાનાં રશતાને માંથે
"મુકવામાં આવીચ.

દુરવંદોને અંદર નહી જવા દેવાને માટે દુખમાંનાં રશતાને માથે મેલેલી તખતીની નકલ.

هوالا تعالی شانه

از بخشش پاک یزدان چون حکم شرع شریف و سلطنت جاوید
مدت همایون بتاریخ ششم شهر رمضان المبارک سنه ۱۲۷۲ هجریه
یوم فروردین ایزد اج آذر ماه قدیم سنه ۱۲۲۵ ایزدجردی کار این
دخمه انجام رسید و در بضیاء اسلام مقرر است که من احی ارضی
فهی له و موافق نص قرآن مجید که لا تد خلو ابیوتا الا ان یوذن لکم
بدون اذن صاحب خانه دخول در بیت حرام است و همچنین در
کتاب پارس قدیم مذکور است که در دخمه و دور دخمه سوای حمل
و نقل کنندگان میت کسی دیگر را جایز نیست ازین سبب دعا
و آفرین از جانب این مشافر درویش فانی مانکجی ابن لیمجی
ولد هوشنگ هاتریا فارسی هندوستانی بر خانندہ وعمل کنندہ بآن
باد و خلاف کنندہ بلعنت حق و پیغمبران او و نفرین ملایکه گرفتار باد

ઉપર જણાવેલી તખતીનો તરજુમો તમ શાહેબોને જાહેર થાવાને વાશતે નીચે દાખલ કરીઓછે.

" તે છે ખોદા જેહની શાન શોકશ મોહોટીછે.

પાક ઇઅનજદાંનની બખશેશથી અને શરેઅ શરીફ તથા સલતનતની બરકતથી તા૦ ૬ ઠી રમજાંન શને ૧૨૭૨ હેજરી, રોજ ફરવરદીન માહ આદર કદીમ શને ૧૨૨૫ ઇઅનજદજરદીને દીને આએ દુખમાંનું કાંમ પુરૂં થઇઉં. હવે દીને ઇશલાંમમાં આવેલુંછે કે જે કોઇ એક જમીન ઘેરી લીએ તારે તે જમીન તેહેની કેહેવાએ અને કોરાને મજીદનાં કોલ પરમાંણે કે ઘર ધણીની રજા વગર કોઇનાં ઘરમાં જવું હરાંમછે અને એજ પરમાંણે કદીમ ફારશી કેતાબમાં આવેલુંછે કે દખમાંની અંદર તથા તેહેની આશપાશ મઇઅત ઉચકનાર તથા મુરડાંને લેઇ જનાર શીવાએ કોઇ બીજાને જવું રવા નથી, વાશતે આએ મુશાફર દરવેશફાંની માંણેકજી લીમજી વલદે હોશંગ આંતરીઆ હીનદુશતાંનની તરફથી વાંચનાર તથા તે ઉપર અમલ કરનાર ઉપર દોઆ તથા આફરીન હોજો અને એ

થી ઉલટો જે કોઈ ચાલે તે ખોદાતાલા તથા પેગમબરોનાં તથા ફરેશતાઓની લે આનતમાં ગેરફતાર હોજો.

" એ શીવાએ અતરે કેહવાને મોહોટી દલગીરી ઉપજેચ કે ઉપર કેહી ત
" ખતીની હારમે જે દુખમાંની હેઠવાઈમાં ફરતી દીવાર હતી કે જેહેની તફશી
" લ તા૦ ૩૦ મી ડીશેમબર ૧૮૫૪ વાલા કાગજમે હકીરે લખેઆ મુજબ ત
" મારા રીપોરટને શફે ૫૫ મે ઉતારવામાં આવીછે તે બધી ભાંજફોર કરીને પથ
" રાવો મુશલમાંન લોકો લેઈ જાએચ તે વીશે ઈઅજદવાલા ભાઈઓએ એક બે
" વાર ફ્રર પકર કરવાથી ઓર ચાર કોટવાલને દંનડે તેમ એ બીચારા બેહેદીનો
" નેજ તકશીરવાર ઠેરવી એક બે દાહાડા કેદ રાખેઆ હતા તેહેને શબબે હવે
" કોઈ વચમે બોલવાની જુરત નથી કરતા ને વારેવાર અતરે હુમપર લખી મો
" કલવા મુજબ હાલે શેજ દાહાડાઓપર દેવાંની હોકમનાંમાં શાથે હમે પણ ઈ
" અજદનાં હાકેમપર લખી મોકલીઉંછે ને તેહેમાં જણાવીઉંચ કે એ દુખમું
" અંગરેજી રઈઅતને પઈશે બનધાવીઉંછે વાશતે જો તમો તે દીવાર ભાંજી લેઈ
" જાનારાઓને શજા કે મનાં નહી કરશોતો હમો અતરે અંગરેજી કોઠીદારની
" મારફતે અકદશે હોમાએઉન શેહેનશાહની શેવામો અરજ કરીને નુકશાંનનાં
" પઈશા લેવાનાં કાંમમે કોતાઈ નહી કરીશે, તે વખતે કદાચ માઠું લાગે વાશતે
" અવલથી ચેતવીએચ.

" વાશતે એ ઉપલા કાગજો પોહોતાં પછે શું બનીઉંચ તેહેની કશી ખબર
" હજીર મલી નથી.

શરફાબાદનાં દુખમાંનો એહવાલ.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે શરફાબાદનાં દુખમાંની તફશીલ તમારી માજી કારોબાર મંડલીએ શને ૧૮૫૯ ઈશવીનાં શાલના છપાવેલા રીપોરટ માહે જાહેર કીધીછે તે ઉપરાંત વધારે જાંણવા જોગ બીનાં શારૂં તે દુખમાંનો નકશો, તેહેનાં ભરત અને તપશીલ શીકકે ભાઈ માંણેકજી આંતરીઆએ અતરે મોકલીઓછે તે નકશો તમ સાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરેઓછે.

શ્રી પાક ઈઅજદાંને બી નીઆજની બખશેશ કરી.

હીનદુશતાંનનાં રેહેવાશી પારશી અનજુમનનાં અકાબર શાહેબોએ પોતાનાં પુરાતન વતનીને હમદીન માંનદીઅશનાંનોની આશુદગીને વાશતે પરઉપકારીપ

ણે કરી ઈરાંન પરાંતનાં "અરદેકાંન" શેહેર પાશેના શરફાબાદ કશબાનાં રેહેવા શીઓ, તથા એ તરફનાં ગાંમડાવારા પારશીઓ કીજે ઈઅનજદાનીઆંન આઈન ને જરતોશતી કીશનાં કાનુન મુજબે એક નવું દોખમું કમતરીન મુશાફર માણે કજી લીમજી હોશંગ આંતરીઆનાની મારફતે બનધાવી અપાવેઉચ તેહેનાં નકશા શીકેની તપશીલ અતરે નીચે જણાવેઆ મુજબેછે.

૧. એ દુખમું શરફાબાદની આબાદીથી દખનાંદી તરફ 'મજરે કલાંનત' ગમ જાતે મારગની દાબી બાજુએ એક થલની ઉનચાંન વારા પતપર આં શરે ૨) માઈલ પરછે.

૨. દુખમાંની શાંમને શગરી વારૂ મનદીર કે જેને આતશ શુજ કેહેચ તે ૨૬) ફુટ લંબાઈ ને ૧૪) ફુટની પોહોરાંઈનું બનધાવેઉચ તેહેની ઉનચાઈ ૯) ફુટ જેટલી આવીછે.

૩. દુખમાંનો દરવાજો જમીનથી ૬ાા ફુટ ઉનચાઈએથી મુકવામાં આવેઓચ તે પોતે ૪) ફુટનોછે ને તેને માંથે તખતી એક ગોઠવવામાં આવીચ.

૪. દીવાર બાહારથી દેખઈતી ફુટ ૧૫ાા ઉનચી થાઈચ પણ અંદરનાં ચબુતરા પરથી ૯ાા ફુટનીછે તેનો ઓશાર પાએઆમાંથી ૪ાા ફુટનો લેઈ ઉપર જાતે ૩) ફુટ તુલેકે રાખીચ.

૫. અંદરની ગમ દીવાર પાશે ફરતી રાહારવ ૧ાા ફુટની બનાંવી તેહેની પાશે મરદોના રૂવાંન ૫૪ મુકવાની પાએરીઓ ફરતી દરએક ૪ાા ફુટની લંબાઈએ કરીચ.

૬. બીજી રાહારવ ફુટ ૧ાા ની બનાવીને તે પાશે ઓરતોનાં રૂવાંન ૫૪ મુકવા જોગ પાએરીઓ ફરતી, દરએક ૪ાા ફુટની લંબાઈની કરવામાં આવીચ.

૭. તીજી રાહારવ ફુટ ૧ાા ની મુકીને બચાંઓનાં રૂવાંન ૫૪ કીજે ફરતી પગતી દર ૩) ફુટની બનાવેલીછે.

૮. ચોથી રાહારવ ફુટ ૧ાા ની મુકીને ભનદારાનો કુવો આવેઓચ તે ૧૮) ફુટ પોહોરાઈમે ને ૧૨ ફુટ ઉનડાઈનો પકા પથર ચુનાએ કરી બાંધવામાં આવેઓચ.

૯. ભનદારાની અંદર ચાહારે ખુણે કુવા ૪ દરએક બબે ફુટનાં પોહોરાઈ વારા ૪ાા ફુટ ઉનડાઈ જેટલા ખોદી કારીને મોહોંડાપર જારીઓ મુકાવીચ.

એ ઉપલી તપશીલ પરમાંણેનુ દોખનું દવારદરૂશત બનેઉંચ તેહેનાં ઘેરાવાની દોરી ૧૮૯) ફુટની થાઈચ તેહેનાં અંદર કુલે રૂવાંનો ૧૬૨ મુકવાનું એ દાદગાહા (ઇઆને દુખમુ) બનેલુંછે.

"એ કાંમની શરૂઆત રોજ ૧૯ મો ને માહા ૧૧ મો શેહેનશાહી તથા માહા ૧૨ મો કદીમ શને ૧૨૨૪ ને દીનેથી ચાલી તે રોજ ૧૯ મો ને માહા ૩ જો

શેહેનશાહી માહા ૪ થે કદીમ શને ૧૨૨૫ ને દીને "દીનેબેહી" નાં કાનુન મુજબ ટાંણો પુરવાની કીરીઆ કરવામાં આવી અને રોજ ૧૨ મો "કીનાંકશન" માહા ૪ થો "રોજઅફ્જુન શમશી" મુતાબકે રોજ ૯ મો ને માહા ૧૦ મો શેહેનશાહી તથા માહા ૧૧ મો કદમી શને ૧૨૨૫ ઈઅનદજરદ શેહેરીઆરનાં જલુશી મુઆફેક તા૦ ૩૦ મી જુન શને ૧૮૫૬ ને દીને અનજાંમ પોહોચેઆથી ખરચ કરનાર શખી વજુદ શેઠીઆઓને શદાકાલ શવાબ પોહોચવાનું જશન કરી શરવે જરતોશતી અનજુમન મેલવી તેઓને શોફ્વામાં આવેઉછે. તથા તે શાથે એ દુખમાંની રખેવાલ કીન્જે બે જણ બેહેદીનોને મુકરર કરીને તેહેનાંઓનાં લવાજમ શરફાબાદનાં રેહેવાશી જરતોશતીઓએ દર શાલે ચાલુ આપવાં કબુલીઓછે.

તથા એ દુખમાંની એક બાજુએ શેહેરની તરફ જરાઅત (ઈઆંને ખેતીવાડી) કરવાની જમીન મુશલમાંનોનીછે તેઓ પાશેથી ઈજારે તરીકે બેહેદીનોને શોફાવીચ કે નજદીક હોવાથી મુશલમાંનો દુખમાંને અજીઅત પોહોચાડતાં અચકાએ ને રાત દાહાડો બેહેદીનો તેહાં નજર રાખતા રેહે.

લા૦ કમતરીન મુશાફર,

માંણેકજી લીમજી હોશંગ આંતરીઆનાં.

સરફાબાદનાં દુખમાંપર કોતરેલી તખતીની ફારશી નકલ.

بنام ایزد بخشا یندە بخشایشگر مهربان راستی پسند

این دادگاە در عهد دولت دوران مدت پادشاە جمجاە معدلت پناە ناصرالدین شاە قاجار خلدالا ملکه و روحنا فداە بهمت صاحب خیران و نیک بنیانان زراتشتیان متوطن هندوستان رعیت دولت معدلت بسطت انکلیس بجهت بی بضاعتی همکیشان خود سکنه ایران درقریه شرف‌آباد من قري دارالعبادە یزد و بجهت خوشنودی پاک یزدان و پیغمبران ساخته شد بتاریخ روز فروردین از ماە سپندار سنه ۱۲۲۵ یزدجردي مطابق سنه ۱۲۷۲ هجري موافق سنه ۱۸۵۶ عیسوي بکوشش حقیر با تقصیر فدوي مانکجی ابن لیمجی ولد هوشنگ هاتریا پارسي هندوستانی

ઉપલી ફારશી તખતીનો ગુજરાતી તરજુમો.

બનામે ઈઅનજદે બખ્ખશાએનદેએ બખ્ખશાએશગરે મેહેરબાંન રાશતી પશંદ.

આએ દાદગાહ ઈઆને દખ્મું પાદશાહ જમજાહ અદાલત પનાહ નાંશરઉદદીન શાહ કાજારનાં જમાંનાંમાં અખી રેહેજો હેની પાદશાહી તથા આપણો જાંન એની ઉપર ફીદા હોજો.

હીનદુશતાંનનાં રેહેવાશી જરતોશતી ખેરાતનાં શાહેબ તથા નેક બુનીઆદનાં જેઓ અદલ ઈનશાફ ભરેલી અંગરેજી હકુમતની રઈઅતછે તેઓની હીમ્તથી તથા ઈરાંનનાં રેહેવાશી જાત ભાઈઓની મુફલેશી હાલતને લીધે (શરફુલઆબાદ) નાંમનાં ગાંમમાં જે ઈઅનજદ શેહેરનાં ગાંમરાંઓમાં એક ગાંમછે તાંહાં પાક ઈઅનજદાં તથા પેગમબરોની ખશનુદીને વાશતે બનાવેઉં.

રોજ ફરરવદીન માહ સપંદારમદ શને ૧૨૨૫ ઈઅનજદજરદી, હેજરી શને ૧૨૭૨, ઈશવી શને ૧૮૫૬, ફીદવી માંણેકજી લીમજી બીન હોશંગ આંતરીઆ હીનદુશતાંની પારશીની કોશેશથી.

કેરમાંન અને તેહેરાંનનાં દુખમાં બાબેનો એહવાલ.

કુલક શેહેરની તા૦ ૧ લી શપટેમબર શને ૧૮૫૮ વાલા કાગજ માંહે ભાઈ માંણેકજી હેવી ભલામણ તમારી કારોબાર મંડલીને કરેછે કે—

" કેરમાંનમાં ને તેહેરાંનમાં દુખમાં બાંધવાની અગતછે પણ ફનડ નહી હો
" વાને શબબે કારોબાર મંડલી રજા આપી શકતી નથી કરી ફરમાવીઉં તીઆ
" રે લાચાર છેઈએ પણ કેરમાંનની અનજુમને તેહાંનાં કનાત કશુનનાં દુખમાં
" ની ભાગેલી દેવાલથી ઉપજતા અવગુણોનો એહવાલ વારેવાર લખી વીનંતી
" કરવાને શબબે મજપર ફરજ હતી ને છે, વાશતે ફરીને એલતેમાશ કરીએચ
" કે જો બીલકુલ બનવા શરખું નહી હોએતો તે દુખમાઓના પરી ભાગેલા ભા
" ગ તરફ શરાદાની (ઈઆને પથરનાં ગરકાની) દેવાલ ભરવી જરૂરછે કે તે મધે
" ની મઈએતને કોહોલાં કુતરાંઓ નહી લેઈ જાએ એટલા કીજે તે બેઉ જગે
" આ મલીને અરશતો રૂપીઆ ૫૦૦) તુલક થાએચ તે કરવું જોઈએ.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે હેવા ભાઈ માંણેકજી આંતરીઆનાં લખવા ઉપરથી તા૦ ૯ મી ડીશેમબર ૧૮૫૮ ઈશવીની તેરીખે ભાઈ માંણેકજી આંતરીઆને આએ ધરંમ ખાતાંની પુંજી માંહેથી એ દુખમાં ઉપર શરાદાની દેવાલ ભરાવવાને વાશતે લખી જણાવેઉંછે. એ વીશે ભાઈ માંણે

કજી આંતરીઆ તમારી કારોબાર મંડલીને તેહેરાંનની તા૦ ૨૮ મી ફેબરવારી શને ૧૮૫૯ વાલા કાગજમો જણાવેછે કે—

" કેરમાંન અને કનાતકશુન વાલા દુખ્માઓની દેવાલના ભાગો જે પરી " ભાગેલાછે તેહેની બાજુએ શરાદાની દેવાર ભરવા કીજે રૂપીઆ ૫૦૦ ની અ " મદાદ કીધીછે તેથી મોહોટો ઉપકાર માંનીએચ ને હવે હકીર તેહાં ગીઆ પછે " એ કાંમ અનજાંમ પોહોચાડવામાં આવશે.

તેહેરાંનની તા૦ ૧૭ મી મારચ શને ૧૮૬૦ વાલા કાગજ માંહે ભાઈ માંણે કજી જણાવેછે કે—

" કેરમાંન અને કનાતકશુન વાલા દુખ્માંઓની દેવાલો દરૂશત કરાવવાનું " કાંમ પણ મુલા કેખશરૂએ કાઉશને શોંફીઉંછે કે તાંહાં જાઈને પંચ વાલા ભા " ઈઓની મશલહત મુજબ અનજાંમ પોંહોંચાડે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે ભાઈ માંણેકજી લીમ જી હોશંગ આંતરીઆનાં તેહેરાંનથી તા૦ ૧૫ મી જાનેવારી શને ૧૮૫૭ ઈશવી ની તેરીખ વાલા કાગજમો તેહેરાંન માહે એક નાંહલું દુખ્મું બંધાવવાની જરૂર જણાવી હતી કે આપણાં હમદીન જરતોશતી પારશીઓની જુજ વશતી પણ તે હેરાંન માંહેછે અને જે જરતોશતીઓ ઉપર દારૂલ એબાદે ઈઅજદમાં જુલમ થા એચ તેઆરે તે લોકો તેહેરાંનમાં આવીને વશવાને વાશતે દુખ્મું નહી હોવાના શબબથી અરચણ લીએછે અને હરેક ધંધો કરનારાઓનું ગુજરાંન પણ તે તરફ શારી તરેહથી ચાલેછે, પણ એ તેહેરાંનનું દુખ્મું ફંડ પુરતુ નહી પરેઆને લીધે તમારી માજી કારોબાર મંડલીએ તાં૦ ૧૦ મી જુન. ૧૮૫૭ ઈશવીની તેરીખે એ ખરચ નહી કરવાને લખી જણાવેઉં હતું. તારબાદ ભાઈ માંણેકજી આંતરી આનાં લખેલા તા૦ ૧ લી શપટેમબર ૧૮૫૮ વાલા કાગજમો જણાવેછે કે—

" તેહેરાંનમાંબી દુખ્માં વગરની જે વેલાછે તે વીશે તમારા જવાબ મુજબ " અતરેનાં ભાઈઓને કેહેવામાં આવીઉંછે પણ તેઓએ પોતાની દલગીરી દે " ખાડી ફરીને ઓજરખાહી શાથે લખાવીઉંચ વાશતે અતરે મુખ્તેશરમે અર " જ કરીએચજી.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે—તેહેરાંનમાં દુખ મું બાંધવાની ભલામણ કરવાને વાશતે ભાઈ માંણેકજી આંતરીઆએ શેઠ મેહેર વાંનજી ફરાંમજી ઉપર ખાંનગી કાગજ એક તારીખ ૩૦ મી નવેમબર શને ૧૮૫૮ ની તેરીખે લખેઓ હતો, તે મધે કેટલાએક અગતનાં કાંમો ઈરાંન તરફ કરાવવા શારૂ ભાઈ માંણેકજી આંતરીઆએ લખેઉં હતું તે કાંમો મધે એક તેહેરાંનમાં

દુખમું બાંધવાની જરૂર જણાવેલીછે. એ વીશે તમારી કારોબાર મંડલીને વાકેફ થાવાને વાશતે શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાડેએ પતર ૧ તારીખ ૨૭ મી જુલાઈ ૧૮૫૯ ની તેરીખે લખેઓછે. તે મધે શેઠ મેહેરવાંનજી ફરાંમજી લખી જણાવેછેકે—

"તારીખ ૩૦ મી નવેમબર ૧૮૫૮ વાલા કાગજમો ભાઈ માંણેકજી આંતરી આ લખેચ કે, એક દુખમુ તેહેરાંનમો બાંધવાનો બંદોબશત કરાવવાની વાત વે આંન ઉપર રાખવીજી કે એ નેક કાંમ બનશેતો ૩૦—૪૦ ઘેર ઈઅજદ કે કેરમા નનીં વંશતી અંતરે કરાવાથી આગલ થતાં ઘણો ફેજ ઉપજશે તેહેમાં શક નહી ને હકીર બાબે કોઈ શાહેબ હેવો ખેઆલ કરે કે તે દુખમું માંણેકજી પોતાને વાશ તે બંધાવા ચાહેછે જે પોતે તાંહાંજ રેહેતો તેબી બેહેતરછે કે હીનદુશતાંન મુકીને ઈરાંનમાં આવવાથી હાડકાં ઠેકાંણે પરવાનું નેક કાંમ બનશે વાંશતે હર પરકારે એ કારણશર રૂ૪૦૦૦) થીતે ૫૦૦૦) શુધીની જોગવાઈ હરેક શખી વજુદથી કરાવવાને નહીં ચુકવુંજી."

એ ઉપર લખી જણાવેલી ભલાંમણ ઉપરથી તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે તારીખ ૨૬ મી અકટોબર શને ૧૮૫૯ ની તેરીખે તમારી કારોબાર મંડલીએ ભાઈ માંણેકજી આંતરીઆ ઉપર લખી વાલીઉંછે જે તેહેરાંન માહે એક દુખમું રૂપીઆ ચારથી તે પાંચ હજાર શુધી ખરચીને બાંધજો. એ વીશે ભાઈ માંણેકજી આંતરીઆ તેહેરાંનની તારીખ ૧૭ મી મારચ શને ૧૮૬૦ વાલા કાગજમો તમારી કારોબાર મંડલીને લખી જણાવેછે કે,

"તેહેરાંનમાં નવું દુખમું બંધાવી આપવા થકી માંનવંનત મંડલીની તરફથી જે પરવાંનગી લખી જણાવેઆમાં આવીછે તે જાંણવાથી અતરેનાં બેહેદીનો મોહોટો ઉપકાર માંનીને શદ હજારા હજાર આફરીન બોલવું બજા લાવેઆચ, તથા હકીરે એ બાબદશર તા૦ ૧૪ મી ફેબરવારી શને ૧૮૬૦ ને દીને મીજલશ મેલવીને શરવેને કેહી શંભલાવેઆ પછે પોતાનાં ઉપર અકાબર શાહેબોનાં હેશાંન શમંદી શુકર ગુજારી કેહી શંભલાવીચ.

નશાખાંનાં બાબેનો એહવાલ.

તમારી કારોબાર મંડલીને તમ શાહેબો આગલ જાહેર કરવાને કઈએક ખુશાલી પેદા થાઈછે કે જે પરમાંણે આપણાં હીનદોશતાંન તરફનાં જરતોશતીઓ હરેક તરેહનાં ધરમનાં મકાંનો તથા તેહેવાંજ બીજાં કાંમો કરવાને તથા કરાવવાને આગેવાની કરતા આવેઆછે તે દાખલો લેઈને આપણાં હમદીન ઈરાનના જરતોશતીઓ પણ હેવાં ધરમના મકાંનો બાંધવામો પોતાની ઉલટ દેખાડતા જાવા વીશે ભાઈ માંણેકજી આંતરીઆ કુલક શેહેરની તારીખ ૧૫ મી શપટેમબર ૧૮૫૯ વાલા કાગજમો તમારી કારોબાર મંડલીને જાંણ કરેછે કે,

"બેહેદીન શેહેરીઆરે શરૂશે પોતાના છોકરા બેહેશતી ખુદાદાદની નઈએતે તે
" નશાખાંના પાશે વાપરવાનો પાણીનો કુવો બંધાવી આપીઓચ ને એક નશે
" શાલારનેબી તાંહાં લાવી રાખેઓચ.

એજ તેરીખ વાલા કાગજમો ભાઈ માંણેકજી આંતરીઆ લખેછે કે—

"અતરે વેલા એક નવી ખબર મલીચ કે આપણી અનજુમનની વતી
" બનધાવી આપેલા નવા દુખમાંની હેઠવાઈએ કે શાંમને તરફ આતશગુજ (ઈ
" આને શગરી) ની પાશે એક એબાદત ગાહની જગેઆ શારી પાકટ બાંધનીથી
" બેહેદીન શેહેરીઆરે શરૂશે પોતાનાં દીકરા બેહશતી ખોદાદાદનાં રૂવાંનની ખુ
" શનુમનદી કીજે તઈઆર કરવા માંડીછે અને એજ પરમાંણે બીજા બેહેદીનો
" નો પણ ખેઆલ બીજી બેઠકો બંધાવાનો હોએ કરીને કેહેવાએચ પણ તેહે
" નાંઓ વીશે નકી ખબર નથી મલી.

હેવા ભાઈ માંણેકજી આંતરીઆનાં લખવા ઉપરથી તમારી કારોબાર મંડલીએ વીચારીઉં કે બેહેદીન શેહેરીઆરે શરૂશ ઉપર એક મરહબા (ઈઆને શાબાશી) પતર મોકલીએતો તાંહાંવાલા આપણા હમદીન જરતોશતીઓને હેવા ધરમનાં કાંમો કરવાનો તથા કરાવવાનો ઉલટ થાએતો આગલ જાતે હેવા ધરમનાં મકાંનો કે જેથી આલમને ફાએદો પોંહોંચે તે પોતે કરવાને અથવા બીજાઓ પાશે કરાવવાની ઉલટ રાખે, હેવો વીચાર કરીને બેહેદીન શેહેરીઆરે શરૂશ ઉપર એક શાબાશી પતર તમારી કારોબાર મંડલીએ નીચે જણાવેલો ફારશીમાં ભાઈ માંણેકજી હશતક લખાવીઓ હતો તે ફારશી પતર તમ શાહેબોને વાકેફ થવાને વાશતે નીચે દાખલ કરેઓછે.

બેહેદીન શેહેરીઆરે શરૂશ ઉપર લખાવેલાં ફારસી પતરની નકલ.

مراسله که بشهریار سروش در دار العباد یزد نوشته شده بتاریخ ۲۱ جلی ۱۸۹۶ عیسوی عالیشان عزت و سعادت نشان
برادر مهربان ملا شهریار خلف بهشتی روان سروش را اعلام میشود که دیرگاهیست که از احوالات خیریت علامات آنعالیشان
اطلاع ندارم مگر بسیار مدتی قبل ازین که خبر دهشتاثر وحشت ثمر درباب مرحوم خداداد رسیده بود درینخصوص بسیار افسردگی
و دلخوری حاصل شد اگرچه چیزی بآنعالیشان نوشته نشده درینخصوص لاکن بجهت سایرین و اخوان نزدیکان نوشته ایم و اظهار تالم و تحسر
نموده ایم خالق مهربان آنمرحوم را غریق رحمت خود نماید و بازماندگان را بسلامت بدارد و صبر و اجر بدان برادر کرامت فرماید باری جهان سرای
راحت اندیش نیست عدم با وجود ش دمی نیست همه مرد راهیم پیر و جوان نماند بکتیی کسی جاودان لهذا اچاره بجز صبر و شکیبائی نیست باری
از قراریکه معلوم گردید آنعالیشان پس از فوت مرحوم خداداد از راه ثواب چاه در زاد آورکنده اید و زحمت کشیده اید منزل عبادتگاه در پهلوی
آتش بهرام قدیم روبروی دخمهٔ نوساخته اید که محل عبادت باشد بسیار کار بجا و صواب نموده اید این کیفیت را اینجانب بجهت صاحبان اکابر و بزرگان
هندوستان نوشته بودیم و از طرف انجمن سرکاران آن بزرگواران عالیشان عزت و سعادت نشان برادر مهربان دستور سهرابجی بن بهشتی
روان دستور رستمجی فرمایش که بشما اظهار نمایم اولاً افسردگی درباب آنمرحوم و سلامتی بجهت بازماندگان مرحوم شده که خداوند آنمرحوم را
بیامرزد و بشما اجر و صبر بدهد و ثانیاً مذکور و مرقوم فرموده اند که چنان عملی که آنعالیشان نموده اند درینخصوص آفرین و مرحبا گفته و نوشته اند که یزدان پاک
همه را چنین راه خیر کرامت و هدایت فرماید که اینگونه عملها باعث رفاهیت همگیشان خود و خلق خدا خواهد بود چون در هندوستان مرسوم است که در حالت
مسرت و عیش کردن و چه در وقت عزاداری و افسرده شدن خود را مشغول چنین عملهای خیر مینمایند از این سبب بزرگان و اکابران هندوستان امیدوار هستند
که اهالی یزد و کرمان چنین کار خیر و صواب را پیش بگیرند که باعث نیکنامی جاودان و خوشنودی نیاکان و رستگاری روان خود است چون که در دنیا هر کس آمده
آمد باید برود و ازین جهت هر دی نفسی را لازم است که بقدر مقدور با خیر و رفاه خلق شده باشد زیرا که هر کس در راه حق هر چه از مال خرج کرده یا محنت کشیده اجر آن در تن

[illegible]

બેહેદીન શેહેરીઆરે શફ્રશ ઉપર લખાવેલાં ઉપલાં ફારશી પતરનો ગુજરાતી તરજુમો.

" હવે તમો આલીશાને જે કરાર કરેઓ તે માલમ પરેઓ કે (તમારા દીકરા) મરહુમ ખોદાદાદના પુણને શારૂ પાણીનો કુવો ૧ જાદો મરગની જગા ઉપર ખોદાવાની મેહેનત લીધી અને દુખમાંની શાંમલેની શગરીની બાજુથી એક એબાદત કરવાની નવી જગા બાંધી એ કાંમો તમોએ ઘણા શવાબનાં કીધાં તેથી એ વાતને મેં માહારી તરફથી હીનદોશતાનનાં અકાબરો અને બુજોરગો ઉપર લખેઉ હતું અને તે બુજોરગોની તરફથી આલીશાંન વ શઆદત નેશાન મેહેરબાંન ભાઈ દશતુર શોહોરાબજી એબને બેહેશત રવાન દશતુર રૂશતમજીને ફરમાએશ થાઈ હંતી કે તમોને જાહેર કરે, તેહેમાં પેહેલાં (તમારા દીકરા) મરહુમ ખોદાદાદના ગુજરવાની દલગીરી જણાવીને તમારાં બીજાં ફરજંદોની શલાંમતી ચાહે અને તમારા મરહુમ દીકરા ઉપર ખોદાતાલાની રેહેમ હોજો અને તમોએ જે એ નેક કાંમો કરેઆં તેહેનો બદલો પોહોચજો અને તમારા હેવાં નેક કાંમો કરવાથી તમારા ઉપર તે બુજોરગોએ આફરીન અને શાબાશી લખેલીછે અને પાક ઈઅજદાન તમોને હેવી નેક રાહની હેદાએત ફરમાવે અને હેવાં નેક કાંમો કરવાથી ખોદાતાલાની ખલક તથા તમારા જાત ભાઈઓને આશુદગીનો શબબ થાશે."

" હવે જીઆરે હીનદોશતાંન વાલાઓએ હરેક શર અવશરે હેવા નેક કાંમો કરવાનો પોતા માહે કાએદો રાખેઓછે તે ઉપરથી હીનદોશતાનવાલા અકાબરો અને બુજોરગો હેવી ઉમેદ રાખેછે જે ઈઅજદ અને ફેરમાન પરાંતના રેહેનારા જરતોશતી પારશીઓ હેવા નેક અને શવાબના કાંમો કરવાની પછવાડે કોશેશ કરે કે જાવેદાંન શુધીની નેકનાંમી અને નેઆગાનોની ખુશનુદી અને પોતાના અશો રૂવાંનોને નેજાતનો શબબ થાએ કાંએકે આએ દુનીઆમાં જે પેદા થાએઓ તેહેને મરવુંછે તે વાશતે હરેક જણને લાજેમછે કે પોતાની મકદુર મુજબ નેક કાંમ કરીને ખોદાતાલાની ખલકની આશુદગીનો શબબ બનાંવે કારણ કે જે શખશે ચાર શાઈ † નેક કાંમ પછવાડે ખરચી ઈઆ મેહેનત લીધી તો તેહેનો બદલો શું આએ જાંહાંનમો કે શું તે જાંહાંનમો જાએઆ નહી થાશે."

---

† જાંણવુંજે ૨॥ શાઈનો એક આંનો થાએછે.

આતશબેહેરાંમ તથા આદરીઆંનોનો એહવાલ.

તેહેરાંનની તા૦ ૩૧ મી મારચ શને ૧૮૫૯ વાલા કાગજમો ભાઈ માંણેક જી લીમજી હોશંગ હાતરીઆ લખેછે કે—

" હાલે કેટલાએક મુનાંફેક મુલાંઓ જે ઈઅનદથી મશદ ખાતે જીઆરતે
" ગીઆ હશે તેઓએ તાંહાંથી એક અરજી લખીને મશદવાલા મુરશેદોની પણ
" શહી શાથે લખી મોકલેલુંછે કે ઈઅનદમાં ગબરોએ આતશકદા દરૂશત
" કીધાચ તે ઈશલાંમી શરીઅતથી ઉલટુંછે ને એમજ એ લોકોને જે ચાહે તે ક
" રવા દેશું તો આગલ જાતે મોહમદી મજહબને એ લોકોં નુકશાંન પોંહોંચાડશે,
" અને એ શીવાએ બીજા કેટલાએક શખુનો હશદ અને અદાવત શાથેનાં વા
" પરી દબીરૂલ મુલકની મારફતે શાહા ઉપર મોકલી હતી પણ તે વાંચીને અક
" દશે હોમાએઉન નશરૂદદીન શાહે કાજારે કોહું નહી આપવાથી વાત ઢંકાઈ
" ગેઈચ."

કુલક શેહેરની તારીખ ૧૫ મી સપટેમબર શને ૧૮૫૯ વાલા કાગજમો ભા ઈ માંણેકજી જણાવેછે કે—

" આતશબેહેરાંમ બાબેનો એહવાલબી જે રપોરટ (ઈઆને તારીખ ૨૨
" મી અકટોબર શને ૧૮૫૫ થી તા૦ ૩૦ મી શપટેમબર શને ૧૮૫૮ શુધી)
" ને પાંને ૬૪ મે જાહેર કરીઓચ તે ઉપરાંત આપણાં માજદીઅશનાંનોને વાકે
" ફ થાવા જોગ બીના એછેજે અશલ આતશકદેહ વાલી એમારત શુરતવાલા
" શવરગવાશી નોશરવાંનજી કોહાજીનાએ બંધાવી આપેલી કેહવાએચ."

" અને ચાલુ ખરચને પેટે ખરીદાવી આપેલી જાગીરમાં બાગેચનાર તથા
" આબે મુબારકની ઉપજમાંથી એ બેહશત બેહેરેને નામે દર વરશે ધમબાર પણ
" એ મુબારક મકાંનમાં થાતા આવેચ."

" અને તે આતશનો કેબલો પણ શુરતથી પગ મારગે હીંદોશતાંની મોબે
" દો લેઈ આવેઆ હતા ને દીન કીરીઆનું કાંમ કરી તેવોએજ તખતે બેશાડી
" આ બાદ તેઓમાંહેનો એક હેરબદ નોશીરવાંન નાંમે ઈઅનદમાંજ રેહાને શ
" બબે તીઆંજ મરણ પાંમીઆ વીશે તથા બીજીબી તેહેવીજ બીનાં શરવે ઈઅ
" જદનાં ઘરંડાઓને પુછપરછ કરતે જાણવામો આવીછે વાશતે એ આતશ બા
" બે બીજી બીનાં નીચે જણાવીએચ."

" તે એજ આતશબેહેરાંમનો ગુંબજ જે ઘેરમાં હતો તે ગોએઆ જાલમોની
" બીકમે શબબે છુપુ રાખવા શારૂ એક કોઠારની કાંની ખુનાંમે બંધાવી તેની
" આશપાશનાં ઓરડા ઓરડીમાં જનાબ દશતુર કેખશરૂ પોતાનાં કબીલા શાથે
" રેહેતા હતા, તે તેવણુ બેહેશત બેહરે થાએઆ પછે તેવણનો દીકરો જનાબ દ
" શતુર નાંમદાર પોતાનાં પરીવાર શીકિ હાલે વશેછે તેથી કોઈને બંદગી કરવા
" ને જાવા નહી બનતું હતું."

" તથા એજ એમારતને લગતાં કમપાઉનડ આથમની ગમ છેરે એક બીજી
" એમારત બેહેશત બેહેરે શેઠ ખુરશેદજી કાવશજી અને ફરરોખ રૂવાંન શેઠ ફરાં
" મજી કાવશજી બનાજીનાંએ પઈશા મોકલી બંધાવી આપેલીછે, પણ તે અમાર
" ત અકશર વખત પરત રેહેતી હંતી મગર હાલે જનાબ દશતુર નામદારનાં છો
" કરા મુબેદ શેહેરીઆરને પરણાવી તેહાં રેહેવાને શોંકીચ કે તેથી એમ જણાવેચ
" કે હવે આતશબેહેરાંમની રખેવારી શારી રીતે બની શકશે."

" અને જે અમારત આપણી અનજુમનની તરફથી બંધાવી આપેઆમાં
" આવીચ તે એ ઉપર કેહી બીજી અમારતને લગતી ઉગમન તરફ આવીચ ને
" તેની બાજુએ કદીમ જુનાં ગુંબનગમ જાતે એક ગોદાલ બાગચો આવેલોછે,
" તે અમારતમો દખનાંદી ગમ બેવરા ધાબાંનો ગુંબજ કરીને આતશબેહેરાંમનું
" તખત તાંહાં મુકરર કરેઉંચ ને અનજુમનને આવવા જાવાનું બારણું ઉતરા
" દુ મુકેલુંછે તથા અંદરથીબી અશલી બેઉ અમારતમો વશનારાવોને પણ અ
" રશ પરશ આવજાવ કરવાને બનેછે."

" વાશતે એ આતશબેહેરાંમને નવેશરથી પરથેઆનાં દાહાડા વાર વીશેની
" તખતી જે અનજુમન મેલવવાનાં દીવાનખાંનામો મુકવામો આવેલીછે તેનો
" ઉતારો મોકલવામાં આવીઓછે."

ઉપર જણાવેલી તખતીનો અશલ ફારશી લેખ તમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરેઓછે.

આતસબેહેરાંમને નવેશરથી પરથેઆનાં દાહાડા વાર વીશેની આતશબેહેરાંમનાં દેવાંનખાનામાં મેલેલી તખતી.

بنام ایزد بخشاینده مهربان

در عهد دولت دوران مدت پادشاه جمجاه ناصرالدین شاه قاجار خلدالا ملکه بیمن همت خیراندیشان سلسله کیان زراتشتیان متوطن ممالک هندوستان رعیت دولت جاوید مدت عدالت بسطت بهیه انگلیس ادام الا ملکه به خوشنودی یزدان پاک و پیغمبران برحق این منزل شریف بجهته رفاهیت و فراغت کیانی و همکیشان خود از سکنه ایران پارسیان دارالعباد یزد خاصه موبد گاه و محل عبادت و آسایش دارالقرار و خواندن گهنبار و جمع شدن انجمن ساخته وپرداخته شد بتاریخ روز سروش ایزد از مهرماه قدیم یزدجردیه سنه ۱۲۲۵ مطابق سنه ۱۲۷۲ هجریه موافق سنه ۱۸۵۶ عیسویه بسعی و اهتمام حقیر فقیر سراپا تقصیر بنده خاکسار ربانی و امیدوار رحمت یزدانی درویش فانی مسافر مانکجی ابن لیمجی ولد هوشنگ هاتریا پارسی الاصل هندوستانی المسکن

ઉપલી ફારશી તખતીનો ગુજરાતી તરજુમો.

બનાંમે ઈઅજદે બખશા એનદેએ મેહેરબાંન.

“ પાદશાહ જમ જાહ નાશરૂદદીન શાહ કાજારની પાદશાહીનાં જમાનામાં ખોદાતાલા હેની શલતનત કાએમ દાએમ રાખે, ભલું ચાહનાર કેઆંની શેલશલાહનાં જરતોશતીઓ રેહેવાશી હીંદુશતાંનનાં જેઓ અંગરેજ શરકારની રઈઅતછે તેઓની હીમત તથા શખાવતની બરકતે કરી આએ મુબારક મકાંન પાક ઈઅજદાં તથા પેગમબરોની ખશનુદી શારૂ પોતાનાં ઈરાંની જાત ભાઈ જેઓ ઈઅજદ શેહેરમાં વશેછે તેઓની રાહત તથા ફરાગતને શારૂ આએ “ મોબેદ ગાહ ” ઈઆને અગીઆરી તથા એબાદતની જગો અંનજુમન મલવા તથા ઘમબારનું જશન કરવા શારૂ બંધાવીછે.

“ તારીખ રોજ શરોશ ઈઅજદ માહ મેહેર કદીમ શને ૧૨૨૫ ઈઅજદજરદી, શને ૧૨૭૨ હીજરી, શને ૧૮૫૬ અંગરેજી.

"ફકીર હકીર ખાકશાર ઇઅનજદાંની રેહેમતનો ઉમેદવાર દરવેશે ફાંની મુશાફર માંણેકજી એબને લીમજી વલદે હોશંગ હાતરીઆ પારસી હીંદુશતાંનીની કોશેશ તથા ઉપરીપણાથી બંધાઈ."

એજ તેરીખ ઇઆને તારીખ ૧૫ મી શપટેમબર શને ૧૮૫૯ વાલા કાગજમો ભાઈ માંણેકજી જણાંવેછે કે—

"એ શીવાએ અંદરનાં ગુંબજ માંહે તખત બનાવી મુકેલું, પથરનું પાતરૂ "અને તાંબાકુંદી ને બીજો અશબાબ વગેરેનો ખરચ એક પરબારા ધણી પાશે "થી મુજરા મલેલોછે."

"એ આતશબેહેરાંમની નવી એમારત વીશે થોડુંક થાએઉં એક શખશે ફરમાએશ કરીચ કે તેહાં ચુનાં મરોડાંનું પલાશતર અથવા અશતર અંદર ને "બાહારથી બનાવી આપવું, વાશતે તે કાંમ હકીરનાં તેહાં જાવાપર મોકુફ "રહેલુંછે."

"હવે એ તરંડે અમારતો મલીને જે એકજ ઘેર કેહેવાએચ તે વીશે જાણવું "કે જેમ હઈએ એબાદત ગાહાને અનજુમનને વાપરવાની જગેઆછે તેમજ "દશતુરજી નાંમદાર એબને બેહેશતબેહેરે દશતુરજી કેખશરૂ પોતે કે તેમનાં વનશ પરંપરા જે નર વારશ માજદીઅશનાંન દીન મુજબ હેરબદી કરનાર હોએ "તે વશે વાપરે ને આતશબેહેરાંમની રખેવાલી કરે, મગર કોઈ પરકારે વેચવા "શાટવા કે ગીરવી મુકવાનો હક કોઈને નથી, તથા ખુદા ન કરેને એ દશતુરજીનાં વારશ કે વારશોમોથી કદાચ કોઈ વટલી જાએતો તેવા શખશને એ અધમાં રેહેવા કે આવવા જાવાનો પણ કશો હક નહી પોંહોંચે ને અગર અશલથી વશતો હોએતો તુરત ખાલી કરી જાએ અને તે વીશેની તાવલીઅત "(ઇઆને લખત) રીશ શફીદાન દશતુર મુબેદાંન હજરાતે અનજુમને માજદીઅશનાંને શોંફવી, હેવા બનદોબશતથી આગલા શવરગવાશી શેઠીઆઓએ "અને હીંદોશતાંની અનજુમનની વતી આએ કમતરીને પણ અનજામ પોંહોંચાડી જનાબ દશતુરજી મજકુરને ખાશોઆંમ અનજુમનની હજુર શોંફવા "મો આવીઉંછે."

તેહેરાંનની તા૦ ૧૭ મી મારચ સને ૧૮૬૦ વાલા કાગજમાં ભાઈ માંણેકજી જણાવેછે કે—

"કેરમાંન વાલી પનચાએત વારા ભાઈઓએ કેટલીએક ઓજરખાહીથી વારેવાર કાગજો લખી જણાવેઉચ કે તેહાંનાં કનાંતકશુન વારા આદરીઆંન પાશે "જે એક બેહેદીનનું ઘેરછે તે તેણે કોઈ મુશલમાંન પાશે ગીરવી મુકીઉ હતું પણ "હવે પાછુ છોરવી નહી શકાએઆથી ખાલી કરાવી પોતે આવી રેહેવા ચાહેચ, "વાશતે જો તેમ બનશેતો જેમ ધરમની અમારતના આદરીઆંનને તેમજ તે

" હેવાં ધરંમનાં કાંમને જોખમ શરખુછે, વાશતે ગમે તેમ રીતે મુંબઈ વારા અ
" કાબર શાહેબોને ઍરન્જ કરીને આશરે તુમાંન ૫૫) ની એલતેફાત કરાવવી કે
" તેથી આદરીઆન શચવાશે.

" હકીરે તેનાની એલતેમાશ મુજબ વીચારેઉ કે મુંબઈ લખી જવાબ મં
" ગાવીએ તેટલે દાહાડા ભાગી ગીઆથી કદાચ પેલો માગનાર જુલમ કરી ઘર
" મો આવી બેશેતો ઠીક નહી, વાશતે તુરત પોતાને જોખમે લખી જણાવેઉચ કે
" તે પઈશા ભરીને ખત છોરવી રાખે ને મકતબ પરાવનાર તે જગેઆએ બેશે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરવાને રજા લેછે કે હેવા ભાઈ માંણેકજી આંતરીઆનાં લખી જણાવેઆ ઉપરથી તમારી કારોબાર મંડલીએ તા૦ ૨૩ મી જુલાઈ શને ૧૮૬૦ ઈશવીની તેરીખે ભાઈ માંણેકજી આંતરીઆ ઉપર લખી વાલેઉં કે તે ઘેરને ગીરવી રાખનાર ધણી મુશલમાંનછે તે ખાલી કરાવીને પોતે તે ઘેર માંહે વસવા ચાહેછે તે તમારી નજરમાં દરૂશત નહી આવેઆથી તમોએ તમારા જોખમે તે ઘેર તુમાન ૫૫) આપીને છોરવવા ને વાશતે કેરમાંન વાલાઓ ઉપર લખેઉ તે દરૂશત કરેઉ અને એ તુ૦ ૫૫) ત મોને આએ ધરંમ ખાતાની પુજીમાંહેથી આપેઆમો આવશે અને તે ઘેરનુ ખ ત તમારી તરફનાં કાએદા મુજબ ઈરાંનદેશના રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવાનાં ફંડનાં તરશટીઓ જણ પાંચનાં નાંમ ઉપર કરાવજો,

એ ઉપરથી ભાઈ માંણેકજી આંતરીઆ તમારી કારોબાર મંડલીને તા૦ ૬ ઠી નવેમબર શને ૧૮૬૦ વાલા કાગજમાહે લખી જણાવેછે કે—

" તે ઘેરનુ ખત આપણા અકાબર શાહેબો માહેનાં પાંચ શાહેબોને નાંમે બ
" નાવા ફરમાવેલું જાણેઉચ વાશતે તે મુજબે હવેથી બનદોબશત કરીને તે ખ
" તની એક નકલ તેહાંની પનચ પાશે રાખવા અને બીજી આપણી માનવનત
" મંડલીના દફતર કીજે મોકલીસે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરેછે કે આએ ધરંમ ખાતાની કારોબાર મંડલીની તરફથી તા૦ ૨૩ મી જુલાઈ શને ૧૮૬૦ ઈશવી ની તેરીખે ભાઈ માંણેકજી આંતરીઆને લખી જણાવેઉં હતું કે જે કંઈ કાંમો આએ ધરંમ ખાતાં મધેથી તમારી તરફ બંધાવો અથવા મરાંમત કરાવો ઇઆ તેઆતાં લેઓ તે તથા જે કઈ કાંમ આગલ તમારી તરફ થાએલાંછે તે શરવેને તે હેરાંનની શરકારમો રેજીશટર કરાવવું અને કરાવતા જાવું અને તેઆર મછે અંગરેજી શરકારની કોઠીમાં પણ રેજીશટાર કરાવવું અને કરાવતા જાવું અ ને વલી આએ ધરંમ ખાતામાંહેથી જે મીલકત ખરીદ કરેલી અથવા બંધાવી હો એ તે ઉપર નીચે જણાવેલી મતલબ મુજબ તે તખતી ઉપર ભખાવતા જાવું.

ઊપર જણાવેલી તખતી.

بهمت صاحب خیران و نیک بنیانان زرتشتیان متوطن
هندوستان رعیت دولت معدلت بسطت انگلیس

ઉપલી ફારશીનો ગુજરાતી તરજુમો.

ઈઆને હીંદોશતાંનના રેહેવાશી જરતોશતી શખાવતનાં કરનાર નેક બુનીઆદનાં જેઓ અદલ ઈનશાફ ભરેલા અંગરેજી શલતનતની રઈએતછે.

તા૦ ૬ ઠી નવેમબર ૧૮૬૦ વાલા કાગજમો ભાઈ માંણેકજી જણાંવેછે કે—

" એ શીવાએ જે જે ધરમ ખાતાંની અમારતો બંધાવવા કે શમાર
" વા ને ખરીદવામાં આવેલીછે તે શરવે ઉપર તખતીઓ મુકવા તથા તેનાં ખતો
" ધારા મુજબ બનાવી શરકારી દફતરમાં નોધવાની પેરવીમાં રેહીને પકો બં
" દોબશત બનેથી ખોલાશો લખીશે."

બોરડીંગ ઈશકોલ તથા મકતબો વીશેનો એહવાલ.

કુલકની તારીખ ૧લી સપટેમબર શને ૧૮૫૮ વાલા કાગજ માંહે ભાઈ માંણેકજી લીમજી હોશંગ હાતરીઆ તમારી કારોબાર મંડલીને ઘણીજ ભલાંમણ કરેછે કે—

"અતરે વાલા ભાઈઓએ એકશંપ થાઈને લાંબી તફશીલથી એક અરજી
" લખીચ કે તેહેની મતલબ આહારે અકાબર શાહેબોને જણાવવી, તે એછે જે
" ઈઅનદમાંની ઘણી મકતબોને મોકુફ કરીને તાંહાં બે ચાર જગોએ રાખવી
" કેમજે તાંહાં કોઈ પુરૂ પાધરૂ ભણેલા પારશી કે મોબેદો મુતલક નથી ને મુશ
" લમાંનો આપણા લોકોને શીખવવાનું કાંમ દરૂશત નથી જાણતા, એટલા કી
" જે અતરે તેહેરાંનમાં જો એક "બોરડીંગ ઈશકુલ" કરવામો આવેતો આ
" શામી જણ ૨૫ થી તે ૩૫ લેર છોકરાઓને ઈઅનદથી બોલાવીને કોઈ શારા
" કાબેલ મુશલમાંનોને હાથે શીખવવામો આવેતો થોડી મુદતમો તેહેનાંઓ વી

" દવાંન થાએઆ પછી પોતેજ ગાંમડે ગોથરે મકતબો ઉભી કરી દરશ આપ
" નારા થાશે."

" એ વાત હકીરને પણ પશંદછે કેમજે અતરે (ઇઆને તેહેરાંન) કેટલાએ
" ક રાજવાલાઓની કોઠીછે તેહનાં શબૂબે કશી અજીઅત કોઈ પોંહોંચાડનાર
" નથી ને વલી મુશલમાંનો અતરેનાં ઇઉરોપીઅનોને તાંહાં ચાકરછે તથા પહ
" રાવેછે તે દાખ્લો લેઈ પારશીઓનાં છોકરાઓનેબી તાલીમ આપવા કીજે ક
" શો મુજાએકો કોઈ નહી કરશે અને આપણા પડી ભાગેલા ટોલામો શુધરાઈ
" કરવા થકી એ જેહેવો ઉપાએ બીજો હાલે નજર આવતો નથી તથા જો અ
" તરે રેહીને એલમ શીખશેતો પછી તેહેનાંઓને ધંધો, રોજગાર કરવો પણ સુ
" જશે ને આગલ જાતે શુખી થાએઆ વગર નહી રેહેશે ને તે વગરે ઘણી તરે
" હનાં ફાએદાઓ નજર આવેચ તે શરવેનું બએઆંન કરવા કરતે અતરે મુખ
" તેશર અરજ કરી મંડલીનાં શાહેબોનાં ધેઆંન ઉપર શોંકીએચ કે એ બાબત
" ને પુરતી રીતે દરીઆફતમો લેવા વગર નહી રેહેશે વાશતે એ કારણનાં ખર
" ચનો અડશટો જે એ લોકોએ બતલાવેઓછે તેહેની તફશીલ નીચે ટાંકીચ.

૬૦) છોકરાઓને ઇઅજદથી અતરે લાવવા બાબતનો ખરચ એક જ
ણને તુ૦ ૨) લેખે ગણેચ કે ખચર, ભાડૂ ને ખોરાક વગેરે.

૭૫) અશબાબ, ફરશ, વાશન, બાજટ ને હોધણાં બીછાનાં મલી મકત
બને કાંમ જોગની ચીજોનો અડશકો તુ૦ ૭૫)

૧૨૫) હાલ તુરત કાંમ જોગની કીતાબો આશાંમીઓ જણ ૩૦ ને વાશ
તે નાંધલી મોહોટી મલીને ખરીદવામો આવેતો તુ૦ ૧૨૫)

૨૬૦) એ પરમાંણે અવલ શરૂઆતમાં ખરચનાં તુ૦ ૨૬૦) કેહેછે તેહ
નાં રૂ૧૦૦૦) થી ૧૫૦૦) તુલકનો અડશટો ગણવો.

" અને દર વરશનાં ચાલુ ખરચ કીજે જે ધારણાં કરવામાં આવેચ તેની
" તફશીલ અતરે નીચે જણાવીઆ મુજબછે તેથી વધારે થાનાર નથી પણ જો
" કમ થાશેતો બીજા ખરચમાં લેવાશે.

૬૦) જગેઆ જે નીશાલ તથા રેહવા થકી ભાડે લેવામાં આવે તેનો કે
રાએઓ (ઇઆને ભાડુ) ઓછામાં ઓછો દર માશે તુમાન ૫)
લેખે ગણીએચ.

૪૮૦) ખોરાક છોકરાઓ જણ ૩૦) ને નોકર ચાકરો મલીને દર માશે
તુ૦ ૪૦) લેખેનો અડશટો ગણવામાં આવેચ તેથી વધુ નહી થાશે.

૧૪૦) લેબાશ દરએક જણને દર વરશે તુમાન ૪) લેખેની રાશ ગણતે નો
કર ચાકરો શુધાં જન ૩૫ ની ગણતીએ તુમાન ૧૪૦) થાએચ.

૭૫) નોકરોમાં ૧ બબરચી, ૧ શારવારીઓ ને ૧ કપડાં ધોનાર કે આર
　　ઝુર કરનાર મલીને જણ ૩ નું વરશાશન તુ૦ ૭૫)
૧૪૪) મુનશી જણ ૧ ને દર માશે પગાર તુ૦ ૬) લેખે ને બીજા જણ
　　બે મલી તુમાન ૬) શાથે તુ૦ ૧૨) પરમાંણે ગણતાં,
૭૫) એક મેનીજર બેહદીન શરવેની ખબરદારી કરી હશાબ રાખે ને
　　ઘટતું કાંમકાજની વારફેર કરતો રેહે તેહેનું શાલીઆંનું.

૯૭૪) એ પરમાંણે દર વરશનાં ગણેય પણ પુરી પાધરી મેનીજ થાએતો
　　રૂ૪૦૦૦) થી ઉપર ને ૫૦૦૦) ની અંદરનો ખરચછે તે જો કારો
　　બાર મંડલી નજરમાં લેઈ નવાજેશ કરશેતો અલબતાં બેહેતર
　　ને બેહેતરછે.

એજ કાગજ માંહે ભાઈ માંણેકજી લીમજી હોશંગ આંતરીઆ લખેછે કે—
" મકતબો (ઈઆને બોરડીંગ ઈશકોલ) વીશે ઉપર જણાવેઉંછે તે કાર
" ણશરે હકીર કે અતરે વાલા ભાઈઓ એટલી ઉતાવલ નથી કરતા કે હાલે જ
" જીઆનું કાંમ પડતું મુકીને એ ઉપર ધેઆંન વેહેલું આપવા લખીઉં હોએ,
" મગર હઈઆતીનો કંઈ ભરૂશો નથી ને આવતો વખત કંઈ જાણી નહી શ
" કાતો એટલા કીજે જે કાંઈ નેક શુજેય તે અકાબર શાહેબો આગલ અરજ ક
" રવાની જરૂરછે કે પછેતો હાલે નહીતો એક વખતેબી ધેઆંનપર લેવામો આ
" વશેતો આપણાં ટોલાનો શુધારો થાએઆ વગર નહી રેહે હેવા ખેઆલથી એ
" લતેમાશ કરીએચ."

" વાશતે અવલમો જજીઆનું કાંમ અનજામ પોહોંચીઆ બાદ અગર એ
" મકતબ વીશેબી જો માનવંત મંડલી ધેઆંન આપશેતો તેથી એખલું ઈરાંની
" ઓનાં હકમો ભલું થાશે એમ નહી જાણવું પણ કુલલે જરતોશતી ટોલાનાં
" શું ઈરાંન કે હીંદુસતાંન વાલાઓને લાભ ઉપજવા શરખુંછે."

" કેમજે હાલ જમાનામાં જે આપણાં પવીતર મજહબને અશલી હેકાઈએ
" ત વીશે વધારો ને શુધારો કરવાની ચાલથી આપણાં અકાબરો ઉપાઓ શોધે
" ચ તેઓને વાશતે એથી બેહેતર ઉપાએ નથી."

" શબબ કે અતરે જો ઈરાંની પારશીઓ એલમ હાંશેલ કરશેતો પછી તેહે
" નાંઓને આશપાશનાં મુલકમાં ફરવા તથા કીતાબો શીખીને અલામતોની શો
" ધ કરવાને જાવું શેહેલું બની આવશે તેહેવું આપણ હીંદુશતાનમાં વશનારા
" હરએક કાબેલને ગમે એટલો ખરચ કરતે બનવું મુશકેલછે."

" એટલા કીજે મજહબનાં મુરબીઓ જે હેવી ખાહેશ રાખતા હોએ કે
" આપણાં કદીમ જંદ અવશતા અને પુરાતમ ફારશી જુબાનનાં દફતરો જે ગુ

"મ થાએલાંછે તેહેની શોધ કરે અથવા તેહેમાંની અશલ મતલબોને અરબ કે "જદીદ ફારશીમો તરજુમો થાએ અને તેહેને પાછી ચુંટી કાહાડે ને હરેક ડુંગ "રોનાં ગારમાં કે ગાંમેગાંમ અશલી અલાંમતોની ચીજ અને તખ્તીઓછે તે "એકઠી થાએતો એક "બોરડીંગ ઇશકુલ" તેહેરાંનમાં ઉભી કરાવીને તેહેમાં "ઘટતી કેલવણી આપવાનાં ઉપાએ કરવા ઘટેછે."

"અને એ બાબતમાં જોઇતો આશરો અતરેની કોઠી વાલાઓબી આપેઆ "વગર નહી રેહેશે તેથી કરી કાંમ ઘણું શારૂ ને ઉતાવલું નીવરતું આવશે, વા "શતે જારે હેવી બધી ધારણાં કરવામો આવે ને તે વખતે કેટલીએક જાતની "ગોઠવણોબી કરવી વાજેબછે તેહેની તફશીલ હાલે અતરે લખી લંબાન કરવા "ની જરૂર જોતો નથી કેમજે માંનવંત મંડલી જીઆરે એ કાંમ હાથમાં લેશે "તેઆરે તેઓ શરવે તરેહનાં બંદોબશતો કરવાને શકતીવાંનછે."

હેવાં ભાઈ માણેકજી આંતરીઆનાં લખવા ઉપરથી તમારી કારોબાર મંડલી તંમ શાહેબો આગલ જાહેર કરેછે કે ભાઈ માંણેકજી આંતરીઆ "બોરડીંગ ઇશકુલ" દારૂલ ખલાફે તેહેરાંન માંહે શથાપવાની ભલામણ કરેછે, તે ઉપરથી આએ ધરમ ખાતાંની કારોબાર મંડલીની તરફથી ભાઈ માણેકજી આંતરીઆ ઉપર કાગજ ૧ તારીખ ૯ મી ડીશેમબર ૧૮૫૮ ની તેરીખે લખેઓ હતો તેમધે એ ભાઈને તમારી કારોબાર મંડલીએ લખી જણાવીઉં હતું કે (એ કાંમ ઘણુ અગતનુછે ખરૂ પણ અતરે એટલું પુરતું ફંડ થાએઉ નથી કે તેહેની ઉપજ માંહેથી હેવો ખરચ કરવાની કારોબાર મંડલી હાલ તરત ગોઠવણ કરી શકે.)

તીઆર પછે ભાઈ માણેકજી આંતરીઆ "ઇઉન શાહાબાદ" શેહેરની તારીખ ૩ જી શપટેમબર શને ૧૮૫૯ ની તેરીખનાં લખેલાં કાગજમાં જણાવેછે કે—

"હમો એલતેમાશ કરીએચ જે માંનવંનત મંડલીએ ધેઆંન પોંહોંચાડી બ "ને તેમ હેનાંઓમે શુધરાઇ શામેલ થાવા કીજે કેલવણી આપવાનાં ઉપાએઓ "શોધવા કે જેથી કરી હેનાંઓ જંગલી હાલત મુકી ઈનશાંનીઅતે ચાલવા થકી "પોતાની કદર જાંને."

તમારી કારોબાર મંડલીને તંમ શાહેબો આગલ જાહેર કરવાને ખુશાલી ઉપજેછે કે મરહુંમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમ ખાતાંનાં ટરશટીઓ શેઠ દાદાભાઈ નશરવાંનજી કાંમાંજી તથા શેઠ દાદાભાઈ હોરમંનજી કાંમાંજી તથા શેઠ ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી તથા શેઠ પેસતનજી હોરમજજી કાંમાંજી અને શેઠ ડોશાભાઈ ફરાંમજી કાંમાંજીએ તારીખ ૨૭ મી જુલાઈ શને ૧૮૫૯ ઈશવીની તેરીખે તમારી કારોબાર મંડલી ઉપર પતર ૧ ઈરાંન તરફ મકતબો શથાપવાને વાશતે લખેઓછે તે પતર તંમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરેઓછે.

મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંના ધરમ ખાતાનાં તરશટીઓનો લખેલો પતર.

ભાઈ સોહોરાબજી રૂશતમજી મુલાં ફીરોજનાં,

તે ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા સારૂ શથાપેલા ધરમ ખાતાનાં કારોબાર મંડલીનાં મુનશી જોગ—

શાહેબ—

હમારી એક શભા ચાલતા મહીનાની તારીખ ૧૪ મીને દીને ભાઈ દાદાભાઈ હોરમજજી કાંમાં કમપનીની હાફીશમાં મલી હતી તે વખતે હેવો ઠેરાવ થાએઓછે જે એ ધરમ ખાતાનાં "ટરશટડીડ" ની ૧૫) મી કલમ મુજબ ઈરાંન દેશ મધે જરતોશતીઓનાં બચાંઓને કેલવણી આપવા શારૂ દર વરશે રૂ૫૦૦) ની રકમ ખરચવાને હોકમછે તે રકમ તમારી મંડલીને શવાધીન આપવી અને તમારા ઈરાંન દેશ ખાતેના કારોબારીના ઉપરીપણા હેઠલ એક અથવા બેએ નીશાલો "ટરશટડીડ" ની શરત મુજબ ચાલવાને તમોને અરજ કરવી, એ ઠરાવની તથા એ ધરમ ખાતાનાં "ટરશટડીડ" ની કલમ ૧૫) મીની નકલ આએ પછવાડે લખેલીછે. તમારી મંડલીને વાકેફ થાવા શારૂ તે વાંચી જોઇને તે વીશે તમારા ઈરાંન ખાતેના કારોબારીથી શધી વીગત વાકેફ થાઈ તમારી મંડલીએ એ નીશાલો આએ ધરમ ખાતાનાં નાંમથી ચલાવવાને પોતાની મરજી હમોને લખી જણાવેથી રૂ૫૦૦) ની રકમ દર વરશ તમારી મંડલીનાં શાહેબોનાં હવાલામો આપવામો આવશે, એજઅરજ.

મુમબઈની તા૦ ૨૭ મી જુલાઈ શને ૧૮૫૯ ઈશવી.

(શહીઓ) શેવક દાદાભાઈ નશરવાંનજી કાંમાજી.
" શેવક દાદાભાઈ હોરમજજી કાંમાજી.
" શેવક ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી.
" શેવક પશતનજી હોરમજજી કાંમાજી.
" શેવક ડોશાભાઈ ફરાંમજી કાંમાજીની

અરજ શાથે,

નોશરવાંનજી મનચેરજી કામાંનાં ધરમ ખાતાના ટરસટીઓ.

(તા૦ ૧૪ મી જુલાઈ શને ૧૮૫૯ ને દીને થએલા ઠરાવની નકલ.)

અનાંમત ખતની કલમ ૧૫) મી પરમાંણે ઈરાંન દેશ મધે જરતોશતીઓનાં બચાંઓને કેલવણી આપવાને નીશાલો શથાપવા શારૂ દર વરશે રૂ૫૦૦) આપ

વાછે તે વીશે ઇરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા શા રૂ શથાપેલા ધરમ ખાતાની કારોબાર મંડલીને પતર લખી અરજ કરવી કે એ રકમ તમોએ પોતાનાં શવાધીનમાં લેઇ તેઓનાં ઇરાંન ખાતેનાં કારોબારીનાં ઉપ રીપણાં હેઠલ એક અથવા બેએ નીશાલો "તરશટડીડની" શરત મુજબ ચલાવ વાને બનદોબશત કરવો.

"15 The interest dividends and annual produce of ten of the said parts or shares of the Trust Fund shall be annually paid applied or expended in establishing, maintaining, supporting or assisting any school or schools in Persia for the children of Parsees residing in that country, in which a seculiar and general education shall be given and in which instruction in the religeous tends, belief, rites, practices and observances of persons professing the Zoroastrian faith or pursuation shall likewise be imparted. The Trustees for the time being of these presents shall not be bound or required to exercise any superintendence or control over such school or schools or be in any wise concerned to see to the application of the moneys by these clause or article directed to be paid, applied or expended or be in any manner accountable for the miss application or non application there-of and the receipt or receipts of any Trustee, Manager, Master, Superintendences, Principle or other person entrusted with or having the control, management, supervision or direction of such school or schools for the moneys in such receipts or receipt acknowledge to have been received from the Trustee-fore the time being of these presents shall effectually and absolutely discharge the said Trustees from all liability in respect of such moneys."

ઉપલી અંગરેજીનો ગુજરાતી તરજુમો.

"૧૫) કલમ—એ તરશટની પુંજીનાં ઉપર કહેલા ભાગ અથવા હીશશા મ ધેથી દશ ભાગે જે વેઆજ ડીવીડેનટજ તથા દર વરશની ઉપજ આવે તે મધેથી ઇરાંન દેશમાં રેહેનારા પારશીઓનાં છોકરાઓને કીજે ઇરાંન મધે હરેક નીશાલ અથવા નીશાલો કાહાડવા અથવા ચાલુ રાખવા અથવા તેહેને આશરો આપ વા અથવા મદદ કરવાનાં કારણશર ખરચ કરવો. તે નીશાલ મધે દુનીઆદારી ની તથા શાધારણ ગનેઆંનની કેલવણી આપવી અને તેહેમાં જરતોશતી ધરમ અથવા મજહબ પાલનારા લોકોનાં મજહબ તથા દીન તથા એતેકાદ તથા કીરી આની તરબીએતબી આપવી. એ નીશાલ અથવા નીશાલો ઉપર કોઇબી રીતનું ઉપરીપણું અથવા કાબુ ચલાવવાને આએ લખતનાં તરસટીઓની ફરજ અથવા

તેઓને જરૂર નથી અથવા આએ કલમમો જે રૂપીઆ આપવા અથવા ખરચ વાને ફરમાવેલુંછે તે રૂપીઆ તે કારણશર વપરાએલા જોવાની તરસટીઓને ફર જ નથી અથવા તે નાંણાં તે કારણશર નહી ખરચાએ અથવા બીજા કારણશર ખરચાએ તેહેનો તરશટીઓ કોઈ રીતે જવાબ દીએ નહી અને ઉપર કહેલી નીશાલ અથવા નીશાલો જે તરશટી, કારોબારી, શીખશા ગુરૂ, ઉપરી અથવા બીજા હરેક ધણીનાં અખતીઆરમો અથવા શવાધીનમો અથવા ઉપરીપણાંમો અથવા તાબામો હોએ તે ધણીને રૂપીઆ આપીને તેહેની પાશેથી આએ લખતનાં તરશટીઓ જે પોંહોંચ લીએ તે પોંહોંચની ખુબીથી તે રૂપીઆ બાબે શઘલા જોખમમાંથી તરસટીઓ મોકલા થાએ શહી."

ઉપલો પતર મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાનાં ધરમ ખાતાનાં તરસટીઓનો મલેઆ બાદ તમારી કારોબાર મંડલી ઉપર શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાંડેનાએ તારીખ ૨૭ મી જુલાઈ સને ૧૮૫૯ ની તેરીખે પતર ૧ લખેઓ છે તે મધે શેઠ મેહેરવાંનજી ફરાંમજી જણાવેછે કે (તારીખ ૩૦ મી નવેમબર સને ૧૮૫૮ વાલા) કાગજ માંહે ભાઈ માંણેકજી લીમજી હોશંગ હાતરીઆનાં લખેચ કે—

"એક "બોરડીંગ ઇશકુલ" તેહેરાંનમો ઉભી થાએતો બીજા બધા સવાબો
"ને હંમવજન અને તે તેથીબી બેહેતર એ કાંમ મજને શુજેચ કે જો એ ઉપા
"એ થાએતો આએ સદી પુરી થાતેજ પારશી ટોલાનો દાહાડો ફરી જાશે ને જો
"કોઈ શખી વજુદ કે અનજુમનનાં શાહેબો એ કાંમનો ખરચ કરવાને માંથે
"લેશેતો અતરે એક અમારત ઘણી શારી આશરે રૂ૫૦૦૦) તુલકની બાંધી આ
"પવાનો જોખમ હકીર પોતાને માથે રાખેચ કે હર પરકાર ગમે તે કરીને એ
"કુ ઘેર જેમાં ૫૦) માંણશ વશી શકે તેહેવું શારી જગોપર બંધાવીને અતરેની
"દરબાર તથા અંગરેજી કોઠીદારની મોહોર શહી શુધાંનો કબાલો અનજુમનને
"શોંફવામો આવશે."

"૩૧ મી મારચ ૧૮૫૯ નાં કાગજમો ભાઈ માણેકજીએ લખીઉચ કે " જે
"રીતે જજીઆનો ભાર અતરે વાલા લાચાર લોકોની ગરદન પરથી હલકો કીધોચ
"તેમજ બીજા ૨) કાંમ ઘણા જરૂરનાં રહાંછે. તેહેમાં પેહેલું હેનાઓને એલ
"મ આપવાના ઘરતા ઉપાએઓ થાએ તે, તથા બીજું અંગરેજી રાજનો આશ
"રો મલેતો પછે એ ટોલો શરવે વાતે શુખી થવાથી પેહેડી દર પેહેડી ચંદરોકા
"લ તુલકના આશીરવાદ પરાપત થાશે કે એ શદાનુ શદાવરતું જમનાં નદીની
"કાંની વેહેતું અને જારી રેહેવાનું મોહોટું પુણછે."

હેવી રીતે ભાઈ માંણેકજીએ લખેછે તે ઉપર તમારી મંડલીએ ધેઆંન પોંહોંચાડવું જરૂરછે; તેહેમાં અગત કરીને બોરડીંગ ઇશકુલ બાબે હમો ઘણીજ મજબુત ભલામણ કરીએચ કે એ કાંમ શઉથી વધારે અગતનુછે, રૂ૫૦૦૦) શુધીનુ ઘેર બાંધી આપવાને ભાઈ માણેકજીએ પોતે આરંભભીઉ અને દર છોકરા પછવાડે બોરડીંગનો ખરચ (જો હમારી ઈઆદદાશત ભુલાવો નહી આપતી હોએતો) આગલ એવણનાં લખવા મુજબ દર માશે † રૂ૩ થી ૩ા નો થાએછે વાશતે એ ખરચ આપવા શારૂ ઈઆતો એ ફંડની પુજીમાંથી ઈઆ આપણાં જરતોશતી શાહેબો પોત પોતાની ગુંજાશ મુજબ દર જણે આટલા છોકરાનો ખરચ આપવા માંથે લીએતો એ કાંમ શેહેલથી પાર પડશે અને એ કાંમ બનીઆથી તે તરફ શુધરાઈનો શારો ફેલાવો થાશે એ નીશચેછે વાશતે એ બાબે હમો ઉમેદ રાખીએચ કે તમારી મંડલીનાં શાહેબો ઘટતુ ધેઆંન પોંહોંચાડશે, એજ અરજ.

(શહી) લા૦ શેવક મેહેરવાંનજી ફરાંમજીનો. શલામ વાંચજોજી.

એ ઉપર લખી જણાવેલાં બંધે પતરો તા૦ ૨૯ મી જુલાઈ શને ૧૮૫૯ ઈશવીને દીને તમારી કારોબાર મંડલી મલી હતી તે વેલાએ રૂજુ કરેઆમો આવેઆ તે ઉપરથી તમારી કારોબાર મંડલીએ હેવો ઠેડાવ કરીઓ કે મુનશીએ ભાઈ માંણેકજી આંતરીઆને લખી જણાવવું કે ઈઅનદમાં બોરડીંગ ઈશકોલ પછવાડે દર માશે દર એક છોકરે કેટલો ખરચ લાગશે અને તેહેરાંનમાં બોરડીંગ ઈશકુલ પછવાડે દર માશે દરએક છોકરે કેટલો ખરચ લાગશે તે શરવે બીનાં વીશતારીને ફરીથી લખી જણાવે અને મુનશીએ પતર ૧) મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમ ખાતાના તરશટીઓ ઉપર લખવો કે હાલ તરત તમારી શાશે આએ ધરમ ખાતાંની કારોબાર મંડલીને પુરતી શમજુતી થાએ તાંહાં શુધી એ રૂ૫૦૦) દર વરશે હમારી કારોબાર મંડલીને આપતા જાઓતો તે મધેથી આએં ધરમ ખાતાંને લગતી ઈરાંન પરાંત તરફ હમારે હશતક મકતબો શથાપેઆમાં આવીઓછે તે મકતબોમાં એ તમારા રૂ૫૦૦) દર વરશે વાપરવામાં લાવીએ અને એ તમારા રૂપીઆ પાંચશો માંહેથી હાલ તરત જેટલી મકતબો ઈરાંન તરફ મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંને નાંમે ચાલી શકે તેટલી ચલાવીએ.

તમારી કારોબાર મંડલીના ઉપર લખી જણાવેલા ઠેરાવ મુજબ પતર ૧) તારીખ ૨૮ મી શપટેમબંર શને ૧૮૫૯ ઈશવીની તેરીખે મરહુમ શેઠ નોશરવાં

---

† રૂ૩ થી તે ૩ાા શુધીનો ખરચ જે શેઠ મેહેરવાંનજી ફરાંમજીએ લખેઓછે તે આએ ધરમ ખાતાંના માજી કારોબાર મંડલીના છપાવેલા રીપોરટ ઉપરથી લખેઓછે પણ એ વીશે તમારી કારોબાર મંડલીએ વધારે ચોકશાઈ કરેઆથી દર છોકરા પછવાડે દર મહીને આશરે રૂ૧૭) નો ખરચ થવા જાએછે.

નજી મનચેરજી કાંમાંનાં ધરમ ખાતાંનાં ટરશટીઓ ઉપર તમારી કારોબાર મંડલીએ લખેઓ તેહેની નકલ તમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરીછે.

સેઠજી શાહેબો—

શેઠ દાદાભાઈ નશરવાંનજી કાંમાજી.
શેઠ દાદાભાઈ હોરમજજી કાંમાજી.
શેઠ ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી.
શેઠ પેશતનજી હોરમજજી કાંમાજી.
શેઠ ડોશાભાઈ ફરાંમજી કાંમાજી.

મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાનાં ધરમ ખાતાનાં તરશટીઓ જોગ.

જત ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત સુધારવા શારૂ શથાપેલાં ધરમ ખાતાંની કારોબાર મંડલીની ફરમાએશથી હું તમ શાહેબોને લખી જણાંઉછુ કે તમારૂ પતર ૧) તા૦ ૨૭ મી જુલાઈ શને ૧૮૫૯ ઈશવીની તેરીખનુ લખેલુ આએ ધરમ ખાતાંની કારોબાર મંડલી ચાલતા શાલની તા૦ ૨૯ મી જુલાઈને દીને મલી હતી તાંહાં વાંચી શંભલાવીઉં. તે ઉપર કારોબાર મંડલીએ હેવો ઠેડાવ કરીઓ કે " એ કાગજ આવતી મંડલીપર વીચાર કરવાને મુલતવી રાખવું અને મુનશીએ ભાઈ માંણેકજી આંતરીઆ ઉપર કાગજ લખવાનો ખરડો તઈઆર કરી લાવવો કે ઈઅજદમાં બોરડીંગ ઈશકુલ પછવાડે દર માશે દર છોકરે કેટલો ખરચ લાગશે અને તેહેરાંનમાં બોરડીંગ ઈશકોલ પછવાડે દર માશે દરએક છોકરે કેટલો ખરચ લાગશે તે શરવે બીનાં વીશતારીને ફરીથી લખી જણાવે, અને મુનશીએ પતર ૧) મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમ ખાતાંના તરશટીઓ ઉપર લખવો કે હાલ તરત તમારી શાથે આએ ધરમ ખાતાંની કારોબાર મંડલીને પુરતી શમજુતી થાએ તાંહાંશુધી એ રૂ૫૦૦) દર વરશે હમારી કારોબાર મંડલીને આપતા જાઓ તો તે મધેથી આએ ધરમ ખાતાંને લગતી ઈરાંન પરાંત તરફ હમારે હશતક મકતબો શથાપેઆમાં આવીઓછે તે મકતબોમાં એ તમારા રૂ૫૦૦) દર વરશ વાપરવામાં લાવીએ અને એ તમારા રૂપીઆ પાંચશો માંહેથી હાલ તરત જેટલી મકતબો ઈરાંન તરફ મરહુંમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંને નાંમે ચાલી શકે તેટલી ચલાવીએ."

ઉપર લખી જણાવેલા ઠેડાવ ઉપરથી હું તમ શાહેબોને લખી જણાવું છેઉ કે આએ ધરમ ખાતાંનો ઈરાંન તરફનો કારોબારી ભાઈ માંણેકજી લીમજી આંતરીઆ એ વીશેનો પુરતો ખોલાશો અતરે મોકલે તારપછે તંમ શાહેબોની શાથે આએ ધરમ ખાતાંની કારોબાર મંડલીને પુરતી શમજુતી થાએ તાંહાં શુધી આ

એ ધરમ ખાતાંને લગતી ઈરાંન તરફ શથાપેલી મકતબો ઉપર એ તમારા રૂ૫૦૦) પાંચશો ખરચ કરવાને દર વરશે તમો શાહેબો આપોતો હાલે જેટલી મકતબો તે તરફ શથાપેઆમાં આવીઓછે તે મકતબો માંહેથી હાલ તરત ઈરાંન તરફ એ તમારા રૂ૫૦૦) માંહેથી મરહુંમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંને નામે જેટલી મકતબો ચાલી શકે એટલી ચલાવીએ, એ ઠેરાવ ઉપર અગર તમો શાહેબો રાજી થાઓં તો એ રૂ૫૦૦) હમોને પોંહોંચાડવાની તશદી લેવી કે જેથી આએ ધરમ ખાતાંને મોહોટો આશરો મલશે, એજઅરજ.

મુમબઇની તારીખ ૨૮ મી શપટેમબર શને ૧૮૫૯ ઇશવી.

શાહેબો મને માંનછે,
તમારો નમનતાઈ ભરેલો શેવક થાવાને
(શહી) શોહોરાબજી રૂશતમજી મુલલાં ફીરોજનાં
મુનશી.

એ ઉપર લખી જણાવેલા કારોબાર મંડલીનાં જવાબ માંહે મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમ ખાતાંના ટરશટીઓએ તમારી કારોબાર મંડલી ઉપર પતર એક નીચે જણાવેઆ મુજબનો તારીખ ૨૮ મી અકટોબર શને ૧૮૫૯ ઇશાવીની તેરીખે લખેઓછે.

ભાઈ શોહોરાબજી રૂશતમજી મુલાં ફીરોજનાં

તે ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા શારૂ શથાપેલાં ધરમ ખાતાંની કારોબાર મંડલીનાં મુનશી.

શાહેબ—

તમારો તા૦ ૨૮ મી શપટેમબર ૧૮૫૯ ને દીને લખેલો પતર હમોને પોંહોંતોંછે તેહેની બીનાં જાંણીછે. એ પતરમાં તમોએ લખેઉછે જે તમારી મંડલીનાં ઇરાંન ખાતેનાં આડતીઆ પાશે એ મંડલી મજકુરે માંગેલો શંધો ખોલાશો મલે તાંહાં શુધી હમારા તારીખ ૨૭ મી જુલાઈ ૧૮૫૯ નાં પતરમાં લખીઆ મુજબ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમ ખાતાને લગતી નીશાલો ઈરાંન દેશ મધે ચલાવવાને એ મંડલી કબુલાત આપી સકતી નથી તે જાંણીઉછે, બીજું તમારી મંડલીએ ઠેરાવ કીધા ઉપરથી તમોએ જણાવીઉછે કે એ ઉપર જણાવેલો ખોલાશો મલે તેટલાં શુધી તમારી મંડલીનાં ધરમ ખાતાંને લગતી ઈરાંન તરફ શથાપેલી મકતબો શારૂ હમારે હશતકનાં ધરમ ખાતાં મજકુરને લગતા રૂ૫૦૦) દર વરશે હમોએ તમારી મંડલીને આપવા કે એટલી રકંમમાંથી ઉપર જણાવેલી જેટલી નીશાલો મરહુંમ શેઠ નોશરવાંનજી મનચેરજી કામાંનાં નાંમથી ચાલી શકે તેટલી તમારી મંડલી ચલાવશે. એ ઠરાવ ઠીકછે અને તમારી ખાએશ મુજ

બ આએ પતર શાથે પેહેલાં વરશનાં એટલે જે શને ૧૨૨૯ ઇઅજદજરદીનાં રૂ૫૦૦) હમોએ મોકલીઆછે તે શંભારી લેઇ પોંહોંચ લખી આપજોજી, એ વીશે ઘટતું ખાતું પારજોજી અને અશલ શરત પરમાંણે હેવું નાંણુ જેમ બને તેમ ઉ તાવલે ખરચાતું થાએ તેમ કરવાને તમારી મંડલીને હમારી તરફથી જાહેર કર જોજી, એજઅરજ.

મુંબઈની તા૦ ૨૮ મી અકટોબર શને ૧૮૫૯ ઈશવી.

(શહી) શેવક દાદાભાઈ નશરવાંનજી કાંમાજી.
" શેવક દાદાભાઈ હોરમજજી કાંમાજી.
" શેવક ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી.
" શેવક પેશતનજી હોરમજજી કાંમાજી.
" શેવક ડોશાભાઈ ફરાંમજી કાંમાજી.

નોશરવાંનજી મનચેરજી કામાંનાં ધરમ ખાતાના ટરસટીઓ.

તમારી કારોબાર મંડલીને તંમ શાહેબો આગલ જાહેર કરવાને ખુશાલી હાશેલ થાઇછે કે મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમખાતાનાં ટર શંટીઓએ દર વરશે રૂ૫૦૦) આએ ધરમખાતાં માહેથી ઈરાંન તરફ શથાપેલી મ કતબો ઉપર ખરચવાને આપ્તા કરેઆછે તેથી આએ ધરમખાતાંની માજી કારો બાર મંડલીએ ઈરાંન પરાંત તરફ આપણાં હંમદીન જરતોશતીઓને એલમ હાં શેલ કરાવવાને વાશતે મકતબો ઉપર દર વરશે રૂ૬૦૦) નો ખરચ રાખેઓછે તે ખરચ મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમખાતાંનાં ટરશટીઓએ દર વરશે રૂ૫૦૦) આપતા કરેઆથી હવે આએ ધરમખાતાં માંહેથી ઈરાંન તરફ ની મકતબો ઉપર રૂપીઆ એકશોજ આપવા પરેછે, અને હેવોજ દાખલો લેઇને આપણાં હીનદોશતાંનનાં શખી વજુદ જરતોશતીઓ ઈરાંન દેશનાં રેહેનારા ગ રીબ જરતોશતીઓની હાલત શુધારવાનાં ફંડ માંહે આશરો તથા મદદ આપતા જાવાની તમારી કારોબાર મંડલી તંમ શાહેબો આગલ ભલાંમણ કરેછે, તેમો ખ શુશને તે તરફ એક "બોરડીંગ ઈશકુલ" (ઇઆને પરવરશી શાથેની નીશાલ) શ થાપવાની ઘણીજ અગત બલકે ફરજ જણાએછે તે ઉપર આપણાં જરતોશતીઓ નું ધેઆંન પોંહોંચાડવાને તમારી કારોબાર મંડલી ઘટતું વીચારેછે.

અને વલી શેઠ મેહેરવાંનજી ફરાંમજીની ઉપર લખી જણાવેલી ભલાંમણ ઉપ રથી તથા મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંનાં ધરમખાતાંનાં ટરશટીઓ એ દર વરશે રૂ૫૦૦) મકતબો ઉપર ખરચ કરવાને વાશતે આપેલી કબુલાત ઉપ રથી તમારી કારોબાર મંડલીએ વીચારેઉ કે એક "બોરડીંગ ઈશકોલ" ઈરાંન શ ર જમીન તરફ શથાપેઆમાં આવેતો અનેક તરાંહનાં ફાએદાઓ નીપજતા આ

વશે, તેહેવી ધારણાંથી ભાઈ માંણેકજી આંતરીઆ ઉપર તારીખ ૨૬ મી અકટોબર શને ૧૮૫૯ ઇશવીની તેરીખે લખી જણાવેઉં કે ઇઅનદમાં ૧) બોરડીંગ ઈશકોલ શથાપીએતો દરએક છોકરા પછવાડે બોરાકી પોશાગી શાથે દર માશે કેટલો ખરચ લાગશે અને તેહેરાંન માંહે હેવી મકતબ શથાપીએતો દર માશે એક છોકરા પછવાડે કેટલો ખરચ લાગશે તે શરવે ચોકશાઈ કરીને ફરીથી લખી જણાવજો કે તે ઉપર આએ ધરમખાતાંની કારોબાર મંડલીનુ ધેઆંન પોહોચાહેઆમાં આવે, અને તેહેરાનમાં હેવી મકતબ ઉંધાડેઆથી વધારે ફાએદો થાશે કે ઈઅનદમાં ઉંધાડેઆથી વધારે ફાએદો થાશે તે પણ લખી જણાવજો, અને તહમારી તરફ આએ ધરમખાતાં માંહેથી મકતબો શથાપેઆમાં આવીઓછે તે મકતબો માહેથી જેટલી મકતબો ઉપર એ રૂ૫૦૦) ખરચ થાઈ શકે તેટલી મકતબોને હાલ તરત મરહુમ શેઠ નોશરવાંનજી મંનચેરજી કાંમાંજીને નાંમે રાખંજો કારણ કે આએ ધરમખાતાં માંહેથી તહમોને દર વરશે રૂ૬૦૦) એ મકતબો ઉપર ખરચ કરવાને આગલ આપેઆમાં આવેઉં હતું તે હવેથી એ ધરમખાતાં માંહેથી રૂપીઆ ૧૦૦) એકશોજ આપેઆમાં આવશે તે વીશેની તહમોને કારોબાર મંડલી ચેતવણી આપેછે. હેવું તહમારી કારોબાર મંડલીનાં લખી જણાવેઆ ઉપરથી ભાઈ માંણેકજી લીમજી હોશંગ આંતરીઆ તેહેરાંનની તારીખ ૩૧ મી જાંનેવારી શને ૧૮૬૦ વાલા કાગજ માંહે જણાવેછે કે—

"એક બોરડીંગ ઇશકોલ ઉભી કરવા થકી હકીરની જે શલાહ પુછીય તે "વીશે હમારી અજમાએશ ઉપરથી એમ જણાએય કે ઇઅનદ કે કેરમાંનમાં "એ કાંમ બનવું મુશકેલછે ને બનેતો તેહેનાં ફેજની ઉમેદની જગેઆએ બોર "કેટલીએક ખરાબી ઉપજશે અને તે શીવાએ જે જે અડચણો જણાએછેં તેહે "માં પેહેલું એકે કેટલાએક બલકે અકશર હશદખોરા મુશલમાંનો કંઈ નહી ને "કંઈ આફત નાંખેઆ વગર નહી રેહેશે.

"બીજું, અને મનમાંગતો માઅલંમ (ઇઆને શીકશક) મુશલમાંન હોએ "તો તે દરશ (ઇઆને પાઠ) નહી આપે.

"તરીજું, આપણાં પારશીઓમાંથી કોઈ તેહેવો પહરેલો શખશ મલી નહી "આવવાનો, પણ જો તેહેરાંનમાં હેવી એક મદરેશા ઉભી કરવામો આવશેતો કે "ટલીએક તહરાંનાં ફાએદા શાથે એ કાંમ આશાંનીથી ચલાવવામાં આવશે, તે "હેમાં પેહેલું દરશ (ઇઆને પાઠ) આપનાર કાબેલ શખશ મલી શકવાનો.

"બીજું, અતરે પાએતખતનુ શેહેર અને અંગરેજની છાવણી શરવેછે તે "થી જેમ આપણી તરફ બાહાર ગાંમડે ગોઠરેનાં રેહેવાશીઓ મુંબઈ આવી

" વશવાથી તેહેનાઓની નજર ઉંધેહેચ ને ઇનશાનીએત પકડેચ તેમજ જે કોઈ
" ઇઅજદમાં ને કેરમાંનનાં ગાંમડાં ગોથરાંને ખુણે પરી રહીને ગંમગુવાર બની
" જાએચ તે જો તેહેરાંન તરફ આવશેતો કેલવણી ઉપરાંત અદબ આદાબ અને
" ચાલચલણમાં શઉર વાલા થાતા જાશે.

" તરીજું, કેલવણીનાં વધારા શારૂ અતરે અરમાંની, ઇઆહુદી, ને મુશલ
" માંનોની મલી કેટલીએક મદરેશાછે તથા શાહની તરફથી "દારૂલફુનુન" નાં
" મે મોહોટી મદરેશા ઉંઘાડવામાં આવીછે તેથી એક બીજાની દેખાદેખીને તા
" શુબાઈની હર તરેહની તાલીમ તુરત હાંશલ થાએઆનો શબબછે.

" ચોથું, આપણી મકતબમે જો થોહોઘણો એલમ કોઈ છોકરો શીખીને શા
" હી મદરેશામે દાખલ થાવા ચાહાશેતો બની શકશે."

" અતરે જો મેનીજ શારી થઈતો મકતબમાં શીખનારા છોકરાઓને હરેક
" ધંનધે રોજગારે પણ વલગાવવાને બનશે ને તેહેવું કાંમબી તેહેનાંને કીજે તુર
" ત અતરે મલી શકશે તેહેવુંછે, એ કાંમનાં ઉપરીનેબી વગર અડચણે પોતાનો
" ઓહદો બજાવવાને બનશે તથા વખતે જરૂર પડેતો અંગરેજી હકુમતનો આ
" શરો મેલવવાને બનશે."

" જો અતરે તેહેરાંનમાં બોરડીંગ ઈશકુલ બનાવીને તેહેમાં ઓછામાં ઓછા
" ૨૫) છોકરાઓની પરવરશી શાથે એલમ આપવાનો બનદોબશત અતરે વાલી
" અંગરેજી કોઠીદારનાં આશરા હેઠલ થાએતો એ ઈશકુલ કીજે જાગીર ખરીદ
" વા થકી રૂ૫૦૦૦) ની રકંમ અથવા જગેઆ ખરીદીને તેહેનું ધરમ ખત બ
" નાવીને માંનવંત મંડલીને શોફવા થકી હકીર અતરે કબુલાત આપેચ."

" જો એ કાંમ અંગરેજી હકુમતનાં આશરા હેઠલ બનશેતો હમેશનો ડાકટ
" ર ને દવાદારૂ મુફત મલશે ને વલી એમ કરવાથી આશતે આશતે આપણાં
" ટોલાંનો વકાર વધીને અંગરેજી હીમાએતનાં કેહેવાતા જાશે.

" હેવી મદરેશા અતરે તેહેરાંનમે બરપા કરવામે આવે ને તેહેમાં ઓછામે
" ઓછા ૧૦) થીતે ૧૫) છોકરાઓની પરવરશી કરી કેલવણી આપવા ધારીએ
" તો નકી ખરચ કેટલો થાએ તે વીશેનો અડશટો આશાંમી જણ ૧૨ ની ગ
" ણતરી કરીને અતરે નીચે જણાવવામાં આવેચ, તેમજ ઇઅજદ ને કેરમાંન વી
" શેબી કોઠા કરી લખીએચ તે ઉપરથી અકાબર શાહેબોને ધેઆન પોહોચાડવા
" બની શકે.

ઈરાંન પરાંતનાં પારશીઓ શારૂ બોરડીંગ ઈશકુલ કરવાનાં ખરચનો અડશટો.	તેહેરાંન શેહેર.	ઇશફહાન શેહેર.	કેરમાંન શેહેર.
૧ લું—રેહેવાનું ઘેર જો ભાડે લેવામાં આવેતો એક વરશનુ ભારૂ મ ધીઅમ જગાનું	૪૦	૫	૨૫
૨ જુ—વરાંણ વાશણ કે હોવણાં બીછાંણાં વગેરેનો અશબાબ જે પર થમ એકવાર કરી આપેઆમાં આવે તેહેની ભાગ તુટ ને બદ લી લેવા તથા ઘટતી ચીજો ખરીદવા કીજે દર વરશે	૨૦	૧૫	૧૦
૩ જું—દરશ આપનાર માલમનું વરશાશન	૭૨	૭૨	૭૨
૪ થું—ચાકરો જણ ૨) ને એક વરશનો લવાજમ	૪૮	૪૮	૪૮
૫ મું—કપડાં આશામી જણ ૧૨) નાં દર વરશે વરશ વાપરવા જેટ લાં શરવે મલીને તુમાંન	૮૦	૬૦	૬૦
૬ ઠું—કાગજ, કલમ, શીઆહી, ખરીઆ મલીને............	૧૨	૧૨	૧૨
૭.મું—ખોરાક જણ ૧૨) ને ચાકરો શીકેનાં તુમાંન..........	૨૫૦	૨૦૦	૨૦૦
જુમલે દર વરશે વરશનાં ખરચનાં તુમાંન.	૫૨૨	૪૧૨	૪૩૭

"એ ગણતરી પરમાંણે તેહેરાંન ખાતે બનેતો રૂ૨૫૦૦) ને ઇઅજદમાં ઉ "ભી કરાએતો રૂ૨૦૦૦) ને કેરમાંનમાં શથાપવામાં આવેતો રૂ૨૧૨૫) ને આ "શરેનો દર વરશે વરશનો ચાલુ ખરચછે.

"એ ઉપરાંત દર આશાંમી કીજે શરદી ગરમીનાં અઇઆંમ જોગ હોય "નાં તથા ઘરમાં વાપરવાનાં ફરશ અને વાપરવાનાં વરાંન વાશણ ને બીજો અ "સબાબ મલીને પરથમ પેહેલો એકદમ ખરચ રૂ૬૦૦) થીતે રૂપીઆ ૭૫૦) તુ "લકે કીતાબો શીકે જોઇશે—અને જો વીદીઆરથીઓ આશામી પચીશથી ત "રીશ તુલકે હોએતો ચાલુ ખરચને એકનદરનો પેહેલો ખરચબી એકથી બમનો "થાશે ને એજ પરમાંણે વધુ ઓછા આશામીઓ વીશે અડશટો જાંણવો."

હેવાં ભાઈ માંણેકજી આંતરીઆનાં લખવા ઉપરથી તમારી કારોબાર મંડ ળીએ આએ ઘરંમખાતાંનું ફંડ પુરતું નહી હોવાનાં શબબથી ભાઈ માંણેકજી આંતરીઆને તારીખ ૨૩ મી જુલાઈ શને ૧૮૬૦ ની તેરીખે લખી જણાવેઉં કે તેહરાંનમાં એક "બોરડીંગ ઇશકુલ" શથાપવાને વાશતે છોકરાઓ જણ ૧૨ પછવાડે વરશ દાહાડે તેહરાંન મધે રૂ૨૫૦૦) નો ખરચ લખી જણાવેઓ તે ઘ ણોછે તેથી હાલે હેવી તરેહની મકલબ તમારી તરફ શથાપવાને કારોબાર મંડ ળી દરૂશત ધારતી નથી.

એ પછે તમારી કારોબાર મંડલીને ભાઈ માંણેકજી આંતરીઆ કુલઅક શે હેરની તારીખ ૩૦ મી આગશટ શને ૧૮૬૦ ની તેરીખવાલા કાગજમો જણા વેછે કે—

"અકાબર શાહેબોને અનદેશો ઉપજે કે આગલ લખી મોકલેલી ધારણાં ૬
"૨એક છોકરે દર વરશે રૂ૫૦) તુલકનો ખરચ વધતોછે વાશતે હકીરનાં ખેઆ
"લમાં આવેચ કે ઉદ્દીઓગશાલાની કાંની તે શીખાઉ છોકરાઓને કાંઈ ધંધા
"ધાપામાં દર રોજ ૩ કલાક રોકીને શુથાર, શલાત, દરજી, પનવા, વણકર વગરે
"નાં કાંમમાં ખપાવેઆથી તેનાંઓમાં હોનર દાખલ થાશે.

"વાશતે માંનવંત મંડલી પાશે હમો મોહોટી નમનતાઈ શાથે અરજ ગુ
"જારીએચ કે હાવે શમે એ કાંમને ઢીલમાં નાંખવું નહી જોઈએ કે હમો પાં
"ચ દાહાડા અતરે છેઈએ તેટલે કાંમ હાર પડશેતો આગલ જાતે ઘણો શુધારો
"ને વધારો થાશે તથા હકીરે જે કાંઈ અતરે માહેતગારી મેલવેલીછે તે ઉપરથી
"પકેપણે સારો બનદોબશત થાઈ શકશે પછે તો જેમ કાંઈ અકાબર શાહેબોને
"નેક શુજે તે બેહેતર ગણાશે."

એજ તેરીખવાલા કાગજમાં ભાઈ માંણેકજી આંતરીઆ જણાવેછે કે,
"કેટલાએક બુરજીગરો અને બીજા વેપાર કરનારાઓ મલીને અતરે શેહેર
"ની બાહાર જમીન ખરીદવા કે ઈજારે લેવાનો ખેઆલ કરી પોત પોતાનાં બ
"ચાં છોકરાં શીકિ જાથુક રેહેવા ધારેચ પણ આપણી તરફનો ઉતર મલવા ઉપર
"આંખ ઉઘારી રાખી જોએઆ કરેચ કેન્તાંહાંથી કાંઈ મુરાદ ભરેલો ઉતર મલેતો
"પછી એ કાંમશરબી આગલ પરવા ધારેછે."

"એક કીલાબંધ મજરો સેહેર અને દુખમાંની જગીઆની હધ વચમાંછે
"તાંહાં બધી વાતે માવજત થાએ હેવા ઈરાદાથી "વજીર મુશ" નાંમે જે શેહે
"રનો હાકેમછે તેહેની પાશેથી શરબશ ઈજારે લેવા કીજે કુલલે બેહેદીનોએ મ
"લી હમને પોતાંની ખાહેશ બતલાવીછે કે હમે પોતાને નાંમે તેહેનુ લખત ક
"રી લેઈને હેનાંઓનો બનદોબશત કરી આપીએ ને તે ઈજારો ૯૦) વરશનો
"કરવા ધારેઓચ, પણ હમોએ હેનાંને ધીરંજ આપી કહીઉચ કે એક બે માશ
"શબુર પકડવી તેટલે મુમબઈનાં અકાબર શાહેબોથી "બોરડીંગ ઈશકુલ" બાબ
"તે એલતેફાત નાંમુ મલેઆ પછે એ કામને હાથ ધરવુ બેહેતરછે વાશતે શેજ
"જાંણવાને અરજ કરીચ.

"થોડાએક બેહેદીનોની ટોલકી મલીને અતરેથી પરભારા મુમબઈ આવવા
"ચાહાતા હતા કેમકે ઈઅજદથી નાહાશતાં લોકો અટકાવેછે તેહેનાંનેબી હા
"લે ઉમેદ આપીએચ કે જો ઉપર કેહા "નજફાબાદ" નો મજરો એકદમ ઈજારે
"લેઈ શકશે તો તેઓ શરવેને ધંધે વલગાવવાને નહી ચુકશે."

વલી ભાઈ માંણેકજી આંતરીઆ તેહેરાંનની તારીખ ૨૪ મી અકટોબર શ
ને ૧૮૬૦ ની તેરીખ વાલા કાગજમો તમારી કારોબાર મંડલીને પોતાંની એલ
તેમાશ બતાવેછે કે—

" હકીરની મકશદ એછે જે હેનાંઓમાં જાંહાંવેર કેલવણીનો વધારો ને ફેલા
" વો નહી થાએ તાંહાંવેર બુધા કે જુવાંન અથવા અદનાં કે આલા શરવે એક
" વેહેશી જાંનવર શરખાછે તેહવાજ રેહેવાનાં ને વલી હેનાઓએ પેહેરી દર પે
" હેરી જાલમોની શંગતમાં તથા દુરવંદોની દોશતીમો વશી ઉમર કાહાડેલોછે
" તે નીતીનાં એલંમ શીખીઆ વગર હરગેજ શુધરનાર નથી અને આપણે જે
" જે અવગુણ હેનાંઓમાં જોઈએચ તેહેમાં હેનાઓનો વાંક નહી જાંણવો કેમ
" જે હેવીજ ધપછપથી ઉશ્રતાં આવેઆંછે વાશતે જે "બોરડીંગ ઈશકોલ" ઉભી
" કરવા થકી હાલમાં માંનવનત મંડલીએ મરજી નહી દેખાડી તેની ચીંતા ન
" હી પણ હર હાલે આપણાં અકાબર શાહેબોએ હેવા ખેઆલમાં રેહેવું જોઈએ
" કે હાલે નહી બનેતો બીજે વખત ને અતરે તેહેરાંન ખાતે નહીતો મુમબઈ
" તરફ હેનાઓને કેલવણી આપવા બાબતનો કઈ પકો બનદોબશત કરવો."

તેહેરાંનની તારીખ ૭ મી ફેબરવારી શને ૧૮૬૧ વાલા કાગજ માહે ભાઈ માણેકજી આંતરીઆ લખેછે કે—

" કેલવણીનાં વધારા શારૂબી જે અશલથી અરજ કરતા આવીએચ તેમ
" એકુ વખત અનજાંમ પોહોચે હેવી આએ દુર દેશી દાશને હમેશ આરજુ ર
" હેછે વાશત્તે ખોદાવનદ તાલા ધણીની નવાજેશે તેબી બની શકસે."

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે ભાઈ માણેકજી આં તરીઆની તબીએત નાદરૂશત રેહેવાને શબબે એવણનાં છોકરા ભાઈ હોરમજ જી તેહેરાંનની તારીખ ૩૦ મી જુન ૧૮૬૧ ઈશવીની તેરીખવાલા કાગજ માહે એજ બાબતને લગતુ તમારી કારોબાર મંડલીને લખી જણાવેછે કે—

" મગર એવણની (ઈઆને ભાઈ માંણેકજીની) ઉમેદવારીને શરવેથી વધારે
" આરજુ એ હુતી અને છે જે ઈરાંની પારશીઓને અંગરેજી રાજનાં આશરા હે
" ઠલ શોકવાની પેરવી કરવી કરાવવી તે થકી પોતાની હાલતમાં તક શોરે મી
" જાજ છતે વારેવાર હરેક ઉપાએઓ ચલાવતા આવેચ તેહેમાં જીઆરે જરા
" ક ઉમેદવારી જેહેવુ જણાએચ તો વગર દવાએ તનદરોશતી બનેઆ જેહેવો
" હેવાલ થાઈ પડેચ, ને જારે કાંઈ કાંમ શુશત બનેલુ માલંમ પરેચ તો બેહુશી
" થી મરજ વધી પરેચ અને તેમજ આએ પરાંતમાં "બોરડીંગ ઈશકુલ" બના
" વવા થકી મોહોટી આરજુ હતી ને છે કે તે શારૂ એક ઘેર ખરીદીને ધરમ
" ખાતે આપીઉંછે અને તે બાબે પોતાનાં વીલમાં જણાંવેઆ ઉપરાંત થોડુએક
" થાએઉં ફરી તે ઘેર પર બીજો ખરચ કરીને આગલા ભાગમાં એક માર બ
" નાવવાનુ કાંમ ચલાવેઉંછે અને એ ઘેરબી મીશન પાશે આવેઆને શબબે મી૦
" એલીશંને ખરીદવા ચાહેઉં હતું તેહેને પણ એ પરમાંણે કહેઉંછે કે હું

" બોરડીંગ ઈશકુલ" મુંબઈવાલા અકાબર શાહેબો ઉંઘાડેતો તે શારૂં મેં વકફ
" ઈઆને ધરમખાતે આપેલુંછે.

" વાશતે આએ હકીરનેબી દર દફઆત વશીઅત ને નશીએત શારૂબી એ
" જ શખુનો ફરમાવતા આવેચ ને એ કાંમનો ઓરતો પોતાનાં હઈડાંમાં ઘણો
" મોહોટો રાખેઓચ તેથી ખોદાતાલાનું ચાહવું બને કે એ બેઉ બીનાંને હવે
" પોતાની નજરે જોએઆથી પોતાનાં જીવને શંતોશે."

તમારી કારોબાર મંડલી તમો શાહેબોને જાહેર કરેછે કે એક "બોરડીંગ ઈશકુલ" તેહેરાંન તરફ શથાપવાને વાશતે ભાઈ માંણેકજી આંતરીઆએ શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાંડે ઉપર કાગજ ૧) તારીખ ૧૮ મી ડીસેમબર શને ૧૮૬૦ની તેરીખે લખેઓછે તે કાગજ માંહે પણ એ શેઠને મજબુત ભલાંમણ કરીછે કે હરેક રીતે "બોરડીંગ ઈશકોલ" તેહેરાંન તરફ શથાપવાની ભલાંમણ તમારી કારોબાર મંડલીને કરે તે ઉપરથી શેઠ મેહેરવાંનજી ફરાંમજીએ પતર ૧) તારીખ ૧ લી અકટોબર શને ૧૮૬૧ ઈશવીને દંને લખેઓછે તે તમ શાહેબોને વાકેફ થવાને વાશતે નીચે દાખલ કરેઓછે.

શેઠ મેહેરવાંનજી ફરાંમજીએ તમારી કારોબાર મંડલી ઉપર લખેલો પતર.

મુંબઈની તારીખ ૧ લી અકટોબર ૧૮૬૧ ઈસવી.

ભાઈજી શોહોરાબજી રૂશતમજી મુલાં ફીરોજનાં

તે શ્રી ઈરાંન દેશનાં લાચાર જરતોશતીઓ
ની હાલત શુધારવાનાં ફંડનાં મુનશી જોગ.

જત હમોએ તમોને તારીખ ૨૭ મી જુલાઈ શને ૧૮૫૯ ની તેરીખે કાગજ લખીઓ તે મધે ભાઈ માંણેકજી લીમજીએ તેહેરાંન મધે બોરડીંગ ઈશકુલ ઉઘાડવા વીશે હમોને લખેઉં હતું તેહેનો પેરેગરાફ તમારી મંડલીનાં શાહેબોને વાકેફ થવા શારૂ લખી જણાવેઉં હતું. હાલ એ વીશે ભાઈ માંણેકજી પોતાનાં તારીખ ૧૮ મી ડીસેમબર શને ૧૮૬૦ નાં કાગજમો હમોને ફરીને એસારો લખી જણાંવેઓછે તે અતરે નીચે ટાંકીએચ તે મેહેરબાંની કરી તમારી કારોબાર મંડલીનાં શાહેબોની આગલ રૂજુ કરજોજી.

" મુરબીજી શાહેબ તમોએ એક ઈશારો કેટલુએકની વાત ઉપર ફરમાવેઓ
" હતો જે અતરે તેહેરાંન ખાંતે હવે બોરડીંગ ઈશકુલ ઉઘાડવાનો બંદોબસત
" થાઈ શકશે વાસતે તે બીશારત ઉપર મોહોટી ઉમેદવારી ઉપજાવીને હકીરે અ

" તરેથી નીકલવાંનું મોકુફ રાખેઉં અને તે બાબતે પોતાનો આગલો વીચાર
" ઠેરવીને થોબવાનું માનવંત મંડલીપર લખી વાલેઉતું, પણ પાછલથી તેઓ
" સાહેબોની કશી મરજી માલમ નહી પડી બલકે બીલકુલ ચોખ્ખી ના પાડી લ
" ખેઉંછે તેહેનાં શબબે હમને મોહોટી દલગીરી હાંશેલ થાઇચ કેમજે એ બાબ
" તમાં હમને ઘણીજ હોંસ અને હરખ હતો જે પાંચ પચીશ છોકરાઓને પો
" તાને હાથે તાલીમ આપી જે કાંઈ નીતી મારગો માહારા મગજમાં ઉતપંત
" થાંએઆચ ને થાતા જાએચ તે તેહેનાં મગજમાં ઉતારવેથી એ છુપા ગોહરની
" જોત જારી અને માહારી એક ઇધાંની બાકી રાખવાનો સબબ બને, અને હા
" લે જે મેં ફરીને માનવંત મંડલીને કબુલાત આપીચ તેથી હવે અતરેથી ની
" કલવાનું પણ તુરત જરા મુશકેલછે અને તે શાથે વલી જો વધારે તકરાર મા
" નવંત મંડલી શાથે ચલાવીને અતરેની મકતબ શારૂ દાખલા દલીલો આપ
" વામાં આવેતો કદાચ કોઈ શાહેબનો હેવો ખેઆલ જાએ કે એ શખશ પોતા
" નાં શકુનનેજ ખુરશીપર બેશાડવા ચાહેચ, એટલા કીજે અતરે તમો મુરબીજી
" ને ઉઘારૂ લખી ખોદાએતાલાને હાજર નાજર જાંણી અરજ કરૂચ કે શોરત કે
" શવાબ નેમ દાખલનો ખેઆલ વગર મહજ પોતાની દીનનાં શંભાલ અને
" અશલ વતનમાં પોતાનાં જાત ભાઈઓની શુધરાઇ તથા જાલવણી અને જી
" આદતી જોવાની ઉમેદથી ઘટતું હતું તેમ અરજ કરી હતી ને વલીબી અરજ
" કરવાને હું લજવાતો નથી કેમજે કહીઉંછે—"

" મરૂતો માગું નહી પોતાનાં લાભને કાજ "
" પણ પરમારથને કારણે હું કણુ નહી કરૂ લાજ "

" વાશતે જો તમો શાહેબોની નેક નજરમાં આવેતો આપણી માનવંત મં
" ડલીમાં એ બાબતની ચારવણી ચાલુ રાખવીજી કે જેથી કરીને શરવે શુધરાઈ
" માં શરશં ને બધી તરાંહની મદદો કરતે એ બેહેતર કાંમછે તે આપણી જંદગાં
" નીમાં જોઈને આનંદ પાંમીએ. એ બાબતશર અતરે વલી એ પણ કેહેવાને
" ચુકતો નથી જે અવલ અરજ કરેઆ મુજબે જે રૂ૫૦૦૦) ની રકમ હકીરે
" આપવાની કહી હતી તે નાંણાં બાબતનું એક ઘેર કે જેહેમાં હમો હાલ રહી
" એચ તે મુકરર કરીને હમોએ પોતાનાં વીલમાં પણ શરવે શરતો શાથે જણાવે
" લુંછે કે જીઆરે મુંબઈવાલા અકાબર શાહેબો અતરે મકતબ ઉભી કરેતો તે
" કારણશર એ મંજલ વાપરવામાં આપવી અને તે વગરેની શરવે તફશીલ મુર
" બીજી તે વીલ પરથી જાણશોજી. હવે એ ઘેર વીશે જાણવું કે અંગરેજી કો
" ઠી શાથે મલતું દીવારે દીવાર ઉગમન અને ઉતર તરફથીછે અને દખણ તર
" ફનો પડોશીબી અંગરેજી કોઠીનોજ નોકર પેનશીનર "અમુ કુરબાંન" નાં
" મેનુ ઘેર આવીઉંચ તથા આથમણ શાહી રસતા ઉપર અંગરેજી કોનશલની

" ઈમારત સાંમભા સાંમભીછે તેહેનાં શબબે ઘણી મુખરાપર ને માનવંત મોહો
" લામાં શારી માફ્જતની જગા કેહેવાએચ ને હાલ કોઈને ભાડે આપવામો આ
" વેતો દર માશે તુમાંન ૮) થી તે ૧૦) વેર ઉપજે તથા ઘણી શારી મજબુત ને
" બેઠી બાંધનીનુંછે, વાશતે હવે પછે હમો એ ઘેરનો નકી નકશો અને ધરમાઉ
" ખત બનાવી અંગરેજી કોઠીની મારફતે રજીશટર કરાવીને માનવંત મંડલી
" નાં સાહેબો માંહેનાં ૫) તરસટીઓને નાંમે કરી ઓચરો મોકલનાર છઈએ કે
" પછે ગમે તીઆરે અહીએ મકતબ બનાવવામાં આવે અથવા નહી આવે તો
" બી તરશટીઓની શાહેતા હેઠલ એ મીલકત રેહીને બીજે ધરમ ખાતે વપરા
" એ, પણ જો હકીર પોતાની હઈઆતીમાં એ જગોએ મકતબ ઉઘારેલી જોશેતો
" અલબતે એક તરાંહનો આનંદ ઉપજશે વાશતે હવે એ બાબતે માંનવંત મં
" ડલીપર લખવા કરતે શેઠજીનાં પરઉપકારી પણાં ઉપર એ કાંમ શોંફીએચ તે
" થી જેમ કઈ નેક શુજે તેમ કરવાને ચુકવું નહીજી.

એ મુજબ ભાઈ માંણેકજી તથા તેવણુનો છોકારો લખેછે કે તે ઉપર આશા રાખુચ જે તમારી મંડલીનાં શાહેબો ધેઆંન પોહોચાડશે.

(શહી) લા૦ શવક મેહેરવાંનજી ફરાંમજી પાંડેનાંનો શલાંમ વાંચજોજી.

એ ઉપરથી તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે હેવી ભાઈ માંણેકજીએ એક "બોરડીંગ ઈશકુલ" એ જગા ઉપર શથાપવાની મજબુત ભલાંમણ કરેછે અને એ "બોરડીંગ ઈશકોલ" શથાપવાને વાશતે રૂ૫૦૦૦) શુધીની જગેઆ આપવાને પણ કબુલ થાએઆછે અને વલી ઉપર લખીં જણાવેલા પતર ઉપરથી માલમ પડેછે કે ભાઈ માંણેકજી આંતરીઆએ તે ઘેર પોતાનાં વીલમાં પણ આપવાને લખીઉછે અને દર વરશે છોકરા જણ ૧૨) પછવાડે ચાલુ ખરચ રૂ૨૫૦૦) નો લખેછે અને વલી તમારી કારોબાર મંડલી પણ હેવી "બોરડીંગ ઈશકોલ" તેહેરાંન તરફ શથાપવાને ઘણીજ અગતીઅ જાણેછે કારંણ કે તેહેરાંન તરફ એ ઈશકોલ અશથાપવામાં આવેતો તાંહાં એલંમ હાંશેલ કરાવેઆ ઉપરાંત બીજાબી ઉદીઓગો શીખવવામે આવેતો આગલ જાતે અનેક તરાંહનાં ફાએદા હાંશેલ થાતા જાએ. એ વાસતે તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ પોતાનો વીચાર જણાવવાની રજા લેછે જે ભાઈ માણેકજી આંતરીઆનાં જણાવેઆ પરમાંણે દરએક છોકરા પછવાડે દર મહીને આશરે રૂ૧૭) થાએછે તે ઉપરથી તમારી કારોબાર મંડલી તમ શાહેબોને મજબુત ભલામણ કરેછે કે એ કાંમ ચાલુ રાખવાને વાશતે તમારી કારોબાર મંડલી પાશે પુરતું ફનડ નથી પણ એ કાંમ ચાલુ રાખવાની ઘણી જરૂર જણાએઆને શબબે તમારી કારોબાર મંડલી આપણા જરતોશતીઓ આગલ હેવી પોતાની ખાએશ દેખાડેછે કે એ કાં

મ ચાલુ કરવાને વાશતે તમ શાહેબોએ પોતાની મરજી પરમાંણે દર મહીને એક ઇંઆ તેથાંબી વધારે છોકરાઓનાં ખરચ માંથે લીએ અથવા કઇ ચોકશ લવાજમો આપતો કરે અથવા એ વીશે કોઈ શાહેબે મોહોટી રકમ ભરીને એ બાબે પોતાનુ ખાતું પરાવેતો એ અગતનુ અને ફાએદા ભરેલુ કાંમ ઇરાંન પરાંત તરફ આપણા હીનદુશતાંનવાલા જરતોશતીઓની તરફથી ચાલુ કરેઆમો આવેતો ઇરાંન તરફ વાલા આપણા હમદીન લાચાર જરતોશતી પારશીઓનાં બચાંઓ એલંમ તથા હોનર હાંશેલ કરીને શુખી થાએ અને વલી એ કરતાં બીજો કોઈ મારગ વધારે ફાએદેમંદ ઇરાંનનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારનારો નહી થડશે.

અને વલી ફરીથીબી તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ એલતેમાશ કરેછે કે ઉપર લખી જણાવેલા ઉપાએઓ અથવા એ વીશે એક ફંડ ઉભુ કરીને એ બીચારાઓની હાલત શુધારવાને વાશતે હેવી તરેહની મકતબ ચાલુ રાખવાની આપણાં ઉપર આએન ફરજછે. એ "બોરડીંગ ઇશકોલ" તેહેરાંન તરફ શથાપવાને વાશતે તમારી કારોબાર મંડલીએ ઉપર લખી જણાવેલી ગોઠવણો તમ શાહેબો આગલ જણાવી તે તથા બીજી કોઇબી તરેહની ગોઠવણ કરવી જોઇએચ કે જેથી એ બીચારાઓને આગલ જાતે અનેક તરેહના ફાએદાઓ હાંશેલ થાએ. અગર કોઇબી તરેહની કેલવણી આપણા ગરીબ હમજાતીઓને નહી આપવામો આવશેતો હેનાંઓમાં જાંહાંવેર કેલવણીનો વધારો ને ફેલાંવો નહી થાએ તાંહાંવેર બુઢા કે જુવાંન અથવા અદનાં કે આલા શરવે એક વેહેશી જાંનવર શરખાછે તેહવાજ રેહેવાનાં.

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરેછે કે ઇઅજદ તથા તેહેને લગતા તાલુકાઓ માહે ૧૪ મકતબો આએ ધરમ ખાતાં માહેથી શથાપવામાં આવીઓ હતી અને એ ૧૪ મકતબો ઉપર ખરચ કરવાને વાશતે તમારી માજી કારોબાર મંડલીએ રૂ૬૦૦) દર વરશે આપતાં કરેઆ હતા, પણ એ વીશે તમારી કારોબાર મંડલીને ભાઈ માંણેકજી આંતરીઆ તારીખ ૨૫ મી નવેંમબર શને ૧૮૬૦ વાલા. કાગજમાં જણાવેછે કે—

"એ મકતબો વીશે જાંણવું કે ઇઅજદમાં જે ૧૪ જગીઆએ હતી તે એ બા" "બતનું ફંડ પુરૂ નહી પડવાને શબબે આએ ચાલુ વરશનાં છઠા માશથી એર" "ફર કરાવીને માતરે ૭ મકતબો રખાવીચ."

એ ઉપરથી તમારી કારોબાર મંડલીએ ભાઈ માણેકજી આંતરીઆ ઉપર તા૦ ૧૨ મી જુલાઈ શને ૧૮૬૧ ઇશવીની તેરીખવાલા કાગજમો લખી જણાવેઉછે જે અગર શાત મકતબો માંહેથી થોરી મકતબો ઇઅજદ માહે રાખીને બને તેમ શારી કેલવણી તમારી તરફ વાલાઓને મલે તેમ કરવું અને જો બની આવેતો એક મકતબ તેહેરાંન માહે શથાપવી.

ઈરાંન મધે શથાપેલી મકતબોની વીગત.

ઇઅજદ તથા તેહેને લગતાં પરગણાંઓ માંહેનાં કેટલાએક ગાંમોમાં મકતબો શથાપવામાં આવીઓછે તાંહાં કેટલા છોકરા શીખેછે તેહેની શંખેઆ તથા તેહેની ઉમર જણાવીને જુદા જુદા ૪ વરગો કરેઆછે તથા તે દરએક ગાંમની નીશાલોમો કેટલા છોકરાઓ શીખવા આવેછે તે શરવે હકીકતનો કોઠો જે ભાઈ માંણેકજી આંતરીઆએ ફારશી માંહે કરીને ઇરાંનથી તમારી કારોબાર મંડલી ઉપર મોકલેઓછે તેની વીગત નીચે જણાવેઆ મુજબછે.

૧ લી મકતબ "મોરીઆબાદ" નાંમે ગાંમ કે જે ઇઅજદ તાલુકામાંછે તાંહાં ઉભી કરવામાં આવીછે. એ મકતબ મધે વરશ ૭ થી તે ૧૨ વરશની ઉમરનાં ૧૮ છોકરાઓ શીખવા આવેછે.

૨ જી મકતબ "અહેરશતાંન" ગાંમમાંછે તાંહાં વરશ ૭ થી તે ૧૬ વરશની ઉમરનાં ૨૦ છોકરાઓ શીખેછે.

૩ જી મકતબ "કાશંમ આબાદ" ગાંમમાંછે તાંહાં વરશ ૬ થી તે ૨૩ વરસ શુધીની ઉમરનાં ૧૭ છોકરાંઓ અભીઆશ કરેછે.

૪ થી મકતબ "નરશુ આબાદ" અને "કંશનોવીઆ" ગાંમમાંછે તાંહાં વરશ ૨ થી તે ૯ વરશ શુધીની ઉમરનાં ૩૬ છોકરાઓ એલમની તાલીમ લીએછે.

૫ મી મકતબ "કુચેબીઆક" ગાંમમાંછે તાંહાં વરશ ૬ થી તે ૧૭ વરસની ઉમરનાં ૩૦ છોકરાઓ શીખેછે.

૬ ઠી મકતબ "મજરેએ કલાનતર" ગાંમમાંછે તાંહાં વરશ ૭ થી તે ૧૭ વરશની ઉમરનાં ૧૬ છોકરાઓ શીખેછે.

૭ મી મકતબ "તફત" ગાંમમાંછે તાંહાં વરશ ૬ થી તે ૧૨ વરશ શુધીની ઉમરનાં ૨૪ છોકરાઓ શીખેછે.

પેહેલા વરગનાં દરએક જણનાં વરશ જણાવેલાંછે તે મુજબ નાંધલા મોહોટાઓ જે કંઈજ લખી ભણી નહી જાણતા તેહેનાઓને લખવા, પઢવાનું શીખવવાને શરૂ કરેઉંછે, તેહેવા જણ ૮૫ છે.

બીજા વરગનાં દરએક છોકરાઓનાં વરશ જણાવેલાંછે તે મુજબ નાધલા મોહોટાઓ વાંચી શકે, અને લખી નહી સકતા તેહેવા આશાંમી જણ ૫૧ છે.

તરીજા વરગનાં દરએક છોકરાઓનાં વરસ જણાવેલાંછે તેહેનાવો કેતાબો શેહેજશાજ વાંચી લખી શકેછે, તેહેવા જણ ૨૩ છે.

ચોથા વરગનાં દરએક છોકરાઓનાં વરશ જણાવેઆંછે, તેઓ વાંચી લખી સારીપઠે જાણેછે, તેહેવા જણ ૨ છે.

એ પરમાંણે ચારે વરગ મલીને જુમલે છોકરાઓ ૧૬૧ શાત મકતબોમો શીખેછે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે ઉપર લખી જણાવેલી શાત મકતબો ઇઅજદ તાલુકા માંહે ચાલુછે તે આએ રીપોરટ ઇઆને એહવાલને આગલ જણાવેલે પાંને ૨૦૬ મે જણાવેલી વીગત પરમાંણે મરહુમ શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાજીને નાંમે અશથાપવામાં આવીછે.

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરવાને દલગીરછે કે તમારી માજી કારોબાર મંડલીનાં આગલા રીપોરટનાં પાંને ૭૮ મે જણાવેઆ પરમાંણે ૧૧ મકતબોમાં છોકરા જણ ૪૦૦ પરથમ કેલવણી લેતા હતા પણ તમારી કારોબાર મંડલીનાં હાથમો ફંડ પુરતું નહી હોવાને શબબે એ મકતબોમો ઘટાડો કરવાની જરૂર જણાઇ તેથી હાલ ફકત શાતજ મકતબો ચલાવેઆમો આવેછે કે જાંહાં માતરે ૧૬૧ છોકરાઓ કેલવણી લીએછે.

ઉપર જણાવેલી શાત મકતબો ઉપરાંત આએ ધરમ ખાતાં માંહેથી કેરમાંન તરફ તરણ મકતબો અશથાપેઆમાં આવીઓછે તે મધે એક મકતબ "માહેલ એ ફરમુતન" નામે ગાંમછે તાંહાં, બીજી "માહાલેએ કુચેશબજ" નાંમે ગાંમછે તાંહાં, અને તરીજી "કનાત કશુન" નાંમે ગાંમછે તાંહાં મલીને તરણ મકતબો અશથાપેઆમો આવીઓછે.

કેરમાંન વાલી મકતબો વીશે ભાઈ માંણેકજી આંતરીઆનાં લખેલા તા૦ ૧ લી શપટેમબર શને ૧૮૫૮ વાલા કાગજ માંહે તમારી કારોબાર મંડલીને જણાવેછે કે—

"મકતબોનું કાંમ કેરમાંન માંહે ઠીક ચાલેછે ને દર બેએ માશે ધારા મુજ
"બ હીશાબને તફશીલ શરવે આવેછે તેથી ઉમેદ રાખીએચ કે આગલ જાતે કાં
"ઈ શુધારો થાશે."

તમારી કારોબાર મંડલી તમ શાહેબોને ફરીથીબી ભલાંમણ કરેછે જે એ કાંમ માંહે મદદ કરવાની જરૂરછે કારણ કે એલમ હાંશેલ કરવાથી ફકત એ લોકોની હાલત શુધરશે એટલુંજ નહી પણ એલમ હાંશેલ કરેઆથી શરવે શકતીવાંન પાક પરવરદેગારની એગાનીઅત અને મારેફતને પીછાંની સકશે અને આબરૂ હોરમતથી પોતાનાં કુટંબનુ પાલણ કરશે અને વલી જો આએ ધરમ ખાતાં માંહેથી તેહેરાંન તરફ એક મકતબબી શથાપવામાં આવેતો તેથી અનેક તરેહનાં ગુણો એ બીચારા ગરીબ લોકોમો પરાપત થાતા જાશે.

તેથી તમ શાહેબો આગલ તમારી કારોબાર મંડલી એ વીશે મોહોટો આશરો મેલવવાની ઉમેદ રાખેછે.

તીરથગાહ બાબેના એહવાલ.

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરવાની રજા લેછે કે તમારી કારોબાર મંડલીના એક અધીકારી શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાંડેનાએ તમારી કારોબાર મંડલી ઉપર પતર ૧ તા૦ ૭ મી જાનેવારી શને ૧૮૬૦ ઈશવીની તેરીખે લખેઓછે તે પતર તથા તે શાથે મોકલેલું ચોપાંનીઉ ૧ શાહાશાનીઆંન ટોલાના છેલલા પાદશાહ ઈઅનદજરદ શેહેરીઆરની છોકરી ખાતુંન બાંનુને ગાએબ થાવા વીશેની બીનાંનો એહવાલ તમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરેઓછે.

શેઠ મેહરવાંનજી ફરાંમજીનો લખેલો પતર.

મુંબાઈની તા૦ ૭ મી જાનેવારી શને ૧૮૬૦
રોજ ૧૯ મો માહ ૫ મો કદીમ શને ૧૨૨૯

ભાઈ શોહોરાબજી ફરાતમજી મુલલાં ફીરોજનાં

તે ઈરાંન દેશનાં ગરીબ જરતોશતીઓની
હાલત શુધારવાનાં ફંનડનાં મુનશી જોગ—

જત લખવા મકશદ એછે જે હમારા માંગવાથી ભાઈ માંણેકજી લીમજી આંતરીઆએ ખાતુન બાનુની જીઆરત વીશેનાં હેવાલનું ચોપાંનીઉ ૧ હમારી ઉપર શને ૧૮૫૫ ઈશવીનાં શાલમાં મોકલીઉં હતું તે ચોપાનીઉ તમારી કારોબાર મંડલીના શાહેબોને જાણવા શારૂ આએ શાથે મોકલીઉછે તે વાંચીને અગર મંડલીનાં શાહેબોની નજરમાં આવે કે તમારા ગએઆ વરશનાં રીપોરટ મધે છાપવું તો શુખેથી તેમ કરજોજી.

એ ચોપાંનીઆનાં પાછલા ભાગમો એક ફકરો તમારી મંડલીનાં શાહેબોનાં જોવામાં આવશે તેમાં માણેકજી નીચે મુજબ લખેચ કે—

"હવે તમારી ધારણાં એછેજે એ ખાતુન બાનુની જગેઆને લગતા ૩ ગાંમ
"ડાં જે નરજુઉ—દરેદીન તથા મજરે મેહેરઈજદ મલીનેછે તે વગ પોહોચાડી
"ને ખરીદવાં કે એ જમીન પાછી હાથ આવેઆથી પારશીઓને કોઈ ઈજા ન
"હી દેશે તથા ખાતુંન બાનુ વારી જગેઆની ઈજત પણછે વાશતે એ વીશે કુ
"લે ખરચ રૂ૩૦૦૦) થી ૪૦૦૦) શુધીનો ધારવામાં આવેચ કે તેની પેદાશ ઉપ

" જે તે કાંઈ બીજાં નેક કાંમનાં ખરચમાં આપવી, વાશતે જો એમ બનેતો બુ
" જોરગ નેઆગાનોની ખુશનુદીને શબબછે એટલુંજ નહી પણ બેઉ જેહાંન
" ની નેકનાંમી હાંશેલ કરવાના કારણો જે દુનીઆંમાં ઘણી પરકારનાં હોએચ
" તેમાં એ કાંમબી કઈ કમ નથી.

હમારી ખાએશછે જે ઉપર લખેલાં ગાંમડાં ૩) "જરજુઉ" દરેદીન તથા "મ
જરે મૈહેરઈજદ" ખરીદ કરવા શારૂ ભાઈ માણેકજીના લખવા મુજબ જે રૂ૪૦૦૦
થાએચ તે હમો આપીએચ, વાશતે તમારી કારોબાર મંડલીનાં શાહેબો અગર
જો નીચે લખેલા કરારથી તે રૂપીઆ હમારી પાશે મંગાવવાને દરૂશત જાણેતો
હમોને મેહેરબાંની કરી લખી મોકલજો કે તરત હમો રૂ૪૦૦૦) ચાર હજાર ત
મોને મોકલી આપીશું.

૧ લું—ઈરાંન દેશનાં ગરીબ જરતોશતીઓની હાલત શુધારવાનાં ફંડનાં ચો
પડા મધે ભાઈ મેહેરવાંનજી ફરાંમજી પાંડેનાનુ જજીઆનું ધરમ ખાતું હેવે નાંમ
નું ખાતું શદા પારેલું ચાલુ રાખવું.

૨ જું—એ રૂ૪૦૦૦) મધેથી "જરજુઉ" "દરેદીન" તથા "મજરે મેહેરઈજ
દ" નાંમનાં ૩ ગાંમડાં જે ઈરાંન દેશમાં ખાતુન બાનુ નામની જગાને લગતાંછે
તે મંડલીનાં શાહેબોને નામે ખરીદ કરવાં અને તે ગાંમડાંઓ ખરીદ કરતાં અ
ગર રૂપીઆ વધેતો તેની શરકારી નોટો લેવાએ તેટલી લેવી, અગર ઉપલા રૂ૪૦૦૦
મો તરંડે ગાંમડાં નહી મલેતો એ રૂપીઆમાંથી જેટલી જગા લેવાએ એટલી ખ
રીદ કરવી.

૩ જું—એ ગાંમડાંઓની તથા ફાજલ રૂપીઆંની જેટલી નોટ લીધી હોએ
તેની મલી જે પેદાશ ઉપજે તે દર શાલ ઉપલા નાંમના હમારાં ખાતાંમો જમે
આપવી અને તે જેટલી રકમ પેદાશની જમે હોએ તેટલી પાછી તે ખાતાંમો ઉ
ધારી જજીઆના ભરણાંશર વાપરવી, અગર કઈ શબબને લીધે જજીઆનુ ભરણુ
નહી ભરવું પડેતો તેની આએપત જેમ મંડલીનાં શાહેબોની નજરમો આવે તે
વાં ધરમનાં કાંમોમો વાપરવી.

૪ થું—એ જગા તથા નોટ લીધા પછે કુલે અખતેઆર તમારી મંડલીના
શાહેબોનોછે એ મધે હમારા વારશ વકીલોનો કશો એલાકો નથી, પણ મંડલી વા
લા શાહેબોએ તે જગા વેચવી નહી ફકત તેની પેદાશ જેબી ઉપજે તે જજીઆ
ના કારણશર વાપરવી.

હેવી ચાર શરતે અગરજો તમારી મંડલીના શાહેબો ચોપડા મધે ખાતું પા
ડી એ પુનનાં કાંમને મદદ આપી હમોને લખી જણાવશોતો તરત હમોએ આ
પવા ધારેલાં નાંણાં તમોને મોકલી આપીશું.

બીજું એ ચોપાંનીઆં મધે ખાતુન બાનુની જગાના બંદોબશત શારૂ જે રકમ ભાઈ માંણેકજીએ લખીછે તે તથા ગુંમબજની મરાંમત વગરેના ખરચ નાં રૂપીઆ હમોએ ભાઈ માંણેકજીને મજરે આપીઆછે તથા એજ ચોપાંનીઆં મધે હએઆત બાંનુ વાલી જગાની હોજ વીશે લખેઉછે તેની મરાંમત હમારે હશાબે કરવાને પણ હમોએ ભાઈ માંણેકજીને લખી વાલીઉછે તે શેજ તમારી મંડલી નાં શાહેબોની જાંણને માટે લખુચ તે જાંણજોજી.

(શહી) લા૦ શેવક મેહરવાંનજી ફરાંમજીનો શલામ.

ઈરાંન દેશનાં જરતોશતી પારશીઓની કેટલીએક પુરાતન જગાંઓ તથા ગુફાઓ અને બીજી બાબદોનો જાણવાજોગ એહુવાલ જે ભાઈ માંણેકજી આંતરીઆએ લખી મોકલીઓછે તે.

"શાહાંશાનીઆંન ટોલાનો છેલો પાદશાહા ઇઅજદજરદ શેહેરીઆરની છોકરી ખાતુન બાનુને ગેબ થવા વીશેની બીનાનો એહવાલ જુની તવારીખની શોધ કરતે નીચે જણાવીઆ મુજબ મલી આવીઓછે.

"શાહાશાનીઆંન પાદશાહ દારાબ એબને બહમન; ફારશ પરગણું જે અશતખર પારશછે તાંહાંથી રૂમ ઉપર દાવો કરવા ગએઓ તે વખતે "કીલ્લે ગોરાબ" જે અતરેથી આશરે ૮૦ માઈલ દુરછે તેની હધ આગલ આવી મુકાંમ કરેઉ હતું, તાંહાં રાતે એક ખાબ જોએઓ કે પોતે લડાઈમાં પડેઓ ને ફતેહ કીધી, તે શહવારનાં ઉંઘમાંથી ઉઠતાં એક ડુંગર તરફ નજર પડી તે જગોની મટોરી જરદ આતશના શોલા શરખી જોએઆથી હેવો એરાદો કીધો કે જો હું ફતેહ કરી રૂમનાં મુલકથી આવુંતો અતરે શાત આતશકદેહ બનાવું. તે પછે જેઆરે રૂમ જીતીને પાદશાહ પાછો ઈરાંનમાં આવેઓ તીઆરે તે હધમાં ૭ આતશકદેહ બનાવેઆ અને તેહેનાં ખરચ કીજે એક શેહેર પણ વશાવીઉં તેહેનુ નાંમ "હફત આજર"—(ઇઆને સાત આદરીઆંન) કરી રાખેઉ અને કેટલોએક ખજાંનો તે પાહાડની દામન તરફ દાટેઓ હતો ને તે ડુંગરનુ નાંમ "જરે જુઉ" રાખેઉ તથા આતશકદેહોમાંબી ઘણોએક ગંનજ દાટીને તેની જાલવણી કરવાને તથા આતશકદેઓંની ખીદમત કરવાથકી પોતાના ખેશ કુટંમબવાલા દાંનાંઓને મુકરર કરી અમીન ઠેરવેઆતા.

"પછે જીઆરે એશકંનદરે ઈરાંન ફતેહ કીધું તે વખતે પણ એ ઉપર કેહીતે અધનાં રેહેવાશીઓને કઈ છેરીઆતા નહી અને તાજને નમતા કરીને "બા

જ" (ઇઆને મેહશુલ) લેવું ઠેરવેઉતું. તેથી તે શાહી ખાંનદાંન વાલાઓજ પુશત દર પુશત આતશકદેહની દરઘામાં હાજર રેહીને ખજાંનો શાચવતા હતા.

"પણ શાહા ઇઅજદજરદ શેહેરીઆરના હાથમાંહેથી હકુમત ગેઈ તે વખતે ઉપર કેહા તે લોકો પોતાની પાશેનીબી જે કાંઈ દોલત હતી તે પણ જાબજા દાટી ને બાહાર પડેઆ કે કાંઈ તરાંહની મદદ મેલવીને દુશમનો શાથે દાવો કરે પણ તેમ બની નહી શકીઉ ને આખરે પાહાડો તથા ડુંગરો ને બંનદરો તરફ ફરીને લાચારીથી હીંનદુશથાંન તરફ નાહાશી ગએઆ ને તાંહાં જાઈને હીનદુ રાજાની પનાહમાં વશેઆ કે તેનાંઓની અશબ નશબે ચાલેલા શીલશીલાથી હાલે શુરત, મુંબઈ ને તે વગરે તાલુકામાં પારશીઓની આબાદી વધેલી જાહેરછે.

"બીજી ગમથી શાહા ઇઅજદજરદનાં બચાં છોકરાંઓ જે "મદાએન" શેહેરમાં હતાં તેહેનાંઓએ પોતાનાં બુજોરગવારો અને ખેશ કુટંબની જગેઆ તથા કે બલાનુ મુકાંમ જાંણીને લડાઈમાંથી નાહાશીને "હફ્ત આજર" શેહેરનાં કીલા તરફ આવી પનાહ લેવાને ચાહેઉ—મગર પછવાડેથી દુશમનોનું જોર વધી ગએઉં ને લશકરનાં લોક પકડવાં આવેઆં તેથી તે પાદશાહનાં પરીવારો તે કીલામાં દાખલ થાઈ નહી શકેઆ તેથી બધાંજણાં પરાગનદે થાઈ ગીઆ.

"તેહેમાંથી મેહેરબાંનું નાંમે એક છોકરીએ કીલે ગેરાબમાં જાઈને પનાહ લીધી ને ખાતુનબાંનું નાંમની છોકરીએ ડુંગર તરફ એક બીજો બરૂજ હતો"તાંહાં જાવા ચાહેઉં, તે વખતે નાહાશતાં મારગમાં પાંણીની તરશ ઘણી લાગી પણ તેહેને પાંણી કેથે નહી મલેઉં તેથી એક બુરજીગર તે ડુંગરની વચે ખેતી કરતો હશે તેહેની પાશે જાઈને પાંણી માંગેઉં, તેની પાશે પણ હાજર નહી હતું એટલા વાશતે તેણે તુરત પોતાની એક ગાએ હતી તેહેને દોહોઈને દુધ આપવા ચાંહેઉ, તે વખતે દુધ દોહી રેહા બાદ એતેફાકથી તે ગાએ લાત મારેઆને શબબે વાશણ હાથમાંથી પરીગીઉં તે મટોરાનું હશે તેથી ભાગીને દુધ બધુ ઘોરાઈ ગીઉં. તેઆરે નીરાશ પામીને તાંહાંથી પણ દુર એક બે માઈલને આશરે ડુંગરોની અંદર તરફ જાઈને પરવરદેગાર પેદા કરનારની દરગાહમાં બંદગી બજાવી ઓજરખાઈ કીધી જે ઇઆ પાક ઇઅજદાન ગેબદાન આએ આફતના વખતે મજને દુરવન દ દુશમનોનાં હાથમાંથી બંચાવ ઇઆ ગેબ કર કે માહારી હોરમત રેહે. એહવી આરજુને અશતુતી કરતાંજ વાર તાંહાં ડુંગરની જમીન પર જોએઉતો એક ફાટ નજર આવી તેહેમાં ઉતરી પડી કે તે ફાટ પાછી મલી ગેઈ. તે બનાવ ખાતુનબાનુની શાથેનાં માંણશોએ જોઈને રરતા બેઠા હતા, હેવામાં પેલો બુરજીગર કેથેથી પાંણી મેલવીને પુઠે આવેઓ હતો, તેણે ખાતુનબાનુને ગેબ થવાનો એહવાલ જાણીને ઘણો દલગીર થાએઓ તેથી ભારે ગમ કરી ગોશામાં આવી પેલી પોતાની ગાએને લાવીને તાંહાં પેલા શીગાફ (ઇઆને પાહાડની ફાટ) ની નીશાંની ઉપ

૨ કતલ કીધી અને બીજા બેહેદીનોને પણ તેણે કહીઉં જે જે કોઈ ખાતુનબાંનુની બુજોરગી ભરેલી ઈજતને ખાંન આપવા ચાહાતુ હોએ તેહેનાંઓએ તે નેક જાત ને પાક દામાન વાલી પતીવરતાનાં દુખનો દાગ ખાવા કીજે એક એક ગાએને લાવીને અતરે કાપવી ઘટે.

"ઉપર કેહા મુજબ પેલા બુરજીગરની નશીહત પરથી તે જગોએ ગાએ કાપવાની ચાલ પડી અને "મેહેરબાનુ" જે કીલેગોરાબમાં જાઈ ભરાઈ હતી તેણે દુશમનો શાથે લડાઈ કીધી પણ આખરે કેટલેએક દાહાડે આરબોએ તે જગાને હાથ કીધી તે વખતે મેહેરબાંનુ મારી ગેઈ અને બીજી છોકરીઓ જણ ૩) હતીઓ તે અને એક છોકરોબી જુદા જુદા પાહાડોમાં જાઈ ભરાએઆં ને તાંહાંજ પોતાનું તન અને પરાન શોકવામાં આવેઆં હતાં.

"હેવા બનાવો જોવાથી પારશીઓને ઘણો જોશ ચહડેઓ તેને લીધે ઘણાં એક જણાં જમાવ થાઈને એક એતેફાકથી "કીલે ગોરાબ" પર લડાઈ કરીને પાછો આરબોનાં હાથ માંહેથી છોડાવી લીધો હતો ને તે હધમાં એખલા પારશીઓજ વશતા હતા, તેમજ "હફતે આજર" શેહેરમાંબી એજ લોકોની આબાદી હતી ને બીજી કોઈ ગનેઆતને તે હધમાં આવવા નહી દેતા તે હીજરી શને ૬૦૦) શુધી પારશીઓ તે જીલલાનાં ધણી હતા.

"પણ આખરે "આલાકુ" નામનાં એક પાદશાહે તે "કીલે ગોરાબ" ઉપર એક વરશ ઘેરાવો નાંખીને શેવટે જીહીતી લીધો, તે લડાઈમાં મરદો બેહશાબ મારેઆ ગએઆને શબબે ઓરતો ફુલેને હાથ કરીને * * * * * * મુસલમાંનોએ પોતાનાં નેકામાં લીધી.

"તે વખતે કોઈ મુલાં કે આખુનદ "અકદ" (ઈઆને નેકા) બાંધનાર શાથે નહી હતો એટલા ઉપરથી "અલાકુ" પાદશાહે કહીઉં જે જે શખશનાં હાથમાં જે ઓરત આવે તેને ગોએઆ અકદ બાંધેઓ વાશતે વગર કાજીને મુશતેહદે આએ આખુ શેહેર "અકદનુ" છે કરી કેહેવા ઉપરથી તે જગાનું નાંમ જે "કીલે ગોરાબ" હતું તેનુ "અકદા" કરીને પડેઉં છે, તેજ નાંમ હાલે પણ ચાલેચ, પણ જે ભારે મોહટી આબાદી હતી તેની જગોએ એક કશબા જેવી વસતી હાલેછે.

"અને જે શેહેર "હફતે આજર" નાંમનુ ઉપર કેહા અકદાથી આશરે ૧૦ માઈલપર હતું તેહેની પાશે એક ભારે જોરથી વેહેતા પાંણીના ચશમાને માંથે એક ઘણી મોહોટી હધનો બાગ પણ હતાં, તેહેનું નાંમ "ગઉદે ઘંબાર" શાએલું હતું કે ઘમબારનાં જશનો તે બાગમાં કરતા હતા, તે શેહેર તથા બાગને પાંણીના ચશમો શરવે માંઠી હાલતમાં પણ હજીુરછે. મગર "હફતે આજર" ને બદલે "હફતા ફુર" અને "ગઉદે ઘમબાર" ને બદલે "ગઉ ગુબાદ" કરીને

હાલ લોકો બોલેછે, પણ જે લોકો એલમ ભણેલાછે તેનાંઓ હેવા અશુધ નાંમથી બોલતા નથી ને ઉપરે જણાવેલા મુજબ શાફ "હફ્ત આજર" તથા "ગઉદે ધમબાર" કરીનેજ કેહેચ.

"એ બધો એહવાલ પણ મુશલમાંનોજ તારીખનાં ભણેલાઓછે તેનાંઓ જાણેચ, પણ અતરેનાં કોઈ બેહેદીનો કે મોબેદોને એ બીનાં માંહેથી એક રૂપી આની એક રેશ જેટલી પણ ખબર નથી ને બીજી છોકરીઓ તથા એક છોકરાની જગેઆબી અતરે પરાંતનાં પાહાડોમાંછે તેહેનાં દર વરશે દાહાડાને દાહાડે બેહેદીનો એકઠા થાઈ તે દરએક જગોએ જાએચ ને જીઆરત કરેછે ખરા પણ તેહેનો વીગતવારે એહવાલ હેનાંઓને ખબર નથી, એટલુંજ નહી પણ તેહેનાંઓનાં નાંમ નીશાંણ પણ શીધુ પાધરૂ જાણતા નથી ને ખાતુંન બાંનુની જગાને "બાંનુએ ફારશ" કરીને કેહેચ તથા બીજી જગાઓને "પીરે શબજ" કેહેચ તે અશલ હએઆત બાનુનું મકાંનછે ને તેમજ એક જગોને "નારશતાંના" ને બીજીને "નારકી" હેવા નવાં આપેલાં નાંમોથી બોલેચ તે શરવેનો વીગતવાર હેવાલ હકીરે મેલવેલોછે પણ અતરે લંબાંન થવાની ધાશતીએ તે પરતુ મુકીને અશલ મતલબછે તેહેનોજ શાર જણાઉં છેઉં કે ખાતુંન બાનુની જગેઆઓનો એહવાલ મુખતેશંર માલમ પડે.

"ઉપર જણાંવેલો "કીલે ગેરાબ" કે જે હાલે "અકદા" કેહેવાએચ ને "હફ્ત આજર" નુ શેહેર જે હાલે "અફ્તા દુરને" નાંમે ઓલખાએચ તે અને ગઉદે ધમબારનો બાગ પાંણીની નેહેર શાથેની શરવે હધ હકીરનાં જોવામાં આવીછે તે અકદામાં એક ભારે મોહોટી અમારતનું આતશકદેહ હતું તેહેમાં હાલે મશજેદ અને મકતબ કાહાડેલીછે, તે જગાનાં ચોકમાં ૧) ભારે મોહોટું એક શનુબર (ઈઆને ચનાર) નું દરખતછે અને શુરંગ તરીકે ભોએરૂં પાકી બાંધનીનું આશરે ૧૫ માઈલ શુધીનું અંદરથી હેવુંછે કે એક અશવાર ઘોડા ઉપર બેઠેલો તે રસતે આવજાવ કરી શકે અને તે કીલાની ઉતર તરફ એક ભારે મોહોટી ચેહ આશરે બે હજાર ફુટ પોરી ને તેટલીજ લાંબી ખોદેલી બધી હારકાંઓથી ભરેલીછે, તેહેને કીજે કેહેછે કે લડાઈમાં મારેઆ ગએલાઓની લોથોને અતરે એકઠી કરી નાખવામાં આવેલીછે. એ શીવાએ બીજી ઘણી અમારતો કદીમ જમાનાંની તથા બીજી નીસાંનોને અલાંમતો હાલે પણ દેખાઈતીછે, તે બધી જગેઆઓને તાંહાંનાજ રેહેવાશી મુશલમાંનો નાંમ નીશાન કેહીને દેખાડેચ અને હફ્ત આજર શેહેરમાં એક ઘણી ભારે અમારતછે તેનો પોણો ભાગ ભાંજીને લોકો મટોરૂ લેઈ ગએઆ છે, તેહેમાંની ઈંટો માહારા જોવામાં આવીચ તે ૨) ફુટ લાંબી ને ૧।। ફુટ પોહોલી તથા પાંચ ઈંચ જાડી હતી અને તે શીવાએ બીજી ઘણી ચીજો અજાએબ શ.

રખી તાંહાં જોવામાં આવીછે, તેહેમાં બેઉ હધને મલતા ૪ દુખમાં ભાગેલાં પણ દેખઈતાં અને ૨) બીજાં બીલકુલ ભોએ બરાબર થએલાંની નીશાંન તથા ૧ બીજુ ભાગેલું મગૈર બીજી તરાંહનું ચોરશ ઘાટનું અને એક દરએક તનને જુદુ જુદુ મુકવાનાં ૨૧ ગારાનું બાંધેલું, એ પરમાંણે બધાં મલીને ૮ દુખમાંઓ જોવામાં આવીઆંછે તે શીવાએ કોણ જાણે બીજાં કેટલાં હશે, પણ એ ઉપરથી વીચારમાં આવેચ કે પરથમમાં પારશીઓની વશતી તે પરાંતમાં ઘણી હશે તેમાં શક નહી.

"હવે જે જગેઆએ ખાતુનબાનુ ગાએબ થઈ ગેઈચ તે હધનું નાંમ "દરે દીન" કરીને રાખેઉં હતું અને તાંહાં પારશીઓ શેંકડો કોશ દુરથી જીઆરત કરવાને આવતા હતા, હેવામાં તેહેની પાશે એક કુદરતી પાંણીનો જહરો નીકલી આવેઆને શબબે હજારો માંણશની જાતરા ભરાતી, તે વખતે ભારે મોટી બજાર બનીને લાખો રૂપીઆ લેવર દેવર થાતું, તેઓની દુકાંન કીજે પથરનાં બનાંવેલા ઓટલાઓની નીશાન હાલે પણ તે જગામાંછે. તાંહાં જીઆરત કરવા આવનારા એ ખાતુનબાંનુને "બાનુએ પારશા" નાં ખેતાબથી બોલતા હતા. એ "પારશા" બોલનો અરથ એ થાએચ કે પતીવરતા અથવા પાક જાત, પરહેજગાર ને તે વગરે હેવાજ બીજા શકુનો શતપણાંના થાએચ, પણ હાલે તે બોલ બદલાઈને "બાનુ ફારશ" કરીને લોકો કેહેચ, મગર તે ખાતુનબાંનુની જગેઆ આગલ ૧ ચનારનું જાહાડ ૨૨૧) વરશ થએઆં એક બેહેદીને રોપેલુંછે તથા તાંહાં એક ઓટલો બાંધેઓચ તે વીશે પથરની એક તખતી કોતરેલીછે, તેહેમાં લખેચ કે આએ "ખાતુનબાનુ પારશા" ની જગોએ બેહેદીન મેહેરવાંને અશપંદીઆરે શુરખાબ તુરકાબાદીએ આએ જગેઆને ચીનારનું દરખત "વકફ" કરેઉં કે પોતાની ઓલાદ નાંઓ જીઆરત કરવાને આવે તેઆરે એ શાહેઆ હેઠલ વાશો કરે. એ દાખલાથી હાલે જે "બાંનુ ફારશ" કરી બોલવામાં આવેચ તે ગલત ઠરેચ ને અશલ પારશાનો શખુન શાબેત થાએચ.

"કેમજે જે દાહાડે કીલે ગોરાબની હધ વચે એ નેક જાત બાનુ આવી પોહોચી હતી તે દાહાડે શપનદાર માહા ને મેહેરરોજની હોશન ગેહ હતી ને રશનાં રોજે ગાએબ થાઈ ગેઈ માંટે ડુંગરોની અંદર જાતાં એક દાહારામાં એક જગોએ બીજો પાંણીનો જહરો નીકલી આવેઓ તેથી કેટલાએક દરખતો મેવાનાં તાંહાં રોપીને બાગ બનાવીઓ તથા ખેતીવાડી કરવામાં આવી, તે જગાનું નાંમ "મરજરે મેહેરઈજદ" કરીને રાખેઉંતું તેજ નાંમે હાલે પણ બેહેદીનો બોલેચ, પણ તે મીલકત પારશીઓ પાશેથી છીનાવી લેઈને મુશલમાંનો ધણી થાઈ બેઠાચ તોબી દર વરશે વરશ પરથમ મુજબ શપનદાર મહીનાંનાં મેહેરઈજદને દાહાડે હોશન ગેહમાં અથવા બામદાદને વખતે બેહેદીનો તાંહાં એકઠા થાઈ આફરીનગાંન ભણેચ ને ખેરાત કરેચ અને શરોશરોજે ખાતુનબાંનુની જગેઆએ જાઈને તાંહાં

આફરીનગાંન કરેચ ને રશનાંરોજ·પણ આફરીનગાંન ભણીને શરવે કોઈ પોત પોતાની વતી એક એક ગાએ કાપેચ કેમજે પરથમ કેહા મુજબ પેલા બુરજીગરે ગાએ કાપીને બીજાઓનેબી ફરમાવેઉં હતું વાશતે આગલા વખતમાં દર વરશે વરશ એક એક ગાએને લેઈ જાઈ કાપતા હતા, પણ જેમ જેમ મુશલમાંની મજહબ ને હકુમત ફેલાવા લાગી તેમ તેમ ગાએ કાપવાનું કાંમ વધતું ગએઉં કેમજે તેઓનાં મજહબમાં ગાએને કપાવીને ખાંવી શજાવારછે તેથી બેહેદીનોની પણ છીત મરતી ગઈ અને પછી આશતે આશતે માંનત કરવા લાગેઆ કે માહારૂં ફલાંણું કાંમ શરનજામ પોહોચશેતો ખાતુનબાંનુની દરધામાં એક ગાએ લાવીને કાપશ, હેવી રીતે લોકોનું આકીન બંધાતું ગીઉં તેથી દર વરશે એકની જગાએ દશ વીશ ને પછે પચીશ પચાશ કરતે છેક બશો શુધી ગાએઓ કપાવા લાગી, તેથી બેહેદીનો ગાએને લેઈ જાઈને તે જગો ઉપર ૩ ફેરા ફેરવીને મુશલમાનોને આપતા કે તેનાંઓ કાપીને ખાએ, હેવા શબબે દર વરશે આશરે એક હજાર મુશલમાંનો પાહાડોના રેહેનારા ફકીરોનો મેલો તાંહાં મલવા લાગો, તેનાંઓને પારશીઓ ગાએ આપતા તે કાપીને ગોશતની વેહેચણી કરી લેઈ જાતા હતા.

"હવે જાણવું જે અતરેના ખેડુતો ગાએનેબી ઘોડા, ધધેડા, ખચર અને બલદની પઠે કાંમે લગાડેચ તથા પોઠી લાધેચ ને શવારીનાં કાંમમાંબી લીએચ તેથી શરકાર દરએક ગાએ કે બેલ અથવા ધધેડાને માથે દર વરશે કરોની ૧૦) શુધીનો કર લીએછે તેને "પુલેમરાઈ" કરીને કેહેછે, એટલા શારૂં જે કોઈ ગાએ પાલતું હોએ તે જેઆરે બુધી જઈફ થાઈને કામ નહી કરી શકે તેહેવી બને તીઆરે શરકારનાં દેણાં માંહેથી છુટવાને તથા ગાએનું પેટ ભરવાનાં ખરચથી બનચવાકી જે તે લોકોને માંનત કરવી શેહેલ પડી કે હર બાંહાંને પોતાની ગાએને લેઈ જાઈને કાપવાને આપતા, તેહેમાં એકતો શવાબ જાણવા લાગા ને બીજું ઉગારો થાએ આને શબબે ખુશી શાથે મોબેદો કે બેહેદીનો દર વરશે વરશ ગાએઓ લેઈ જાઈ કાપતા હતા.

"એમ કરતે તે "ખાતુન બાનુ" વાલી જગો જેને "દરેદીન" કરી કેહેછે તાંહાં જે પાંણીનો ચશમો હતો તેથી ખેતીવાડીનું કાંમ ચલાવાંમો આંવીઉં તેહેનાં શબબે મુશલમાંનો તે જગાનાં ધણી થાઈ બેઠા અને બીજી જગેઆએ જે "જરજીઉ" નાંમનો ડુગરછે તેહેની દામન માંહેથી પણ એક પાંણીનો ચશમો પેદા થાવાને શબબે તાંહાં પણ બેહેદીનોએ એક ગાંમ વશાવીઉં ને ખેતીવાડી કરવા લાગાતા ને તેહેનું નાંમ પણ "મજરે જરજીઉ" રાખેઉં હતું, પણ તે હધનાં રેહેવાશીઓને આશતે આશતે વટલાવી મુશલમાંન કરવાથી હાલે તે પરાંતમાં ૫૦) માઈલ શુધી કોઈ પારશી આશપાશ રહેઓ નથી તેથી શેવટે એ ખાતુન બાનુની જગીઆમાં પારશીઓએ ગુંબજ બાંધેલોછે તેને ભાંજવા ને ખરાબ કર

વા તથા તે જગાપર બીજી બેઅદબી કરવા માંડી, પણ કુદરતી બનાવ હેવો બન તો ગીઓ કે તેહેવા નીલાજરા કાંમ કરનારાઓમાં કોઈ લુલો, લંગરો ને કોઈ આંધલો, પાંગરો બનેઓ. કોઈ કમોતે મુઓ, તેહેવો બનાવ જોઈ બાકીનાં મુશલમાંનોનું પણ ઈમાંન બંધાએઉં ને છુપી રીતે માંનત કરવા લાગીઆ ને હાલે પણ તેહેવા બદ હાલ થાંએલા ૩ શખશોનો એહવાલ તેહેનાવોની ઓલાદનાં મુશલમાંનોને મોહોડે શાંભલેઓચ ને એક શખશે પોતાની શર ગુનેશત કહેવાથી તેણે ચીનારને કાપવા માંડવાથી બીજે દાહાડે તેને લખવાનો આજાર ઉપજેઓ ને જમનો હાથ અરી ગીએલો જોવામાં આવેઓછે, પણ હેવા હેવા બનાવોને સબબે અને તાંહાં કોઈ પારશી રેહી શકતો નથી તેહને લીધે હાલે તે જગેઆનો રખેવાલ પણ મશદી હશનબેગ નાંમનોછે તે નીત રોજ તે જગોએ ચરાગ પણ રોસન કરેચ ને તે જગેઆનીબી શાચવણી શારી પરકારે કરેછે, એટલા શારૂ તાંહાં જે કાંઈ ગાએઓ કપાએ તેમાંથી ૦ા ભાગ તે લેતો અને અરધો ભાગ ફકીર ફુકરા મુશલમાંનોને મલતો તથા ૦ા ભાગ તે જગેઆનાં ખેડુત રેહેવાશી લેતા. એમ કરતે હાકમોને ખબર પડવાથી તે ગાએનાં ચામડાં અને ખરીઆ મુડી લેવાનો કર ઠેરવીને શરકારી માંણશો લેઈ જાતાં, તેથી આશતે આશતે તે ઉપરબી ઈજારો થાવા લાગો અને એ પરગણાંની હધ હાલે અકદાનાં શેહેરને તાબેછે પણ અકદા પોતે અતરે ઈઅજદ તાલુકાંનું કેહેવાએચ એટલા ઉપરથી અકદાનાં હાકમ પાશેથી ખાતુન બાંનુની જગેઆએ કપાતી ગાએનાં ચાંમડાંને હીશાબે ઈઅજદની શરકારે પઈશા લેતા કરેઆછે, તે મુજબ આએ વરશ શુધી લેવામાં આવીઉચ મગર હવેથી બંધ કરાવેઆમાં આવેઉચ તેહનો એહવાલ નીચે જણાવેલી તફશીલથી જાણવામાં આવશે.

"તે એંજે ગીઆં ૩—૪ વરશ થઆં અતરે બેહેદીન રૂસંતમ દીનઈઆર અને બીજા ૫—૭ જણાઓ મલીને ગોસત ખાવાનું તરક કરેલુંછે તેનાં સબબે એ ઉપર જણાવેઆ મુજબ ગાએઓને ખાતુન બાંનુ લેઈ જાવા કીજે મને કરતા, પણ તેનાંઓનો શકુન કોઈએ નહી માંનવાથી એ લોકોમાં પોત પોતામાં ઘણી બેએતફાકી ઉપજી તેથી એક તરફ મનાં કરનારા ૫—૭ જણ એખલા પડેઆ અને બીજી તરફ ગાએ કાપવાની કુમક કરનારા સાંમે થઆને લીધે મના કરનારાઓ કંઈબી રીતે ફાવી નહી શકેઆ ને લોકોને ઓર જુદો ફતવો આપવા લાગેઆ જે હેનાંઓ ગોશત ખાધાનું બંધ કરવા અને ગાએ કાપવાની મનાઈ શારૂ નવી દીન ચલાવવા ચાહેછે તે નહી શાંભલવું ને જે કાંઈ આપણાં બુજરોગો કરતા આવેઆછે તેમ કરવું, તે વાત બચારા અંધર બુરજીગરોએ માંનીને જોશમાં આવેઆથી ઓર પાંચ દશ ગાએ વધારે લેઈ જાવા લાગા હતા.

"હેવામાં માહારૂ (ઈઆને ભાઈ માંણેકજીનું) મુંબઈથી આવાનું અતરે

વાલાઓએ જાણેઉં, તથા બીજા મુંબઈ વાલાએ અતરે પરાંતમાં લખી વાલીઉં હશે તેથી ઉપલી બીનાં ગાએ કપાવાની માહારી-આગલ છુપાવાં લાગેઆ પણ ઉપર કેહેલા ગોશત નહીં ખાનારાઓએ બધી બીનાંનું બએઆંન કરીને મને ખબર આપવાથી શને ૧૨૨૩ નાં શપનદાર માહા મધે તે જગેઆની જારતનો દાહાહો આવેઓ તેઆરે અતરે વાલા દશતુર નામદારને હકીરે (ઈઆને માંણેક જીએ) કહેઉં જે એ ખાતુન બાનુમાં ગાએ કપાએચ તે જો દીનની રાહે હોએ અથવા કોઈ દીનનાં બુજરગોનો હોકમ હોએ. ને કોઈ કીતાબમાં ફરમાવેલું હોએતો તે મહને દેખાડો કે એ ગાએ કાપવાનું અશલ કારણ શું છે ને જો તે કંઈ તમુને ખબર નહી હોએતો તમે મનાં કરો જે કોઈ ગાએને નાહક કાપવા નહી લેઈ જાએ કેમજે બચારા ખેડુતો દીન કે દુનીઆમાં કંઈ શમજતા નથી. તેહેનાંઓને જે રશતો દેખાડશો તેમ ચાલશે વાંશતે વગર શબએ તમો હાથે કરીને ગુનાહનું કાંમ ના કરો, હેવી રીતે ઘણીએક આજીજી શાથેનાં શકુનો કેહેવાથી તેહેનાં જવાબમાં દશતુર મજકુરે કહેઉં જે માહારા બાપનાં વખતમાં ઘણાં જણાઓએ એ વીશે તે મરહુમને સવાલ કરેઓતો કે ગાએ કાપવા લેઈ જાઈને દુરવંદોને શું કરવા આપીએ, એ વાતની શું આપડી ઉપર ખરેખરી ફરજછે ? તેહેનાંઓને મરહુમ દશતુરે કેહેઉતું કે જેમ બુજરોગો ચાલતા આવેઆછે તેમજ કરવું જોઈએ. એવામાં એક જણની ગાએ ઘાબણી હતી તેણે માંનત કરી હશે તે મીશલો પુછવા આવીઓ હતો કે હું ગાએને કાપવા લેઈ જાઉં કે નહી, તે શખશને પણ હોકમ કરેઓતો કે તું એ શકુન મોહોડામાંથી કાહાડીઓ તે પાલવો જોઈએ વાશતે શુખેથી લેઈ જાઈ કાપ, એ પરમાંણે માહારા બાપનાં વખતની વાત હું જાણું છેઉં, તે શીવાએ બીજી કશી ખબર મહને નથી.

" જેહારે દશતુર મજકુરને મોહોડેથી અનશમજન અને ભોલાપણનાં શકુનો શાંભલેઆ તેઆરે તરેહવાર દીલાશા આપી કેહું જે દશતુર શાહેબ, તમે ગાએ કાપવાને મનાં કરો જે કોઈ નહી લેઈ જાએ અને તેથી જો કઈ ગુનાહ થાતો હોએતો હું પોતાની ગરદંન પર કબુલ કરૂચ અને તમુને કઈ ખેઆલ હોએ કે ગાએ કાપવાની મનાઈ થાવાથી કઈ અવગુન ઉપજશે તો તે વીશે પાક ઈઅજદાંન પાશે હું ઓજરખાહી કરી માંગી લેઉંચ કે તે બાબતની બલા જે તંમારી પૈર આવનાર હોએ તે માહારા ઉપર વારેદ થાએ.

" એ પરમાંણે અનેક તરાંહથી શમજાવી કેહેતાં દશતુરે કબુલ કરેઉં જે હું ગાએ નહીં લેઈ જાઉં, ને કોઈ મહને પુછવા આવશે તેહેને પણ મના કરીશ પણ રઈએતને હું મનાં કરી શકતો નથી, તે પછેબી કેટલીએક વાતોથી એ શખશને રીજવીને જાહેરમાં ગાંમેગાંમ દશતુરને નાંમે કેહેવડાવીઉં જે કોઈએ " ખાતું નબાંનુ " ગાએ કાપવા લેઈ જાવી નહી પણ છુપી રીતે દશતુર મજકુરનાં શગાં

વાલાંઓ, મોબેદો ગાએ કાપવાને લેઈ ગએઆ તેહેનાંઓને કશી મનાં નહી કીધી, તેહેની ખબર મજને મલવાથી ફરી દશતુર મનકુરને શમજાવી તેહેનાં હાથની એ ક ચીઠી લખાવી લેઈને "ખાતુનબાનુ" તરફ કાશીદ શાથે મોકલી કેહેવડાવીઉં કે કોઈએ ગાએ નહી કાપવી ને જો કોઈ એ શકુન નહી શાંભલશે તે પાશેથી તુમાન પાંચ દંડ લીધામાં આવશે.

"એ પરમાંણે મેહેનત લેતાં છતે અને તે વરશે મોઘવારી હતી તેથી ઓ છામાં ઓછી ૪૩ ગાએનાં પરાંણુની ઘાટ તે જગાએ થાઈ, પણ મને જણાવા નહી દીધું, તે શેવટે શોધ કરી પુછપરેછ કરતાં ૧૩ ગાએઓ કાપવાનું મારી પાશે માંનીઉં હતું, ને બાકી બધી વાતને છુપાવી રાખી.

"જેઆરે અતરેવાલાઓનુ એકીન ગાએ કપાવવા ઉપર વધારે ફોશેશનું જોએઉં તેથી એ વીશેની તવારીખની શોધ કરવાને મહને ફરજ પડી એટલા પરથી આગલ જણાવેઓ તે મુજબ એહેવાલ મને મલી આવેઓ તેઆરે મારા મનમાં વધારે હીમત આવી કે એ ગાએ કપાવાની મનાઈ કરવાને મેહેનત કરવી, તે ઉપરથી અતરે રોજ ૨૦ મો ને માહા ૧૧ માંને દીને પંચ મેલવી બધી બીનાં વાએજ કરી શમજાવી ને કેટલાએક દાખલા દલીલો ને અવશતાની માંએની શાથે ગાએ કપાવવાનાં ગુનાહાછે કરી કેહી શમજાવીઆપરથી બધા જણાંઓને કબુલ કરાવેઉં જે આઈનદે ગાએનાં પરાંતની ઘાત નહી કરવી; તે વીશેનો બંદોબશત એમ કરવામાં આવેઓ કે દર ગાંમેગાંમ કાશીદ મોકલીને ખબર આપવી જે "ખાતુંનબાંનું" ની જીઆરતે કોઈએ ગાએ કાપવા લેઈ જાવી નહી અને કોઈ લેઈ જાશે તેહેની પાશેથી તુમાંન પાંચની કરોની ૫૦) દંડ લીધામાં આવશે ને ગાએબી કાપવા નહી દેઈશું. હેવો ઠેરાવ કરીને પંચમાં આવી મલેલા આશામીઓ જણ ૫૭) ની શહી લીધી, તેહેમાં જે મોબેદો હતા તેનાં ઓએબી ઉપલી વાત કબુલ કરી હતી; પણ શહી આપતી વખતે ઉઠી ગઆ, તોબી હમે ગાંમેગાંમ કેહેવડાવીને મનાં કરાવી હતી તેથી બીચારા ભોલા ગાંમડીઆઓએ પોતાની તરફથી મોબેદોને શવાલ કરેઓ જે તમો દીનનાં પેશવા થાઈને હમોને કંઈ શમજાવતા નહી કે ખાતુંનબાંનુંએ ગાએ કાપવાનો ગુનાહ હતો તે હમુને પરથમ કેમ નહી કેહીઉં કે તે બદકાંમ હમો નહી કરતે અને જો તેહેમાં ગુનાહ નહી હોએ ને દીનનું ફરમાંનછે તથા ગાએ કપાવવાથી શવાબ હોએતો કાંએ નહી પેલા હીંદુશતાંનીને જવાબ આપતા. તેઆરે મોબેદોએ પાછો ફીતનો ઉભો કરેઓ જે હમે કાંહાં કહીએચ કે તમો ગાએ કાપવા નાં લેઈ જાઓ એતો પંચવાલા જે પાંચ શાત જણાં ગોશત નહી ખાવાની જે નવી દીન ચલાવેચ તેનાંઓ મના કરવા થકી શરવેને ફરેબ આપેચ ને દશતુરબી શરમને શબબે કંઈ બોલી શકતા નથી. એ પરમાંણે મોબેદોની નાદાંનીને લીધે કેટ

લાએક ખેડુતો ગાએ કાપવા લેઈ જાવા તઈઆર કરવાની ખબર મજને મલવા થી ફરીને તા૦ ૫ મી આગશટે (શને ૧૮૫૫) એખલા. મોબેદોનીજ મીજલશ મેલવીને તેનાંઓ ઉપર બે શવાલ કરેઆ હતા, તેહેમાંનો એક ગાએ કાપવા વી શેનો હતો કે આપણી જરતોશતી દીનમો ગાએ કાપવી કે કપાવવી લાજમ હો એતો કેહો નહીતો જવાબ દેઓ, તે વીશે ઘણીએક ભાંજગડ કરેઆ બાદ મોબેદો એ કબુલ કરેઉં કે ગાએ કાપવી કે કપાવવી તેહેમાં દીનનો કશો હોકમ નથી. તેઆરે પરથમ તેનાંઓનો એકરાર લીધો કે કોઈ મોબેદોએ ગાએ કાપવી કે કપા વવી નહી, તેહેનું લખત કરીને મોબેદો જણ ૪૩) ની શહીઓ લીધી અને ફરી ગાંમેગાંમ તે લખત દેખાડવાને મોકલેઉ તથા એક બીજુ લખત કરીને તેહેનાં ઉપર દર ગાંમનાં કદખોદાની શહી મંગાવીં કે જે કોઈ શખશ ખાતુંનબાનું ગા એ લેઈ જાએ તેહેને કદખોદા (ઇઆને કોતવાલે) મનાં કરવો.

"એ બધા ઉપાએઓ કરતાં બે ચાર શખશોએ આવીને કેહું જે હમોએ "ખાતુંનબાંનું" ની નઈઅતે ગાએ મુકરર કરેલીછે ને તે ગાએ હમારે તાંહાં કાંમ કરી નહી શકે તેવી બુધી જઈફ થાએલીછે તેહેનું પેટ કાંહાંથી ભરીએ, અ ને શરકારનું દેણું કાંહાંથી આપીએ. હેવા શવાલપરથી તુરત ગાએને લેઈ હકી રે (ઇઆને ભાઈ માંણેકજીએ) પોતાનાં ઘરમાં રાખી અને જીઆરતનુ ટાંકણું વે હી ગીઆ બાદ તેનાંઓને ખોરાકનાં પઈશા આપવા કેહીને પાછી શોંફીછે તથા શરકારનાં દેણાં વીશે પણ વગ પોહોચાડીને માફી કરાવીછે કે તે બચારા ૩— ૪ જણ ગરીબો પાશેથી કંઈ નહી લીએ.

"જેઆરે બીજીવારની જાહેર ખબર કુલે ગાંમડે મોકલી, અને કદખોદાની શહીઓ મંગાવી હતી તે વખતે હરેક કોઈ એમ કેહેવા લાગા જે હમેશ ગાએ ઓ લેઈ જાતા હતા તેથી તાંહાંનાં રેહેવાશી મુશલમાંનોને અને હાકમને ફેજ પોંહોંચતો હતો ને આએ વરશ નહી લેઈ જાઈસુંતો તાંહાં જીઆરતે જાનારા ઓને અજીઅત કરશે, એટલા ઉપરથી મેં પોતે પણ તાંહાં જાવાને ઠેરવીઉં, ને ફરીને ખબર આપી કે જેને ગમે તે આવે હું પણ શાથે આવનાર છેઉં ને હા કમનાં માંણશો તથા ફરમાંન જોઈશે તે પણ લેઈશું. પછે અતરે શરકાર શરતીફ ખાંન અને મીરજાં કુચીકખાંન શરંગને અરજ કરીને કેહેઉં જે "ખાતુંનબાંનું" ની જીઆરતે પારશીઓ દર વરશે જાએચ તેહેનાંઓને વખતે કોઈ ઈજા દીએ ચ વાશતે મેહેરબાંનીની રાહે એક ફરમાંન આપવું કે એ લોકને કોઈ છેરે ન હી અને હું પણ તાંહાં જાવાને માહુંચ, તે ઉપરથી તમારે મેહેરબાંની કરવી કે તેથી મહને કોઈ મુજાએમ નહી થાએ. તેઆરે તે નેકનાંમ શરદારોએ એક ફર માંન કરી આપેઉં તે, અને ૩ માંણશો શરકારી લેઈને હકીર પણ અતરેથી રો જ દેપમેહેરને દાહાડે નીકલેઓ હતો પણ રઈએત જે ગાંમેગાંમથી રવાંનાં થા

ઈને એજ દાહાડે શરફાબાદ પોહોચીને એકઠા થાઈ બેઠા ને તાંહાં મારી વાત જોઈ પાછા ફરવાનો વીચાર કરતા હતા હેવામાં રાતે ઘણો મોડેથી હું પણ તાંહાં જાઈ પોંહોંતાથી તેનાંઓને દીલાશો ઉપજીઓ ને પછે મેહેરરોજે શરફાબાદથી નીકલેઆ તે શરૂશરોજની બામદાદે ઉપર જણાવેલા "મનજરેમેહેર ઈજદ" જાઈ પોહોતા ને તાંહાં આફરીનગાંન કરીને ફારગ થાતાંજ એક મુશલમાંન જે "ખાતુંનબાંનુ" નો રખેવાલછે તેનો ભતરીજો અબુતાલબ નાંમે તથા એક પારશી જે તાંહાં બે દાહાડા આગમનથી જાઈને જાહાર જુર કરી શરવે અશબાબ તઈઆર કરેછે તે શેહેરીઆર નાંમનો એ બેઉ જણા દોડતા આવીને ખબર આપી કે અકદાનાં રેહેવાશી શઈએદો, અને હાજીઓ તથા બીજા પાહાડી લોકો આશરે એક હજાર જણની જમીઅત થાઈ હથીઆરબંધ આવી બેઠાય ને કેહેય જે પારશીઓ જો અતરે ગાએ વગરે જેઆરત કરવાને આવશેતો હમો મારી નાખીશું અથવા જીઆરત કરવા નહી દેઈશું ને હાંકી મુકશું કે લુટી લેઈશું.

"એહેવા શકુનો શાંભલવાથી બઈરાં છોકરાં ને મરદો શુધાં ભએ પાંમીને નાહાશવા તથા રડવાં કુટવા લાગેઆં, તેહેનાંઓને દીલાશો આપીને હું પોતાના છોકરા શાથે પેલાં શરકારી માંણશો જે ઈઅજદથી લેઈ ગએઓ હતો તેહેનાંઓને લેઈને આગલ ગીઓ, ને બેહેદીન રૂશતમ દીનઈઆર પણ હીમત કરીને માહારી શાથે આવીઓ, પણ ખાતુનબાંનુની દરગાહ આગલ પેલા ખબર આપંનારાઓના કેહેવા મુજબ કંઈ નહી હતું તોબી તે વખતે ભારે ઘભરાટ થાવાથી ઈઅજદમાં ખબર પોહોતી કે માંણેકજીને પાહાડી લોકોએ ગોલીથી મારી નાખેઓ, અને તેહેનો છોકરો ઘણો ઘાહેલ થઈ પડેઓછે: હેવો જુઠો બુમાટો ઉડેઓ તેથી જે કોઈ નેક જાત લોકો માહારી મોહોબતમાં લપેટાએલાછે તેનાંઓએ ભારી ગમ ખાધો હતો અને તાંહાંનાં મુશલમાંનોએ પણ દંગો કરેઓ હતો તેમાં "અકદા" વાલા હાકમ અને શઈએદોએ કહીઉં જે તમો ઈઅજદની શરકારની કુમક લેઈ આવીઆ ખરા પણ હમારી ઉપર તેજ શરકારે ગાએનાં ચામડાં વીશે કર દેરવીને ઈજારામાં વધારો કરેલોછે તે ખોટ કોણ આપે તથા શેંકડો માંણશ ફકીરોને ફેજ પોંહોંચતો હતો તેનાંઓ ઉમેદ રાખીને આવેલાછે તે કાંહાં જાએ, અને હેનાંઓ નીરાશ કરી પાછા ફરે તેહેનો ગુનાહ કોણની ગરદન ઉપર પડશે— હેવા તેનાંઓનાં શવાલનો જવાબ નરમાશ શાથે આપી તાહાડા મીઠા પાડીને જે દશ બાર જણાં મારતેમીઆં હતા તેનાંઓને વધારે માંન પાંન શાથે મીઠાઈ અને મેવાની મેમાંની આપી બીજાઓને પણ જેનું જેવું કદ તે પરમાંણે રાજી કરી કાંહાડેઆ, તેહેમાં અકદાનો હાકમ પોતાનાં રશાલા શાથે ૩ દાહાડા શુધી પરી રહેઓ ને પોતાનું દાપું મુકેઉ નહી ને કેહેઉ જે માહારો બંદોબશત નહી કરશોતો તમુને ભારી પડશે, પછે તે જગોનો રખેવાલ જે મશદીહશન બેગછે તે

ણે પણ દાવો કરેઓ જે દરએક ગાએ પછવાડે મને ૧ રાંન મલતી હતી તે વેચીને હું પોતાનુ ગુજરાંન એક વરશ ચલાવતો હતો, વાશતે હવે તમે તે ગાએ બંધ કરીચ તો મહને રોકડું આપો ને તે "જરજુઉ" તથા "દરેદીન" મલી બેઉ ગાંમડાંનાં ખુરજીગરોએ પણ હટ લીધી કે અતરે તમારા લોક શેંકડો માણશ આવીને ૪—૫—દાહાડા રેહેચ તે હમારૂ પાંણી વાપરેચ તેહેના બદલામાં ગાએનાં ગોશતમાંથી ૦ા ભાગ મલતો હતો પણ હવે તે બંધ થાઈઉ તેથી હમે પાંણી વીશેની નુકશાંની તમારી પાશેથી લઈશું અને આવતે વરશ કોઈને અહીએ આવવા નહી દેઈશું. એ પરમાંણે તરેહવાર મુદાઈઓ દાવા કરવા લાગેઆ, તેહેનાંઓને આએ વરશની નુકશાંનીને બદલે તેઓમાનાં જે ૩—૪—જણ મારેતેમીઆં હતા તેહેનાંઓને રાજી કરી ઈનાંમ આપેઉ, અને આઈનદે તે વાશંતે નીચે જણાવેલો બંદોબશત શરવેની શાથે કરેઓછે.

"પેહેલું—જીઆરતે આવનાર શરવે પારશીઓ ૫) દાહાડાનો ખોરાક અને શવારીનાં ખચરો કીજે દાંણાં ધાશ શરફાબાદથી ખરીદીને શાથે લેઈ જાતા હતા તેહેનો ઠેરાવ એમ કરી આપેઓ કે તેહેનાંઓએ આટો, દાલ, દાણો, ઘાશ તથા ગોશત કીજે બકરાં શુધાં જે જોઈએ તે તાંહાંવાલા "જરજુઉ" ને "દરેદીન" વાલા ખેડુતો પાશેથી લેવું, તેહેની કીમત શરફાબાદમાં જે ભાવ હોએ તે ઉપરાંત દર મણ એકે એક શાઈ (ઈઆને આશરે બેએ દોરીઆં) વધારે આપે કે તેથી તેનાંનુ જે પાંણી વપરાએચ તેહેનો અવેજ મલે અને જે કોઈ ખોરાકની જનશો બાહારથી ખરીદી લાવશે તેહેનાંઓએ એક એક કરોની (ઈઆને આશરે ૦ા રૂપીઓ) રોકડો આપવો કે તે તાંહાંવાલા પોત પોતામાં વેહેચી લીએ.

"બીજુ—ખાદમ મશદી હશનબેગ નાંમનો એક ચાકરછે તેહેની શાથે એક બેહેદીન શેહેરીઆર જે તે જગાનો જુનો ચાકર હતો, ને હાલે પણ જીઆરતનાં દાહાડા પર તાંહાં જાઈ બે ચાર દાહાડા આગમજથી રેહેચ, તેહેને પણ પેલા મુશલમાંન શાથે શામેલ કરેઓછે, ને હેવું ઠેરવી આપીઉં કે મશદી હશનબેગને વરશ દાહાડે કરોની ૧૨) તથા તેલ ચેરાગને કીજે અપાવવું અને બેહેદીન સેહેરીઆરને બધા બેહેદીનો મલીને ઉઘરાત કરીને કરોણી પોંણોશો શુધી કરી આપવી કે તેહેમાંથી ઉપર કેહા હશનબેગને આપવાનું તથા તેલનો ખરચ શરવે તે કરે, ને બાકી વધે તે પોતે લીએ ને દર માશે એક વખત તાંહાં જાએ તથા પોતાને હાથે ચરાગ કરે ને જાહાર જુર કરી આવે.

"તરીજુ—આશપાશ ગાંમડાંવાલા પાહાડી મુશલમાંનો ફકીરછે તેનાંઓને એક વખત ખાએ તે મુજબ નાંન વેહેચી આપવાં કે ઉમેદ ભરેઆ આવે તેનાંઓ નીરાશ પામી ખાલી હાથે ભુખેઆ નહી જાએ, તે કરાર મુજબ જે હાજર હતા તેનાંઓને આપવામાં આવીઉં હતું, ને આઈનદે પણ જીઆરતે જાંનારાઓ દર વરશ પોત પોતામાં ઉઘરાત કરીને આપશે હેવું ઠેરવેલુંછે.

" ચોથું—હાકમનુ દાપુંછે તે વીશે અતરે ઈઅનજદની શરકારનાં દફતર માંહેથી એ રકમનો કર કહડાવી નખાવવાને કબુલેઉં હતું કે જો દફતર માંહેથી એ કર નીકલી જાએ તેહેવો ઉપાએ નહી બનેતો દર વરશે કરોની ૧૦૦) અકદાવારા હાકંમને રોકડી આપવી.

" હેવો ઠેરાવ કરીને તથા જેહેને જેટલું આપવું ઘટતું હતું તે મુજબ આપીને રાજી કરેઆ બાદ "કીલે ગોરાબ" જે "અકદા" છે તાંહાં જાઈને મરહુંમ "મેહેરબાનુ" નું દુખમું જોઈઉંચ તે જમીન દોશત કરેલી જગેઆ એક બાગની અંનદરછે તેનો ખાદંમ (ઈઆને રખેવાલ) પણ મુશલમાંન હતો તે શખસે એલ તેમાશ કરવા ઉપરથી દર માશે એક કરોની આપવાની મુશતમારી (ઈઆને લવાજમો) કરીછે, ને તેહેનો હવાલો બેહેદીન રૂશતંમ દીનઈઆરને અપાવેઓચ કે જાવેદાંન તેહેને પોહોચાડે કે તેથી તે જગેઆને જાહાર જુહુર કરી પાકીજે રાખે તથા દર અઠવાડીએ ચરાગ રોશંન કરે, પણ તાંહાંના રેહેવાસી મુશલમાંનો એ જગીઆની હોરમત રાખીને માંનતનો ચરાગ દર જુમે (ઈઆને શુકરવારે) મુકેચ હેવાં કારણશર તે જગીઆ પણ નાંમની રહીછે.

"એજ પરમાંણે શાહા ઈઅનજદગર સેહેરીઆરની પાંચ છોકરીઓની અતરે જુદે જુદે ઠેકાંણે જગેઆઓછે, તેહેને મુશલમાંનોએ તારાજ નથી કરી તેથી બંનચીછે ને હેનાંઓ ઈઆને મુશલમાંનો તે ઠેકાંણાંઓને ખરાબ કરવા ચુકતે નહી પણ કેટલાએક શબબોને લીધે તેમ કરીઉ નથી, તે મધે હાલે ૩) કારણો નજર આવેછે તે ટુકામાં જણાવવાની રજા લેઉચ.

" તેહેમાંનું એક એજે અતરેનાં કુલલે મુશલમાંનો પરથંમ પારશી હતા તેહેનાંઓનાં બાપ દાદાથી તે બુજરોગોની જગેઆઓનું માંન રાખી ઈજત આપતા હતા, તેજ મુજબ પેહેડી દર પેહેડી હવહે પણ કેટલાએક મુશલમાંનો છુપી રીતે માંનત ચહડાવેછે તેથી ઘણું કરીને છેરતા નથી.

" બીજું, પાદશાહા ઈઅનજદગરદની એક છોકરી "શાહા જાનુન" નાંમની હતી કે જેહેનું દુખમું હાલે તેહેરાંનનાં પરગણાંમાંછે કે "જીઆરતગાહે શેહેર બાનું" કરીને હાલે તે હધનાં મુશલમાંનો ઘણું માંન આપેચ, તેહેને વાશતે મુશલમાંનોનો એતેકાદ હેવોછે કે તે છોકરી ઈમાંમ હોશેન જે અલીનો છોકરો ને કરબલામાં મારીઓ ગીઓછે તેહેની શાથે પરણી હતી, તે વાતને કેટલાએક આગલા હોકમાંવોએ જુઠી ઠેરવેલીછે ને તેજ મુજબ કમતરીનેબી કેટલાએક દાખલા દલીલો મેલવેઆચ તેહેમાં એજ મજહબ વાલાઓનાં કોલથી શાબેત થાએચ કે તે છોકરી આરબશતાંન ગેઈજ નથી, ખોટી બનાવટ કરીને પોતાનાં ઈમાંમની હોરમત વધારવા કીજે લખી ગએઆછે, તોએપણ હેનાંઓનાં બીજાં ધરમ પુશતકો તથા હદીશમાં જણાવેઆ મુજબ અતરે વાલા ઈરાંની મુશલમાંનોનું એકીન તેમજછે

કે "શેહેરબાનુ" હોશંનની ઓરત હતી, ને તેહેની કુખે "મવલાનાં જેને આબે દીન" કે જે ઈમાંમ ચોથો કેહેવાએચ તે પેદા થએઓચ ને તે પછે એક પછે એ ક તેહેની ઓલાદનાંઓને જે અમાંમત પોહોચતી તે છેહેલા ઈમાંમ માહદી શુધી ૯ જણા થએઆ હતા, પછે તેહેની પુશત દર પુશત ખાંનદાંનવારાવોને શઈએ દ હોશનીનાં ખેતાબથી બોલતા આવેચ અને બીજા તરણ જાતના શઈએ દો કેહેવાએચ તેહેમાં ઉપર કેહા હોશેની શઈએદોનો મરતબો મોટો ગણેચ કે તે નાઓ ઈરાંની પાદશાહની નશલથી તાલુકો માંએની તરફનો રાખેચ એટલા શા રૂં બીજી છોકરીઓને ચોથા "ઈમાંમ જેને આબેદીન" ની માશીઓ ગણીને તે હેનાઓની હોરમત રાખીને તે જગેઆઓને છેરવા આંચકો ખાએચ.

"તરીજું, કેટલીએકવાર ઉપર કેહી તે જગેઆઓની ખરાબી પરથંમ કોઈ કોઈએ ફરી હસેં, અથવા કરવા ચાહી તેહેવા શખસોના બુરા હાલ થએલા જોઈ ને બીજાઓનું ઈમાંન બંધાએઉં કે એ ફાજેલ ગાહાને છેરવાથી ખરાબી ઉપજશે હેવી બીહીક જેહેનાં જેહેનાં મંનમાં અશર કરેલીછે તેનાંઓનાં કેહેવાં કારવવાથી ધાશતીને લીધે બદ ચાલ ચલાવી નથી સકતા.

"હવે જાંણવું કે ખાતુંનબાનુંથી પાછા આવેઆ બાદ અતરે શરંગ મીર જા કુચીકખાંનને ખાંનગી રાહે અરજ કરવાથી ગાએ કપાવાનાં ચાંમડાં વીશેનો કર દફતર માંહેથી કાહાડી નાંખવાને વાશતે એ શાહેબે દીલાશો આપેઓ હતો હેવામાં કેરમાંનવાલા માહમદ હોશેનખાંનની વતી તેનો વજીર મીરજા હોશેન અતરેના મુલકની પેદાએશ ને ખરચનો હીંશાબ લેવા તથા બંનદોબશત કરીને હકુમત ચલાવવા કીજે આવીઓછે, તે શાહેબ શાથેબી મુલાકાત લેઈને ઉપર જ ણાવેલો કર કાહાડી નખાવેઓછે તે વીશે એ બેઉ શરદારોની મરજી રાખીને તે હેનાંઓનું મોહોડું મીઠું કરવામાં આવીઉંછે તેથી હવે ખાતુનબાંનુમાં ગાએ ક પાવવાનું ધાટકી કાંમ બંધ થાએઉંછે તે વીશે અતરેની પંચ તા૦ ૧૫ મી અક ટોબરે (શને ૧૮૫૫) એકઠી મેલવીને તેનાંઓને કેહેવામો આવીઉંચ કે આઈન દે વરશો વરશ બે ચાર સખશ પંચ વાલાઓ એકઠા મલીને રઈઅત શાથે ખા તુંનબાનું જવું કે તાંહાં બીજા ગરીબોને પણ જાવાની હીમત થાએ કેમજે અત રેનાં અંધેર રવઈઆને શબબે ગમે તેહેવો બંદોબશત કરેઓ હોએ તોબી અપ ટ અને પાહાડનાં રેહેવાશી તાંહાં જરા ચેંચી કરીઆ વગર રેહેશે નહી અને અતરેવાલા બેહેદીનો જે ઘણાજ બેહીમતછે તે શેહેજ વાતે બીહીને પોતાનું કાંમ બગાડવામાં વીચાર કરે નહી તેવાછે તેથી બે તરણ વરશ લાગત એ વીશેની તર તીબથી મેહેનત લેવામાં આવેતો જુની બદ ચાલને આશતે આશતે ભુલી જાઈને વગર ગાએ તાંહાં જીઆરત કરવા જવાની આદત પરશે કે તેથી ધાટકીપણુ દુર થાઈને બેઉ તરફેનો વચેબી શુલેહ ચાલશે હેવા ખેઆલથી પંચ વાલાઓને વા

રેવાર શોપારશ કરીને પંચનાં દફતર મધે બેઠક ૧૦ ,મીની કલમ ૪ થીમાં પણ
નોંધ કરાવીછે.

"હવે માહારી ધારણા એછે જે એ ખાતુનબાનુની જગેઆને લગતાં ૩ ગાં
મડાં જે "જરજુઉ" "દરેદીન" તથા "મજરે મેહેરઇજદ" મલીનેછે તે વગ પો
હોંચાડીને ખરીદવા કે એ જમીન પાછી હાથ આવેઆથી પારશીઓને કોઈ ઈ
જા નહી દેઈ શકશે તથા ખાતુનબાનુ વારી જગેઆની ઈજત પણ છે વાશતે એ
વીશે કુલલે ખંરચ રૂ૩૦૦૦) થીતે રૂ૪૦૦૦) શુધીનો ધારવામાં આવેચ કે તેહેની
પેદાએશ ઉપજે તે કઈ બીજાં નેક કાંમનાં ખરચમાં આપવી, વાશતે જો એમ બ
નેતો બુજરોગ નેઆગાંનોની ખુશનુદીનો શબબછે એટલુંજ નહી પણ બેઉ જેહાં
નની નેકનાંમી હાશેલ કરવાનાં કારણો જે દુનીઆમાં ઘણાં પરકારનાં હોંએચ તે
હેમાં એ કાંમબી કઈ કમ નથી.

"પણ તે માહારી ધારણા પુરી પાડવાની ઉમેદનો દરવાજો અકાબર શાહેબો
છે કેમજે માહારૂં કદ ઘણું કમ અને મુરાદનાં ફલનું દરખત ઘણું બુલંદ, વા
શતે જો શખી વજુદ શાહેબોનાં દીલમાં દએઆ ઉપજે તે બંદોબસત થાએતો બે
હેતર પડે કે કમતરીન આએ પરાંતમાંછે તેટલાં હીંદુશથાંનની અંનજુમંનને નાં
મે અથવા મુંબઈવાલા હરેક શાહેબને નાંમે ખરીદવામો આવેતો પછે એકાએક
કોઈ શખશ તે મીલકતને છેરી શકનાર નથી, તે શાથે હાલનાં પાદશાહ નશરૂદ
દીનશાહની ઓલાદમાંજ પાદશાહી જાંહાંશુધી રેહે તાંહાંશુધી કાંઈ જોખંમ ઉપજે
તેવો શક નથી.તોએપણ જો અતરે વાલાઓ કોઈ પોતાને નાંમે ખરીદેતો તે ઉપ
ર પુરતો ભરોશો રાખી નહી શકાએ, એ વીશેની મરજી શેઠીઆઓની તરફથી
માલમ પડવા પછે જોઈતી રીતે વધારે ખોલાશો લખવામાં આવશે.

"હકીરે એ ઉપર જણાવેલી મતલબોશર ખાતુંનબાનું જઈ આવેઆનો ખર
ચ કરેઓછે તથા લોકોને આપ લે કરવામાં આવીચ અને અતરેનાં શરકારી દફ
તરમાંથી ગાએ કપાવવા બાબતનો કર કહડાવી નાખવા વીશે હધીઓ અકરાંમ
આપવું પડીઉંછે તે શરવે મલીને તુમાંન * * * * * થાએચ તે વીશે આ
શા રાખુંચ કે મુંબઈવાલા અકાબરોથી એ નાંણાં મજને મલશે કેમજે મજ કંમ
તરીનની કાએનાત ઘણી કંમછે તેથી હેવો ભાર ઉંચકી શકવાની મકદુર માહરા
માં નથી વાશતે જેમ કંઈ શખી વજુદ શાહેબોની નેક નજરમાં આવે તેમ ઉપા
એ કરીને ઉતર મલવાની ઈંતેજારીમાં છેઉં.

"શાહા ઈઅજદગરદની એક છોકરી "હએઆતબાંનુ"" નાંમે હતી તેહેની
જગેઆ અતરેથી ૪૦ માઈલ ઉપર દુરછે તેહેની જીઆરત કરવા કીજે બહમન
મહીનાંને અરશેશવંગ રોજે લોકો જાંઈને શપનદાર મહીનાંના બહમન રોજે

પાછી ફરેચ, તે જગેઆ એહેવીતો ખુશનુમાંછે કે તેહેની ખુબી લખવાની કલં મથી બાહારછે, તાંહાં નજદીક પાંચશેથી તે શાતશે માણશોને દર વખતે મેલો મલેચ અને મેહેર માહામાંબી છુટા લોકો તાંહાં જાએચ, તે જગોએ ખુદરતી પાંણી પાહાડપરથી વહી આવેચ તેહેને એકઠું કરવા કીજે એક ભારે મોટી હોજ બાંધેલીછે તે હાલ ખરાબ થાઈ પડીચ વાશતે તાંહાં જીઆરતે જનારાં માંણશોને પાંણી વીશે વેહેલા પડેચ તે ટાલવા કીજે અસલી હોજને શમારવા તથા મોટી કરવાની ઘણી જરૂરછે, તેહેનો ખરચ * * શુધીનોછે, વાશતે કુખમું તઈઆર થાઈ રહેઆ બાદ તે જગાને શમારવા ધારીચ તેહેનો ખરચ કુખમાંનાજ હીશાબમાંથી કરવો અથવા જુદી હુંડી લખવી તે બાબતની મશલહત ને રજામનદી મલવાની ઉમેદ રાખુંચ.

"ઉપર જણાવેલી ખાતુનબાંનુવારી જગેઆનો ગુંબજ પણ ઘણો જુંનોછે તથા તેહેને લગતી એક જગેઆ બબરચીખાંનાંની હતી તે પડી ભાગીચ એટલા શારૂં તે જગેઆની મરાંમત કરવાની પણ જરૂરછે, તેહેનાં ખરચનો અરશતોબી આશરે રૂ * * શુધીનો કરવામાં આવેચ તે વીશે પણ આશાછે કે અકાબર શાહેબો દીલપર દએઆ લાવીને હોકમ આપશે—હાલે એજઅરજ.

શ્રી ઈઅજદની તારીખ ૨૯ મી નવેમબર શને ૧૮૫૫ ઈશવી.

કમતરીન શેવક માંણેકજી લીમજી હોશંગ આંતરીઆ—

તમારી કારોબાર મંડલી તમ શાહેબો આગલ જાહેર કરેછે કે શેઠ મેહેરવાંનજી ફરાંમજીએ ઉપર લખી જણાવેલો તારીખ ૭ મી જાનેવારી શને ૧૮૬૦ ઈશવીની તેરીખનો લખેલો પતર તમારી કારોબાર મંડલી માહે તારીખ ૧૯ મી ફેબરવારી શને ૧૮૬૦ ઈશવીની તેરીખે રૂજુ કરેઆમો આવેઓ તે ઉપર તમારી કારોબાર મંડલીએ હેવો ઠેરાવ કરેઓ કે એ પતરમાં લખી જણાવેલી ઈરાંન તરફની જગો શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાંડેએ પોતેજ પોતાને નામે ખરીદ કરીને આએ ધરમ ખાતાંની કારોબાર મંડલીને શપોરદ કરવી કે કારોબાર મંડલી પોતાનાં નાંમ ઉપર રાખે.

એ ઉપરથી તમારી કારોબાર મંડલી તમ શાહેબોને જાહેર કરેછે કે શેઠ મેહેરવાંનજી ફરાંમજીનાં લખેલા તારીખ ૭ મી જાનેવારી શને ૧૮૬૦ વાલા પતરનાં જવાબ મધે તમારી કારોબાર મંડલીએ તારીખ ૨૩ મી ફેબરવારી શને ૧૮૬૦ ની તેરીખે એ શેઠને પતર ૧ લખેઓછે તેહેની નકલ તમ શાહેબોને વાકેફ થાવાને વાશતે નીચે દાખલ કરીછે.

શેઠ મેહરવાંનજી ફરાંમજી ઉપર મંડલીની તરફથી લખેલાં પતરની નકલ.

શેઠજી શાહેબ—

મેહરવાંનજી ફરાંમજી પાંડે જોગ.

જત લખવા મકશદ એજે તમો શાહેબે તારીખ ૭ મી જાનેવારી શને ૧૮૬૦ ઈશવીને દીવશે ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવાની કારોબાર મંડલી ઉપર પતર ૧) લખીને તમો શાહેબે હેવી ખાહેશ જણાવી કે ઈઅજદજરદ પાદશાહની છોકરી ખાતુનબાનુની જગાને લગતાં તરણ ગામડાં જે જરજુઅ—દરેદીન તથા મજરે મેહેરઈજદ કરીનેછે તે ખરીદ કરવાનો કુલે ખરચ રૂ૪૦૦૦) શુધીનો ધારોછો તે રૂ૪૦૦૦) ઉપર લખેલા ધરમ ખાતાની કારોબાર મંડલીને આપીને એજ મંડલીને નામે તે જગા ખરીદ કરાવીને તેહેની ઉપજ જે ઉપજે તે જજીઆનાં ભરણાંનાં પેટામે દર શાલ અપાવવા ધારોછો, તે ઉપરથી એ ઉપર લખેલા ધરમ ખાતાની કારોબાર મંડલીની ફરમાએશથી તમ શાહેબને લખી જણાંઉછું કે ચાલતા મહીનાની તારીખ ૧૯ મીને દીને એ ખાતાની કારોબાર મંડલી મલી હતી તાંહાં હેવો ઠેરાવ કેરેઆમાં આવેઓ કે એ ઉપર લખી જણાવેલી જગાઓ તમો પોતેજ તમારે નાંમે ઈરાંન તરફ ખરીદ કરીને આપે ધરમ ખાતાની કારોબાર મંડલીને શપોરદ કરશોતો બેહેતર બનશે, એજ અરજ. તારીખ ૨૩ મી ફેબરવારી શને ૧૮૬૦ ઈશવી.

શાહેબ—

મહને માંનછે તમારો નમનતાઈ ભરેલો શેવક થાવાને

(શહી) સોહરાબજી રૂશતમજી મુલા ફીરોજના મુનશી.

તમારી કારોબાર મંડલીના લખેલાં પતર ઉપરથી શેઠ મેહરવાંનજી ફરાંમજીએ તારીખ ૨૯ મી શપટેંમબર ૧૮૬૦ ની તેરીખે પતર એક તમારી કારોબાર મંડલી ઉપર લખ્યોછે તેહેની નકલ તમ શાહેબોને જણાવવાને વાશતે નીચે દાખલ કરીછે.

શેઠ મેહરવાંનજી ફરાંમજીએ લખેલાં પતરની નકલ.

શ્રી મુમબઈની તારીખ ૨૯ મી શપટેમબર શને ૧૮૬૦

ભાઈ શોરાબજી રશતમજી મુલલાં ફીરોજનાં

તે શ્રી ઈરાન દેશના લાચાર જરતોશતીઓની
હાલત સુધારવાના. ફંડના મુનશી જોગ—

શાહેબ—

જત શ્રી ઈરાન દેશના ઈઅજદની શેહેરની પડોશમાં ખાતુનબાંનુ વાલી જી આરતની જગાછે તેને લગતાં ગામડાં ૩ "જરજીઉ" "દરેદીન" તથા "મંજરે મે હેરઈજદ" કરીનેછે તે ખરીદવા બાબે રૂ૪૦૦૦) હમોએ તમારી મંડલીના શવાધી ન મધે શોકવા શારૂ હમોએ તમોને તારીખ ૭ મી જાનેવારી ૧૮૬૦ ને દીને લ ખેઉં હતું તેહમા જવાબમા તમોએ તારીખ ૨૩ મી ફેબરવારી ૧૮૬૦ ને દીને લખી જણાવેઉં જે એ ગામડાંઓ મંડલીએ પોતાના હશતકથી ખરીદેઆના કર તાં અગરજો હમારા પોતાનાજ નામથી ખરીદ થાએતો બેહતર, તે મુજબ હમોએ ભાઈ માણેકજી લીમજીને તારીખ ૨૩ મી ફેબરવારી ૧૮૬૦ ને દીને ખરીદ કરવા શારૂં લખીઉં હતું તેહનો જવાબ ભાઈ માંણેકજીએ હમોને તારીખ ૧ લી જુન ૧૮૬૦ ની તેરીખના કાગજમા નીચે લખેઆ મુજબ લખી જણાવેછે તે તમારી મંડલીનાં શાહેબોની જાણને થકી નીચે ટાંકી જણાવવાની રજા લેઉંચ.

"હકીર કેહેવાને માંગી લીએચ કે હવે જારે ખાતુનબાંનુની જીઆરતગાહા
" માં ગાએ કપાવવાનું કાંમ આશકાર થાએઉંચ તો તે બાબતે મુકેલી તખતીની
" નકલ જે તીનના નલામો (મોકલી હતી તે) છે તે પણ રીપોરટમાં છપાવવાને
" આપવેથી શનદ શરખું બનશે કે કદાચ કોઈ ચંડાલ તે ઈમારત માંહેથી એ
" તખતીને કાહાડી નાંખે કે ખરાબ કરેતો રીપોરટનાં ચોપાંનીઆંની મારફતે એ
" નેક કાંમની નોધ રેહેશે, પછેતો જેમ નેક શુજે તેમ કરવાને તમો મુરબીજી મુ
" ખતેઆર છેઓ."

**શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાહેતાનાં ખરચે ખાતુનબાનુની જગ્યા
રતધાહાંના દરવાજા ઉપર મેલાએલી ફારશી તખતીની નકલ.**

هو الله تعالی

بنام ایزد راستی پسند در عهد دولت ابد مدّت اعلیحضرت پادشاه جمجاه ناصر الدّین شاه خلد الله
ملکه تعمیر این مکان شریف که محل غیبت خاتون بانوی پارسا دختر شاه یزدجرد شهریار حاله امام
سجاد صلوات الله علیه است بهمت جناب مهروانجی ابن فرامجی پاندی هندوستانی که همیشه معین
طایفهٔ ایرانیانند در هنگامیکه این مسافر مانکجی ابن لیمجی ولد هوشنگ هاتریا ملقب بدرویش
فانی هندوستانی با فرزند دلبند هرمزجی بعزم سیاحت باینجا رسید اهتمام لعمل آمد
مطلب اصلی اینکه چون سابقه براین ندانسته کاو ذبح میشد و بفتوای قاضیان این عمل حلال است
من بعد هر کس مرتکب این فعل خلاف شود بلعنت خدا و نفرین انبیا گرفتار شود

بتاریخ یوم فروردین ایزد ارسپندار ماه قدیم سنه ۱۲۲۵
یزدجردی مطابق سنه ۱۲۷۲ هجری نبوی مصطفوی در حوالی
دار العبادیزد نزدیک نیو دشان
وعقدا در دامان کوه زرجو ۷۷

ઉપલી ફારશી નકલનો ગુજરાતી તરજુમો.

હું અલ્લાહુ તાલ્લા

બનામે ઈઅજદે રાશતી પશનદ.

પાદશાહ જમજાહ નાશરઉલદીન શાહા કાજાર એની પાદશાહી શદા કાએમ રેહેજો. એ પાદશાહનાં જમાનામાં આએ મુબારક મકાંન પાદશાહા ઈઅજદજર દ શેહેરીઆરની બેટી ખાંતુનબાંનું પારશા નાંમની ઈમાંમ શજાદની માશી તેનાં ગેબ થવાની જગોછે તે જગો જનાબ મેહરવાંનજી ફરાંમજી પાંડે હીંદુસતાંનનાં રેહેવાશી જે શદા ઈરાંની પારશીઓનો મદદગારછે તેણે આએ ઈમારત બંધાવી જે હીગાંમમાં મુશાફેર માંણેકજી લીમજી વલદે હોશંગ આંતરીઆ લકબે દરવેશ ફાંની હીંદુશતાંની પોતાનાં પીઆરા ફરજંદ હોરમજજી શાથે આએ દેશની મુશા ફરીનાં ઈરાદાથી હીઆં આવીઆ હતા તારે એઓની કોશેશથી એ એમારત બંધાઈ તઈઆર થાઈ. હવે અશલ મતલબ એછે કે આગલ અનજાનપનાંથી એ જગોએ ગાએ કપાતી હતી અને દીનનાં કાજીઓનાં ફતવાથી એ કાંમ ખેલાફ ઈ આને અનઘરતુછે માટે હવે પછી જે કોઈ હેવું માઠું કાંમ કરસે તે ખોદાતાલા ની તથા પેગમબરોની લેઆનતમાં ગેરફતાર થશે. તારીખ રોજ ફરવરદીન શફ નદાર માહ કદીમ શને ૧૨૨૫ ઈઅજદજરદી, શને ૧૨૭૨ હેજરી.

વલી ભાઈ માંણેકજી શેઠ મેહેરવાંનજીનાં એજ કાગજમો લખી જણાંવેછે કે—

"એ ખાતુનબાંનું પાશેનાં ગાંમડાંઓ ૨ ખરીદીને ધરમ ખાતાં દાખલ "આપવાને ઈરાદે જે મંડલીનાં શાહેબો ઉપર તમો મુરબીજીએ કાગજ લખી "ને રૂ૪૦૦૦) ની બખશેશ કરીછે અને તેહેનાં ઉતરમો તે શાહેબોએ પાછુ જ "ણાવેઉચ કે પોતેજ તમો મેહેરબાંને ખરીદવા, તે ઘણું નેક થાએઉંછેજી.

"હવે એ જગેઆઓ ખરીદવાને જે ફરમાવો છેઓ તે એકાએક બની ન "હી શકસે કેમજે હકીર અતરે દુર પડવાથી કાગજ પતરને ધીરે શાંશતે— "એ કાંમ પાર પાડવું નેકછે વાશતે જો મુરબીજીની નેક નજરમો આવેતો એ "મુકરર કરેલા રૂ૪૦૦૦) ની નોટો લઈ પોતે જુદી રાખવી અથવા મંડલીનાં "શવાધીનમાં અમાંનત સોંફવી કે એ કાંમ અનજામ પોંહોંચતી વખતે એ બાબ "તે હુંડી લખવામો આવશે."

"એ જગેઆવોને આપણે ઉઘાડે નાંમે ખરીદતાં ઘણી મોઘી લેવી પડે ને વલી તે શાથે દરબાર વાલાવો આરે આવશે કે પરાએઆ રાજની રઈએતને હુ

રેક જમીનનાં ધણી થાવા નહી દીએ, વાશતે અવલમાં એક આબરૂદાર ને વીશ વાંશુ મુશલમાંનને વચે નાંખી તેને નાંમે તરણડે ગાંમો ખરીદાવી જુનાં ખત કબાલાઓ જે હોએ તે શરવે ઈશલામીઆંન શરીઅત મુજબ મજબુત કરાવી શરકાર દરબારમાં નોધાવવાથી ઠીક ને પકકું કાંમ બનશે ને તેમ અગર કોઈ પારશી ઈરાંનીને નાંમેબી કરવા ચાહીશેતો હરગેજ પકું કાંમ નહી બનશે, વાશતે લાબુદંન (ઇઆને શેવટે) એ કાંમમાં એક વીશવાશુ મુશલમાંન વેપારીને વચે લેવાની જરૂરછે પછે તેહેની પાશેથી હમારે નાંમે કરાવી લેઈને અતરે તેહેરાંનની દરબાર ખાતે તથા એશફાંનનાં ઈમાંમ જુમાંને તાંહાં નોધાવી પાંચ શાત આબરૂદાર વેપારીઓ તથા હરેક હેશમદાર મુશતેદો અને બીજા ઉમરાઓની શહી મોહોર શાખ કરાવવી ઘટેચ તેતો હવે હઈઆતીને હાથછે પણ તે પછે હમોએ તમો શાહેબને નાંમે વેચાંણ ખત કરાવીને ફરી ઉપર કેહા મુજબે શરવેની મોહોર શહીઓ લેઈ ઘટતી જગો જગોએ નોધાવેઆ બાદ અંગરેજી કોઠી ખાતે નોધાવીને રજીશટર કરાવેલાં કાગજોની એક નકલ અતરેની અંગરેજી કોઠીમાં 'દીપાજીટ' રખાવવી ને બીજી તમો શાહેબને પોંહોંચતી થાએથી જેહેવે નાંમે તમો શાહેબ ચાહાવો તે પરમાંણે ધરમ ખત ફારસી અને અંગરેજી મલી બે જુબાંનમો એકજ કાગજપર કરાવેઆ બાદ એ મંડલીનાં શાહેબોને સોંફવું ને બીજું વલી અંગરેજી કોઠી ખાતે મોકલવાથી એ કાંમ પકું બનેઉં એમ જાણવું અને તેહેની ઉપજ કરી વાર ફેર ચલાવવા થકી પણ અંગરેજી કોઠીનીજ મારફતે ઈઅજદનાં રેહેવાશી પારશીઓની પંચનાં અધીકારીઓને સોંફવાથી ઉપજ પણ શારી થાઈ અને પાંચ પચીશ ફકીરી હાલતનાં પારશીઓનું ગુજરાંન ચાલશે તથા જીઆરતે આવવા જાવાનો માહાવેરો વધીને એ જગેઆ પાછી પુરાતમ જમાનાંની ફાની જાગતી જોત શરખી બનવા વગર નહી રેહેશે.

"એ બાબે હમો બે ચાર બેહેદીનોને શોપારશ કરીચ કે તાંહાંની નકી ખબર મેલવી હમોને લખે જે હાલેં એ તરણડે ગાંમડાંઓ કોન કોનનાં હાથમાંછે ને ઉપજ શું થાએચ તથા ખરની કેટલીછે તે શરવેનો નકી એહવાલ મેલવીને લખે.

"હમુને ખબરછે કે હેમાંનાં "દરેદીન" નાંમનાં ગાંમપર શરકારી ખરની કંઈ નથી ને લાંબી મુદતપર પારશીઓને બખશેલીછે પણ જો ખોદાતાલાનું ચાહવું હશે ને એ કાંમ શરવે હકીરની હઈઆતીમાં શરઅંનજામ પોંહોંચેતો તરણડે ગાંમની ખરની કહડાવી નખાવવા વીશે ઘટતી મેહેનત ફરીશે."

એ પરમાંણે ભાઈ માંણેકજી લખેછે ને તેવણને હમોએ અતરેથી ચાલતા મહીનાં (ઇઆને સપટેમબર ૧૮૬૦) ની તા૦ ૧૮ મીને દીને નીચે મુજબ જવાબ લખેઓછે.

ખાતુનબાંનુની પાશેનાં ગાંમડાંઓ ૩) ખરીદવા સારૂ હમોએ તમુને લખેઉં

હતું તેહેનાં જવાબમો તમો લખોચ કે "તે ખરીદવાને એકાએક બની નહી શકશે કેમજે હકીર અતરે દુર પડવાથી કાગજ પતર અને ધીરે શાંશતે એ કાંમ પાર પાડવું નેકછે, વાશતે જો મુરબીજીની નેક નજરમાં આવેતો એ મુકરર કરેલા રૂ૪૦૦૦) ની નોટો લેઈ પોતે જુદી રાંખવી અથવા મંડલીને શવાધીનમાં અમાંનત સોંફવી કે એ કાંમ અનજાંમ પોંહોંચતી વખતે એ બાબદે હુંડી લખેઆમો આવશે." ભાઈજી એ તમો લખોચ તે વાજબીછે એ કાંમ ધીરજથી કરશોતો કીફાએતથી મલશે પણ તેમ છેક કાંમ ઢીલમો પણ નાખવું નહી ને વરશ ૧—૨—ની અંદર બને તેમ કરવું, એ રૂપીઆ હમોએ મંડલીને અનામત સોંફવા લખેઉં હતું પણ તેઓએ એ જગા હમારા હશતકથીજ ખરીદવા કહીઉં તેથી તે રૂપીઆની નોટ ટકા ૪ નાં વેઆજની રૂ૫૦૦૦) ની લેઈને જુદી હમારે તાંહાં એ બાબેનું જુદુ ખાતું પાડી રાખીઉંછે વાશતે ભાઈજી પાશે માંગી લીજીએચ કે એ કાંમપર તમોએ તમારૂ પાકું ધેઆંન આપવું કે તેથી તમોને પણ એ પુનનાં કાંમમો શવાબનો હમએરો મલશે અને જેવી ધારણાથી કોઈ મુશલમાંન વેપારીની મારફતેથી વેચાતું લેઈ પછે તમારા નાંમપર ફેરવી પછે હમારા નાંમપર ફેરવાવી અંગરેજી કોડીદારની મારફતથી કરવા ચાહોચ તે હમોને પશંદછે અને બનેતો એ જગાની ખરની નીકલી જાએ તેહેવી મેહેનત કરશોતો એ પુનનાં કાંમને મોહોટો આશરો થાશે અને એ બાબે તમો મેહેનત કરવાને કશી કશુર નહી કરશો તે બાબે હમો નચીંત છઈએ.

પણ ભાઈજી એ ઉપર લખેલી નોટો હમોએ જુદુ ખાતું પાડીને રાખેલીછે પણ તેહેની મુદત વરશ બેની કરીછે, વરશ ૨) મધે તમારી તરફનું કાંમ પાર થાએતો શારૂં નહીતો બીજા કાંમમો વાપરીશું કાંએજે એમ ખાતું પાડી એક ભરોશા ઉપર અનામત રાખીએ તે કશું કાંમ નહી થાંએ અને બીજા કાંમથી રોકાવું પડે અને કાલનો કોઈને ભરોશો નથી તેથી ભાઈજીને ઘણી કરીને એ લતેમાશ કરીએચ કે એ કાંમને શઉથી પેહેલું ગણીને કરવું અને તે વીશેની માશ ૧૨ મો થવાની તમોથી ઉમેદ રાખુચ.

એ મુજબ હમોએ લખીઉંછે અને તે મુજબ નોટ ૧) રૂ૫૦૦૦) ની ટકા ૪ વાલી ખરીદીને અતરે હમારા ચોપડામો જુદુ ખાતું પાડી એ બાંબતશર રાખીછે તે અગરજો વરસ ૨) ની મુદત શુધીમાં એ કાંમ બની જાશેતો તે રૂપીઆ તે બાબત સારૂં આપવામો આવશે અને અગર એ મુદત શુધીમો એ કાંમ નહી બનશેતો એ રૂપીઆ હરએક બીજા ધરમમાં વાપરીશું તે તમારી મંડલીનાં શાહેબોને વાકેફ કરજો, એજઅરજ.

(શહી) લા૦ શેવક મેહેરવાંનજી કુરશંમજી પાંડેનાં
નો શલાંમ વાંચજોજી.

તંમારી કારોબાર મંડલી તંમ શાહેબોને જાહેર કરેછે કે ઉપર લખી જણાવેલી ખાતુંનખાનુની પાશેની જગેઆઓ વીશે જે શેઠ મેહેરવાંનજી ફરાંમજીએ ખરીદ કરવાને વાશતે ભાઈ માંણેકજી આંતરીઆને લખી જણાવેઉં તે જગેઆઓ હજુર શુધી ખરીદ કરેઆમો આવી નથી હેવું શેઠ મેહેરવાંનજીનાં પતર ઉપરથી માલંમ પડેછે.

તંમારી કારોબાર મંડલીને તંમ શાહેબો આગલ જાહેર કરવાને ખુશી પેદા થાઈછે કે ભાઈ માંણેકજી આંતરીઆના ઈરાંન તરફ ગીઆથી કેટલીએક તરેહનાં અનઘટતાં કાંમો તે તરફ થાતાં હતાં તેહેનો અંટકાવ થએઆ ઉપરાંત એ આપણાં ગરીબ હમજાતીઓની હાલતમો કેટલીએક તરેહનો શુધારો કરવાને બની આવેઉં છે તે આએ મધે લખી જણાવેલા એહવાલ ઉપરથી તંમ શાહેબોને તેમજ હીન દુશતાંનનાં કુલલે બશતેકુશતીઆંનોને રોશંન થાશે અને એ ઉપરથી ભાઈ માણેકજી આંતરીઆએ તંમારી કારોબાર મંડલીની તરફથી તેમજ પોતાનાં દીલનાં ઉલટ, હીમત અને દાનાઈથી કેહેવી રીતની વખાંણવા લાએક કોશેશો કરીને જેહેમતો ખેંચીછે અને તે વીશે તેવણને કેટલી મોહોટી શાબાશી ઘટેછે તેહેનું લંબાંણથી વરણન અતરે કરવાને તંમારી કારોબાર મંડલી કશી અગત જેહેવું જોતી નથી.

ઈરાંનીઓની એક ટોલકી તથા કાંમ વીશે.

તેહેરાંનની તા૦ ૨૦ મી ડીશેમબર શને ૧૮૫૯ વાલા કાગજમાં ભાઈ માંણેકજી આંતરીઆ લખેછે કે—

"ઈરાંનીઓમાંના કેટલાએક શખશોની ટોલકી મલીને હમારી તથા ઈઅજદનાં પંનચ વીશે કેટલાંએક બોહોતાંન જોડીને જાહેર પતર તરીકે અરજી છપાવી બાહાર પાડેલીછે તેહેની એક નકલ હમારા ઈશટ મુરબીજી શેઠ જાંહાંગીરજી નશરવાંનજી જશાવાલાની મારફતે કેટલુંએક થાએઉ મલીચ તેહેનો ઉતર ઘટારત મુજબ માંનવંનત મંડલીની તરફથી આપેલો એટલે તા૦ ૧૫ મી અકટોબરે વાંચવાની ઉમેદ હતી પણ તેમ નહી બનવાથી હમે લખેલો આજ દીને ઈંગલંડ મારગે મોકલવામાં આવીઓછે ને આએ કાગજ બુશેર મારગે તંમોને મલશે વાશતે લંબાંન પતર જાંણીને પરતું નહી મુકતે માંનવંનત મંડલીનાં શરવે શેઠીઆઓની શભા મેલવી તેઓ શાહેબો પાશે વાંચવા

" ની તશદીઆ લેવીજી અને તે વીશેનો ઉતર મલીઆવેર હકીર અતરે ખોટી
" રહી પછે ઘટતી રીતે પોતાનો છુટકો એ જનજાલથી કરનારછે, વાશતે આપ
" ણા અકાબર શાહેબો પાશે હકીરની ઓજરખાહી શાથેની અરજ કેહીને હમા
" રી વતી અતરે કાંમ હોએતો કોઈ બીજા ગરહશથને મોકલવાની પેરવી કરવી
" જી ને કાંઈ અતરે કોઈને રાખવાની મરજી મંડલીનાં શાહેબોની નહી હોએતો
" તેઓ મુખતેઆરછે પણ હમારી કબુલાત મુજબે તા૦ ૨૧ મી મારચ ૧૮૬૦
" તુલકનો હીશાબ રવાંનાં કરી હમો ઇરાંનીઓનાં કાંમથી હાથ ઉઠાવીશે ને જો
" શર હેનરી ઉપરનું કાગજ આવી પોહોચશેતો તે બાબદ વાજેબ હશે તેટલા દા
" હાડા રોકાઈ કાંમ અનજાંમ પોહોતા પછે તેહેરાંનથી નીકલી પરબારા મુંબઈ
" આવીશે."

હેવાં ભાઈ માંણેકજી આંતરીઆનાં લખાંવા ઉપરથી તંમારી કારોબાર મંડલીએ તા૦ ૨૩ મી ફેબરવારી શને ૧૮૬૦ ઈશવીની તેરીખે કાગજ ૧) લખેઓછે તે મધે એવણને જણાવેઉં હતું જે અતરેના ઇરાંનીઓએ કેટલાંએક બોહોતાંન તંમારે ઉપર તથા ઇઅનજદની પંનચ ઉપર મુકેલાંની અરજી તંમારે ઉપર શેઠ જાંહાંગીરજી નોશરવાંનજી જશાવાલાએ મોકલી તેહેનો ઉતર આએ ધરમ ખાતાંની કારોબાર મંડલીની તરફથી વાંચવાની તંમો ઉમેદ રાખતા હતા પણ તેમ નહી બનવાથી તંમોએ તેહેનો ઉતર ઈંગલંડ મારગે મોકલીઓછે તે હજી હમોને પોહોતો નથી. એ વીશે કારોબાર મંડલીની ફરમાએશથી તંમોને લખી જણાવું છઉં કે એ નાદાંન ઇરાંનીઓની અરજીની ૧) નકલ હમોએ તમારા ઉપર હમારા લખેલા તા૦ ૫ મી આંગશટ ૧૮૫૯ વાલા કાગજ શાથે બીડીછે તે ઉમેદછે કે હવે તમોને પોહોચી હશે અને એજ કાગજનાં ફા૦ ૧૧ માંમો તંમોને લખી જણાવીઉછે કે એ વીશેની હમોંએ અતરે ચોકશી કરવા માંડીછે તે વીશે ચોકશી કરતાં માલમ પડેઉ કે એક બે જણાંનાં તરકટને લીધે એ અરજી મધે બીજાઓબી ભોલાપણમો તે તરકટીઆઓ ઉપર વીશવાશ રાખીને શહીઓ કરેલીછે તે વીશેની શરવે બીનાંનો ઘટતો ખોલાશો આલમને જાહેર થાવાને વાશતે વરતમાન પતરની મારફતે છપાવવાનો વીચાર હતો, પણ તા૦ ૨૮ મી અકટોબર શને ૧૮૫૯ ઇશવીને દંને આએ ધરમ ખાતાંની કારોબાર મંડલી મલી હતી તાંહાં હેવો વીચાર કરેઆમાં આવીઓ કે "હેવા તરકટીઆ અને એકુ વાત નાલાએક આદમોનો જાહેર પતરની મારફતે ખોલાશો કરવાને ઘટતું નહી જાંણીને હવે પછેનો બીજો રીપોરટ જે તઈઆર થાએછે તે મધે એ વીશેનો ઘટતો ખોલાશો આંમ લોકોને વાકેફ થાવાને વાશતે કરવો. હેવો ઠેરાવ થાએઆથી એ વાત ધીલમાં રહેલીછે અને તમો શારી તરેહથી વાકેફગારછો કે હરેક નેક કાંમ કરનારાઓની પછવાડે માઠાંનાં બોલનારાઓ ઘણાં હોએચ અને શમજ વગરનાઓનાં બોલવા

1.—Promissory Note of the Government of India No. 35941 of the five per cent loan of 1856-57 for Rupees 1000 contributed by Dinshawjee Nassarvanjee Manackjee Pity Esqs. in commemoration of their late Paternal Aunt Bai Avabai deceased.	1000			
1.—Promissory note of the Government of India No. 4183 of the four per cent Loan of 1835-36 for Rupees 3000 contributed by Cowasjee Dunjeebhoy Powwalla in commemoration of his late father Dhunjeebhoy and his mother Dunabai deceased.	3000	30000	0	0
Carried over Rs.		30000	0	0

		Rs.	A.	P.
Brought over Rs.		30000	0	0
The sum of Rupees 8416 subscribed and contributed by the Zoroastrian Inhabitants of Persia to the special Fund for paying the Poll or capitation Tax called "*Zuzia*" has been invested in the undermentioned securities.				
1.—Promissory note of the Government of India No. 31045 of the five per cent Loan of 1856-57 for Rupees.	5000			
2.—Ditto-Ditto No. 36667-36668 of Ditto Ditto for Rupees each.	2000			
1.—Ditto-Ditto No. 50115 of Ditto for Rupees 1000	1000			
2.—Ditto-Ditto No. 50116 and 50116 and 50117 of Ditto-Ditto for Rupees 500 each.	1000			
Prime cost of the above mentioned Government securities for Rs. 9000 ... ... 8039 5				
Cash.. ... ... 376 11				
8416 0		8416	0	0
Donation to the special Fund for defraying the expenses of Marrying the sons and daughters of indigent Zoroastrian Inhabitants of Persia.				
2.—Promissory notes of the Government of India No. 30929 and 30930 of the four per cent loan of 1854-55 for Rupees 1000 each contributed by the late Manackjee Nassarvanjee Pitty Esq. on the occasion of the marriages of his grand children ...	2000	2000	0	0
Donations for defraying the expenses of Gahambar Feasts and Ceremonies in Persia.				
1.—Promissory note of the Government of India No. 1286 of four per cent loan of 1842-43 for Rupees 1000 contributed by Mervanjee Framjee Panday Esq. in commemoration of the late Maneckjee Nassarvanjee Pitty Esquire deceased.	1000	1000	0	0
Total Rupees.		41416	0	0

Signed, sealed and delivered by the abovenamed Framjee Nasserwanjee Pattel, Cursetjee Nassarwanjee Comajee, Merwanjee Framjee Pandey, Bomanjee Framjee Camajee, Dinshaw Manockjee Pitty, Byramjee Jeejeebhoy, Rustomjee Ruttanjee Wadia, Jamsetjee Pestonjee Pandey, Dhunjeebhoy Framjee, Ardaseer Dossabhoy Moonshee, Nowrojee Furdoonjee and Muncherjee Shapoorjee Lungda in the presence of

FRAMJI NASSERWNJI PATTEL,
CURSETJI NASSERWANJI CAMAJI,
MERWANJI FRAMJI PANDEY,
BOMANJI FRAMJI CAMAJI,
DINSHAW MANECKJI PITTY,
BYRAMJI JEEJEEBHOY,
ROOSTOMJI RUTTONJI WADIA,
JEMSETJI PESTONJI PANDEY,
DHUNJEEBHOY FRAMJI,
ARDASHAR DOSSABHOY MOONSHEE,
NOWROJI FURDOONJI,
MUNCHERJI SHAPOORJI LUNGDA,

S. LAWFORD ACLAND,
Solicitor, Bombay.

MANACKJEE JAMASJEE,
Chief Clerk to Messrs. L. S. S.
ACLAND & PRENTIS.

તારીખ ૨૬ મી મારચ શને ૧૮૬૩ ને દીને થાએલા ઈરાન દેશના ગરીબ જરતોશતી રેહેવાશીઓની હાલત શુધારવાના ફૂંડના બંદોબશતના ઈંગરેજી લખતનો ગુજરાતી તરજુમો.

એ મંડલીનાં હુકમથી બીજીવાર છપાવી
પરગટ કરેઓછે.

મુંબઈ,

દફતર આશકારા પરેસ.

શને ૧૮૬૫ ઇશાવી.

શાંકલીઉં.

ઈરાન દેશના ગરીબ જરતોશતી રેહેવાશીઓની હાલત શુધાર વાના ફંડના બંદોબશતના ઈંગરેજી લખતનો ગુજરાતી તરજુમો.

આએ ખત તા૦ ૨૬ મી મારચ શને ૧૮૬૧ ઈશવીને દીને એક તરફથી મુંબઈનાં પારશી રેહેવાશી ફરાંમજી નોશરવાંનજી પટેલ તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી તથા મેહેરવાંનજી ફરાંમજી પાંડે તથા બહમનજી ફરાંમજી કાંમાજી તથા દીનશાહજી માંણેકજી પીટી ઈશકોએરો તે આ લખતનાં તરશટીઓ તથા બીજી તરફથી મુંબઈનાં પારશી રેહેવાશી ફરાંમજી નોશરવાંનજી તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી તથા બેહેરાંમજી જીજીભાઈ તથા રૂશતમજી રતનજી વાહાડીઆ તથા મેહેરવાંનજી ફરાંમજી તથા બમનજી ફરાંમજી કાંમાજી તથા જમશેદજી પેશતનજી પાંડે તથા ધનજીભાઈ ફરાંમજી તથા અરદેશરજી ડોશાભાઈ મુનશી તથા નવરોજજી ફરદુનજી તથા મનચેરજી શાપુરજી લંગરા તથા દીનશા માંણેકજી પીટી ઈશકોએરો તે નીચે લખી જણાવેલા ધરમ ખાતાંનો વહીવટ ચલાવવા શારૂ મુકરર થાએલી કારોબાર મંડલીનાં અધીકારીઓ વચે થાએઉ છે. જાણવું જે નીચે લખી જણાવેલા ધરમનાં કાંમો કરવા શારૂ કેટલાએક વરશ ઉપર હુધરાણામાં નાંણાંની કેટલીએક રકમો ભરાઈ હતી, અને તે નાંણાં ભરનારા ગરહસથોની સભા તારીખ ૧૧ મી જાનેવારી શને ૧૮૫૫ ઈશવીને દીને બેહેશતનશીન માંણેકજી નોશરવાંનજી પીટી ઈશકોએરનાં ઘર આગલ ભરાઈ હતી તે વેલાએ હેવો ઠરાવ થાએઓ હતો જે ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓનાં દુખ ટાલવા તથા તેઓની હાલત શુધારવા શારૂ ઉઘરાંણું કરીને એક પુજી એકઠી કરવી તથા એક ધરમ ખાતુ શથાપવું, અને બીજો હેવો ઠેરાવ થાએઓ હતો જે એ ધરમ ખાતાંની મતલબ પાર પાડવા તથા અમલમાં લાવવા શારૂ એક કારોબાર મંડલી મુકરર કરવી અને હેવો ઠરાવ થાએઓજે ઉપર કહેલી પુજીનો વહીવટ તથા કારોબાર એ મંડલીએ ચલાવવો અને બીજો હેવો ઠેરાવ થાએઓજે ઈ

લખત કરનારા ધણીઓ.

ઈરાંન દેશનાં રેહેનારા ગરીબ જરતોશતીઓનું દુખ ટાલવા તથા તેઓની હાલત સુધારવાનું ધરમ ખાતું અશથાપવું તથા તે કારણશર નાંણાં ભરાવવાં.

રાંન મધે એક દાખમું બંધાવવા શારૂ ઉઘરાંણું કરીને અગાઉ જે પુંજી એકઠી કીધી હતી તે પુજી ઉપર કહેલી મંડલીનાં શવાધીનમાં આપવી, અને બીજો હેવો ઠરાવ થાએઓજે ઉપર કહલાં ફંડ અથવા પુજીનાં શંભાલને કીજે એક "તરશટડીડ" અથવા અમાંનત ખત તઈઆર કરાવવું. જાણવુંજે ઉપર કહેલાં ધરમ ખાતાનાં અધીકારીઓ તથા એ ધરમ ખાતાંની પુજી મધે નાંણાં ભરનારાઓની શભા—તા૦ ૧૦ મી અકટોબર શને ૧૮૫૮ ઈશવીને દીને ભરાઈ હતી તે વેલાએ હેવો ઠેરાવ થાએઓજે માંણેકજી નોશરવાંનજી પીટી તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી તથા મેહેરવાંનજી ફરાંમજી પાંડે તથા બહમનજી ફરાંમજી કાંમાજી ઈશકોએરોને ઉપર કહેલાં ધરમ ખાતાંની પુજી તથા અશકેઆંમતનાં પેહેલા તરશટીઓ ઠેડાવવા અને તે પુજીનો કારોબાર ચલાવવા શારૂ આએ ખત કરનારા બીજી તરફનાં ગરહસથોની કારોબાર મંડલી મુકરર કરવી. અને જાણવું જે તા૦ ૧૧ મી જાનેવારી શને ૧૮૫૫ ને દીને ભરાએલી ઉપર કહેલી શભામાં થાએલા ઉપર કહેલા ઠરાવ મુજબ હજુર શુંધી તરશટડીડ થાએઉં નથી, તોપણ એ ધરમ ખાતાંનું કાંમકાજ ચાલુ કીધામાં આવેઉંછે, અને એ ધરમ ખાતાંની મતલબ પાર પાડવા તથા અમલમો લાવવા શારૂ એ ધરમ ખાતાંની હાલની કારોબાર મંડલીએ નાંણાંની કેટલીએક રકમો ખરચીછે, તે કારોબાર મંડલીએ કરેલા ખરચનાં રૂપીઆ બાદ કરતાં બાકી રહેલા રૂપીઆ મધેથી જામીનગીરીઓ લેઈ રાખીછે, અને એ ધરમ ખાતાંની હાલમાં જે પુજીછે તે મધે શરકારી નોટો તથા મુંબઈ બેંકનો એક શેર તથા ગરેટ ઈનડીઅન પેનીનશુલા રેલવે કુંપનીનાં સેર તીશ તથા રૂ૨૭૧૦—૧૧—૯ રોકડા છે તેહેની વીગત આએ ખતની નીચે ટાંકેલી **A** ની નીશાંનીની ટીપ મધે લખી જણાંવેલીછે. અને જાણવુંજે કેટલાએક ગરહશથોએ હેવી મરજી દેખાડીજે તેઓએ બખશેશ દાખલ આપેલા રૂપીઆ કેટલાએક ખાશ અને ચોકશ કારણશર વાપરવા, પણ તે રૂપીઆબી ઉપર કહેલાં ધરમ ખાતાનાં તરશટીઓનાં શવાધીનમાં રાખવા, અને તેહેનો વહીવટ તથા ખરચ એ ધરમ ખાતાંની કારોબાર મંડલીએ કરવો. હેવી મરજી દેખાડનારા ગરહશથોએ નાંણાંની કેટલીએક રકમો ભરીછે તે રકમો આએ ખતની નીચે ટાંકેલી **A** ની નીશાંનીની ટીપ મધે લખી જણાંવેલી શરકારી નોટો તથા

પેહેલા તરશટીઓ.

એ ધરમ ખાતાંની પુજીમાંથી લઈ રાખેલો અવેજ.

બેંકનો શેર તથા રેલવેનાં શેર તથા રૂપીઆ મધે દાખલ કીધી ન
થી અને એલાહેદી રાખેલીછે. અને જાંણવું જે શેવટે લખી જણાં
વેલા ગરહશથોએ હેવી રીતે જે નાંણા ભરેઆંછે તેઓનાં નાંમ તથા
તેઓએ ભરેલાં નાંણાંની રકમો તથા તેઓએ ભરેલાં તથા બખશેશ દા
ખલ આપેલાં નાંણાં કહેઆં કાંમમાં વાપરવાં તેહેની વીગત આએ
ખતની નીચે ટાંકેલી B ની નીશાંનીની ટીપ મધે લખી જણાંવેલીછે.
અને જાણવું જે શેવટે લખી જણાંવેલાં નાંણાં આપનારા અથવા બ
ખશેશ આપનારા ગરહશથોની હેવી મરજીછે કે તેઓએ ભરેલાં નાં
ણાંની અથવા તે નાંણાં મધેથી જે કાંઈ શેરો અથવા નોટો અથવા
જામીનગીરીઓ લઈ રાખેલી હોએ તે નાંણાંની દર વરશની ઉપજ જે
કાંમમાં અને જે કારણશર વાપરવા શારૂ તેઓએ આપતી કીધી હો
એ તે કારણશર તે ઉપજ વાપરતાં જે કાંઈ બાકી રેહે તે બાકી રહેલા
રૂપીઆ દર વરશની આખેરીએં શાધારણ પુજીનાં ખાતાંમાં લઈ જ
વા અને એ ધરમ ખાતાંને લગતાં શાધારણ કાંમોમાં વાપરવા. અ
ને જાંણવું જે ઉપર કહેલા માંણેકજી નોશરવાંનજી પીટી તારીખ ૨૧
મી મેએ શને ૧૮૫૯ ને દીને ગુજરી ગએઆ તેવણની જગોએ મું
બઈવાલા ફરાંમજી નોશરવાંનજી ઈશકોએરને એ ધરમ ખાતાંની પું
જી તથા અશકેઆમતનાં તરશટી મુકરર કરેઆછે. અને જાણવું
જે ઉપર કહેલાં ધરમખાતાંની પુજીનો બીજો એક ટરશટી વધારે મુક
રર કરવા તથા આએ ખત પશંદ કરીને બાહાલ રાખવાનાં કારણશ
ર મુંબઈનાં ગુજરાતી વરતમાંન પતરો મધે જાહેર ખબર છપાવીને
એ ધરમ ખાતાં મધે નાંણાં ભરનારા ગરહશથોની ખાશ શભા બોલાવી
હતી તે શભા કહેઆં કારણશર બોલાવી હતી તે કારણો તે શભા ભ
રવાની જાહેર ખબરમાં લખી જણાંવેઆં હતાં અને તે શભા તારીખ
૩ જી જાનેવારી શને ૧૮૬૧ ને દીને બેહેશતનશીન શેઠ માંણેકજી
નોશરવાંનજી પીટીનાં કોટ મધેનાં રેહેવાનાં ઘેર મધે ભરાઈ હતી, તે
શભામાં ઉપર કહેલા દીનશા માંણેકજી પીટી ઈશકોએરને ઉપર કહેલાં
ધરમ ખાતાંની પુજીનો એક બીજો તરશટી વધારે મુકરર કરેઓ અ
ને આએ તરશટડીડ એ શભામાં વાંચી શંભલાવેઉ તથા બાહાલ રા
ખેઉ તે એ શભામાં થાએલા એ શભનાં શરનશીનની શહીનાં ઠરાવ
ઉપરથી માલમ પડેછે. તે ઠરાવની નકલ નીચે ટાંકીછે. " શઘલાઓ
" નાં એકમતથી હેવો ઠરાવ થાએઓ જે આએ ધરમખાતાંની પુંજી

તરસટડીડ બા હાલ રાખવા શારૂ ભરેલી મોહોટી સભા.

" નો દીનશા માંણેકજી પીટી ઈશકોએરને બીજો તરશટી ઠેરવેઓ,
" તથા જે તરશટડીડ આએ શભાની નજદીક વાંચી શંભલાવેઉં તે
" આએ શભાએ પશંદ કરીને બાહાલ રાખીઉં, અને ફરાંમજી નોશ
" રવાંનજી પટેલ તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી તથા મેહેર
" વાંનજી ફરાંમજી પાંડે તથા બમનજી ફરાંમજી કાંમાંજી તથા દીનશા
" માંણેકજી પીટી ઈશકોએરો તે તરશટીઓ તથા ફરાંમજી નોશરવાં
" નજી પટેલ તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી તથા બેહેરાંમજી
" જીજીભાઈ તથા રૂશતંમજી રતનજી વાહાડીઆ તથા મેહેરવાંનજી
" ફરાંમજી તથાં બમનજી ફરાંમજી કાંમાંજી તથા જમશેદજી પેશતનજી
" પાંડે તથા ધનજીભાઈ ફરાંમજી તથા અરદેશરજી ડોસાભાઈ મુનશી
" તથા નવરોજજી ફરદુનજી તથા મનચેરજી શાપુરજી લંગડા તથા
" દીનશા માંણેકજી પીટી ઈશકોએરો તે કારોબાર મંડલીના અધી
" કારીઓ કે જેઓનાં નાંમ આએ તરશટડીડ મધેં પેહેલી તથા બી
" જી તરફથી ટરશટડીડ કરનારા ધણીઓ હેવી રીતે લખેઆંછે તે ધ
" ણીઓને આ લખેઆથી હેવો અખતીઆર આપેઆમાં આવેછે
" તથા હેવી એલતેમાશ કરેઆમાં આવેછે જે એ તરશટડીડ ઉપર
" તેઓએ મતાં અથવા શહી કરવી તથા એ તરશટડીડ મધે લખી
" જણાવેલી કલમો તથા શરતો મુજબ એ ડીડમાં લખી જણાવેલાં
" નાંણું તેઓએ પોતાનાં શવાધીનમાં રાખવાં તથા વાપરવાં." હવે
આએ ખતની શરત એછે જે ઉપર કહેલા ઠરાવ મુજબ ઉપર કહેલા
ફરાંમજી નોશરવાંનજી તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી તથા મે
હેરવાંનજી ફરાંમજી પાંડે તથા બમનજી ફરાંમજી કાંમાંજી તથા દીન
શા માંણેકજી પીટી પોતે તથા તેઓનાં વારશ વકીલો દરએક પોત પો
તાંની તરફથી માંતરે પોત પોતાનાં કાંમકાજ વીશે આ લખેઆથી
એકરાર તથા બંદોબશત તથા કબુલત કરેછે કે તેઓ આએ ખતની
નીચે ટાંકેલી **A** ની નીશાંનીની ટીપ મધે લખી જણાવેલી સરકારી
નોટો તથા બેંકનાં શેર તથા "ગરેટ ઈંડીઅન પેનનશુલા રેલવે."
કંપનીનાં શેરો તથા નાંણું તથા તેહેમાં હવે પછી જે કાંઈ હુમેરો થા
એ તે તથા એ ધરમ ખાતાનાં શાધારણ કાંમને કીજે ભરાએલી હુધ
રાણાંની રકમો તથા લીગેશી તથા બખશેશનાં રૂપીઆ અથવા જે
રૂપીઆ તથા નાંણું **B** ની નીશાંનીની ઉપર કહેલી ટીપમાં આવી
શકે નહી તે તથા નીચે ટાંકેલી **B** ની નીશાંનીની ટીપ મધે લખી

જણાવેલી શરકારી નોટો તથા રૂપીઆ અથવા બીજી હરેક જામીન
ગીરી અથવા રકમ કે જે મધેની દરએક રકમ રૂપીઆ એક હજારથી
ઓછી નહી હોએ તેહેવી રકમો હરએક ખાશ કાંમ અથવા કારણશ
ર હરેક શખ્શ અથવા શખ્શોએ ભરી હોએ અને જે રકમો એ ધર
મ ખાતાનાં શાધારણ કાંમ તથા મતલબને કીજે વાપરવાની નહી
હોએ અને કારોબાર મંડલીની નજરમાં આવે તેહવી બોલી તથા ક
શરથી જે રકમો લીધી હોએ તે શરવે અવેજ નીચે લખી જણાવેલી
શરતે ઉપર કહેલા તરશટીઓ પોતાનાં શવાધીનમાં અમાંનત રાખવા
ને કબુલ થાએચ, તેહેની શરત એ ઉપર કહેલી **A** ની નીશાંનીની
ટીપમાંબી જણાવેલી શરકારી નોટો તથા બેંકનાં શેર તથા રેલવેનાં શે
રો તથા નાંણું તથા તે મધે હવે પછે બીજો જે કાંઈ હુમેરો કરવામાં
આવે તે તથા એ ધરમ ખાતાનાં શાધારણ કારણશર હુધરાણામાં હ
વે પછે જે કાંઈ નાંણું ભરાએ તથા "લીગેશી" નાં તથા બખ્શેશ
દાખલ જે કાંઈ નાંણું આવે અને જે નાંણું ઉપર કહેલી **B** ની ની
શાંનીની ટીપમાં આવી શકે નહી તે (હુમેરાનાં તથા હુધરાણીનાં
તથા લીગેશીનાં તથા બખ્શેશનાં નાંણું આએ લખત કરનારા પેહે
લી તરફનાં ઉપર કહેલા ધણીઓનાં હાથમાં આવીઆં હોએ) તે સ
ઘલાં નાંણું તરશટીઓ પોતાનાં શવાધીનમાં રાખે શહી અને તે નાં
ણું તથા તેહેનાં ડીવીડેનડ તથા વેઆજ તથા પેદાએશ તથા ઉપજ
જે કાંઈ થાએ તે શરવે વખતે વખત અને હમેશાં આએ લખત
કરનારા બીજી તરફનાં ઉપર કહેલા ધણીઓ તથા તેઓની જગોએ
જે ધણીઓ મુકરર થાએ તેઓ એટલેજે ઉપર કહેલા ધરમ ખાતાંની
કારોબાર મંડલીનાં અધીકારીઓ જેહને અપાવવા માંગે તથા જે કાં
ઈ ઉપીઓગ કરવાને ફરમાવે તે પરમાંણે ઉપર કહેલા તરશટીઓ ક
રે શહી. શરત એજે બીજી તરફથી આ લખત કરનારા ધણીઓ એ
ટલેજે કારોબાર મંડલીનાં અધીકારીઓ પોતાની શહી શાથેનો દશ
તાવેજ લખી આપીને વખતે વખત જે ધણીને નાંણું અપાવે તેહ
ને (અથવા આ લખત કરનારા બીજી તરફનાં ધણીઓ અથવા તે
ઓની જગોએ જે ધણીઓ મુકરર થાએ તેઓ એટલેજે ઉપર કહેલી
કારોબાર મંડલીનાં અધીકારીઓ પોતાને) અપાવે તે શીવાએ બી
જા કોઈ શખ્શને આ લખત કરનારા પેહેલી તરફનાં શખ્શો એટ
લેજે તરશટીઓ હરેક નાંણું અથવા શરકારી નોટ આપે નહી અને

આ લખત કરનારા પેહેલી તરફનાં ધણીઓ પાશે શરકારી વેઆજુકી નોટો અથવા શરકારી બેંક અથવા બેંકના શેરો અથવા શરકારી બાંહેધરીનાં રેલવેનાં શેરો શીવાએ બીજો કાંઈ અવેજ લેવારવો નહી અને B ની નીશાંનીની ઉપર કહેલી ટીપ મધે લખી જણાવેલી શરકારી નોટો તથા નાંણાં તથા એક હજાર રૂપીઆ શુધીની શરકારી નોટો અથવા નાંણાં હરેક શખશ અથવા શખશો હરેક ખાશ કારણશર આપે અને જે નાંણાં અથવા નોટો એ ધરમ ખાતાનાં શાધારણ કામમાં ખરચવાની નહી હોએ અને જે નાંણાં તથા નોટો ઉપર કહેલી કારોબાર મંડલીએ પોતાની નજરમાં આવે તેવી શરત તથા બોલીથી લીધેલાં હોએ (કે જે નાંણાં તથા નોટો B ની નીશાંનીની ઉપર કહેલી ટીપમાં દાખલ થાઈ શકે તેવાં ગણાએ શહી) તે તરશટીઓએ પોતાનાં શવાધીનમાં રાખવાં શહી અને B ની નીશાંનીની ટીપ મધે જે રોકડા રૂપીઆ જણાવેલાછે તે તથા હુધરાણામાં બીજી રકમો ભરાએઆથી તે નાંણાંનો જે કાંઈ હુમેરો થાએ તે નાંણાંની ઘટતી રકમ એકઠી થાએ તેવારે તે મધેથી તથા રૂપીઆ એક હજાર શુધીની બીજી હરેક જાંમીનગીરી અથવા રકમો હરેક શખશ અથવા શખશો કાંઈ ચોકશ કારણશર આપે અને જે રકમો એ ધરમખાતાંનાં શાધારણ કાંમમાં વાપરવાની નહી હોએ તેવી રકમો તથા રૂપીઆની શરકારી વીઆજુકી નોટો અથવા એક અથવા વધારે શરકારી બેંકનાં શેરો અથવા શરકારી બાંહેધરીનાં હરેક રેલવેનાં શેરો લેઈ રાખવા તથા નાંણાં મધેથી જે કાંઈ અવેજ લેઈ રાખીઓ હોએ તે મધેથી હરેક અવેજ વખતે વખત જેવારે તરશટીઓને મુનાંશેબ નજર આવે તેવારે ટરશટીઓએ ફેરબદલ કરવો અને તેહને બંદલે ઉપર કહી જણાવેલી બીજી હરેક જાંમીનગીરી અથવા અવેજ લઈ રાખવો અને તે ટરશટનાં નાંણાંની જાંમીનગીરી તથા અવેજનું ડીવીડેનડ તથા વેઆજ તથા દર વરશની ઉપજ અથવા પેદાએશ આવે તે બીજી તરફવાલા આ એ લખત કરનારા ધણીઓને એટલેજે કારોબાર મંડલીને તથા તેઓની જગોએ હવે પછી જે અધીકારીઓ ઠરે તેઓને નીચે લખી જણાવેલાં કાંમ તથા કારણોને વાશતે આપવી. શરત એજે B ની નીશાંનીની ટીપ મધે લખી જણાવેલાં ટરશટનાં નાંણાં, નોટો તથા જાંમીનગીરીઓ મધેથી મુદલ માંહેથી કોઈબી કારણશર નાંણાં વાપરવાં અથવા ખરચવાં નહી પણ તે નાંણાં તથા નોટો તથા જામી

B ની નીશાંનીનાં શીડીઉલમાં લખી જણાંવેલા તરસટનાં મુદલ નાંણાં તથા નોટો વાપર

નગીરીએ આએ લખતનાં તરશટીઓએ હમેશાં જાથુકની થાપણ દાખલ પોતાનાં શવાધીનમાં રાખવી. અને આએ ખતની બીજી શરત એછે જે. ઉપર કહેલા ફરાંમજી નોશરવાંનજી તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી તથા બેહેરાંમજી જીજીભાઈ તથા રૂશતંમજી રતનજી વાહાડીઆ તથા મેહેરવાંનજી ફરાંમજી પાંડે તથા બમનજી ફરાંમજી કાંમાંજી તથા જમશેદજી પેશતનજી પાંડે તથા ધનજીભાઈ ફરાંમજી તથા અરદેશંર ડોશાભાઈ મુનશી તથા નવરોજજી ફરદુનજી તથા મનચેરજી શાપુરજી લંગડા તથા દીનશા માંણેકજી પીટી પોતે તથા પોતાનાં વારશ વકીલો આ લખેઆંથી હેવો કરાર તથાં બંદોબશત તથા કબુલાત તથા એકરાર કરેછે જે નીચે લખી જણાવેલા જુદા જુદા કાએદા પરમાંણે તેઓ ઉપર કહેલાં ટરશટનાં શધલાં નાંણાં વાપરવા તથા તેહેનો વહીવટ ચલાવવા શારૂં કારોબાર મંડલીનાં અધીકારીઓનાં હોધાનું કાંમ કરશે. તેહેની વીગત— વી તથા ખરચવી નહી. કારોબાર મંડલીનો અધીકાર.

૧—વખતે વખત જે ઠેકાંણું મુકરર કીધામાં આવે તે ઠેકાંણે કાંમકાજ કરવા શારૂ જેટલી વખત ઠરાવ થાએ તેટલી વખત કારોબાર મંડલીની શભા ભરવી. કારોબાર મંડલીની સભા.

૨—કારોબાર મંડલીએ પોતાની શભાનો શરનશીન મુકરર કરવો અને શરનશીને એ હોદો કેટલી મુદત સુધી રાખવો તેહેનો ઠરાંવ કરવો, પણ અગરજો કોઈ શરનશીન મુકરર કીધો નહી હોએ અથવા જે વેલાએ શભા ભરી હોએ તે વેલાએ તે શભામાં શરનશીન હાજર નહી હોએતો કારોબાર મંડલીનાં જે અધીકારીઓ હાજર હોએ તેઓએ પોત પોતામાંથી એ શભાનો શરનશીન મુકરર કરવો. કારોબાર મંડલીનો સરનસીન.

૩—કારોબાર મંડલીનાં શધલાં કાંમકાજ ચોપડીઓ મધે કાએદા પરમાંણે નોધી રાખવાં અને દરએક બેઠકનાં કાંમકાજના નોધ ઉપર શરનશીને પોતાની શહી કરવી. કારોબાર મંડલીનું કાંમકાજ.

૪—કારોબાર મંડલીનાં ઓછામાં ઓછા ચાર અધીકારીઓ હાજર હોએતો કાંમ ચલાવવું. "કુવારમ."

૫—કારોબાર મંડલીની શધલી બેઠકમાં શરનશીને પરમુખની જગોએ બીરાજવું અને જેવારે અગત પડે તેવારે ચુકાદો કરનારૂ મત આપવું. શરનશીને ચુકાદો કરનારૂ મત આપવું.

૬—હરેક શભામાં હાજર થનાર કારોબાર મંડલીનાં દરએક અ, હરેક બાબત

માં જે તરફથી વધારે મત પડે તે તરફથી ચુકાદો કરવો.

ધીકારીએ એકેક મત આપવું અને કારોબાર મંડલીની નજદીક જે બાબત રૂજુ કીધામાં આવે તેહેનો ચુકાદો જે તરફથી વધારે મત પડે તે તરફથી કરવો.

દર વરશની મોહોટી સભા.

૭—દર વરશ અકટોબર મહીનામાં કારોબાર મંડલી જે દીવશ મુકરર કરે તે દીને અથવા તે પછી જેમ જલદીથી બની આવે તેમ ઉપર કહેલા ધરમ ખાતાંમાં નાંણાં ભરનારાઓની દર વરશની ખાશ શભા મુંબઈ અથવા કોલાબાની ટાપુમાં હરેક ઘટતી જગોએ ભરવી, અને તે શભા ભરવાની એક અઠવાડીઉ આગમજથી કારોબાર મંડલીએ જાહેર વરતમાંન પતરો મધે જાહેર ખબર છપાવીને તે શભા ભરવાનુ ઠેકાણુ તથા વખતની સઘલાઓને ચેતવણી આપવી.

સભાનું કાંમ કાજ.

૮—ઉપર કહેલી દર વરશની ખાશ શભા બોલાવવી તે આગલાં વરશમાં કારોબાર મંડલીએ કરેલાં કાંમકાજનો એહવાલ તથા આએ ખતની ૧૫) મી કલમમાં લખી જણાવેલો હીશાબ રૂજુ કરવાનાં કારણશર બોલાવવી અને જેહેવારે અગત પડે તેવારે આએ ખતની કલમો તથા કરાર પરમાંણે કારોબારીઓ મુકરર કરવાં શારૂ બોલાવવી.

મોહોટી શભાનો કુવોરંમ.

૯—છેલલી કલમમાં લખી જણાવેલું કામકાજ કરવા શારૂ ભરેલી ખાશ શભામાં એ ધરંમ ખાતાની પુજી મધે પચીસ અને તેથી વધારે રૂપીઆ ભરનારા ગરહશથો મધેથી ઓછામાં ઓછા હરાડ ગરહશથો હાજર હોએ તેવારે કાંમ ચલાવવું,

મોહોટી શભાનો શરનશીન.

૧૦—દરએક ખાશ શભા મધે કાંમકાજ શરૂ કીધાની આગમચ શભાએ પોતાનો શરનશીન મુકરર કરવો, અને તે શરનશીને ચુકાદો કરનારૂ મત આપવું.

કારોબાર મંડલીનાં અધીકારીઓએ વારા ફરતી ઓહોદા છોડવા તે વીશે.

૧૧—ઉપર કહેલા ધરંમ ખાતાની પુજી મધે નાંણાં ભરનારા ગરહશથોની ઉપર ફરમાવેઆ મુજબ ઈશવી શને હરાડશો તેંશેટનાં શાલમો વરશ દાહાડાની ખાશ શભા ભરાએ તાંહાંશુધી કારોબાર મંડલીનાં હવડાનાં અધીકારીઓએ પોતાના ઓહોદા ઉપર કાએમ રેહેવુ અને ઉપર કહેલા શાલમાં તથા તે પછે દર તરણ તરણ વરસે વરશ દાહાડાની ખાશ શભા ભરાએ તે શભામાં કારોબાર મંડલીના તરણ તરણ અધીકારીઓએ વારાફરતી પોતાના ઓહોદા છોડવા, અને તે વેલાએ તેઓની જગોએ શભાનાં મીજલશીઓએ તરણ ગરહશથોને ચુંટી કાહાડીને મુકરર કરવા, અને શને હરાડશોને તેશટ

તથા શને હરાડશો છાશટ તથા શને હરાડશો ઓગણોતેર તથા શને હરાડશો બોહોતેરના શાલમાં દર વરશની જે ખાશ શભા ભરાએ તે શભામાં વારાફરતી કીઆ કીઆ અધીકારીઓએ પોતાના ઓહોદા છોડવા તે ઉપર કહેલી કારોબારી મંડલીનાં અધીકારીઓએ પોત પોતામાં મુકરર કરવું, પણ ઉપર કહેલી કારોબાર મંડલીનાં જે અધીકારીઓની, મુદત પુરી થાએ અને ઓહોદો છોડવાનો વખત આવે તેજ અધીકારીઓને પાછા ફરીથી મુકરર કરવાનો આએ કલમથી કોઈ રીતનો અટકાવ થાએ નહી.

૧૨—ઉપર કહેલાં ધરમ ખાતાંની પુંજી મધે જે ગરહશથોએ એક રેકમે રૂપીઆ પચીશ અથવા તેથી વધારે ભરેઆ હોએ તેઓ મધેનાં જે ગરહશથો વરશ દાહાડાની ખાશ શભામાં હાજર હોએ તેઓને કારોબાર મંડલીનાં અધીકારીઓ મુકરર કરવાનો હકછે અને જેઓની તરફથી વધારે મત પડે તેઓને કારોબારીઓ મુકરર કરવા, પણ પચીશથી ઓછા રૂપીઆ ભરનારા ગરહસથોને કારોબારીઓ મુકરર કરવા શારૂ મત આપવાનો હક નથી. કારોબાર મંડલીનાં અધીકારીઓ મુકરર કરવા વીશે.

૧૩—વરશ દાહાડાની ખાશ શભા મધે જે કારોબારીઓની મુદત પુરી થાએ અને જેઓ પોતાના ઓહોદા છોડે તેઓની જગોએ કોઈ શબબને લીધે વરશ દાહાડાની ખાશ શભામાં નવા કારોબારીઓ મુકરર કરવામાં નહી આવે અથવા આએ ખત મધે લખી જણાવેલા ઉપર કહેલા ધરમ ખાતાંના કારોબારીઓ અથવા તેઓ મધેનો હરએક કારોબારી અથવા ઉપર લખેઆ પરમાંણે હવે પછે બીજા કારોબારીઓ મુકરર થાએ તેઓ મધેનો હરએક કારોબારી મરણ પાંમે અથવા પોતાનો ઓહોદો છોડે અથવા પોતાના ઓહોદાથી વેગલો થવા માંગે અથવા પોતાનો ઓહોદો ચલાવવાને નાં પાડે અથવા ઈનકાર કરે અથવા એ કારોબાર મંડલીનાં અધીકારીનો ઓહોદો ચલાવવાને નાલાએક થાએ તેઆરે હેવી રીતનો બનાવ જે જે વેલાએ બને તે તે વેલાએ ઉપર કહેલી કારોબાર મંડલીની શભામાં એ મંડલીનાં બીજા અધીકારીઓએ વખતે વખત ઠરાવ કરીને બીજા શખશ અથવા શખશોને ઉપર કહેલી કારોબાર મંડલીનાં અધીકારી મુકરર કરવા કે જે અધીકારીની મુદત ઉપર લખેઆ મુજબ પુરી થાઈ હોએ અથવા જે અધીકારી મરણ પાંમે અથવા પોતાનો ઓહોદો છોડે અથવા ઓહોદા ઉપરથી દુર થવા માંગે, અથવા પોતાનો નવા અધીકારીઓ મુકરર કરવા વીશે.

ઓહોદો ચલાવવાને નાં પાડે અથવા ઈનકાર કરે અથવા પોતાનો ઓહોદો ચલાવવાને નાલાએક થાએ તેહેની જગોએ તે નવો કારોબારી અથવા કારોબારીઓ મુકરર થાએ; અને ઉપર લખી જણાવેલા કરાર મુજબ વરશ દાહાડાની ખાશ શભા ભરાએ અને તે શભામાં ખાલી પડેલી જગોએ ઉપર બતલાવેઆ મુજબ બીજા અધીકારીઓ મુકરર થાએ તાંહાંશુધી તે નવો કારોબારી અથવા કારોબારીઓ કાંમ ચલાવે શહી, પણ અગર જો સેવટે કહી જણાવેલી વરશ દાહાડાની ખાશ શભામાં એ પરમાંણે ખાલી પડેલી જગોએ નવા અધીકારી અથવા અધીકારીઓ મુકરર નહી થાએતો જે અધીકારીઓની મુદત પુરી થાઈ હોએ તેઓની જગોએ આએ કલમ મુજબ જે કારોબારીઓને મુકરર કીધા હોએ તેઓને જે તેરીખે મુકરર કરેઆ હોએ તેજ તેરીખે તેઓને કાએદાશર મુકરર કરેઆછે હેવું શહમજવું, અને તે કારોબારીઓને મુકરર કરેઆ તેની આગમજની વરશ દાહાડાની ખાશ શભામાં તેઓને મુકરર કરેઆ હોએ તે પછે તેઓએ જેટલી મુદત શુધી કાંમ ચલાવવું જોઈએ તેટલી મુદત શુધી તેઓંએ પોતાના ઓહોદા ઉપર કાએમ રેહેવું અને જે કારોબારી મરણ પાંમે અથવા પોતાનો ઓહોદો છોડે અથવા પોતાના ઓહોદાથી વેગલો થવા માંગે અથવા ઓહોદો મલાવવાને નાં પાડે અથવા ઈનકાર કરે અથવા ઓહોદો ચલાવવાને નાલાએક થાએ તેહેની જગોએ આએ કલમમાં ફરમાવેઆ મુજબ જે કારોબારીને મુકરર કરવામાં આવે તે કારોબારી જે આગલા કારોબારીની જગોએ મુકરર થાએઓ હોએ તે આગલા કારોબારીને પોતાના ઓહોદા ઉપર જેટલી મુદત શુધી કાંએમ રેહેવાનો હક હોએ તેટલી મુદત શુધી નવા કારોબારીબી પોતાના ઓહોદા ઉપર કાએમ રેહે શહી.

કારોબાર મંડલીનો દર વરશનો રીપોરટ.

૧૪—ઉપર કહેલી કારોબાર મંડલીનાં કાંમકાજનો દર વરશનો રીપોરટ અથવા એહવાલ કારોબાર મંડલીએ તઈઆર કરીને દર વરશની ખાશ શભામાં વરશો વરશ રૂજુ કરવો તથા તેહેને છપાવી પરગટ કરીને મુંઈનાં પારશી લોકોમાં વેહેંચવો.

ખજાંનચીએ હીસાબ રાખવો તે વીશે.

૧૫—કારોબાર મંડલી હશતક જે નાંણું વશુલ થાએ તથા જે કાંઈ ખરચ થાએ તેહેનો કારોબાર મંડલીનાં ફરમાવેઆ મુજબ ખજાંનચીએ ઘટતો હીશાબ રાખવો અને તે હીશાબ વરશમાં એક વખત નકી કરી, બંધ કરી; તેહકીક કરીને આએ ખત મધે ઉપર ક

રમાવેઆ મુજબ ભરેલી એ ધરમ ખાતાંમાં નાંણાં ભરનારા ગરહુશથો ની વરશ દાહાડાની મોહોટી શભાંમાં કારોબાર મંડલીએ રૂજુ કર વો, અને છપાવી પરગટ કરવો તથા મુંબઈનાં પારશી લોકોમાં વેંહેંચવો.

૧૬—"ઈરાંન દેશનાં ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા નાં ફનડનું ખાતુ" હેવે નામનુ ઉપર કહેલી કારોબાર મંડલીએ પોતાના ચોપડાઓમાં એક શાધારણ ખાતુ પાડવું અને ઉપર કહેલા ધરમ ખાતાંનાં શાધારણ પુંજીને લગતા ઉપર કહેલાં તરશટનાં નાંણાં તથા શેરો તથા શરકારી નોટો તથા ડીવીડેનડ તથા વેઆંજ તથા ઉપજ તરશટીઓની તરફથી વશુલ થાએ અથવા મલે તે શરવે તે ખાતાંમાં જમે કરવી શહી. શાધારણખાતુ.

૧૭—ઉપર કહેલા ધરમ ખાતાંનાં શાધારણ કાંમ તથા મતલબને કીજે હવે પછી જે નાંણાં ભરાએ અથવા બખશેશનાં રૂપીઆ કારોબાર મંડલીના હાથમાં આવે તેબી સેવટે લખી જણાવેલા ઉપર કહેલા ખાતામાં કારોબાર મંડલીએ જમે કરવા. હવે પછે નાણાં ભરાએ તે વીશે.

૧૮—આએ ખતની હેઠલ ટાંકેલી **B** ની નીશાંનીની ટીપ મધે લખી જણાવેલાં નાંણાં અથવા શરકારી નોટોની દરએક રકમનું તથા હવે પછી હરએક ખાશ અને ચોકશ કારણશર હરેક શખશ અથવા શખશો ઓછામાં ઓછા રૂપીઆ એક હજાર ભરે તેવી દરએક રકમનાં કારોબાર મંડલીનાં દફતરમાં જુદાં ખાતાં પાડવાં, અને જે ગરહશથ અથવા ગરહશથોએ રૂપીઆની રકમો ભરી હોએ અથવા બખશેશ દાખલ નાંણાં આપેઆં હોએ તેઓનાં નાંમનાં તે ખાતાં પાડવાં, અને તે નાંણાંની દરએક રકમ અથવા તે રકમનાં શેરો અથવા નોટો વખતે વખત લેઈ રાખેલી હોએ તેહેની દર વરશની પેદાએશ અથવા ઉપજનાં જે કઈ નાંણાં તરશટીઓ પાશેથી કારોબાર મંડલીને મલે તે નાંણાં જે ખાતાંની ઉપજ તથા પેદાએશનાં હોએ તે ખાતાંમાં કારોબાર મંડલીએ જમે કરવાં. B ની નીશાંનીનાં શીડીઉલમાં લખી જણાંવેલી રકમોનાં જુદાં ખાતાં પાડવાં તે વીશે.

૧૯—શેવટે લખી જણાવેલાં ઉપર કહેલાં દરએક ખાતાં વરશો વરશ બંધ કરીને તેહેની બાકી કાહાડવી અને કોઈબી ખાતાંની બાકીનાં રૂપીઆ ખેરચેઆમાં આવેઆ નહી હોએતો તે રૂપીઆ આએ ખતની શોલમી કલમમાં લખી જણાવેલાં શાધારણ ખાતાંમાં જમે કરવા. નાણાં બાકી રેહે તેનું શું કરવું તે વીશે.

માંણશોનાં પગાર વીશે.

૨૦—ઉપર કહેલી ટરશટની પુંજીનો મુંબઈ મધે વહીવટ તથીં કારોબાર ચલાવવા શારૂ ઉપર કહેલી કારોબાર મંડલી જે સેકરેટરી અથવા મુનશી, મેહેતા, ઉઘરાંણી કરનાર અથવા બીજાં માણશો રાખવાંને ઘટારત જાંણે તેઓના પગાર આપવા શારૂ જે કાંઈ ખરચ કરવાની કારોબાર મંડલીને અગત નજર આવે તે ખરચ તેઓએ કરવો શહી, તથા ઉપર કહેલાં તરશટનાં નાંણાંને લગતો ઈરાંન મધે વહીવટ ચલાવવા શારૂ કોઈ માણસ કારોબાર મંડલીને રાખવું પડેતો તેહેનાં પગારનાં તથા ખરચના કારોબાર મંડલીને મુનાશેબ નજર આવે તેટલા રૂપીઆ તેઓએ વખતે વખત ખરચવા તથા આપવાં શહી.

દર વરશ ૧૨૦૦૦) રૂપીઆથી વધારે ખરચ કરવો નહી તે વીશે.

૨૧—એ ધરમ ખાતાંનાં શાધારણ કાંમને કીજે આએ ખતનાં ઉપર કહેલા ટરશટી અથવા ટરશટીઓનાં શવાધીનમાં આપેલાં ટરશટનાં ફનડનાં નાંણાંની એક લાખ પચાશ હજાર રૂપીઆની રકમ એકઠી થાએ તાંહાંશુધી ઉપર કહેલી કારોબાર મંડલીને હેવો એખતીઆરછે કે આએ ખતની વીશમી કલમમાં ફરમાવેલો ખરચ કારોબાર મંડલીની નજરમાં આવે તે પરમાંણે કરવો, પણ દર વરશ શઘલા મલીને રૂપીઆ બાર હજારથી વધારે ખરચ કરવો નહી, અને એ ખરચ નીચે લખી જણાવેલાં કારણશર કરવો. તેહેની વીગત એ જે ઈરાંન મધે દોખમાં તથા આતશ કદેહ શમરાવવાં તથા ચાલુ રાખવા તથા ઈરાંન મધેનાં આતશ બેહેરાંમ તથા આતશ આદરીઆંનને કાઠી પોહોચતી કરવી તથા ઈરાંન મધે રેહેનારા ગરીબ જરતોશતીઓને આશરો આપવો તથા તેઓની પરવરશી કરવી અને તે કારણશર તેઓને નાંણાં તથા ખોરાકી પોશાકી અથવા રેહેવાનાં મકાંન પુરાં પાડવાં તથા દુનીઆંદારીનાં એલમની તથા દીન ધરમની કેલવણી આપવી તથા ગરીબ અને લાચાર જરતોશતીઓના છોકરાઓ અને છોકરીઓને પરણાવી આપવાનો ખરચ કરવો, તથા ઈરાંન દેશના જરતોશતી રેહેવાશીઓ પાસેથી ઈરાંનની શરકાર "જજીઓ" હેવે નાંમનો કર લીએછે તે કરનાં શઘલાં અથવા ડોડાં નાંણાં શરકારમાં ભરવાં, શરત એજે જરતોશતી ધરમ શીવાએ બીજા કોઈબી દીન ધરમની કેલવણી આપવી નહી.

નાંણાં કાજલ પડે તેમાંથી અ

૨૨—ઉપર કહેલા ટરશટીઓ અથવા આએ ખતનાં જે કોઈ ટરશટીઓ હોએ તે તરશટીઓનાં શવાધીન મધેની આએ ધરમ ખા

તાંનાં શાધારણ કાંમને લગતી પુંજી એક લાખ પચાશ હજાર રૂપીઆની થાએ તાંહાંશુધી ઉપર બતલાવેઆ મુજબ દર વરશ બાર હજાર રૂપીઆ શુધીનો ખરચ કરતાં કોઈબી ઠેકાંણેથી મલેલાં નાંણાં મધેથી કારોબાર મંડલીનાં હાથમાં જે કાંઈ વધારો રેહે તે વધારાના નાંણાંનો અવેજ આએ ખતનાં ટરશટીઓના નામથી વખતે વખત લેઈ રાખવો, અને આએ ટરશટડીડનાં કરાર મુજબ તે અવેજ ઉપર કહેલી A ની નીશાંનીની ટીપની પુંજી દાખલ ટરશટીઓએ પોતાનાં શવાધીનમાં રાખવો શહી.

વેજ લઈ રાખવા વીશે.

૨૩—ઉપર કહેલાં ધરમ ખાતાંનાં શાધારણ કાંમને લગતી પુંજી એક લાખ પચાશ હજાર રૂપીઆની થાએ તેવારે ઉપર કહેલી કારોબાર મંડલીને હેવો એખતીઆરછે જે તેઓની નજરમાં આવે તો શેવટે કહી જણાવેલી ઉપર કહેલી ટરશટની પુંજીનાં ડીવીડેનટ તથા વેઆજ તથા દર વરશની ઉપજ અથવા પેદાએશનાં શધલાં નાંણાં તથા તે પછે બીજાં નાંણાં ઉઘરાંણાંમાં ભરાએ અથવા બખ્ખસેશ દાખલ ભરાએલા રૂપીઆ કારોબાર મંડલીનાં હાથમાં આવે તે શધલાં નાંણાં તથા આએ ખતની હરાડમી કલમ મધે લખી જણાવેઆં મુજબ પાડેલાં જુદાં જુદાં ખાતાંની બાકી કે જે ખરચાઈ નંહી હોએ તે બાકીનાં શધલા રૂપીઆ આએ ખતની એકવીશમી કલમમાં લખી જણાવેલા શધલા અથવા હરએક કારણશર ખરચે; શરત એજે કારોબાર મંડલીને હેવો અખતીઆરછે જે એક લાખ પચાશ હજાર રૂપીઆની થાપણ થાએ તે પછી ઉપર કહેલાં તરશટનાં નાણાનાં ડેવીડેનડ તથા વેઆજ અથવા દર વરશની પેદાએશ અથવા એ પુજી મધે ભરેલાં જે કાંઈ નાંણાં વશુલ થાએ અથવા ઉપર કહી જણાવેઆ મુજબ પાડેલાં જુદાં જુદાં ખાતાંની બાકી ખરચાઈ નહી હોંએ તે મધેથી વખતે વખત જેવારે કારોબાર મંડલીની નજરમાં આવે તેવારે આએ ખતનાં તરસટીઓને નાંમે કારોબાર મંડલીએ અવેજ લેઈ રાખવો, અને આએ તરશટડીડની શરત મુજબ તે અવેજ ઉપર કહેલી A ની નીશાંનીની ટીપની પુજી દાખલ તરશટીઓએ પોતાનાં શવાધીનમાં રાખવો.

એ ધરમ ખાતાંની દોહોડ લાખ રૂપીઆની પુજી થાએ તારે તે પુજીની દર વરશની શધલી ઉપજ ૨૧) મી કલમમાં ફરમાવેલા કારણશર ખરચ કરવાની કારોબાર મંડલીને છુટછે તે વીશે.

અથવા તે ઉપજ અથવા જુદાં ખાતાનાં બાકી રૂપીઆ ખરચતાં ફાજલ રહેઆ હોએ તે માંથી અવેજ લઈ રાખવો.

૨૪—આએ ખતની નીચે ટાંકેલી B ની નીશાંનીની ટીપ મધે લખી જણાવેલી રકમો મધેથી તથા હવે પછી હરએક શખશ અથવા શખશો હરેક ખાશ કારણશર ઓછામાં ઓછા રૂપીઆ એ

B ની શીડીઉલમાં લખી જણાંવેલી રકંમોની ઉપજ કેહેઆ કા

મમાં વાપરવી તે વીશે.

ક હજારની રકમ અથવા રકમો ભરે તે મધેથી એ તરસટની પુંજીને હીશાબે જે અવેજ લેઈ રાખેલો હોએ તેનું ડીવીડેનટ, પેદાએશ તથા ,દર વરશની જે કાંઈ ઉપજ આવે તે મધેથી જે જુદાં જુદાં ચોકશ અને ખાશ કારણશર તે રકમો ભરેલી હોએ તે કારણશર જેટલા રૂપીઆ ખરચવાની અગત પડે તેટલા રૂપીઆ ઉપર કહેલી કારોબાર મંડલીએ ખરચવા શહી.

હરેક વેલાએ એ ધરમ ખાતાનાં કારણશર તરશટનાં નાણાં વપરાઈ નહી શકાએતો કહેઆ કારણશર વાપરવાં તે વીશે.

૨૫—અગરજો કોઈ વેલાએ ઈરાંન મધે જરતોશતી લોકોની વશતી નાબુદ થાએ તે શબબથી અથવા બીજા હરેક શબબથી આએ ખત મધે લખી જણાવેલાં ઉપર કરેલાં તરશટનાં નાણાં આએ ખત મધે લખી જણાવેલાં કાંમ તથા મતલબને કીજે વપરાઈ શકાએ નહીતો ઉપર કહેલી તરશટની પુંજી કેહેવી રીતે વાપરવી જોઈએ તેહેનો વીચાર કરવા શારૂ મુંબઈ મધે અથવા કારોબાર મંડલી બીજું જે શેહેર ઠેરવે તે શેહેર મધેનાં જરતોશતીઓની એક જાહેર શભા બોલાવવી અને તે સભામાં હાજર થનારા ઘણાખરા જરતોશતીઓ જે ઠરાવ કરે તે ઠેરાવ પરમાંણે તે પુંજી વાપરવી શહી; શરત એજે ગરીબ જરતોશતીઓનું દુખ ટાલવા અથવા તેઓની હાલત શુધારવાનાં કાંમ શીવાએ બીજાં કોઈ કાંમમાં એ પુંજી વાપરવી નહી. આ

તરસટીઓની પોંહોંચને પુરતી ફારગતી ગણવી તે વીશે.

લખેઆથી હેવો કરાર તથાં બંદોબશત કરેઆમાં આવેછે જે હરેક વેલાએ આએ લખતનાં જે કોઈ તરશટી અથવા તરસટીઓ હોએ તેઓને અથવા ઈરાંન દેશનાં ગરીબ જરતોસતીઓની હાલત સુધારવા સારૂ શથાપેલાં ધરમ ખાતાંને એટલેજે (આએ લખત મધે લખી જણાવેલા ધરમ ખાતાંને) આએ લખતની ખુબીથી જે કાંઈ નાંણાં આપવાનાં હોએ અથવા આએ તરસટડીડનો વહીવટ ચલાવવામાં તેઓને જે નાંણાં મલે તેહેની એ તરશટી અથવા તરશટીઓ જે પોંહોંચ લખી આપે તે મધે જેટલાં નાંણાંની પોંહોંચ લખી આપેલી હોએ તેટલાં નાંણાંની તે પુરતી પોંહોંચ અથવા ફારગતી ગણાએ અથવા કેહેવાએ શહી. જે શખશ અથવા શખશોને તે નાં નાંણી પોંહોંચ અથવા ફારગતી લખી આપેલી હોએ તે પોંહોંચમાં લખી જણાવેલાં નાંણાં ઘટતા કાંમમાં વપરાએઆંચ કે નહી તે જોવાની તેઓને કશી અગત અથવા ફરજ નથી. † શરત એજે હ

---

† ઊપલા ફકરાનો ખોલાશો એછેજે અગરજો કોઈ મરનાર શખશ અથવા શખશોની તરફથી તેનાં તરસટી અથવા તરશટીઓ અથવા એકજીકી

રેઠ ખાશ કારણશર ખરચવાને ફીજ વશીએતનામાંથી અપાવેલી લીગેશીઓ ગમે એટલી રકમની હોએ તેટલી લીગેશીઓ B ની નીશાંનીની ઉપર કહેલી ટીપમાં દાખલ કરવા જોગ જાંણવી તથા શમજવી, અને તે પરમાંણે તે લીગેશીઓનો ઉપઓગ કરવો શહી. આ લખેઆથી હેવો કરાર તથા બંનદોબશત કરીઆમાં આવેછે જે અગરજો આએ ખત મધે મુકરર કરેલા ટરશટીઓ અથવા તેઓ મધેનો હરએક ટરશટી અથવા આએ ખતમાં લખી જણાવે આ મુજબ હવે પછી જે ટરશટી અથવા ટરશટીઓ મુકરર કરેઆમાં આવે તે ટરશટી અથવા ટરશટીઓ મરણ પાંમે અથવા પોતાના ઓહોદા ઉપરથી નીકલી જવા માંગે અથવા પોતાનો ઓહોદો બજાવવાને ના પાડે અથવા ઈનકાર કરે અથવા આએ ખત મધે લખી જણાવેલો અખતીઆર અથવા કાંમ ચલાવવાને અશકતીવાંન થાએ તીઆરે ઈઆને હેવી કજા જે વખતે બને તે વખતે કારોબાર મંડલીનાં જે અધીકારીઓ હોએ તેઓએ એ મંડલીની શભા ભરી ઠરાવ કરીને ઉપર બતલાવેઆ મુજબ જે ટરશટી મરણ પાંમે અથવા પોતાના ઓહોદા ઉપરથી નીકલી જવા માંગે અથવા પોતાનો ઓહોદો બજાવવાને ના પાડે અથવા ઈનકાર કરે અથવા પોતાનો ઓહોદો ચલાવવાને અશકતીવાંન થાએ તેહેની જગોએ બીજો ટરશટી અથવા ટરશટીઓ વખતે વખત મુકરર કરવા શહી. (અને તે ઠરાવની નોધ આએ ખતની પછવાડે દાખલ કરવી અને તે નોધ ઉપર તે શભાના શરનશીને શહી કરવી) પણ કોઈબી વેલાએ પાંચથી વધારે અને તરણથી ઓછા ટરશટીઓ કરવા નહી, અને જે જે વખતે ઉપર મુજબ નવો ટરશટી અથવા ટરશટીઓ નેમીઆ અથવા મુકરર કરેઆમાં આવે તે વખતે નવા ટરશટી અથવા ટરશટીઓએ ટરશટીનો ઓહોદો કબુલરાખવા વીશે આએ ખત ઉપર એક ઈઆદદાશત લખીને તે ઉપર પોતાની શહી કરવી અને જે ટરશટી અથવા ટરશટીઓ મરણ પાંમે અથવા પોતાના ઓહોદા ઉપરથી નીકલી જવા માંગે અથવા પોતાનો ઓહોદો બજાવવાને ના પાડે અથવા ઈન

ટરશટીઓની જગો ખાલી પડે તો કારોબાર મંડલીએ પુરવી.

ઊટર અથવા એકજીકીઊટરો જે નાંણું ઊપલા ફંડમાં ભરે તે ભરેલી રકમ ઊપલા ફંડનાં તરશટીઓ કેવી રીતે વાપરેચ અથવા કાંમે લગાડીચ તે વીશેનો પરપુછ કરવાને તે કસી રીતે બંધાએલો નથી તથા તે વીશેનો તેહુને અથવા તેઓને ઇઆને એકજીકીઊટરોને માંથે કશો જંર જોખમ નથી એવું શમજવું.

કાર કરે અથવા પોતાનો ઓહોદો ચલાવવાને અશકતીવાંન થાએ તે હતાં એકલાનાં નાંમ ઉપર અથવા તેહેનાં અને બીજા ટરશટી અથવા ટરશટીઓનાં નાંમ ઉપર એકાનતી અથવા બાકી રહેલા ટરશટી અથવા ટરશટીઓનાં નાંમ ઉપર અથવા છેલલા બાકી રહેલા ટરશટી અથવા ટરશટીઓના વકીલોનાં નાંમ ઉપર જે કાંઈ ટરશટનાં નાંણું તથા અશકેઆંમત તથા અવેજ હોએ તે શરવે જેમ બને તેમ તાકીદથી હેવી રીતે નાંમ ઉપર ચહડાવવો કે તે નાંણું તથા અશકેઆંમત તથા અવેજ બાકી રહેલા ટરશટી અથવા ટરશટીઓ તથા નવા ટરશટી અથવા ટરશટીઓ અથવા કોઈ ટરશટી બાકી રહેલો નહી હોએતો નવા ટરશટી અથવા ટરશટીઓનાં એકલાના શવાધીનમાં આવે શહી, હેવી શરતે કે ટરશટનાં નાંણું અશકેઆંમત તથા અવેજ વીશે જે કરાર ઉપર લખી જણાવેલાછે તે કરાર મુજબ નવા ટરશટીઓ વહીવટ ચલાવે શહી. અને આ લખેઆથી હેવો કરાર કીધામાં આવેછે જે ઉપર લખેઆ પરમાંણે જે નવો ટરશટી અથવા ટરશટીઓ ઠેરવેઆમાં આવે અથવા મુકરર થાએ તેઓ બાકી રહેલા ટરશટી અથવા ટરશટીઓની શંગાથે શાંમેલ થાઈને ટરશટીનો ઉપર કહી જણાવેલો શઘલો વહીવટ તથા કારોબાર તથા અધીકાર ચલાવે તથા કાંમકાજ ચલાવવામાં મદદ કરે અને અગરજો કોઈ ટરશટી બાકી રહેલો નહી હોએતો નવા ટરશટી અથવા ટરશટીઓએ પોતેજ વહીવટ તથા કારોબાર અશલના ટરશટીની પડે પુરતી રીતે ચલાવવો, અને તેઓને આએ ખત મધે અશલથીજ ટરશટી અથવા ટરશતીઓ મુકરર કરેઆ હોએ અને જે ટરશટીઓનાં આએ ખત મધે નાંમ લખેઆં હોએ તેહેનાં વારશ વકીલો અથવા જેહેની જગોએ નવા ટરશટી અથવા ટરશટીઓ મુકરર થાએ તેઓ જીવતા હતે અથવા આએ ખત મધે લખી જણાવેલાં તરશટનાં કાંમ કરતા હતે અથવા ટરશટીની શતા ચલાવતા હતે તે પરમાંણે શઘલો અખતીઆર તથા શતા નવા ટરશટીઓ ચલાવે શહી. આ લખેઆથી બીજો હેવો કરાર કરેઆમાં આવેછે. કે જરતોશતીઓ શીવાએ બીજા કોઈને આએ ખતનાં ટરશટીઓ અથવા ઉપર કહેલી કારોબાર મંડલીનાં અધીકારીઓ ઠેરવવા નહી.

ટરશટીઓનાં જોખમ વીશે.

આએ લખેઆથી હેવો કરાર કરેઆમાં આવેછે જે આએ ખત મધે જે તરશટીઓ મુકરર કરેલાછે તથા ઠેરવેલાછે તેઓને અથવા ઉપર લખી જણાવેલી શરત

તથા કરાર મુજબ હવે પછી જે તરશટીઓ મુકરર થાએ તેઓ મધે નાં દરએક તરશટી તથા દરએકનાં અને શઘલાનાં વારશ વકીલોને આએ તરશટડીડની ખુબીથી જે કાંઈ નાંણું મલે તેટલાં નાંણુંનોજ તેઓ જવાબ દીએ શહી, અને મોઆફેકતને વાશતે હરેક પોહોચ ઉપર શહી આપવામાં તેઓ શાંમેલ થાએઆ હોએ તોપણ તેઓને જેટલાં નાંણું પોંહોતાં હોએ તેટલાં નાંણુંનોજ તેઓ જવાબ દીએ શહી, અને બીજા તરશટી અથવા તરશટીઓએ કરેલા કાંમનો તે ઓ જવાબ દીએ નહી, અને બીજા તરસટીઓનાં વહીવટ અથવા પોંહોંચ અથવા બેપરવાઈ અથવા કસુરનો જોખમ તેઓને માથે રે હે નહી, પણ દરએક તરશટીએ પોતે જે કાંઈ કાંમ કરેઉં હોએ અ થવા પોંહોંચ લખી આપી હોએ અથવા બેપરવાઈ અથવા કશુર કીધી હોએ તેહેનો તે પોતે જવાબ દીએ શહી, અને હરેક શરાફ અથવા દલાલ અથવા બીજા હરેક શખશને તાંહાં ઉપર કહેલાં તરસટનાં ના ણું મધેથી હરેક નાંણું શલાંમતીને કીજે અમાંનત મેલેઆં હોએ અ થવા ઉપર કહેલાં તરશટનો વહીવટ ચલાવવા શારૂ અમાંનત મેલે આં હોએ તે શખશ (દીવાલું કાહાડે તેહેનો) તરશટી અથવા તર શટીઓ જવાબ દીએ નહી, અને તરશટનાં ઉપર કહેલાં નાંણું મધે થી જે જાંમીનગીરી અથવા અવેજ અથવા થાપણ લેઈ રાખી હોએ તેહેમાં ખુટ અથવા ઘટારો પડે અથવા ઉપર કહેલો તરશટનો વહી વટ ચલાવતાં માઠાં ભાએગે બીજું હરેક નુકશાંન થાએ અથવા તો ટો આવે તેહેનો તરશટીઓ જવાબ દીએ નહી, પણ તરશટીઓએ પોતે જાંણી બુજીને કરેલી કશુરથી નુકશાંન થાએઉં હોએતો તેહેનો તેઓ જવાબ દીએ શહી, અને આએ ખત મધે લખી જણાવેલા તરશટીઓ તથા ઉપર મુજબ હવે પછી જે તરશટીઓ મુકરર થાએ તે દરએક અને શઘલા તરશટીઓ તથા તેઓનાં વારશ વકીલોને હેવો અખતીઆરછે જે એ તરશટનું કાંમ ચલાવવામાં અથવા તેહે ને લગતું જે કાંઈ નુકશાંન અથવા ખરચ થાએ અથવા ખરચ કર વો પડે તે શઘલો ખરચ આએ તરશટની ખુબીથી તેઓનાં શવાધી નમાં આવેલાં નાંણાં મધેથી કાપી લીએ તથા મુજરે લીએ શહી ત થા પોતાની શાથનાં બીજા તરશટી અથવા તરશટીઓને મુજરે આ પે શહી. એહેની શાખશીમાં ઉપર કહી જણાવેલા આએ ખત કર નારા ધણીઓએ ઉપર લખી જણાવેલી તારીખે અતરે પોતાને હાથે પોતાની શહી તથા મોહોર કીધીછે.

ઊપલાં ખત મધે કહી જણાવેલી A ની નીશાનીની ટીપ.

હીંદુશતાનની શરકારની શને ૧૮૫૬—૫૭ નાં શાલની ટકા પાંચના વેઆજની નોટ ૧) નંબર ૨૩૭૧૩ રૂપીઆ ૫૦૦૦) ની	૫૦૦૦	૦	૦
હુવીજ નોટ ૧) નંબર ૨૩૭૧૧ રૂ૨૦૦૦) ની.................	૨૦૦૦	૦	૦
હુવીજ નોટ નંગ ૭) નંબર ૫૧૮૪૨ થીતે ૫૧૮૪૮ શુંધીની દર એક નોટ રૂ૨૦૦૦) તેનાં	૧૪૦૦૦	૦	૦
હુવીજ નોટ નંગ ૬) નંબર ૫૮૬૪૦ થીતે ૫૮૬૪૫ શુંધીની દરએક નોટનાં રૂ૧૦૦૦) ની તેનાં	૬૦૦૦	૦	૦
મુંબઈ બેંકનો શેર ૧) ની શરટીફીકેટ નંબર ૩૧૯૯ તેના	૧૦૦૦	૦	૦
ગરેટ ઈનડીઅન પેનીનસુલર રેલવે કુંપનીના શેર ૩૦ દરએક શેર પાઊનડ ૨૦) નો તેની લાગત....................	૬૦૯૫	૭	૬
રોકડા	૨૭૧૦	૧૧	૯
જુમલે રૂપીઆ	૩૬૮૦૬	૩	૩

ઊપલાં ખત મધે કહી જણાવેલી B ની નીશાનીની ટીપ.

બખશેશ દાખલ ભરેલાં નાંણાની રકમો કે જેનુ વેઆજ તથા ડીવીડેનડ તથા દર વરશની જે કાંઈ પેદાશ આવે તે રૂપીઆ ઉપર કહેલા ધરમ ખાતાંનાં શાધારણ કાંમોને કીજે આએ ખતની વીશમી તથા એકવીશમી કલમ મધે ફરમાવેઆ મુજબ આએ ખતનાં ટરશટીઓએ ઉપર કહેલી કારોબાર મંડલીને આપવા તેહેની વીગત.

બેહેશતનશીન શેઠ માંણેકજી નોશરવાંનજીએ આપેલી હીનદુશતાંનની શરકારી ટકા પાંચનાં વેઆજની શને ૧૮૫૬—૫૭ નાં શાલની નોટ નંગ ૧) નંબર ૨૩૭૧૨ ની રૂપીઆ ૭૦૦૦) ની	૭૦૦૦	૦	૦
શેઠ હોરમજી ખરશેદજી દાદીએ પોતાની મરનાર ધણીઆંણી બાઈ જીવણબાઈની નઈઅતે આપેલી શરકારી ટકા પાંચનાં વેઆજની શને ૧૮૫૪—૫૫ નાં શાલની નોટ નંગ ૨) નંબર ૧૧૪૧૪ તથા ૧૧૪૨૫ ની રૂ૨૦૦૦) ની	૨૦૦૦	૦	૦
શેઠ નોશરવાંનજી માંણેકજી પીટીની ધણીઆંણી બાઈ દીનબાઈએ તથા તેવણનાં છોકરાંઓએ બેહેશતનશીન શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીની નઈએતે આપેલી શરકારી ૪) ટકાનાં વેઆજની શને ૧૮૫૪—૫૫ નાં			

શાલની નોટ નંગ ૧) નંબર ૨૬૨૩૬ ની રૂ૨૦૦૦) ની	૨૦૦૦	૦
બેહેશતનશીન શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંજીનાં છોકરાઓએ પોતાની માતાજી બેહેશતનશીન બાઈ સુનાંબાઈજીની નઈઅતે આપેલી હુંડીજ નોટ ૧) નંબર ૬૩૨૪ આપ ૪૫૫૩૫ ની રૂ૨૦૦૦) ની..........	૨૦૦૦	૦
શેઠ દીનશાહજી માંણેકજી પીટીની ધણીઆંણી બાઈ શાકરબહુએ તથા તેવણનાં છોકરાંઓએ બેહેશતનશીન શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીની નઈઅતે આપેલી હુંડીજ નોટ ૧) નંબર ૪૭૫૭ આપ ૧૬૫૩૧ ની રૂ૩૦૦૦)	૩૦૦૦	૦
શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલે આપેલી શરકારી નોટ નંગ ૨) ટકા પાંચનાં વેઆજની નંબર ૨૬૧૭ તથા ૫૨૭૩૯ શને ૧૮૫૬—૫૭ નાં શાલની રૂ૧૫૦૦) ની	૧૫૦૦	૦
શેઠ મેહેરવાંનજી તથા કાવશજી તથા ખરશેદજી તે રતનજી ગોપીનાએ પોતાના માતાજી બેહેશતનશીન બાઈ આંવાંબાઈની નઈઅતે આપેલી હુંડીજ નોટ નંગ ૨) નંબર ૩૫૯૪૨ તથા ૩૨૬૦ ની રૂ૧૫૦૦ ની	૧૫૦૦	૦

બખશેશ દાખલ આપેલી નાંણાંની રકમો કે જેહેનું વેઆજ તથા ડીવીડેનડ તથા દર વરશની ઉપજ જે કાંઈ આવે તે રૂપીઆ ઈરાન દેશના રેહેનારા જરતોશતીઓ પાશેથી ઈરાનની શરકાર "જજીઓ" હેવે નામનો કર લીએછે તે કરના નાણા ભરવા શારૂ આએ ખતના તરશટીઓએ ઉપર કહેલી કારોબાર મંડલીને આપવા તેહની વીગત.

બેહેશતનશીન શેઠ નોશરવાંનજી મનચેરજી કાંમાંજીનાં વહુ બાઈ બચુબાઈ તથા બાઈ ધનબાઈજી તથા બાઈ જાઈબાઈ તથા બાઈ મેહેરબાઈએ પોતાનાં શાશુ બેહેશતન બાઈ સુનાબાઈની નઈઅતે આપેલી શરકારી ટકા ૪) ના વેઆજની શને ૧૮૫૪—૫૫ નાં શાલની નોટ નંગ ૨) નંબર ૬૩૨૨ આપ ૪૫૫૩૫ તથા નંબર ૯૨૯૦ ની રૂ૨૫૦૦) ની..........	૨૫૦૦	૦
શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલે આપેલી શરકારી નોટ ૨) ટકા ૫) નાં વેઆજની નંબર ૨૬૨૭ તથા ૫૨૭૪૬ શને ૧૮૫૬—૫૭ ના શાલની રૂ૧૫૦૦) ની	૧૫૦૦	૦
શેઠ ખુરશેદજી દોરાબજી બંગાલીની ધણીઆંની બાઈ પીરોજબાઈએ તથા તેવણનાં છોકરા શેઠ બેહેરાંમજી ખરશેદજીએ બેહેશતી શેઠ ખરશેદજી દોરાબજી બંગાલીની નઈઅતે આપેલી નોટ ૧) નંબર ૫૯૫૬ શને ૧૮૪૨—૪૩ નાં સાલની ટકા ૪ નાં વેઆજની રૂ૩૦૦૦) ની ...	૩૦૦૦	૦
શેઠ દીનશાજી તથા નોશરવાંનજી માંણેકજી પીટીએ પોતાની ફુઈ બેહેશતન બાઈ આવાંબાઈની નઈઅતે આપેલી નોટ ૧) નંબર ૩૫૯૪૧ શને ૧૮૫૬—૫૭ નાં સાલની ટકા ૫) નાં વેઆજની રૂ૧૦૦૦) ની....	૧૦૦૦	૦

શેઠ કાવશજી ધનજીભાઇ પાઊવાલાએ પોતાનાં બાવા બેહેશતનશીન શેઠ ધનજીભાઇ—તથા પોતાના માંતાજી બેહેશતન બાઇ ધનાબાઇની નંઇઅતે આપેલી નોટ ૧) નાં૰ ૪૧૮૩ સને ૧૮૩૫—૩૬ નાં શાલની ટકા ૪ નાં વેઆજની રૂ૩૦૦૦ ની .... [illegible]

"જજીઓ" હેવે નાંમનો કર ભરવાનાં ફંડ મધે ઈરાનના જરતોશતીઓએ ભરેલા રૂ૮૪૧૬) મધે થી શરકારી નોટો લીધી તેહેનો વીગત.

હીંદુસતાનની સરંકારની નોટ નંગ ૧ નાં૰ ૩૧૦૪૫ શને ૧૮૫૬—૫૭ ના સાલની ટકા ૫) ના વેઆજની રૂ૫૦૦૦) ની	૫૦૦૦	૦	૦	
હેવીજ નોટ નંગ ૨) નાં૰ ૩૬૬૬૭ તથા ૩૬૬૬૮ દર રૂ૧૦૦૦) ની તેના	૨૦૦૦	૦	૦	
હેવીજ નોટ નંગ ૧) નંબર ૫૦૧૧૫ ની રૂ૧૦૦૦ ની.	૧૦૦૦	૦	૦	
હેવીજ નોટ નંગ ૨) નંબર ૫૦૧૧૬ તથા ૫૦૧૧૭ ની દર રૂ૫૦૦) નીનાં	૧૦૦૦	૦	૦	
જુમલે રૂ	૯૦૦૦	૦	૦	
ઊપર કહેલી રૂ૯૦૦૦) ની શરકારી નોટો ખરીદ કીધી તેની લાગતના રૂપીઆ	૮૦૩૯	૫	૦	
રોકડા રૂપીઆ..........................	૭૭૬	૧૧	૦	
				૮૪૧૬ ૦ ૦

ઈરાનના ગરીબ જરતોશતીઓના છોકરા તથા છોકરીઓને પરણાવી આપવાના ફંડ મધે ભરાએલા અવેજની વીગત.

બેહેશતનશીન શેઠ માંણેકજી નોસરવાંનજી પીટીએ પોતાના છોકરાઓના છોકરાના લગન ઊપર આપેલી હીંનદુશતાંનની શરકારની નોટ નંગ ૨) નંબર ૩૦૯૨૯ તથા ૩૦૯૩૦ શને ૧૮૫૪—૫૫ ના શાલની ટકા ૪) ના વેઆજની દર રૂ૧૦૦૦) નીના રૂ૨૦૦૦) ૨૦૦૦ ૦ ૦

ઈરાન મધે ગહંભારનુ જશન તથા જમણ કરવાના ફંડ મધે ભરાએલા અવેજની વીગત.

શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાંડેનાએ બેહેશતનશીન શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીની નઇઅતે આપેલી હીંદુશતાંનની શરકારી નોટ નંગ ૧) નંબર ૧૨૮૬ શને ૧૮૪૨—૪૩ નાં શાલની ટકા ૪) નાં વેઆજનીના રૂ૧૦૦૦) .. ૧૦૦૦ ૦ ૦

જુમલે રૂપીઆ [illegible]

(શાખ)

ઉપર કહેલા ફરાંમજી નોશરવાંનજી પટેલ તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી તથા મેહેરવાંનજી ફરાંમજી પાંડે તથા બમનજી ફરાંમજી કાંમાંજી તથા દીનશા માણેકજી પીટી તથા બેહેરાંમજી જીજીભાઈ તથા રૂશતમજી રતનજી વાહાડીઆ તથા જમશેદજી પેશતનજી પાંડે તથા ધનજીભાઇ ફરાંમજી તથા અરદેશર ડોશાભાઈ મુનશી તથા નવરોજજી ફરદુનજી તથા મનચેરજી શાપુરજી લંગડાએ હમારી હજુર પોતાની શાહી તથા મોહોર કરીછે.

એશ લાફ્રોરડ આકલનડ
વકીલ, મુંબઈ.

માણેકજી જામાશજી
મીશીઅરશ એલ તથા એશ એલ આકલનડ
તથા પરેનટીશનો વડો કલારક.

(શાહી)

ફરાંમજી નોશરવાંનજી પટેલ.
ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી.
મેહેરવાંનજી ફરાંમજી.
બહમનજી ફરાંમજી કાંમાંજી.
દીનશા માંણેકજી.
બેહેરાંમજી જીજીભાઈ.
રૂશતમજી રતનજી વાડીઆ.
જમશેદજી પેશતનજી પાંડે.
ધનજીભાઈ ફરાંમજી.
અરદેશર ડોશાભાઈ મુનશી.
નવરોજજી ફરદુનજી.
મનચેરજી શાપુરજી લંગડા.

(અશલ ઈંગરેજી ઉપરથી કીધેલો ખરો ગુજરાતી તરજુમો.)

નવરોજજી ફરદુનજી
તરજુમો કરનાર.

ઈરાન દેશના રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવાના ધરંમ ખાતાનું 'ટરશડીડ' ઈઆને અમાનત ખત બાહાલ રાખવા શારૂ એ ધરંમ ખાતાને આશરો તથા મદદ આપનારા શાહેબોની તા૦ ૩ જી જાંનેવારી શને ૧૮૬૧ ને દીને ભરેલી ખાશ શભાની ઉપજ નીપજનો અહેવાલ.

તા૦ ૩ જી જાનેવારી ૧૮૬૧ ને દીને મરહુમ શેઠ માણેકજી નોશરવાંનજી પીટીના કોટ મધેનાં રેહેવાના ઘર મધે શાહાજના કલાક ૪ ને અમલે ઈરાંન દેશના રેહેનારા ગરીબ જરથોશતીઓની હાલત સુધારવાના ધરમ ખાતાનુ "ટરશ ટડીડ" ઈઆને અમાનત ખત બાહાલ રાખવા શારૂ એ ધરમખાતાને આશરો તથા મદદ આપનારા શાહેબોની એક ખાશ શભા ભરાઈ હતી તે વેલાએં નીચે લખેલા શાહેબો હાજર હતા.

શેઠ ફરાંમજી નોશરવાંનજી, શેઠ ખરશેદજી નોશરવાંનજી કામાજી, શેઠ મેહરવાંનજી ફરાંમજી, શેઠ બહમનજી ફરાંમજી કામાજી, શેઠ દીનશાહાજી માણેકજી પીટી, શેઠ અરદેશર ડોશાભાઈ મુનશી, શેઠ ડોશાભાઈ ફરાંમજી કામાજી, શેઠ રૂશતમજી રતનજી વાડીઆ, શેઠ નોશરવાંનજી માણેકજી પીટી, શેઠ મનચેરજી શાપુરજી લંગડા, શેઠ નવરોજજી ફરદુનજી, શેઠ જમશેદજી પેશતનજી પાંડે, શેઠ દોરાબજી બરજોરજી કોપર, શેઠ નવરોજજી હોરમજજી પેઆજ, શેઠ શોરાબજી હોરમજજી પાંઉવાલા, શેઠ પેશતનજી નવરોજજી પોંચાજી, શેઠ પેશતનજી દાદાભાઈ વશાઈગરા, શેઠ નવરોજજી કાવશજી દારૂવાલા, શેઠ ખરશેદજી પાલણજી પાંઉવાલા.

શેઠ બમનજી ફરાંમજી કામાજીએ દરખાશત કીધી તેને શેઠ નવરોજજી હોરમજજી પેઆજે ટેકો આપીઓ તે ઉપરથી શેઠ ફરાંમજી નોશરવાનજી શભાપતીની ખુરશી ઉપર બીરાજીઆબાદ મુનશીએ ખાશ શભા બોલાવવાની જાંહેર ખબર વાંચી શંભલાવી, તાર પછે શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલે મીજલશને કેહી શંભલાવેઉ કે તંમ શાહેબોને ફરીથી તશદી આપવા વીશેનુ કારણ હું જે લખી લાવેઓ છેઉ તે તમો આગલ મુનશી વાંચી શંભલાવશે, તે ઉપરથી શેઠ ફરાંમજી નોશરવાંનજી જે કાગજ લખી લાવેઆં હતા તે મુનશીએ વાંચી શંભલાવેઉ કે—

મીજલશના શાહેબો,

તમ શાહેબોને તશદી આપવાનુ કારણ એજે ઈરાંન દેશના રેહેનારા ગરીબ જરતોસતીઓની હાલત સુધારવાનાં ફંડ ઈઆને પુજીને મદદ આપનારા શાહેબોની એક ખાશ શભા તમારી કારોબાર મંડલીએ મરહુમ માણેકજી નોશર

વાંનજી પીટીની ગોવાલીઆ તલાવ આગલની વાડી મધે તા૦ ૭ મી ઓક્ટોબર શને ૧૮૬૦ ઇશવીને દીને બોલાવેલાઆમાં આવી હતી તે ખાશ શભા મધે ભાઈ દીનશાહજી માણેકજી પીટીને બીજા એક વધારેં ટરશટી ઠેરવેઆ તથા આગ્એ ધરમ ખાતાનાં અંગરેજી "ટરશડીડ" ઇઆને અમાનત ખતનો ગુજરાતી ખરડો વાંચી શંભલાવીને પશંદ કરાવેઆમાં આવેઓ હતો પણ તારપછે તમારી કારોબાર મંડલીને તથા આગ્એ ધરમ ખાતાની પુજીનાં ટરશટીઓને એ "ટરશટડીડ" માહે કેટલુએક અગતનુ ફેરફાર કરવાની જરૂર જણાએઆને લીધે અતરેની શુપરીમ કોરટના વકીલો મોશીઅરશ આકલંડ તથા પરેનટીરાનુ ફરીથી મત ઇઆને શલાહ લેઈનેં એ "ટરશટડીડ" માહે કેટલુએક અગતનુ ફેરફાર કરાવીને તઈઆર કરેંછે તે તમ શાહેબોને ફરીથી પશંદ કરાવીને બાહાલ રખાવવાને વાશ્તે તમ શાહેબો આગલ મુનશી વાંચી શંભલાવશે.

એ "ટરશટડીડ" અતરનાં શુપરીમ કોરટનાં વકીલો મીશીઅરશ આકલંડ તથા પરેનટીરાની મારફતે તમારી કારોબાર મંડલીએ તથા તરશટીઓએ ફરીથી વધારે ચોકશાઈથી તઈઆર કરાવેછે અને તે મધે એ ધરમ ખાતાંની પુજીનો વધારે શંભાલ થાવાને વાશતે શઘલા ઘટતા અને જરૂરના કરાર તથા બનદોબશત દાખલ કરેઆછે માટે ઉમેદછે કે એ "ટરશટડીડ" તમો શાહેબોને પશંદ પડશે અને તમો શઘલા શાહેબો એકમતથી બાહાલ રાખશો.

તાર પછે આગ્એ ધરમ ખાતાનુ "ટરશટડીડ" અંગરેજીમાં ફરીથી શુધારીને તઈઆર કરાવેલુ શભાની નજદીક રજુ કરેઉ તથા એ "ટરશટડીડ" નો ગુજરાતી તરજુમો ફરીથી મુનશીએ વાંચી શંભલાવેઓ.

પછે શરનશીને મીજલશને કોહી જણાવેઉ કે આગ્એ "ટરશટડીડ" ઉપર કોઈ શાહેબ પોતાનો વીચાર જણાવવાની ખાહેશ રાખતા હોએતો તે શભાની નજદીક શુએથી કોહી જણાવે.

૧—એ ઉપરથી એ "ટરશટડીડ" ઉપર કેટલીએક તકરારો ચાલેઆ બાદ શેઠ દોશાભાઈ ફરાંમજી કામાજીએ દરખાશત કીધી જે "ટરશટડીડ" આ શભાની નજદીક વાંચી શંભલાવેઉ તે આગ્એ શભાએ પશંદ કરીને બાહાલ રાખવુ, અને ફરાંમજી નોશરવાંનજી પટેલ તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી તથા મેરવાંનજી ફરાંમજી પાંડે તથા બમનજી ફરાંમજી કાંમાજી તથા દીનશાહજી માંણેકજી પીટી હાલમાંના "ટરશટીઓ," તથા ફરાંમજી નોશરવાંનજી પટેલ તથા ખુરશેદજી નોશરવાંનજી કાંમાજી તથા મેરાંનજી જીજીભાઈ તથા રૂશતમજી રતનજી વાડીઆ તથા મેરવાંનજી ફરાંમજી પાંડે તથા બહમનજી ફરાંમજી કાંમાજી તથા જમશેદજી પેશતનજી પાંડે તથા મનજીભાઈ ફરાંમજી તથા અરદેશર દોશાભાઈ મુનશી તથા નવરોજજી ફરદુનજી તથા મનચેરજી શાપુરજી

લેંગડા તથા દીનશાજી માણેકજી પીટી ઈશકોએરો તે કારોબાર મંડલીના અધી કારીઓ કે જેઓના નાંમ એ "ટરશટડીડ" મધે પેહેલી તથા બીજી તરફથી ટ રશટડીડ કરનાર ધણીઓ હેવી રીતે લખેઆંછે તે ધણીઓને આ લખેઆથી હે વો અખતીઆર આપેઆમો આવેછે તથા હેવી એલતેમાશ કરેઆમાં આવેછે જે એ "ટરશટડીડ" ઉપર તેઓએ મતાં અથવા શહી કરવી તથા એ ટરશટડીડ મધે લખી જાણાવેલી કલમો તથા શરતો મુજબ એ "ડીડ" માં લખી જણાવેલાં નાણાં તેઓએ પોતાના શવાધીનમાં રાખવાં તથા વાપરવાં. એ દરખાશતને શેઠ નોશરવાંનજી માંણેકજી પીટીએ ટેકો આપેઓ અને એ દરખાશત શઘલાઓના એકમતથી બાહાલ રાખેઆમાં આવી.

૨—શેઠ ખરશેદજી પાલણજી પાંડવાલાએ દરખાશત કીધી જે એ "ટરશટ ડીડ" ઈઆને અમાનત ખતનો ખરડો જે આએ ખાશ શભામાં વાંચી શંભ લાવેઓ તે અંગરેજી અને ગુજરાતીમો છપાવીને આપણા નરથોશતીઓમો વેહે ચવો—એ દરખાશતને શેઠ પેશતનજી નવરોજજી પોંચાજીએ ટેકો આપેઓ અ ને એ દરખાશત શઘલાઓના એકમતથી બાહાલ રાખેઆમાં આવી.

૩—શેઠ નવરોજજી ફરદુનજીએ દરખાશત કીધી જે શેઠ દીનશાહજી માંણેક જીએ આએ શભા ભરવાને વાશતે પોતાના રેહેવાનાં ઘેરની રજા આપી તેથી એ વાનો ઉપકાર આએ શભાએ શહુમનાવો, એ દરખાશતને શેઠ ખુરશેદજી નોશર વાંનજી કાંમાજીએ ટેકો આપેઓ અને એ દરખાશત શઘલાઓના એકમતથી બા હાલ રાખી.

૪—શેઠ જમશેદજી પેશતનજી પાંડેએ દરખાશત કીધી જે આએ શભાના શ રનશીનનું કાંમ શેઠ ફરાંમજી નોશરવાંનજીએ ઘણી હુશીઆરીથી ચલાવેઉં તેથી આએ શભાએ એવણનો મોટો ઉપકાર માંનવો—એ દરખાશતને શેઠ દીનશાહજી માંણેકજી પીટીએ ટેકો આપેઓ અને શરનશીનનો ઉપકાર માંનવા દરખાશત શઘલાઓના એકમતથી બાહાલ રાખેઆ પછે મીજલશ બરખાશત થાઈ.

તા૦ ૫ મી જાનેવારી શને ૧૮૬૧ ઈશવી.

સોરાબજી રૂશતમજી મુલ્લાં ફીરોજના,

ઈરાંણ દેશના રેહેનારા ગરીબ જરતોશતીઓની હાલત શુધારવા શારૂં ઉભી થાએલી કારોબાર મંડલીના મુનશી.